વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-
વર્ષ : ૪૯મું
જુલાઈ : ૨૦૨૪
અંક : ૫૫૪
મંગલ મંદિર ● જુલાઈ-૨૦૨૪ ● ૧
(કુલ પાના : ૭૬)

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર




અષાઢી બીજ અંક

## હલો હલો રે.....
## આવઇ અષાઢી બીજ
## કચ્છી નયે વરેંજી,
## લખ લખ વધાઇસું

: મુખ્ય કાર્યાલય :
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
**માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન** (કોડાય-સુપ્રીમવાલા)
**શ્રી કચ્છી જૈન ભવન**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 4890 6002, 4890 6003, 4890 6004, 4890 6005
Email : kjssmangalmandir@gmail.com • website : www.kjss.org

# વિશ્વસનીયતા અનુભવો




વી–ટ્રાન્સ (ઈન્ડિયા) લિ. સાથે સંચાલનની મજબૂત પ્રક્રિયાઓ, મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર આધાર, વૈજ્ઞાનિક પદ્ધતિ, અત્યાધુનિક નિયોજન સાધનો અને તાલીમબદ્ધ તથા કટિબદ્ધ વ્યાવસાયિકો સાથે અખંડ લોજિસ્ટિક્સ સેવાઓ અનુભવો.

- **વી– ટ્રાન્સ– ભારતભરમાં સરફેસ ટ્રાન્સપોર્ટ– પીટીએલ, એફટીએલ, ઓડીસી.**
- **વી– એક્સપ્રેસ– મલ્ટીમોડલ અને ઈ–કોમ એક્સપ્રેસ લોજિસ્ટિક્સ, જે 1 લાખથી વધુ સ્થળે સેવા આપે છે.**
- **વી– લોજિસ– સમર્પિત અને શેર્ડ ફેસિલિટીઝ સાથે પરિપૂર્ણ વેરહાઉસ સમાધાન.**

## મુખ્ય વાસ્તવિકતાઓ

- **1,00,000** સંતુષ્ટ ગ્રાહકો
- **850** + શાખા
- વિવિધ ઉદ્યોગમાં **2.4** મિલિયન ટન
- **1.2** મિલિયન ચો.ફૂટ વેર–હાઉસિંગ જગ્યા
- **1500** + જીપીએસ અભિમુખ ફ્લીટ
- ISO **9001 : 2015** એક્રેડિટેશન
- **3300** + જોશીલા વ્યાવસાયિકો

વી–ટ્રાન્સ (ઈન્ડિયા) લિમિટેડ,
06, કોર્પોરેટ પાર્ક, વી એન પુરવ માર્ગ, ચેમ્બુર, મુંબઈ– 400 071.

9892644665   marketing@vtransgroup.com   www.vtransgroup.com

V-TRANS® Driving Excellence

Other Divisions: V-Xpress | V-Logis

# મળે ભા - ભેણે કે
# કચ્છી નયે વરેજા મુબારક

હિકડાઈ મુબારક

નયે વરેજી બીજ મુભારક,
વડર વસે, વીજ મુભારક
મન મેં વે' જુકો અરમાન - ઉમ્મીધું
પૂરી થીયે ઇન્જોઇન્જ મુભારક!

બીજ, રથ ને ઇધ મુભારક,
ગૂગર-લોભાનજો ધૂપ મુભારક
પીરભ ભલે વે' બ ક ત્રે
ચંધર હિકડો ઇજ મુભારક!!

પાંજી હી હિકડાઈ મુભારક
ઇધ મુભારક : બીજ મુભારક!!

*– જગદીશચંદ્ર છાયા 'શ્રેયસ'*

NAVNEET FOUNDATION
FOR IT IS IN GIVING THAT WE RECEIVE

શ્રી કચ્છી જૈન સેવા સમાજ (ટ્રસ્ટ) - અમદાવાદ
સંચાલિત

# નવનીત મેડિકલ સેન્ટર - જશોદાનગર

KJSS
A Non Profit Organization

*Caring Today, Empowering Tomorrow*

## સોમવાર, તા. ૧-૭-૨૦૨૪થી શરૂ કરવામાં આવી રહ્યું છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ (ટ્રસ્ટ) - અમદાવાદનું જાહેર જનતાની સેવા માટે
પાલડી – બોપલ – ચાંગોદર પછી હવે
જશોદાનગર ચાર રસ્તા, મણિનગર (પૂર્વ) પાસે ચોથું મેડિકલ સેન્ટર

## *એક જ છત્ર નીચે તમામ મેડિકલ સુવિધાઓ... રાહત દરે...*

### મેડિકલ સેન્ટરમાં રાહત દરે ઉપલબ્ધ સેવાઓ

- ફિઝીશિયન / મેડિસીન
- આંખ વિભાગ
- ચામડી વિભાગ
- જનરલ સર્જન વિભાગ
- કાન-નાક-ગળા વિભાગ
- પીડિયાટ્રીશિયન વિભાગ
- ઓર્થોપેડિક વિભાગ
- સ્ત્રી રોગ વિભાગ
- સુપર સ્પેશિયાલિટી વિભાગ
- લેબોરેટરી – ૫૦% રાહત દરે
- ડેન્ટલ – રાહત દરે
- ફિઝીયોથેરાપી
- ડિજીટલ એક્સ-રે
- કલર ડોપ્લર, સોનોગ્રાફી
- 2-D Echo, TMT
- મોતિયાના ઓપરેશન – રાહત દરે
- માઇનર ઓપરેશન
- બોડી ચેક અપના વિવિધ પેકેજ

આ મેડિકલ સેન્ટરની શુભ શરૂઆત નિમિત્તે
તા. ૧-૭-૨૦૨૪થી
તા. ૧૩-૭-૨૦૨૪ સુધી
તમામ ડૉક્ટરના કન્સલ્ટેશન તદ્દન **ફ્રી** કરી આપવામાં આવશે.

સરનામું
૨૦૯-૨૧૯, બીજો માળ, સેફ્રોન બિઝનેસ પાર્ક, ફાયર સ્ટેશનની બાજુમાં, જશોદાનગર ચોકડી, નારોલ - નરોડા રોડ, અમદાવાદ-૩૮૨ ૪૪૫. • ફોન : ૯૯૦૪૪ ૧૮૧૮૬, ૯૯૦૪૪ ૧૮૧૮૭
E-mail : kjssmedicaljasodanagar@gmail.com • Website : www.kjss.org

*વિધિવત ઉદ્‌ઘાટનની તારીખની જાણ નક્કી થયેથી કરવામાં આવશે.*

છેલ્લા ૪૮ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું

મુખપત્ર : **"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૨ થી ૬૦૦૫
ઈ-મેઈલ : kjssmangalmandir@gmail.com
વેબ-સાઈટ : www.kjss.org

**તંત્રી મંડળ**

■ **અશોક મહેતા – મુખ્ય તંત્રી**
**મો. ૯૮૭૯૦ ૬૩૧૦૦**
■ **ફાલ્ગુની હિરેન – સભ્ય**
**મો. ૯૮૨૫૦ ૧૬૬૭૭**
■ **ચૌલા કુરૂવા – સભ્ય**
**મો. ૯૩૨૭૦ ૭૫૪૮૮**
■ **રસિક ખીમજી મહેતા – સભ્ય**
**મો. ૯૩૨૮૨ ૪૯૦૬૯**

**કવર પેઇજ ડિઝાઈન**

**પ્રદીપ મહેતા : મો. ૯૮૨૫૦ ૬૧૧૬૦**

***અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.***

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

***– મુખ્યતંત્રી***

# અનુક્રમણિકા

● મળે ભા – ભેણે કે કચ્છી નયે વરેજા મુબારક ........................ **જગદીશચંદ્ર છાયા 'શ્રેયસ'** ....... ૩
● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત નવનીત મેડિકલ સેન્ટર – જશોદાનગરની તા. ૧-૭-૨૦૨૪થી શરૂઆત.. ................................ ૪

**તંત્રી લેખ :**
● કચ્છી નવા વર્ષના નૂતન વર્ષાભિનંદન .................................................. **અશોક મહેતા** ....... ૭

**પ્રેરણાત્મક પ્રસંગો**
● મણકો-૧૧ : ઉમદા અને ઉદાહરણીય વર્તન ...................... **સંકલન : ડૉ. આશિષ ચોકસી** ....... ૯
● મણકો-૧૨ : કોઈનું નકારાત્મક વર્તન એ જ તમારો પ્રેરણાસ્રોત ............................................. ૯

**સ્વાતંત્ર્ય સંગ્રામના ૭૫ શૂરવીરો**
● મણકો-૭ : નેતાજી સુભાષચંદ્ર બોઝ .......... **રાજ ભાસ્કર / અનંત શુક્લ / મધુકાંત પ્રજાપતિ** ..... ૧૦

**એરિસ્ટોક્રેટ્સ**
● પ્રકરણ-૪ : અંબાલાલ સારાભાઈ – ૪ .................................................. **દેવેન્દ્ર પટેલ** ..... ૧૧

**અષાઢી બીજ**
● કચ્છી નવા વર્ષની ઉજવણી ............................................................ **હરેશ ધોળકિયા** ..... ૧૩

**વિચારમંચ**
● લોકશાહીનું અસ્તિત્વ માનવ મૂલ્યોની જાળવણીથી સચવાશે .................. **ડૉ. નાનકભાઈ ભટ્ટ** ..... ૧૫

**મહિલા સશક્તિકરણ**
● પાંજી બાઈયું : કચ્છની મહિલા શક્તિ .............................................. **ડૉ. પૂર્વી ગોસ્વામી** ..... ૧૭

**કચ્છી ભાષા**
● કચ્છની ઓળખ 'બોલી' કે 'ભાષા' ........................................................ **મહેન્દ્ર દોશી** ..... ૨૦

**કચ્છ**
● રૈયતના રક્ષકનો મહાજનો પર જુલમ .................................................. **નરેશ અંતાણી** ..... ૨૧

**વિશ્વના દેશો**
● ભારત અને માલદીવ ............................................................ **પ્રવીણ ક. લહેરી** ..... ૨૫

**વિજ્ઞાન**
● ધરતી પર સૂર્યનું અવતરણ ............................................................ **ચિંતન ભટ્ટ** ..... ૨૮

**વિશિષ્ટ દિવસ**
● આવકવેરા દિવસ ............................................................ **ડૉ. મિહિર એમ. વોરા** ..... ૨૯

**વિવિધતા**
● જીવન વૈભવ સમજાવતા પ્રશ્નો : લેખાંક-૪ ............................ **દૃષ્ટિ મહેતા / ચેશા મહેતા** ..... ૩૧

**સફળતાનું ઝનૂન**
● દુનિયાના ડિગ્રી વગરના અમીરો ............................................................ **ચૌલા કુરૂવા** ..... ૩૩

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી શાંતિલાલ મુળજી સાવલા
મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**ઉપપ્રમુખ-૨**
શ્રી હિરેન કુંવરજી શાહ
મો. ૯૮૨૫૦ ૧૩૭૧૫

**માનદ્ મંત્રી**
શ્રી રજનીકાંત ધરમશી પારેખ
મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧

**સહમંત્રી**
શ્રી વિશાલ મહેન્દ્ર શાહ
મો. ૯૪૨૮૩ ૫૦૦૩૮

**ખજાનચી**
શ્રી વિમેશ ગુલાબચંદ શાહ
મો. ૯૮૭૯૧ ૧૦૪૬૭

**સહ ખજાનચી**
શ્રી નરેન્દ્ર જયંતીલાલ કોઠારી
મો. ૯૯૨૪૬ ૩૩૯૪૫

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.
ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ**
**www.kjss.org**
**ઉપર... *ઉપરાંત*....**
**www.hellokutchis.com**
**ઉપર વાંચી શકાય છે.**

## વ્યક્તિ વિશેષ


- આજોડના દિવ્યાંગ રંજનબેન પટેલ ..... **મનીષ જોશી 'મૌન'** ..... ૩૪
- હંસ કલ્પેશ ગઢેચા ..... ૩૫


## તંદુરસ્તી


- "શરીરમાં તકલીફ થાય છે પરંતુ રીપોર્ટ બધા નોર્મલ છે." ...... **ડૉ. મણિલાલ ગડા, સિનિયર મનોચિકિત્સક** ..... ૩૬
  – શું માનસિક બીમારી છે? : ભાગ-૨ **ડૉ. દિપ્તી શાહ (ગડા), મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક**
- હાઈ બ્લડ પ્રેશર – એક ચેલેન્જ ..... **ડૉ. કમલેશ એન. શાહ** ..... ૩૮
- એપેન્ડિક્ષ વિશે આપણે શું જાણીએ છીએ? ..... **ડૉ. તપન શાહ** ..... ૪૦


## તીર્થ દર્શન


- દર્શન-૫૬ : શ્રી અચલગઢ તીર્થ (શ્રી આદિશ્વર ભગવાન)
- દર્શન-૫૭ : શ્રી કુંભારીયાજી તીર્થ (શ્રી નેમિનાથ ભગવાન) ........ **પ્રેષક : કે.ડી. શાહ** ..... ૪૨


## અન્ય સંસ્થાઓના સમાચાર


- અન્ય સંસ્થાઓના સમાચાર ..... ૪૩


## નિયમિત વિભાગો


- પ્રતિભાવ ..... ૪૪
- સવાલ અમારો... જવાબ તમારો.. : મણકો-૧૫ ..... **સંયોજક : પ્રભુલાલ કે. સંઘવી** ..... ૫૦
- ઉડતી નજરે ..... **સંકલન : રજનીકાંત પારેખ** ..... ૫૨
- ***Nano Nine*** શબ્દ રમત-૨૦૮ ..... **સંકલન : રજનીકાંત પારેખ** ..... ૫૩
- ***Nano Nine Sudoku*** (ક્રમાંક-૧૧૬૬) ..... **સંકલન : રજનીકાંત પારેખ** ..... ૫૫
- આપણા ડૉક્ટર્સને પહેચાનો : મણકો-૧૨ : ડૉ. કૃપેશ શાહ ..... **અશોક મહેતા** ..... ૫૭
- દેશ - વિદેશ ..... **ચૌલા કુરૂવા** ..... ૬૦
- જ્ઞાન વિજ્ઞાન / વૈજ્ઞાનિક માહિતી ..... **સંકલન : રસીક ખીમજી મહેતા** ..... ૬૩


## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : સંસ્થા સમાચાર


- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : દૈનિક ડાયરી ..... ૬૫
- અમદાવાદ આવતા અતિથિઓની સગવડતા વધારાઈ ..... ૬૮
- ૭૮મો સ્વાતંત્ર્ય દિન – ધ્વજ વંદન કાર્યક્રમ : જાહેર આમંત્રણ ..... ૬૮
- વયસ્ક સમિતિ ..... ૬૯
- મેડિકલ સેન્ટરની અનુમોદનીય કાર્યવાહી ..... ૭૧
- 'મંગલ મંદિર'નું લવાજમ ભરનારાઓના નામની યાદી ..... ૭૧
- સરનામા ફેરફાર ● સાભાર સ્વીકાર ..... ૭૨
- ચક્ષુદાતા – દેહદાતા : શ્રીમતી રેખાબેન ભરતભાઈ પટેલ ..... ૭૩


## આ અંકમાં સમાવિષ્ટ કરેલ કાવ્યો


- હાર્દિક અપીલ ..... **પબુ ગઢવી 'પુષ્પ'** ..... ૩૭
- હાઈકુ ..... **દિલીપ આચાર્ય 'દિલકશ'** ..... ૩૭
- ઘૂંટેલી મહેંદી ..... **નેહા શાહ 'નેહ'** ..... ૩૯
- હેત ..... **જગદીશચંદ્ર છાયા** ..... ૪૩
- શિક્ષણ વ્યવસ્થા ..... **રોશની ગૌતમ શાહ** ..... ૬૨


Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**.
Printed at : **Gajanand Offset,** Amraiwadi, Ahmedabad.
Published at : **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. ● **Editor : Mr. Pratap Dand** ● **Yearly Subscription : Rs.150/-**

તંત્રી લેખ

# કચ્છી નવા વર્ષના નૂતન વર્ષાભિનંદન



અશોક મહેતા

અષાઢી બીજે એટલે કે આ વર્ષે જુલાઈ ૭ ના રોજ આવતા કચ્છી નૂતન વર્ષના શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સહુ પરીચિત ભાઈઓ તથા 'મંગલ મંદિર'ના વાચક વર્ગને ખૂબ ખૂબ અભિનંદન. નવા વર્ષના સાલ મુબારક. આવતું વર્ષ દરેક માટે પ્રગતિકારક બની રહે તેવી શુભેચ્છા.

કચ્છી નૂતન વર્ષે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે તેની પ્રગતિની મિશાલ જલતી રાખી છે તે જણાવતા આનંદ થાય છે. ગીતા મંદિર, પાલડી, શાહીબાગ, બોપલ, ચાંગોદરના પ્રોજેક્ટો નિયમિતપણે કાર્યરત રહી દર મહિને અંદાજિત ૩૨,૦૦૦ની સંખ્યાના લોકો આ પ્રોજેક્ટ્સનો લાભ લે છે ત્યારે હવે આ સમાજે જશોદાનગરના પ્રોજેક્ટ પર ધ્યાન આપેલ છે અને હવે તરતમાં એટલે કે આપશ્રી આ તંત્રીલેખ વાંચતા હશો ત્યારે જશોદાનગરનો આ મેડિકલ સેન્ટર કાર્યરત થઈ ગયેલ હશે. આ પ્રોજેક્ટના સંપૂર્ણ ખર્ચની બાંહેધરી નવનીત પ્રકાશને લીધેલ હોવાથી આ નૂતન વર્ષે આપણે તેમનો ખૂબ ખૂબ આભાર માનીએ.

અમદાવાદ સ્થિત વિશાળ જનતાની તંદુરસ્તી જળવાઈ રહે તે માટે નવનીત પ્રકાશને દર વર્ષે અમદાવાદના વિવિધ સ્થળે બે મેડિકલ સેન્ટર સ્થાપવાની આ સમાજના અગ્રણીઓને ઑફર કરેલ છે. સમાજ એ દિશા તરફ હંમેશાં કાર્યરત રહેવા પ્રયાસ કરી રહેલ છે.

તદુપરાંત ખાસ કરીને નીચેના તથા મિડલ વર્ગના લોકો કોઈ હુન્નર શીખી પોતાની જિંદગી એ ક્ષેત્રે આગળ વધારે – સમાજમાંથી તેટલા પ્રમાણમાં બેકારી નાબૂદ થાય તે ગણનાએ નવનીત પ્રકાશનના અનુદાનથી આ સમાજ સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર ચલાવી રહેલ છે કે જેમાં અત્યાર સુધી નર્સિંગ અને બ્યુટીના કોર્સ હાથ પર લેવાયા છે કે જ્યારે અન્ય શાખાઓ ભવિષ્યમાં ચાલુ થઈ શકશે. આ સ્કીલ ડેવલપમેન્ટના ક્લાસમાં જોડાતા દરેક યુવક - યુવતીને અદાણી ગ્રુપ તરફથી દરેક શાખાની પૂરેપૂરી સ્કીલ શીખવવામાં આવે છે અને તે વિદ્યાર્થી તૈયાર થયા બાદ અદાણી ગ્રુપ દરેકને જોબ પણ અપાવી દે છે.

આવી ઉમદા પ્રવૃત્તિઓમાં જે રીતે શ્રી કચ્છી જૈન સેવા સમાજ આગળ વધી રહેલ છે એ જ રીતે તેને નવનીત ગ્રુપ અને અદાણી ગ્રુપનો પૂરેપૂરો સાથ-સહકાર મળી રહે છે ત્યારે આજના આ કચ્છી નૂતન વર્ષે આપણે તેઓને પણ નૂતન વર્ષના અભિનંદન ખૂબ જ ઉમળકાથી પાઠવીએ અને ભવિષ્યમાં તેઓનો વધુને વધુ સહયોગ આપણને પ્રાપ્ત થતો રહે અને આ સમાજ રાષ્ટ્રીય દૃષ્ટિએ ભારતીય સમાજની વધુને વધુ સેવા કરતો રહે તેવી આશા વ્યક્ત કરીએ.

અષાઢી બીજના પાવનકારી દિવસે, ખાસ કરીને ઓરીસ્સાના જગન્નાથપુરીમાં પ્રતિ વર્ષ લાખો લોકો અભૂતપૂર્વ મોંઘેરી રથયાત્રાના દર્શનનો લહાવો લેતા હોય છે તો બીજી તરફ દેશના પશ્ચિમ ભાગ ગુજરાતના અમદાવાદમાં આ દિવસે વહેલી સવારથી જગન્નાથજીની રથયાત્રા નિજ મંદિરેથી નીકળી, બપોરના સરસપુરમાં મોસાળુ ઉજવી, મોડી રાતે નિજ મંદિરે પરત ફરે છે કે જેમાં હજારો ભાવિકો ઉમટી, તેનો અનેરો લાભ મેળવે છે. જ્યારે આ દિવસ કચ્છમાં નૂતન વર્ષ તરીકે ઉજવવામાં આવે છે.

કચ્છી નૂતન વર્ષની ઉજવણી અષાઢી બીજના દિવસે કેમ કરવામાં આવે છે તેની અલગ અલગ વાયકાઓ પ્રચલિત છે. એક વાયકા એવી છે કે કચ્છમાંના કેરાકોટ ગામમાં પાટનગર બદલનાર જામ લાખા ફુલાણી એક દીર્ઘદ્રષ્ટા અને વિચારવંત રાજવી હતા. તેમના મનમાં હંમેશાં પોતાના રાજ્યના વિકાસ અને પ્રચાર માટે અનેક વિચારો ઘૂમતા રહેતા હતા. તેથી તેઓ પોતાના રાજ્યની સીમા નક્કી કરવા રાજ્યનાં કેટલાક યુવાનો સાથે નીકળી પડ્યા. પરંતુ તેઓ એ કાર્ય પૂરું કરી ન શક્યા અને તેઓને પરત ફરવું પડ્યું. એ દરમિયાન અષાઢ માસનો પ્રથમ દિન પૂર્ણ થઈ ચૂક્યો હતો અને બીજા દિવસનો પ્રારંભ થયેલ હતો. એ વર્ષે કચ્છમાં વરસાદ ખૂબ જ સારો થયેલો. ચારે તરફ ખૂબ હરિયાળી થઈ ગયેલી, કે જેને જોઈને જામ લાખો ફુલાણી ખુશ થઈ ગયો. એ જ વખતે તેમણે પોતાના સમગ્ર રાજ્યમાં ફરમાન છોડ્યું કે કચ્છનું નવું વર્ષ અષાઢી બીજથી શરૂ કરવામાં આવે. આ રીતે રાજવી લાખા ફુલાણીએ કચ્છના ઈતિહાસમાં પોતાનું નામ રોશન કરી દીધું. ત્યારથી અષાઢી બીજના દિવસને નૂતન વર્ષ તરીકે દરેક કચ્છી ઉજવે છે.

આ પ્રમાણે છેલ્લા આઠસો વર્ષથી અષાઢી બીજનું પર્વ સમગ્ર કચ્છ રાજ્યમાં ધામધૂમથી ઉત્સાહપૂર્વક 'નૂતન વર્ષારંભ' તરીકે ઉજવવામાં આવે છે. કચ્છ બહાર સ્થાયી થયેલા કચ્છીઓ એટલે કે ગુજરાતમાં અન્યત્ર વસવાટ કરતા કચ્છીઓ, ભારતભરના અન્ય રાજ્યોમાં વસતા કચ્છીઓ તેમજ વિદેશમાં પણ વસવાટ કરતા કચ્છીઓ અષાઢી બીજના પર્વ પર બહુ ઉત્સાહપૂર્વક પોતાના માદરે વતનનો આ મોટો અને મુખ્ય તહેવાર ઉજવીને પોતાની માતૃભૂમિને, તે જ્યાં હોય ત્યાંથી યાદ કરીને આદરપૂર્વક નમન કરે છે. 'મુંજી માતૃભૂમિ કે નમન' ગીતમાં તેનો ભાવ ખૂબ જ લાગણીસભર ઉતરી આવે છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ, આ સમયે એવી મહેચ્છા વ્યક્ત કરે છે કે તેના એકેએક પદાધિકારી તથા એકેએક કાર્યકર, આવતા દિવસોમાં હજુ પણ વધુને વધુ સેવાકીય પ્રવૃત્તિઓ હાથ પર લઈ ભારત રાષ્ટ્રની ઉર્ધ્વ દિશા તરફની ગતિને વેગ અપાવતા રહેશે અને શક્ય હોય તે દરેક ક્ષેત્રમાં પોતાની સેવાની સરવાણી વિસ્તૃત કરતા રહેશે.

અંતમાં ફરી બધાને કચ્છી નૂતન વર્ષની શુભેચ્છા.

**૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯, ૯૮૭૯૦ ૬૩૧૦૦**


## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

### અમદાવાદ પધારતા અતિથિઓની સગવડતા વધારાઈ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ત્રણે અતિથિ ભવન – પાલડી, શાહીબાગ અને ગીતા મંદિરનું બુકિંગ હવે ઓનલાઈન થઈ શકશે.

**www.kjss.org** પર બુકિંગ થઈ શકશે.

**રજનીકાંત પારેખ**
માનદ્ મંત્રી
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

**પ્રતાપ દંડ**
પ્રમુખશ્રી
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

પ્રેરણાત્મક પ્રસંગો

## મણકો-૧૧ : ઉમદા અને ઉદાહરણીય વર્તન
## મણકો-૧૨ : કોઈનું નકારાત્મક વર્તન એ જ તમારો પ્રેરણાસ્રોત

• સંકલન •
ડૉ. આશિષ ચોક્સી

### મણકો - ૧૧ : ઉમદા અને ઉદાહરણીય વર્તન

૨૯ ડિસેમ્બર, ૨૦૨૦ના દિવસે ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની બીજી ક્રિકેટ ટેસ્ટમાં બનેલી ઘટનાએ અચાનક રીતે સંપૂર્ણપણે અસ્વીકાર્ય ઘટના બને તેમાં પણ કેવી રીતે કુલ રહેવાય તે શીખવ્યું.

ભારતના કેપ્ટન અજિંક્ય રહાણે ૧૧૨ રને રમતમાં હતા. સામે છેડે રવિન્દ્ર જાડેજા ૪૯ રને હતા. રવિન્દ્ર જાડેજા પોતાના ૫૦ રન પૂરા કરવા માટે એક રીસ્કી રન લેવા દોડ્યા. સામે છેડે અજિંક્ય રહાણે આ શોટમાં રન લેવા માનસિક રીતે બિલકુલ તૈયાર ન હતા. રવિન્દ્ર જાડેજાના આ જોખમી રીસ્કને લીધે અજિંક્ય રહાણે આઉટ થયા. અગાઉની ટેસ્ટની હાર પછી આ ટેસ્ટમાં ભારતે પોતાની સ્થિતિ થોડી મજબૂત બનાવી હતી પણ આ સમયે કોઈ પણ કેપ્ટનને રન આઉટ થઈ પોતાની વિકેટ ફેંકી દેવાનું ના ગમે.

અજિંક્ય રહાણેએ આઉટ થયા પછી ફિલ્ડ પર જે ઉમદા વર્તન કર્યું તેની નોંધ વિશ્વભરના મીડિયામાં લેવાઈ. આઉટ થયા પછી બિલકુલ શાંત હાવભાવ, ચહેરા પર જરા પણ ગુસ્સો નહીં, નિરાશાના હાવભાવ નહીં અને પોતે આઉટ થયા છે તે સ્વીકારી લીધું. પેવેલિયનમાં જતાં પહેલાં રવિન્દ્ર જાડેજાની નજીક આવી તેના પેટ પર હળવો મુક્કો મારી, ‘હવે તું બાજી સંભાળજે’ તેવો મેસેજ આપી તેનો ઉત્સાહ વધાર્યો. એ વર્તણૂકે તેમની છાપ તેઓ એક અલગ જ વ્યક્તિત્વ ધરાવે છે તે બતાવ્યું.

• **છેલ્લો બોલ :** ***અજિંક્ય રહાણેએ આ ઘટનામાં નીચે પ્રમાણે વસ્તુઓ શીખવી. અણધારી કે ના કલ્પેલી તકલીફ કે મુશ્કેલી આવે તો પણ શાંત મને હળવાશથી કામ લેવું. જ્યારે સામેવાળાની સંપૂર્ણ ભૂલ હોય છતાં પણ એના જ ઉપર ભરોસો મૂકી તેને આગળની જવાબદારી સોંપી તેને ઉત્સાહિત કરી આપણી ટીમ માટે શ્રેષ્ઠ પરિણામ મેળવી શકાય છે.***

### મણકો - ૧૨ : કોઈનું નકારાત્મક વર્તન એ જ તમારો પ્રેરણા સ્રોત

★ જ્યારે કોઈએ તમારી ક્ષમતા પ્રત્યે શંકા કરી હોય, ક્યાંક નીચા દેખાડયા હોય અને અપમાનિત અવસ્થામાં મુક્યા હોય તો પણ તેમના માટે મનમાં ક્યારેય કડવાશ રાખશો નહીં. તેમના જીવનભર આભારી રહેજો, કારણ કે આ એ લોકો હતા કે જેમણે તમારી ક્ષમતા એક બંધ ઢાંકણા નીચે દબાઈને પડેલી હતી તેને સજીવન કરી ફૂંફાડા મારતી બહાર લાવવામાં મદદ કરી છે. જે પ્રોત્સાહન અને પ્રેરણા તમારા માતા-પિતા કે શિક્ષક નથી કરી શક્યા તે કામ આ લોકોએ કરી જીવનમાં તમને નવી ઊંચાઈએ લઈ જવામાં મદદ કરી છે. તેમના અયોગ્ય વર્તનને યાદ રાખવાથી તમારી આંતરિક શક્તિઓ નબળી પડતી હોય છે.

★ વિશ્વના પ્રસિદ્ધ રસાયણશાસ્ત્રી અને જીવાણુશાસ્ત્રી લુઈ પાશ્ચર તેમના સંશોધનો અને પ્રયોગોના શિખર પર હતા. ૪૬ વર્ષની ઉંમરે ૧૮૬૮માં તેમની પર પક્ષાઘાતનો હુમલો થયો. તેમનો ડાબો પગ અને ડાબો હાથ સંપૂર્ણ નિષ્ક્રિય અને નિરુપયોગી થઈ ગયા હતા. માત્ર એક હાથ અને એક પગથી રોજના કામો કરવામાં પણ તેમને ઘણી મુશ્કેલી પડતી હતી. લોકોએ અફસોસ વ્યક્ત કર્યો કે આવી મહાન પ્રતિભાની શક્તિ હવે વિલીન થઈ ગઈ.

લોકોના નકારાત્મક વર્તન અને અફસોસના લીધે લુઈ પાશ્ચરને કોઈ અજ્ઞાત પ્રેરણા મળી ચૂકી હતી. તેમણે ૧૮૭૫ પછી ફરી પોતાના સંશોધનો શરૂ કર્યા. ૧૮૮૦માં એન્થ્રેક્સ અને ચીકન કોલેરાની રસી તૈયાર કરી. તા. ૦૬-૦૭-૧૮૮૫ના રોજ શોધેલી હડકવાની રસી તો દુનિયાભરમાં માનવજાત માટે મદદરૂપ થઈ જેનાથી કેટલાય લોકોને જીવતદાન મળ્યું. પક્ષાઘાત પછીના ૨૦ વર્ષોમાં વિકલાંગ અવસ્થામાં માત્ર જમણા હાથ અને જમણા પગની મદદથી માનવજાતને મદદરૂપ થતા શ્રેષ્ઠ સંશોધનો કર્યા.

• **છેલ્લો બોલ :** ***કોઈના નકારાત્મક વર્તનને પ્રેરણાનો સ્રોત તેમજ જીવન વિકાસની એક તક ગણવી. આવી તક જીવનમાં વારંવાર આવતી નથી.***

સ્વાધીનતા સંગ્રામના ૭૫ શૂરવીરો

# સ્વાધીનતા સંગ્રામના ૭૫ શૂરવીરો
# મણકો - ૭ : નેતાજી સુભાષચંદ્ર બોઝ

● લેખક ●
રાજ ભાસ્કર / અનંત શુક્લ / મધુકાંત પ્રજાપતિ

## નેતાજી સુભાષચંદ્ર બોઝ

*જન્મ : ૨૩ જાન્યુઆરી, ૧૮૯૭*

૨૩ જાન્યુઆરી, ૧૮૯૭ના રોજ કટકમાં સુભાષચંદ્ર બોઝનો જન્મ થયો હતો. જાનકીનાથ અને પ્રભાદેવીના નવમા સંતાન એટલે સુભાષચંદ્ર. આઝાદ હિંદ ફોજના સ્થાપક સુભાષચંદ્ર બોઝ લંડનમાં ચોથા ક્રમે આઈ.સી.એસ.ની પરીક્ષા પાસ કરનારા વિદ્યાર્થી હતા. આ ડિગ્રી દ્વારા તેમણે ધાર્યું હોત તો દેશમાં અઢળક ધન અને માન કમાઈ શક્યા હોત. પરંતુ આ સ્વમાની વ્યક્તિને અંગ્રેજ સરકારની ગુલામી સ્વીકાર્ય નહોતી. બાળપણમાં એમણે પોતાને ‘‘બ્લેક’’ કહીને સંબોધનારા અંગ્રેજ શિક્ષકને લાફો મારી દીધેલો. સ્વામી વિવેકાનંદથી તેઓ ખૂબ પ્રભાવિત હતા અને તેઓ વીર સાવરકરને પણ મળેલા. તેમના વિચારોએ તેમને સ્વતંત્રતા માટેની ક્રાંતિનો એક અનોખો રાહ ચીંધેલો. સ્થાનિક શિક્ષણ ભારતમાં જ લઈને લંડન ગયેલા સુભાષબાબુએ ત્યાં આઈ.સી.એસ.ની પરીક્ષા પાસ કરી. એ પછી લંડનથી પાછા ફર્યા ત્યારે દેશમાં અસહકારનું આંદોલન ચાલી રહ્યું હતું. તેઓ અસહકારના આંદોલનમાં કૂદી પડ્યા. કોંગ્રેસના સવિનય કાનૂનભંગમાં ભાગ લેવા બદલ જેલમાં ગયા. છૂટ્યા અને ફરીને પકડાયા. ૧૯૩૨માં ત્રાસવાદીઓના મદદકર્તાનો આરોપ લગાવી તેમને દેશબહાર અલીપોરની જેલમાં મોકલી આપવામાં આવ્યા. ચાર વર્ષે ત્યાંથી છૂટ્યા. તેના બીજે વર્ષે હરિપુરા કોંગ્રેસ અધિવેશનમાં પ્રમુખ બન્યા. આને કારણે ગાંધીજી સાથે મતભેદ વધતાં થોડા દિવસમાં જ કોંગ્રેસ સાથે છેડો ફાડી નાંખ્યો. ફોરવર્ડ બ્લૉકની સ્થાપના કરી. ફરી સરકારે તેમની ધરપકડ કરી જેલમાં પૂર્યા, પરંતુ તેઓ વેશ બદલીને જેલમાંથી નીકળી ગયા. પેશાવર થઈ કાબૂલ પહોંચ્યા. ત્યાંથી જર્મની જઈ હિટલરને મળ્યા. હિટલરે તેમનું સ્વાગત કરી ‘હિંદના સરનશીન’ તરીકે ઓળખાવ્યા. ત્યાંથી તેઓ સબમરીન દ્વારા જળમાર્ગે જાપાન પહોંચ્યા અને ત્યાં ‘આઝાદ હિન્દ ફોજ’ની સ્થાપના કરી. ‘તુમ મુજે ખૂન દો, મૈં તુમ્હે આઝાદી દૂંગા’ અને ‘દિલ્હી ચલો’ના નારા સાથે હિંદ તરફ કૂચ કરી ઈમ્ફાલને ઘેરો ઘાલ્યો. પણ કુદરતે તેમને સાથ ન આપ્યો. આઝાદ હિંદ ફોજને પીછેહઠ કરવી પડી. સાથીદારોના આગ્રહથી તેઓ વિમાન દ્વારા ટોક્યો જવા રવાના થયા. એક માન્યતા મુજબ ૧૯ ઑગસ્ટ, ૧૯૪૫ના રોજ આ વિમાન દુર્ઘટનામાં તેમનું મૃત્યુ નીપજ્યું. આ સિવાય એમના મૃત્યુ અંગે અનેક તર્ક-વિતર્ક થઈ રહ્યા છે. એવું પણ કહેવાય છે કે સૌપ્રથમ વાર આંદામાન-નિકોબાર પર ભારતનો ઝંડો લહેરાવ્યો હતો એટલે તેમના પ્રપૌત્રનું માનીએ તો તેઓ ભારતના પ્રથમ વડાપ્રધાન પણ હતા. કોઈ કહે છે કે તેઓ સાધુ વેશે હજુ પણ જીવી રહ્યા છે. સત્ય હજુ સામે આવ્યું નથી. પણ ભારત દેશની આઝાદી માટે આ વીર ક્રાંતિકારી યોદ્ધાએ આકાશ-પાતાળ એક કરી દીધા હતા એ નિશ્ચિત છે.

## સ્વદોષદર્શન વિના બધું નકામું

★ પહેલું આત્મનિરીક્ષણ કરવું જોઇએ. (Introspection)

★ તેમાં પડેલા દોષોનું નિરીક્ષણ થતાં તેની કબૂલાત કરવી જોઈએ. (Confession)

★ પછી તે દોષો ઉપર તીવ્ર પશ્ચાતાપ કરવો જોઇએ. (Repentance)

આવું સ્વદોષદર્શન વિનાનું ગુણસભર કે ધર્મકટ્ટર જીવન પણ નકામું.

જે સ્વદોષદર્શન સાચું કરશે તે પરદોષદર્શન કદી નહીં કરે. તે પરગુણદર્શન જ કરશે. અને...

સ્વગુણદર્શન તો તે કદી ઈચ્છશે નહીં.

સ્વદોષદર્શન એ ગુણોનો રાજા છે. એ ધર્મોનો ધર્મ છે. એ જ એકડો છે, બાકીનાં મીંડા છે.

એટલે જ નિંદા કરવા દ્વારા કોઇ તમારા દોષો ઉઘાડા કરી આપે તો તેનો ખૂબ ઉપકાર માનજો.

નિંદકો જ તમારા ઉપકારી છે. પ્રશંસકોથી તો છેટા જ રહેજો.

*ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ*

એરિસ્ટોક્રેટ્સ

એરિસ્ટોક્રેટ્સ : પ્રકરણ-૪

# અંબાલાલ સારાભાઈ – ૪

## ગર્ભશ્રીમંત પુત્રીએ આશ્રમ બાંધવા રેતીનાં તગારાં ઊંચક્યાં

• લેખક •
દેવેન્દ્ર પટેલ

અંબાલાલ સારાભાઈના પરિવારની કથા કોઈ કુટુંબની નથી. તેમનાં પુત્રી શ્રીમતી લીનાબેન સારાભાઈ કે જેઓ આજે ૯૧ વર્ષની વયનાં છે, તેઓ કહે છે : 'આ એક જમાનાની કથા છે. મોગલ સામ્રાજ્યનો અંત થયો હતો. આખો દેશ અંગ્રેજ હકૂમતની જકડમાં આવી ગયો હતો. એક કુટુંબની આ કથાની આસપાસ એક અજોડ કાળપરિવર્તન જોઈ શકાય છે.'

ગાંધીજીએ ૧૯૧૫માં આફ્રિકાથી ભારત પાછા ફર્યા ત્યારે સૌ પ્રથમ શેઠ મંગળદાસ ગીરધરદાસને ત્યાં ઉતર્યા હતા. સાબરમતીની રેતીમાં બાવળના ઝાડ નીચે શેઠ મંગળદાસના હાથે જ નારંગીનો રસ પીને પારણાં કર્યા હતાં. એ વખતે શેઠ મંગળદાસનું મિલમાલિકોમાં ભારે વર્ચસ્વ હતું. છતાં યુવાન અંબાલાલ સાથે જાહેર પ્રશ્નોમાં તેમને સારી એવી અથડામણો ઊભી થઈ હતી.

પછી તો ગાંધીજી સાથે અંબાલાલ સારાભાઈ અને તેમનાં બહેન અનસૂયાના સંબંધો પ્રગાઢ થયા હતા.

એ વખતે 'રીટ્રીટ' બંગલામાં ગૌશાળા, ઘોડાખાનું, મોટર ગેરેજ, ધોબીઘાટ, વીસ જેટલા મજૂરો, પાંચ-છ બાઈઓ, શોફરો, ક્લિનરો, ઘોડાવાળા, દૂધ દોહવા રબારીઓ, દસેક પહેરાવાળા અને ૩૦ માળીઓ હતા. આ ઉપરાંત દસ જેટલા શિક્ષકો પણ રીટ્રીટ અને તેમના ખજૂરી બંગલે રહેતા. આજે કેટલાક કહેવાતા નવધનિકો દર છ મહિને મોબાઈલ બદલીને પોતાની લાઈફ સ્ટાઈલો અખબારોમાં છપાવીને ડંફાશ મારે છે, તેમની ઔકાત એ વખતના અંબાલાલ સારાભાઈ સામે કેટલી છે તે તેઓ જ નક્કી કરી લે. આવડા મોટા કાફલાને સાચવવાનું કામ આદર્શ ગૃહિણી સરલાદેવી કરતાં. સ્વચ્છતા એમને અત્યંત પ્રિય હતી. નોકરચાકરોએ પણ સ્વચ્છ રહેવું પડતું. નોકરોએ પણ બેસતાં ઊઠતાં શીખવું પડતું.

૧૯૨૪માં કવિવર રવીન્દ્રનાથ ટાગોર 'રીટ્રીટ'માં રહેવા આવ્યા. એક સાંજે એમણે અંબાલાલના પુત્ર વિક્રમનું માથું અને કપાળ જોયું, 'કેવો અસાધારણ મેઘાસંપન્ન આ બાળક છે.'

'રીટ્રીટ'માં આવીને રહેતા અન્ય મહેમાનોમાં બાળગંગાધર ટિળક પણ હતા. ગોખલે પણ હતા. ખુદ મોતીલાલ નેહરુ તેમનાં પત્ની સ્વરૂપરાણી સાથે આવેલા. સાથે સોહામણા જવાહર પણ હતા. વિજ્યાલક્ષ્મી પંડિત પણ હતાં. મિસિસ બેસેન્ટ પણ 'રીટ્રીટ'ના મહેમાન બન્યાં. નાટ્ય કલાકારો પણ આવતાં. બાળકો માટે 'રીટ્રીટ' જ એક યુનિવર્સિટી બની ગયું હતું.

ઘરમાં કદીયે ગાળ બોલાતી નહીં. સ્ત્રીઓની મશ્કરી થતી નહીં. ડર્ટી નોકરોને તો સ્થાન જ નહોતું. કદી કોઈએ ગાળ બોલી કે સાંભળી નહોતી. ઘરમાં વિક્ટોરીયન જમાનાની અંગ્રેજ અદબ હતી.

અંબાલાલ સારાભાઈને દર વર્ષે હવાફેર કરવા ફરવા જવાનો શોખ હતો. મોટાભાગે તેઓ માથેરાન જતા. માથેરાનમાં તેમની માલિકીનો 'બોમ્બે વ્યુ' નામનો બંગલો હતો. હવે આ પરિવાર હિલ સ્ટેશન કેવી રીતે જતું તે જુઓ. દૂધ માટે ભેંસો, ઘોડેસવારી માટે દસેક ઘોડા, ધોબી અને ટાઈપિસ્ટને પણ હિલ સ્ટેશને લઈ જવાતા. એ વખતે માથેરાનમાં વીજળી કે નળ ના હોવાથી મશાલચી અને પાણી લાવનાર ભિસ્તીની સ્થાનિક ધોરણે વ્યવસ્થા થતી. હિલ સ્ટેશને માત્ર પરિવારના જ સભ્યો જતા હતા. તેમની સાથે ટો, ટંકારિયા, મિત્રો, છોટુભાઈ સોલીસીટર, કાકી માણેકબા, વસુમતીબહેન-ઈન્દુમતીબહેન, પશીબહેન, ગજીબહેન, ફોઈ અનસૂયા, નિમુ ફોઈ, સરલાદેવીના પિતા, સીતામાસી, વિનાયકમામા, સુભદ્રા માસી, રણજીત મામા, અંબાલાલ સારાભાઈનાં અપર મા 'ઝબકમા', ચીમનલાલ નગીનદાસ, રીટ્રીટ સ્કૂલના શિક્ષકો, લખવાના ઢાળિયા, પાટિયા, ચોપડી, ખડિયા, ચિત્રનો સામાન વા વાજીંત્રો, વજનકાંટા અને પાળેલાં પ્રાણીઓ, ટીપી કૂતરો ને તેનાં સાત ગલુડિયાં પણ હિલ સ્ટેશને જતાં. લીનાબહેન તો તેમની સાથે પોપટ પણ સાથે લઈ જતાં. પંડિત વિષ્ણુ દિગંબર પણ તેમના મહેમાન બનેલા. તેઓ રામાયણ સંભળાવતા.

પછી તો આ પરિવાર કદીક મસૂરી જાય, કદીક દાર્જીલિંગ જાય. મસૂરીમાં વડોદરાના મહારાજા સયાજીરાવ અને મહારાણી ચીમનાબાઈ પણ રામાયણ સાંભળવા આવે. તેમને અંબાલાલ સારાભાઈ માટે ખૂબ આદર હતો. તેના જ પરિણામે

પાછળથી વડોદરામાં સારાભાઈ કેમિકલ્સ, સારાભાઈ મર્ક અને સુહૃદ ગાયગીનાં મોટાં કારખાનાં નંખાયાં.

૧૯૨૭માં આખોયે પરિવાર શિલોંગ ગયો. ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોર તેમના મહેમાન તરીકે જોડાયા. તેમના માટે શિલોંગમાં નજીકમાં જ અલાયદું ઘર રાખવામાં આવ્યું હતું. અહીં સુભાષચંદ્ર બોઝ અને તેમનાં ભાઈ-ભાભીને પણ આખો પરિવાર મળ્યો.

પ્રવાસની મજા તો જુઓ! હિલ સ્ટેશને જવાનું હોય તો પ્રવાસની ઝીણામાં ઝીણી વિગતોનું આયોજન થતું. રાંધવાનાં તપેલાં, શાકભાજી બધું લઈને જ રસોઇયા ટ્રેનમાં ચડે. બધું અંદર જ રંધાય. કાગળ અને તાર દ્વારા આવતાં તમામ સ્ટેશને માણસો દૂધ, ફળફળાદી સાથે હાજર હોય. ઉનાળામાં તો બરફની પાટો ટ્રેનમાં મુકાઈ જતી.

પુત્રી ભારતીબહેનની પુત્રી અનારને એકવાર ડિપ્થેરિયા થઈ ગયો. તે વખતે અંબાલાલ સારાભાઈ દિલ્હીમાં હતા. માંદગીની ખબર પડતાં જ તેઓ દિલ્હીથી ચાર્ટર પ્લેન કરીને અમદાવાદ આવ્યા હતા. આ આઝાદી પહેલાંની વાત છે.

મોટા પુત્ર સુહૃદનું લગ્ન કસ્તુરભાઈ લાલભાઈનાં ભત્રીજી મનોરમા સાથે કરવામાં આવ્યું.

ત્યાર પછી ૧૯૩૭માં અંબાલાલ સારાભાઈનાં પુત્રી લીનાબહેને જાહેર કર્યું કે મારે મદનમોહન મંગળદાસ સાથે લગ્ન કરવાં છે. આગ્રહ એવો હતો કે સિવિલ મેરેજ થયા પછી વૈદિક વિધિથી. એ વખતે પણ એક ક્રાંતિ સર્જાઈ. આગ્રહ એવો પણ હતો કે ‘કન્યા એ કોઈ ચીજવસ્તુ નથી કે દાનમાં આપી શકાય. માટે કન્યાદાન વગરનો સંસ્કારવિધિ પણ કરો.’ ગુજરાતમાંથી આ વિધિ કરવા કોઈ તૈયાર ના થયું. છેવટે પૂનાના એક વિદ્વાન શાસ્ત્રી તૈયાર થયા. કન્યાદાન વગર લગ્ન થયાં. સપ્તપદીના ફેરા ફર્યા પછી પુત્રી લીનાબહેન તેમના પતિ મદનમોહન સાથે ગાડીમાં બેઠાં અને પતિના લાલદરવાજા પાસેના બંગલે ગયા.

પિતા દીકરીને મળવા જાય તો બેસે, જમે. દીકરીના ઘેર જમાય નહીં તેવી રૂઢીથી તેઓ વિરુદ્ધ હતા. તેઓ એક જુદા જ પ્રકારના પિતા હતા. આજે પણ ઘણા પુત્રીના ઘેર જમતા નથી. તે રૂઢી અંબાલાલ સારાભાઈએ ૧૯૩૭માં તોડી નાંખી હતી. અલબત્ત, પુત્રીઓ અને બહેન માટે એમણે જે કર્યું છે તેવું કોઈ ભાગ્યે જ કરે.

તા. ૩૦મી માર્ચ, ૧૯૩૦. મહાત્મા ગાંધીએ અમદાવાદ સાબરમતીથી દાંડીકૂચ આરંભી. મળસ્કે આખો પરિવાર બાપુને વિદાય આપવા નદી ઓળંગીને આશ્રમ પર ગયો. અલબત્ત, તે પહેલાં અંબાલાલ સારાભાઈનાં બીજાં એક મોટાં પુત્રી મૃદુલાને રેશમી વસ્ત્રો અને હીરા-મોતીના દાગીના પહેરવાનો ભારે શોખ હતો. પરંતુ બાપુના પરિચયમાં આવ્યા બાદ તેમના જીવનમાં પરિવર્તન આવી ગયું. તેમણે ખાદી અપનાવી લીધી. મૃદુલા અત્યંત કોમળ પરંતુ બધા જ શોખને તિલાંજલિ અર્પી દીધી. છોકરીઓએ શણગાર સજીને પરણવું જોઈએ તેવા વિચારો જ ત્યજી દીધા. આશ્ચર્યની વાત એ છે મૃદુલા ૧૪ વર્ષની વયે જ બાપુના કહેવાથી સ્વાતંત્ર્ય સંગ્રામમાં જોડાયાં. પોતાનું જીવન બાપુની સેવામાં સમર્પિત કરી દીધું. તેઓ એક અબજોપતિ મિલમાલિકનાં પુત્રી હોવા છતાં સાબરમતી નદીમાંથી રેતીનાં તગારાં ઊંચક્યાં અને આશ્રમના બાંધકામમાં મજૂરી કરી. એરિસ્ટ્રોકેસી માત્ર ધનની જ નહીં પરંતુ શોખ, વૈભવ, ઐશ્વર્ય અને તમામ ધનસંપત્તિના ત્યાગથી પણ પ્રાપ્ત થઈ શકે છે તે મૃદુલાએ સાબિત કરી દીધું.

એક અબજોપતિની પુત્રી મૃદુલાએ એ જ ઉંમરે પોતાની જાત રાષ્ટ્ર માટે સમર્પિત કરી દીધી. છોકરીએ શણગાર સજીને પરણવું જોઈએ તે ખ્યાલ તેમણે સદંતર છોડી દીધો. આટલી નાની વયે તેમનું ત્યાગનું વલણ માતાપિતાએ પણ સ્વીકારી લીધું.


પછી તો ધરાસણા અને દાંડીના સભાગૃહો દરમિયાન પોલીસના લાઠીચાર્જ શરૂ થયા. જખમી સ્વાતંત્ર્ય-સેનાનીઓની સારવાર માટે અંબાલાલ સારાભાઈના મીરઝાપુરના બંગલે એક હોસ્પિટલ શરૂ થઈ. મૃદુલા, ભારતીબહેન વગેરે પિકેટીંગમાં જોડાયાં. ધોળકામાં ભાષણ કરવા જતાં સરલાદેવી પણ પકડાયાં. મૃદુલાને હવે લોકો બોસ ‘બોશી’ અને ‘પઠાણ’ તરીકે પણ બોલાવતાં હતાં. ઘરમાં પણ હવે વિદેશી કાપડ આવતું બંધ થઈ ગયું. ઘણા સભ્યોએ ખાદી ધારણ કરી.

૧૯૩૨માં મૃદુલાબહેન ગિરફતાર થયાં. જેલમાં ધકેલી દેવાયાં. પુત્રી મૃદુલાને જેલ થઈ છે તે જાણી અંબાલાલ સારાભાઈ અને સરલાદેવી દુઃખી દુઃખી થઈ ગયાં. તેઓ પહેલી જ વાર ભાંગી પડ્યાં હોય તેમ લાગ્યું. તેમણે સંગીત સાંભળવાનું જ બંધ કરી દીધું. મૃદુલાબહેન પૂના પાસેની યરવડા જેલમાં હતાં. મૃદુલાની જેલ પાસે જ રહી શકાય તે માટે માતા-પિતા બેલગામ અને પૂના રહેવા જતાં રહ્યાં.

૧૯૪૨માં ‘હિંદ છોડો’ નામની ક્વિટ ઇન્ડિયા મુવમેન્ટ આવી. તે વખતે સારાભાઈ પરિવારનાં છ જણ જેલમાં હતાં. મૃદુલાબહેન, નીમાબહેન, ઇન્દુબહેન, ભારતીબહેન, ગીરાબહેન અને ગીતાબહેન. **વર્ષો પછી મૃદુલા સારાભાઈએ દુઃખી સ્ત્રીઓ માટે અમદાવાદમાં ‘જ્યોતિસંઘ’ની સ્થાપના કરી. ત્યારબાદ દુઃખિયારી સ્ત્રીઓને રહેવા માટે તેમણે અમદાવાદમાં જ ‘વિકાસગૃહ’ પણ ઊભું કર્યું. આમ ‘જ્યોતિસંઘ’ અને ‘વિકાસગૃહ’ પણ સારાભાઈ પરિવારની ભેટ છે.** ■

અષાઢી બીજ

# કચ્છી નવા વર્ષની ઉજવણી



હરેશ ધોળકિયા

અષાઢી બીજ – કચ્છી નવું વર્ષ.

દર વર્ષે આ દિવસ આવે અને કચ્છી માડુ જ્યાં હોય ત્યાં તેનું હૈયું કોળી ઉઠે અને થઈ શકે એવી ઉજવણી કરે. જાહેરમાં કાર્યક્રમો પણ કરે અને ઘરમાં મીઠાઈ પણ ખાય. દર વર્ષે, વર્ષોથી, કદાચ સદીઓથી, આ પ્રથા ચાલે છે. તેને કારણે જ, પ્રખર આધુનિકતા વચ્ચે પણ, કચ્છીયત જળવાઈ રહે છે.

નવું વર્ષ ઉજવાય એ સારી બાબત છે. પણ નવા વર્ષે એક ખાસિયત એ હોય છે કે કશુંક નવું કરવાની ચર્ચા થાય, વિચારાય કે કયારેક નિર્ણય પણ લેવાય. પરંપરાગત જે બાબતો થતી હોય તે ભલે થાય, પણ કશુંક નવું શરૂ થાય તે જરૂરી છે.

કચ્છી નવા વર્ષની ઉજવણીમાં પણ દરેક સ્થળે સામાન્ય ઉજવણીઓ થતી હોય છે, પણ તેમાં હવે કશુંક 'ઉપયોગી' કે 'વિકાસાત્મક' ઉમેરાય તે જરૂરી છે. કચ્છમાં હોય તો કચ્છના સંદર્ભમાં અને બહાર હોય તો બહાર રહીને કચ્છમાં શું કરી શકાય તે સંદર્ભમાં.

નવા વર્ષે 'આવું' શું કરી શકાય?

ભૂકંપ પછી કચ્છનો ચહેરો બદલાતો જાય છે. ખેતીપ્રધાન ચહેરો ઉદ્યોગપ્રધાન ચહેરો થતો જાય છે. વર્ષોનો ખરબચડો અને સૂકો ચહેરો લીસો ચહેરો થતો જાય છે. નવા નવા કોસ્મેટીક ફેરફારો જોવા મળે છે. અનેક પરિવર્તનો જોવા મળે છે. જૂની પેઢી માટે જે સ્વપ્નમાં પણ કલ્પના કરી શકાતી ન હતી, તે હવે નવી પેઢી ભોગવે છે.

આ જરૂરી હતું. સદીઓથી પરંપરાગત અને એકધારું જીવન જીવતી પ્રજા માટે આશીર્વાદરૂપ બન્યું છે. એક સમયે દબાયેલ એવી ત્યારની પેઢીને બદલે હવે કચ્છની નવી પેઢી વિશ્વ સાથે ચાલી શકે તેવી ક્ષમતા કેળવી રહી છે. અનેક ક્ષેત્રોમાં યુવાનો હરીફાઈ કરી રહ્યા છે અને સર્જનાત્મક પ્રવૃત્તિઓ કરી રહ્યા છે. આનંદ થાય છે જોઈને. પણ યુવાનો જે કરે છે તે સ્વબળે કરે છે. તેને જોઈએ છીએ તેવો વ્યાપક સામાજિક અને એકેડેમિક ટેકો નથી મળતો. એટલે નવા કચ્છી વર્ષે આ સંદર્ભમાં વિચાર અને કશુંક કરવાનો સમય પાકી ગયો છે એમ લાગે છે.

શું જરૂર છે નવી પેઢીને?

નવી પેઢીને ત્રણ બાબતોની જરૂર છે : પ્રોત્સાહન, માર્ગદર્શન અને તાલીમ. પ્રોત્સાહન શરૂ થઈ ગયું છે. જ્ઞાતિ, સમાજ અને અન્ય સંસ્થાઓ હવે યુવાનોને પ્રોત્સાહન આપે છે. એવા કાર્યક્રમો પણ ગોઠવે છે. જરૂર પડે તો આર્થિક મદદ પણ આપે છે. તેમની સિધ્ધિઓને પણ બિરદાવે છે. એટલે એ ક્ષેત્ર યોગ્ય રીતે કામ કરે છે. જ્યાં સુધી માર્ગદર્શનનો પ્રશ્ન છે, તો કહેવું જોઈએ કે પ્રાથમિક કક્ષાનું જ માર્ગદર્શન મળે છે. કારકિર્દી માર્ગદર્શન, કેટલાક કોર્સિસના અંગત કે જાહેર કોચીંગ કલાસીસ વગેરે મળવાં શરૂ થઈ ગયાં છે. વર્તમાનપત્રો પણ તેમાં રસ લે છે. સ્થાનિકે યુનિવર્સિટી સ્થપાવાથી નવા નવા અભ્યાસક્રમો દાખલ થવા શરૂ થયા છે. અંતરીયાળ વિસ્તારોમાં કોલેજો શરૂ થવા લાગી છે. એટલે વિદ્યાર્થીઓને બહુ દૂર ભણવા જવું પડતું નથી અને વધારે વિદ્યાર્થીઓ ભણવા પ્રેરાય પણ છે.

પણ જ્યાં સુધી તાલીમનો મુદ્દો છે, ત્યાં હજી કચ્છમાં તદ્દન પ્રાથમિક સ્થિતિ છે. અહીં જેને તાલીમ મનાય છે, તે હકીકતે માર્ગદર્શન જ છે. સૈધ્ધાંતિક માર્ગદર્શન જ મળે છે. તાલીમની વ્યાપક સગવડો નથી. આ સંદર્ભમાં કશુંક નકકર કરવાની જરૂર છે એવું અનુભવાય છે. દર વર્ષે સરાસરી ૨૦,૦૦૦ વિદ્યાર્થીઓ કોલેજોમાં ભણે છે. તેમના સામે અઢળક તકો છે. પણ આ તકો તૈયારી માંગે છે. અને તૈયારી તાલીમ માર્ગ છે જેનો મહદ્ અંશે અભાવ છે. પરિણામે મોટાભાગના વિદ્યાર્થીઓ સામાન્ય ગ્રેજયુએટ થઈ ચૂપચાપ જે રોજગારી મળે તે સ્વીકારી શાંત થઈ જાય છે. જો આ વિદ્યાર્થીઓને વધારે પ્રગતિ કરવાની તાલીમની સગવડ મળે તો ઘણા વધારે પ્રગતિ કરી શકે.

આ માટે શું કરી શકાય?

આ માટે કેટલીક મહત્ત્વની સંસ્થાઓ સ્થાપી શકાય. આમ થાય તો અત્યારે જે ગૂગલ પર આધાર રાખી તે કહે તેટલો જ વિકાસ કરાય છે તેની માત્રા વધી જાય.

બહુ જ જરૂરી છે એક કચ્છ પર સંશોધન સંસ્થાની. કચ્છ

એક વિશિષ્ટ પ્રદેશ છે. તેનો ભૂતકાળ, ઈતિહાસ, ભૂગોળ, સમાજ, સંસ્કૃતિ બધું જ આગવું છે. વળી તે સૌથી મોટો જિલ્લો છે. રાજયને લાયક છે. નેતૃત્વના અભાવે જિલ્લા તરીકે સડે છે. પણ અહીં લગભગ બધી જ બાબતો નોંધી શકાય તેમ છે અને તેના પર ઊંડું સંશોધન કરી શકાય તેમ છે. સમગ્ર દુનિયાના સંશોધકો આ માટે અહીં આવે છે, પણ તેમને પણ વિગતો બાબતે તકલીફ પડે છે.

આ સંદર્ભમાં અહીં એક અલગ 'કચ્છ સંશોધન સંસ્થા' જેવી સંસ્થાની તાતી જરૂર છે. આ સંસ્થા અત્યારે જે અનેક મુદ્દાઓની વિગતો નથી મળતી તેનું સંશોધન કરી દસ્તાવેજીકરણ કરે જે વર્તમાન અને ભવિષ્યના સંશોધકો માટે ઉપયોગી બને. અહીં અનેક બાબતો બને છે. ખેતી, હસ્તકળા, માલધારી વ્યવસાય, રણ, ખનીજ, ભૌગોલિક સ્થિતિ, સાહિત્ય, સંસ્કૃતિ, ઉદ્યોગો વગેરે જેવી અનેક બાબતો બને છે, પણ કોઈ પણ બાબતનું વ્યવસ્થિત, ઊંડાણભર્યું અને સુગ્રથિત દસ્તાવેજીકરણ નથી. તેના અભાવે સંશોધકોને ખૂબ તકલીફ પડે છે.

સંશોધનના રીપોર્ટો સાથે સંસ્થામાં એક વિશાળ પુસ્તકાલયની પણ જરૂર છે જયાં કચ્છના સંદર્ભમાં આજ સુધી દરેક ભાષામાં જેટલું સાહિત્ય પ્રગટ થયું છે તે બધું જ તેમાં હોય. આ પુસ્તકાલય આધુનિક હોય, ટેકનોલોજીથી સજજ હોય. સમગ્ર જગતને એક ક્લિકથી મદદ કરી શકે તેવું હોય અને નવું નવું જે સાહિત્ય પ્રકાશિત થાય તે તેમાં ઉમેરાતું રહે. આજે કચ્છમાં એક પણ પુસ્તકાલય નથી જયાં કચ્છ વિશે પૂરી તો ઠીક, અધૂરી પણ માહિતી નથી મળતી. એક તબકકે કચ્છ યુનિવર્સિટીમાં આ બાબતે પહેલ શરૂ કરવાનો પ્રયાસ થયો હતો, પણ વહીવટનાં જાળામાં એ બાબત વિસરાઈ ગઈ છે. વ્યકિતઓ પાસે અંગત નાનાં ગ્રંથાલયો છે, પણ તેનો લાભ બધા લઈ શકે તેમ નથી. આ બધા અંગત ગ્રંથો આ નવી અને વિશાળ અને સતત વિકસતી લાઈબ્રેરીમાં આવી જાય તો બહુ મોટું કામ થઈ શકે તેમ છે.

એ જ રીતે કચ્છમાં એક સુંદર વિજ્ઞાન સંશોધન સંસ્થાની પણ જરૂર છે. કચ્છમાં ખનીજો, ભૂતળ વગેરે ઊંડાં સંશોધનો માગે છે, પણ તે કરવાની સગવડો આપતી સંસ્થા નથી. અહીં મુંબઈનાં નેહરૂ સાયન્સ સેન્ટર, અમદાવાદની વિક્રમ સારાભાઈ કમ્યુનિટી સાયન્સ સેન્ટર કે બેંગ્લોરની વિશ્વેસરૈયા સેન્ટર જેવી કોઈ સંસ્થાની તાતી જરૂર છે જે તરુણ માનસને ઉશ્કેરે અને વિજ્ઞાન તરફ વાળે. નાના પ્રયાસો અલબત્ત થાય છે, પણ એક મોટી કેન્દ્રીય સંસ્થાની જરૂર છે જે સમગ્ર કચ્છનાં શૈક્ષણિક સંસ્થાનો સાથે જોડાયેલી હોય અને બાળકોને તૈયાર કરતી હોય.

કચ્છમાં યુનિવર્સિટી શરૂ થઈ છે તે આનંદની ઘટના છે. પણ હજી અનેક કારણોને લઈને તેનો જેવો અને જેટલો વિકાસ થવો જોઈએ તે નથી થતો. ખાસ તો સંશોધનને મહત્ત્વ નથી અપાતું. ડૉક્ટરેટ પૂરતું સંશોધન થાય છે, પણ ઊંડાણથી અને સ્વતંત્ર રીતે પેટન્ટ મેળવી શકાય તેવું સંશોધન કરવાની સગવડો તેમાં હજી થઈ શકી નથી. યુનિવર્સિટીને કોઈ અનેક સંશોધકોને દોરી શકે તેવા ઉચ્ચ કક્ષાના સંશોધક વડાની જરૂર છે.

આ ઉપરાંત અલગ અલગ વિભાગોની પણ નાની સંશોધન સંસ્થાઓ પણ જરૂરી છે. હસ્તકળા વિશે સુગ્રથિત માહિતી આપી શકે, સંગીત, કળાઓ, સામાજિક સંસ્થાઓ જેવી અનેક બાબતો બાબતે ચોકકસ માહિતી આપી શકે – અને તે માટે સંશોધન કરી શકે – એવી સંસ્થાઓની જરૂર છે. કચ્છની બધી જ બાબતો વિશે સંપૂર્ણ આંકડાકીય માહિતી આપે તેવી સંસ્થાની જરૂર છે. દર વર્ષે થતા વિકાસનો તટસ્થ અહેવાલ આપી શકે તેવી સંસ્થા પણ જરૂરી છે.

આવી તો અનેક સંસ્થાઓની જરૂર છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓને યુનિયન પબ્લિક સર્વિસ કમિશન, ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન, નીટ અને જીઈઈ કે આઈ.આઈ.એમ. કે આઈ.આઈ.ટી.માં જવા માટેની પરીક્ષાની તૈયારીની તાલીમ સંસ્થાઓ, રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય ખેલકૂદમાં તૈયાર થવા માટેની તાલીમ સંસ્થાઓ, ઓલિમ્પિક કે ક્રિકેટ કે અન્ય રમતો શીખવતી તાલીમ સંસ્થાઓ અથવા કોલેજો જેવી અનેક તાલીમી સંસ્થાઓની કચ્છના યુવાનો રાહ જુએ છે. નાની મોટી સંસ્થાઓ છે, પણ તેની પૂરતી જાહેરાત થતી નથી. તે કયા સ્તરની તાલીમ આપે છે તેનો પણ ખ્યાલ આવતો નથી. પણ જો 'કચ્છ સંશોધન કેન્દ્ર' હોય તો આ બધી માહિતી ત્યાંથી મળી શકે. યુવાનો ઝડપથી તેનો લાભ લઈ શકે અને આગળ વધી શકે.

આને કોઈ દીવા સ્વપ્ન માનવાની જરૂર નથી. અશક્ય પણ નથી. કચ્છમાં અને કચ્છ બહાર એવા મહાજનો છે જેમના પાસે કશુંક કરવાની તમન્ના છે, પણ તેમને આનો કદાચ ખ્યાલ જ નથી. તેમને સૂચન કરી શકાય. કચ્છમાંથી પુષ્કળ ખનીજો નીકળે છે. સરકાર ખૂબ કમાય છે. આ પૈસાનો ઉપયોગ પણ આવી સંસ્થાઓ ઊભી કરવામાં કરી શકાય. કચ્છના ઉદ્યોગોના સી.એસ.આર.માંથી પણ તે કરી શકાય. યુનિવર્સિટીમાં વિવિધ વિષયોની ચેર શરૂ કરી તેને પ્રોત્સાહન આપી શકાય. દર વર્ષે એક એક સંસ્થાઓ શરૂ કરી ધીમે ધીમે વિવિધ સંસ્થાઓ વધારતા જવાય. તો ક્રમશઃ આ શકય બનશે.

પણ મુદ્દો એ છે કે દર વર્ષે નવું વર્ષ ઉજવતી વખતે, પરંપરાગત ઉજવણી સાથે, આવી એકાદ સંસ્થા શરૂ કરાય તો એ નવું વર્ષ સર્જનાત્મક, વિકાસાત્મક અને ભાવિને ઉજ્જવળ બનાવનાર બની શકે.

***કાશ! કોઈ એવા વિઝનરી કચ્છને મળે...!***

વિચાર મંચ

# લોકશાહીનું અસ્તિત્વ માનવ મૂલ્યોની જાળવણીથી સચવાશે



ડૉ. નાનકભાઈ ભટ્ટ

કહેવાય છે તો પ્રજાનો પ્રેમ પરંતુ ચૂંટણીના મેદાનમાં ઉતરનાર પ્રત્યેક ઉમેદવાર વેઠી જાણે છે કે મત મેળવવા રૂપિયાનું રોકાણ તો કરવું પડે છે. **વિશ્વના ૫૬ લોકશાહી દેશોના ૭૨૨ થી વધુ રાષ્ટ્રીય પક્ષો દેશના બંધારણ અનુસાર ૩-૫ વરસે આવતી ચૂંટણીમાં મતદાર દીઠ સરેરાશ ૧.૩ ડોલરનો ખર્ચ કરે છે.**

સમાજવાદી સમાજ રચનાના નામે પ્રજા પાસેથી ટેકસ વસુલ કરી વિકાસ કાર્યો કરનાર પક્ષો અને તેના જન પ્રતિનિધિમાં સેવાભાવ હોય ન હોય પરંતુ નાગરિક સુવિધાઓ વધારવાની પરંપરાથી **વિજેતા ઉમેદવારોની નિજી સંપત્તિમાં ક્રમશઃ વધારો થતો જ રહે છે. જે ભારતનાં લોકતંત્રમાં બીજી ટર્મ માટે ચૂંટણી લડતા પ્રત્યેક ઉમેદવારોના ડિકલેરેશન ફોર્મથી પણ જોઈ શકાય છે.**

લોકશાહીની આડમાં પ્રજાનાં પ્રતિનિધિ આપી શક્તાં રાજકીય પક્ષો માટે સત્તા એ આખરી માપદંડ હોઈ ચૂંટણીનાં મેનીફેસ્ટો અને સભાઓમાં ભરપેટ રેવડીની લહાણી થતી રહે છે. દેશની આર્થિક સ્થિતિ, દેશનાં સંસાધનો, ઉત્પાદન પ્રક્રિયા સાથે જોડાયેલ સર્જકોની ક્ષમતા પ્રકારે જમીની હકીકતો એક તરફ રાખી રાજકીય પક્ષો મતદારો માટે આરામપ્રિય લાભો ખોલી આપે છે. જે ભારત, અમેરિકા અને બ્રિટન સહિત અન્ય લોકશાહી રાષ્ટ્રોની ચૂંટણીમાં પણ જોઈ શકાય છે. સરવાળે બંધારણની જોગવાઈ અનુસાર પુખ્તવયનાં નાગરિકોનો મત ખરીદી શક્તા ઉમેદવારો જીતે છે, હારે પણ છે પરંતુ ચૂંટણીની સામાજિક અસર કાયમી રીતે રહી જાય છે.

ચૂંટણીમાં જાહેર કરાયેલ લાભો અને તેની સમાજ જીવન ઉપરની અસરનું મૂલ્યાંકન કરતા જવાહરલાલ નહેરૂ યુનિવર્સિટીનાં પોલીટીકલ સાયન્સની એક અભ્યાસ નોંધમાં જણાય છે કે : **(૧) છેલ્લાં ૧૦ વર્ષમાં ભારતમાં ઉચ્ચતર શિક્ષણ લેનાર યુવકોની સંખ્યામાં ૧૧% ઘટાડો થયો છે. (૨) છેલ્લાં ૧૦ વર્ષમાં બેરોજગાર યુવકોની સંખ્યામાં ૧૬% વધારો થયો છે. (૩) લગ્ન કરી સહજીવનનાં નિભાવનાં સ્થાને લીવ-ઈન રીલેશન તરફ ઢળતી નવી પેઢીની સંખ્યામાં ૩% વધારો નોંધાયો છે. (૪) લાઈફ ઈઝ ફન તેવા મોર્ડન અભિપ્રાય સાથે ડ્રગ્ઝનું વ્યસન વિકસતાં પશ્ચિમ – દક્ષિણ ભારતનો દરિયાકાંઠો ધમધમી રહ્યો છે.** અહેવાલ નોંધે છે કે પોપ્યુલર પોલીટીકસની દોડમાં ચૂંટણી સમયે મતની ખેંચાતાણીમાં રાજકીય પક્ષો જે બીજ વેરે છે તેની આડ-અસરમાં યુવાનો ભટકી રહયાં છે. યુરોપ - અમેરિકા પછી લોકશાહી દેશ તરીકે ભારતમાં પણ હવે સામાજિક સ્વાસ્થ્ય માટે સાઈકિયાટ્રીસ્ટની વધુ ને વધુ જરૂરિયાત ઉભી થઈ રહી છે.

મોબાઈલ, ઈન્ટરનેટ, ટેલિવિઝનની દુનિયા નવી પેઢીમાં ઠાંસી ઠાંસીને પ્રમાદ ધરબી રહી છે. ત્યારે ફયુચર વર્ડ વિષયે ટાઈમ સ્કવેરમાં ૨૦૨૨ના સંશોધનમાં જણાવાયું છે કે વર્ચ્યુઅલ વર્ડનાં વિસ્તારથી મનુષ્યો દ્વારા થતાં સર્જનશીલ ઉત્પાદનોમાં ૨૦% ઘટ આવશે અને વધતી જરૂરિયાતોને પહોંચી રહેવા આર્ટીફિશિયયલ ઈન્ટેલીજન્સનાં ટેકે મશીન રોબર્ટ આધારભૂત બનશે. ગૂગલની મદદથી જાપાન અને કોરીયાએ કોમર્શિયલ વેહીકલમાં અને ચાઈનાએ કૃષિ અને ડેરીમાં રોબોટનો ઉપયોગ શરૂ કરી દીધો છે.

વિશ્વમાં લોકશાહી દેશોમાં વધતી સબસીડી, દેવા માફી, સસ્તી લોન, બેકારી ભથ્થુ, મફત અનાજ અને સસ્તા આરોગ્યની વધતી સુવિધાથી આજે જેમની ઉંમર ૧૮ થી ૩૦ છે તે વય જૂથમાં વધુ ને વધુ ફ્રસ્ટ્રેશન, એન્ઝાયટી અને ડિપ્રેશન જોવા મળી રહયું છે. **જરનલ ઓફ મેડિકલ સાયન્સનાં તાજેતરનાં અહેવાલથી બહાર આવ્યું છે કે કોવિડ પછીની હતાશામાં ૭૦,૦૦૦થી વધુ યુવકોએ આત્મહત્યા કરી છે.** મહાત્મા ગાંધીએ ૧૯૦૮માં હિંદ સ્વરાજમાં લખ્યું છે : દેશના યુવાનો જવાબદાર અને કામઢા બને તેવા સમયની જરૂર છે. પરંતુ બ્રિટીશરોએ દુનિયામાં જ્યાં રાજય કર્યું છે ત્યાં ગુલામીની મનોદશા વિસ્તારતા રાજ્ય તરફથી જ જાતિ, પ્રદેશ અને પછાતપણાને આગળ કરી સસ્તામાં લાભ વહેંચવાનો શિરસ્તો વિકસાવવામાં આવ્યો. જે આજે પણ શાહી દેશોમાં નભે જાય છે.

જમીનનાં પેટાળમાંથી મળતા ફોસિલ્સ અને ડી.એન.એ. આધારે ઈતિહાસકાર યુવલ નોઆહરારી નોંધ છે કે સીધી

કરોડરજ્જુ ધરાવતા અને વોકલ કોર્ડથી ભાષાનાં બહુ આયામી ઉપયોગથી છેલ્લા ૨૮૦૦૦ વર્ષથી બૌદ્ધિક માનવનો આવિર્ભાવ થયો છે. પરંતુ વૈશ્વિક સ્તરે બદલાયેલ સમાજ વ્યવસ્થાનાં લીધે મનુષ્યનું અસ્તિત્વ જોખમમાં મૂકાયું છે. ૬ લાખ વર્ષથી પૃથ્વી ઉપર વિચરતા વાનર અને માનવનાં ડી.એન.એ.નાં રંગસૂત્રોમાં તો ૯૬% સામ્ય છે. તો પણ ૧૦ વાનર ભેગા મળી સર્જનશીલ ઉત્પાદકીય કામ યોજી શકતા નથી. જયારે માનવ દ્વારા નિર્મિત પરીવર્તનો બ્રહ્માંડનાં બીજા ગૃહો સુધી વિસ્તર્યા છે. પરંતુ હવે માનવસર્જિત પરીવર્તનોથી માનવજાત વિનાશના પંથે ચડી છે.

ત્યારે પ્રજા કલ્યાણની ભાવનાથી રાજ્ય સંચાલન કરતાં પક્ષોએ માનવ મૂલ્યની જાળવણી માટે મેનિફેસ્ટો લખવા પડશે. માનવજાત તાર્કિક રીતે પણ વધુ જવાબદાર બને, મહેનતુ બને તે માટે દિશા નિર્દેશ તૈયાર કરવા અનિવાર્ય બન્યું છે. લોકશાહી છતાં પણ કોઈ પણ રાષ્ટ્રનાં રાજકીય પક્ષોએ માનવ મૂલ્યોના ભોગે ચૂંટણી ન લડવી જોઈએ. રાષ્ટ્રનાં ભૂ-ભાગોનાં વિસ્તારનું અતિક્રમણ ન કરવું જોઈએ. થોડા આર્થિક લાભ માટે યુદ્ધ માટેની પૂર્વ ભૂમિકા તૈયાર કરવી જોઈએ નહીં. મતદારો મહેનતું બને, શિક્ષિત રહેવા પ્રોત્સાહિત રહે, પોતાના આરોગ્ય માટે સજાગ રહી અને કાયદો અને ન્યાયની પ્રક્રિયા પ્રત્યે શ્રદ્ધાવાન રહે તેવું વાતાવરણ સર્જવું એ રાજકીય પક્ષોની ફરજ છે. અને આમ નહીં થાય તો વર્ષ ૨૦૪૦-૫૦ ના દાયકામાં નવી પેઢી ચરમ સીમાએ નિરાશાવાદનો ભોગ બનવા તરફ ઢસડાઈ જશે તે લગભગ નિર્વિવાદ છે.

***મો. : ૯૮૯૮૪૬૩૪૮૯***

## કચ્છની ઓળખ 'બોલી' કે 'ભાષા'

**(અનુસંધાન : પાના નં. – ૨૦ ઉપરથી ચાલુ)**

૩૮ ભાષાઓ લાઈનમાં છે. કચ્છીનો ૧૫મો ક્રમાંક છે. બંધારણની આઠમા ખંડની જોગવાઈના વ્યાપને સીમિત કરવા માટે ભારત સરકારે એક કમિટીની નિમણુંક કરેલ. પણ આ કમિટીએ ભાષા માટેના કોઈપણ માપદંડ નક્કી કરવા મુશ્કેલ હોવાથી હાલમાં આ આર્ટીકલ હેઠળ લાભ મેળવવા માટે કોઈ ફોર્મ્યુલા નક્કી થઈ શકી નથી. હાલમાં ભારત સરકારે આ આર્ટીકલનો આંશિક લાભ પ્રાદેશિક સંસ્કૃતિનો વિકાસ, તેનું પ્રસારણ, ભાષાના સંવર્ધન તથા વિકાસ અને સ્થાનિક માતૃભાષામાં પ્રાથમિક શિક્ષણ આપવાના લાભો માટે ભારત સરકાર દ્વારા કેટલાક જુદા જુદા વિભાગોને સત્તા સોંપવામાં આવેલ છે. આ લાભ બોલી ઉપરાંત 'ભાષા'ના લાભ મેળવવા માટે કચ્છીને ભાષામાં પરિવર્તન કરવું એ હાલના સમયની અગત્યની બાબત છે. ■

## દરેક વ્યક્તિ માટે જરૂરી નંબરોની યાદી

### બધા નંબરો ટોલ ફ્રી

| | | |
|---|---|---|
| ★ સીએમ ફરિયાદ પોર્ટલ | : | ૧૮૧ |
| ★ વિદ્યુત સેવા | : | ૧૯૧૨ |
| ★ એનિમલ સર્વિસીસ | : | ૧૯૬૨ |
| ★ પોલીસ સેવા | : | ૧૧૨, ૧૦૦ |
| ★ ફાયર સર્વિસ | : | ૧૦૧ |
| ★ એમ્બ્યુલન્સ સેવા | : | ૧૦૨ |
| ★ ટ્રાફિક પોલીસ | : | ૧૦૩ |
| ★ ડિઝાસ્ટર મેનેજમેન્ટ | : | ૧૦૮ |
| ★ ચાઈલ્ડ લાઈન | : | ૧૦૯૮ |
| ★ રેલ્વે પૂછપરછ | : | ૧૩૯ |
| ★ ભ્રષ્ટાચાર વિરોધી | : | ૧૦૩૧ |
| ★ ટ્રેન અકસ્માત | : | ૧૦૭૨ |
| ★ માર્ગ અકસ્માત | : | ૧૦૭૩ |
| ★ સીએમ હેલ્પલાઈન | : | ૧૦૭૬ |
| ★ ક્રાઈમ વ્યંગ્ય | : | ૧૦૯૦ |
| ★ મહિલા હેલ્પલાઈન | : | ૧૦૯૧ |
| ★ ધરતીકંપ | : | ૧૦૯૨ |
| ★ ચાઈલ્ડ એબ્યુઝ હેલ્પ | : | ૧૦૯૮ |
| ★ કિસાન કોલ સેન્ટર | : | ૧૫૫૧ |
| ★ સિટીઝન કોલ સેન્ટર | : | ૧૫૫૩૦૦ |
| ★ બ્લડ બેંક | : | ૯૪૮૦૦૪૪૪૪૪ |

## વડ જેવી શીતળ છાયા આપે તે વડીલ..

*જ્ઞાનમાં સતત વૃદ્ધિ ન કરે એ વૃદ્ધ,*
*અન્યમાં દોષો જુએ એ ડોસો;*
*ઘરેડને વળગી રહે એ ઘરડો,*
*વડ જેવી શીતળ છાયા આપે એ વડીલ..*
*કહું છું જવાનીને પાછી ન આવે કે*
*('ગળપણ' જેવાં) ઘડપણનું સુખ મને ફાવી ગયું છે;*
*મનને ન ગમતું (૨), ઘડપણનું 'ડહાપણ' પણ*
*'વય' તારી સમજણ વધી રે રહી છે.*

***– જગદીશચંદ્ર છાયા 'શ્રેયસ'***

મહિલા સશક્તિકરણ

# પાંજી બાઈયું : કચ્છની મહિલા શક્તિ



ડૉ. પૂર્વી ગોસ્વામી
M.Com., M.Phil.,
MSW (Gold Medalist, GSET), DNYS

ભારતીય નારીને જો કલ્પીએ તો ત્યાગમૂર્તિ, તપસ્વિની, મૂકસેવક કે અમર આશાવાદી તરીકેની છબી ઉપસે, પરંતુ આપણા શાસ્ત્રો અને ઈતિહાસ બંને નારીનું વર્ણન શક્તિ, ભક્તિ અને સંસ્કૃતિના ત્રિવેણી સંગમ તરીકે પ્રસ્તુત કરે છે. મહિલા શક્તિ પર લખતી વખતે તો હંમેશાં દુવિધા રહે કે કઈ નારીને શ્રેષ્ઠ ન ગણવી? ભારતીય નારી તો પોતાના કુટુંબમાં સખત મહેનત કરીને, મૂકભાવે બધાને એક સૂરે સાંધીને ચાલનારું ઈશ્વરનું ઉત્તમ સર્જન છે. સવારથી રાત સુધી સતત પરિવારનાં સુખ- ચેન માટે મથ્યા કરતું આ જીવ; શક્તિ જ તો છે. ગુજરાતની નારીશકિતનો ઈતિહાસ ઘણો પ્રાચીન છે. ગુજરાતની ભૂમિ ઉપર સ્ત્રીશક્તિનો ચારે દિશામાં અદ્‌ભુત વિહાર રહ્યો છે. પુરાતત્ત્વની નજરે ૫૦૦૦ વરસ જૂની સંસ્કૃતિઓ ધોળાવીરા, લોથલ અને રંગપુરમાં દટાયેલી પડી છે. લોથલમાં સમુદ્રપારનો વ્યવસાય ધમધમતો ત્યારે ઘરઆંગણે લઘુ ઉદ્યોગોમાં સ્ત્રીઓ સામેલ હતી. એવી જ રીતે ધોળાવીરામાં પણ હુન્નરશાળામાં સ્ત્રીઓના પ્રભુત્વના અંશો મળે છે. તેઓ ખેતી પણ કરતી, સુતરાઉ માલના વણાટકામમાં તે કુશળ રહી. તેનું માટીકામ દૂર દેશાવર સુધી વખણાયું હતું; ફુરસદ અને ઉત્સવ સમયે શતરંજ રમતનાં સોગઠાંમાં સ્ત્રીઓ એકબીજાની સ્પર્ધા કરતી જણાય છે.

અનુશ્રુતિના શિખરો પર તો અનેક તેજસ્વી નારીપાત્રોની કથાઓ રચાઈ છે. રૈવતપુત્રી રેવતી પરથી રેવા નદી અને રૈવત પર્વત નામો પડયાં. મંત્રદષ્ટા જમદગ્નિની તેજસ્વી માતા સત્યવતી અને પત્ની રેણુકા, તેમના પુત્ર એ પરશુરામ, શ્રીકૃષ્ણ જે વંશમાં થયા તે યાદવોનાં મૂળ દેવયાનીના માતૃવૈભવ સુધી જાય છે. ભકિતધારામાં અવિસ્મરણીય પાત્રો તે રાધા, રૂકમણી અને બેશક તેજસ્વિની દ્રૌપદી. આ બધાનું સંધાન કોઈને કોઈ રીતે શ્રીકૃષ્ણ સાથે સંનિષ્ઠ રહેતા ગુજરાત સાક્ષી રહ્યું છે. સરસ્વતી નદીને બ્રાહ્મી કહેવાઈ. સિધ્ધરાજ તેના મહાઆશ્ચર્યને પામવા નદીકાંઠે પહોંચ્યાની એક જૈનકથામાં આ ઉલ્લેખ વધુ ગૌરવ અપાવે છે.

ઈતિહાસ અને અનુશ્રુતિના ઊંચા શિખરોથી નીચે ઊતરતાં ગુજરાતના વિવિધરંગી જનજીવનમાં પણ અનેક 'શક્તિ', 'ભક્તિ'ની કહાણી સાંભળવા મળશે. ભગવાન સોમનાથના દેવાલયમાં દિવ્ય-ભવ્ય નૃત્યનો ઉત્સવ. ચૌલાદેવીની કથા એવી પણ છે કે, મહંમદ ગઝનવીના આક્રમણ પછી ચૌલાદેવીએ ત્રણ-ચાર બ્રાહ્મણ પુજારીઓને, ભારતની ભૂગોળથી અજાણ ગઝનીના સૈન્યને ખોટા રસ્તે ચડાવી વેરવિખેર કરવાનું કામ કર્યું હતું. ગુર્જર સામ્રાજયની કીર્તિકથામાં સિધ્ધરાજની માતા મીનળદેવીનું નામ ભૂંસી શકાય તેવું નથી. પાટણથી સોમનાથ સુધી તેમના પ્રજાસેવાનાં પ્રતીક જેવી વાવ, કૂવા, તળાવ, કરમાફીના સંકેતો પડયા છે. એમ તો એક અત્યંત ખ્યાત અને બીજું સાવ અજાણ અંધારામાં અટવાયેલું તેજસ્વી નામ ભક્તિસ્વરૂપા મીરાનું આવે. એ જન્મી તો હતી રાજસ્થાનમાં પણ પ્રતિષ્ઠિત રહી ગુજરાતના દ્વારકાધીશ સ્થાનક સન્મુખ દેહવિસર્જન થયું. મધ્ય યુગ અને અર્વાચીન યુગમાં આવી તેજયાત્રા અવિરત રહી છે. જસદણ નજીક ઘેલા સોમનાથની કહાણી પ્રમાણે, સોમનાથ પરના આક્રમણ સમયે શિવલિંગને બચાવી લેવામાં જૂનાગઢના રાજવીની કુંવરી મીનળદેવી, બાદશાહની શાહજાદી હુરલ સામેલ હતાં અને ઘેલા નદીના કાંઠે આહૂતિ આપી હતી.

૧૮૫૭ના સ્વાતંત્ર્ય જંગમાં ઓખા-દ્વારકાની વાઘેર સ્ત્રીઓએ સમુદ્રમાંથી નૌસૈનિકો દ્વારા બ્રિટીશરોએ ફેંકેલા તોપગોળાને ભીંજાયેલાં ગાદલા-ગોદડામાં ઝીલ્યા હતા, એ તો આપણા ઈતિહાસની વીરલ ઘટના છે. મૂળ કચ્છના જેઠીબાઈ ખત્રીએ શૌર્યનો ડંકો દીવની ધરતી પર વગાડ્યો હતો. તેમણે રંગબેરંગી ચુંદડીમાં દીવસ્થિત પોર્ટુગીઝોના અત્યાચારો કહેતો પત્ર લિસ્બનની રાણીને પહોંચાડીને ન્યાય મેળવે એ ઘટનાઓ ગુજરાતનાં ગૌરવની ઝાંખી કરાવે છે. સ્વાતંત્ર્ય સંગ્રામ અને સુધારાની અવિરત ચળવળમાં કસ્તુરબા, અનસૂયા સારાભાઈ, કમુબહેન મુકાદમ, મેડમ કામા, ચારૂમતી યોદ્ધા, વિનોદિની નીલકંઠ, શારદાબેન મહેતા, જયોત્સનાબહેન શુકલ, કુ. મણિબેન વલ્લભભાઈ પટેલ, જમનાબાઈ પંડિતા, તારાબેન મોદક, દુર્ગાભાભી, પુષ્પાબેન મહેતા, અરુણાબેન દેસાઈ, મંજુલાબેન દવે, પૂર્ણિમાબેન પકવાસા, કેપ્ટન પેરીન નવરોજી, પ્રેમીલાબેન ઠાકરસી, પ્રેમાબેન કંટક, ભક્તિબા દેસાઈ, મણિબેન કારા, મનુબેન ગાંધી, આભા ગાંધી, મૃદુલા સારાભાઈ, આઝાદ હિંદ ફોજમાં સક્રિય રમાબેન મહેતા અને તેમની પુત્રીઓ, શકુંતલા ગાંધી, રેહાના તૈયબજી, લીલાવતી

મુનશી, વીરબાળા નાગરવાડિયા, સરલાદેવી સારાભાઇ, સુમતિ મોરારજી અને બીજાં ઘણાં નામો લઇ શકાય, જેમાંનાં કેટલાંક સ્વતંત્રતા પછી પણ સેવા કરતાં રહ્યાં.

કચ્છના માંડવીમાં જન્મેલા શ્યામજીની સંગાથે છેક લંડનમાં આઝાદીની જંગમાં સહકર્મી દાદાભાઈ નવરોજીની પૌત્રીઓ પેરીન, નરગીસ, ગોશી, ખુરશીદ પણ માંડવીની છે. ૧૮૮૮માં જન્મેલા પેરીન અભ્યાસ દરમિયાન મેડમ કામા, લાલા હરદયાલ, શ્યામજી કૃષ્ણવર્મા જેવા ક્રાંતિકારીઓને મળ્યા હતા અને ત્યારથી જ રાષ્ટ્રવ્યાપી આઝાદીની ચળવળમાં સક્રિય બન્યા હતા. ગોશી લંડનમાં અભ્યાસ કરતી હતી. આ બંને બહેનો બોંબવિદ્યા શીખી હતી. ઈન્ડો ઇજિપ્ત પરિષદમાં બ્રસેલ્સમાં ગોશીએ પ્રથમવાર વિશ્વના તખ્તા પર 'વંદે માતરમ' ગીત ગાયું હતું. ૧૯૧૯માં પેરીન અને ગોશી ગાંધીજીને મળ્યા અને તેમના અનુયાયી બન્યા. ૧૯૩૦માં તે બોમ્બે પ્રાંતીય કોંગ્રેસ સમિતિના પ્રમુખ પદ માટે ચૂંટાયેલી પ્રથમ મહિલા હતી. તેમનું ૧૯૩૦માં ગાંધી દ્વારા શરૂ કરેલા સમૂહ અસહકાર આંદોલનમાં ભાગ લેવા બદલ ધરપકડ કરવામાં આવી હતી. ૧૯૩૨માં જેલમુક્ત પછી, પેરીનબેને ગાંધીસેવા સેનાના સચિવ તરીકે સેવા આપી હતી. ૧૯૫૪માં પેરીનને પદ્મશ્રીના ઍવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ખુરશીદે (૧૮૯૪-૧૯૬૬) રાષ્ટ્ર માટે કામ કરવા પોતાની સંગીત કારકિર્દી છોડી દીધી હતી. ખાન અબ્દુલ ગફાર ખાન સાથે સૌથી નજીકના સંબંધ હતા અને અમુક વર્ષો તેમને જેલમાં પણ વિતાવવા પડ્યા હતા. ૧૯૩૦માં અમદાવાદની સરકારી કોલેજમાં ભારતીય રાષ્ટ્રધ્વજ ફરકાવવાના પ્રયાસ માટે અન્ય ક્રાંતિકારીઓ સાથે ખુરશીદની ધરપકડ કરવામાં આવી હતી.

મુંબઈમાં 'એક જ દિવસમાં ઇમારત ઊભી કરનાર' શેઠ છબીલદાસની દીકરી ભાનુમતીનો જન્મ ૧૮૬૨માં થયો હતો. ભાનુમતીબેને મોટા લોકોના સંપર્ક વખતે, સ્વાતંત્ર્યની બેઠકોમાં શ્યામજી કૃષ્ણવર્માને પૂર્ણ સહકાર આપ્યો જેથી આઝાદ ભારતની કલ્પનાને સાકાર કરી શકાય. સુમતિ મોરારજી 'સીંધિયા સ્ટીમ નૅવિગેશન લિમિટેડ' કંપનીની મેનેજિંગ કમિટીનાં સભ્ય તરીકે સામેલ થયા હતાં. તેમને ઈ.સ. ૧૯૭૧માં નાગરીક સેવાઓ માટે દેશનું દ્વિતીય સર્વોચ્ચ નાગરિક સન્માન 'પદ્મવિભૂષણ' એનાયત કરવામાં આવ્યું હતું. તેમણે માત્ર ઘર કે વ્યવસાયમાં જ નહિં દેશમાં ચાલી રહેલા આઝાદી માટેના આંદોલનમાં પણ ભાગ લીધો હતો. સુમતિ આ માટે સતત ગાંધીજીના સંપર્કમાં રહેતાં.

ભાટિયા પરિવારના ગંગાબેન વૈદ્ય ૧૮૭૮, કચ્છના માંડવીમાં જન્મેલા, રૉલેટ બિલના વિરોધ વખતે ગંગાબેને 'સ્વદેશી'ની પ્રતિજ્ઞા લીધી હતી અને તિલક સ્વરાજ્ય ફંડ ભેગું કરી આપ્યું હતું. બાપુએ તેમને પોતાની બહેન તરીકે સ્વીકાર્યા હતા. નાની ઉંમરે વિધવાપણું આવતા તેમણે આશ્રમ જીવન સ્વીકાર્યું હતું. દાંડીકૂચના દિવસોમાં બોચાસણમાં મહિલાના સરઘસમાં ભાગ લેતી વખતે પોલીસ અટકાયતમાં ઝંડો લઈને ઊભેલાં ગંગાબેનના માથા પર લાઠીના ઘા વાગ્યા હતાં છતાં વીરાંગના ગંગાબેન અડગ રહ્યા હતા. તેઓ પાંચ વખત જેલમાં ગયા હતા. ૧૯૩૪માં તેઓ બોચાસણ આશ્રમમાં સ્થાયી થયાં હતા. ચરખો તો એમના જીવનનો મૂળ મંત્ર હતો.

ઇતિહાસની અટારીએ ડોકિયું કરતાં જણાશે કે, ૧૯૬૨માં ચીન અને પાછળથી ૧૯૬૫માં પાકિસ્તાનની યુદ્ધ તંગદિલીએ ભારતને અમાનવીય અને ગેરકાયદેસર રીતે પરેશાન કરવામાં આવ્યું હતું. ૧૯૬૫ના યુદ્ધમાં પાકિસ્તાને ગુજરાતના કચ્છનો ભૂભાગ પચાવી પાડ્યો હોવાથી ૧૯૬૮માં કચ્છ સત્યાગ્રહનું રણશિંગુ ફૂંકી દેવાયું હતું. તે સમયે યુગપુરૂષ અટલબિહારી વાજપેયી સંબોધન કરતાં બોલ્યા હતા, "મરને કે બાદ ભી હમારી હડ્ડિયા નદી મેં બહાઈ જાયેગી, તબ ઉસમેં ભી એક હી સ્વર સુનાઈ દેગા – ભારત માતા કી જય' અને શબ્દો અને પોતાની ધરતીમાતાનો પ્રેમ ઉજાગર કરતી ભલે ઓછી મહિલાઓએ પણ ઝનૂની સેવાભાવ પ્રગટ કર્યો હતો. કચ્છના – સૌરાષ્ટ્રના લોકસાહિત્યને શ્રી મેઘાણી તથા શ્રી કારાણી જેવા રચયિતાઓએ જે શૂરવીરતાની વાત કહી છે તે ૧૯૭૧ના યુદ્ધની વીરાંગનાઓને પણ લાગુ પડે છે. ઇતિહાસની અટારીએ ડોકિયું કરતાં જણાશે કે, ભારત-પાકિસ્તાન વચ્ચેનું '૭૧નું યુદ્ધ માત્ર આંગળીના વેઢે ગણી શકાય એટલા દિવસ ચાલ્યું. એ વખતે વ્યૂહાત્મક રીતે ભારતે પાકિસ્તાન પર દબાણ લાવવા માટે કચ્છથી રાજસ્થાનના મોરચે કૂચનો આદેશ આપી દેતાં આપણી સેના પાકિસ્તાનના સિંધ પ્રાંતમાં આગેકૂચ કરવા માંડી હતી. આવા સંજોગોમાં પાકિસ્તાન વાયુસેનાના લડાકુ વિમાનોએ ભારતને ડરાવવા અને લોકોમાં આતંક ફેલાવવા માટે કચ્છમાં ભુજ અને અંજારની આજુબાજુ આડેધડ બોમ્બ ઝીંકવાનું શરૂ કરી દીધું હતું. અને આ બોમ્બમારામાં ઇન્ડિયન ઍરફોર્સની એરસ્ટ્રીપ તબાહ કરી દીધી હતી ત્યારે કચ્છના માધાપર, સુખપર અને મિરજાપર ગામની મહિલાઓએ ત્યારે યુદ્ધના ધોરણે સમારકામ કરીને રાષ્ટ્રીય સુરક્ષામાં પોતાનું યોગદાન આપ્યું હતું જે થકી તેમને 'વીરાંગના'નું બિરૂદ હાંસલ થયું છે.

દેશની સૌપ્રથમ સૌર ઊર્જાથી ચાલતી પોસ્ટ ઓફિસ શરૂ કરાવનાર અને ચીફ પોસ્ટ માસ્ટર જનરલના પદ પરથી નિવૃત્ત થનારા વિજયાલક્ષ્મી શેઠે જાત મહેનતથી ઇન્ડિયન પોસ્ટલ સર્વિસમાં ગુજરાતમાં પોતાનું નામ પ્રથમ ક્રમે અંકિત કરનાર નીડર અને રિયલ સેન્સમાં ફોરવર્ડ માઈન્ડસેટ ધરાવતા મહિલાએ

હવે પોતાનું સમગ્ર લક્ષ્ય ગ્રામીણ વિસ્તારનાં બાળકોને જરૂરી શિક્ષણ અને સ્વાસ્થ્ય સુવિધાઓ મળે તેની પર કેન્દ્રિત કર્યું છે. રાજકારણ તો ખોટનો ધંધો છે; કહેનારા ડૉ. નીમાબેન આચાર્યની ગાયનેક ડૉક્ટરથી વિધાનસભાના પ્રથમ મહિલા અધ્યક્ષ બન્યાં સુધીની સફર રોચક છે. મહિલા કલ્યાણ પ્રવૃત્તિમાં નીમાબેનની વિશેષ રૂચિને ધ્યાને લઇ ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમના અધ્યક્ષ બનાવાયા હતાં. એ પછી તો તેમણે ગુજરાતના પ્રથમ મહિલા સ્પીકર બની આ પ્રદેશ અને રાજ્યના ઈતિહાસમાં નામ કાયમ કરી દીધું.

કચ્છના લોકોનું સ્વમાન જાળવીને કચ્છની પરંપરાગત કલા દ્વારા દરેક હાથમાં કામ અને સન્માન પહોંચાડનારાં આંતરરાષ્ટ્રીય પ્રસિદ્ધ રોલેક્સ ઍવોર્ડ હાંસલ કરીને એ પુરસ્કારની રકમ પણ કચ્છની હસ્તકલા-કારીગરી માટે અર્પણ કરનારા ચંદાબેન કાંતિસેન શ્રોફ (કાકી)નું વર્ષ ૨૦૧૬ની ૨૩મી ઓગષ્ટે ૮૦ વર્ષની વયે અવસાન થયું હતું, જે માત્ર ગુજરાતની જ નહીં, બલકે વૈશ્વિક ઓળખ ધરાવતી પ્રતિભા કહેવાય. તેમણે ૧૯૯૦માં કચ્છી ભરતની ૧૬ શૈલીઓનું સંગ્રહાલય અને ટાંકાઓ અને ભરતકલા અંગેનું રીસર્ચ સેન્ટર બને તથા કેટલીક લુપ્ત થયેલી ભરતશૈલીઓને બચાવવાનું અને સંવર્ધન કરીને લુપ્ત થતી જતી ભરતની શૈલીઓનું રક્ષણ કરવાનું કામ ઉપાડયું. આ માટે મુંબઈથી દોરાબજી ટાટા ટ્રસ્ટ અને એકસેલ ઈન્ડસ્ટ્રીઝની સહાયથી 'ડિઝાઈન સેન્ટર ઓન વ્હીલ્સ'ની શરૂઆત થઈ. આ પ્રોજેક્ટ દરમિયાન ૧૨૦૦ થી વધુ ઉત્તમ નમૂના ૫૨૫ (પાંચસો પચ્ચીસ)થી વધુ બહેનોએ મળીને બનાવ્યા. આ ફરતું સંગ્રહાલય ગામડે - ગામડે જઇને બહેનોને બતાવવામાં આવ્યું, જેને કારણે અનેક બહેનો પ્રેરિત થઇ અને આ કામમાં જોડાઇ. સોય - દોરાથી ચાલતી આ પ્રવૃત્તિ કેવી રીતે વૈશ્વિક સ્તરે નામના કરી શકે - તે જાણવા માટે અનેક લોકો આવે છે.

ગુજરાત કચ્છની દેશી મહિલા પાબીબેન ભલે અભણ હોય પણ તેની કળા કારીગરીમાં ભલભલા ભણેલાઓ અને ફાઈન આર્ટ્સવાળાઓને ભૂ પાઇ દે એવી અનોખી કોઠાસૂઝ ધરાવે છે. તેઓ 'કૌન બનેગા કરોડપતિ' અને 'શાર્ક ટેન્ક ઈન્ડિયા'માં પોતાની આવડત રજૂ કરીને રાષ્ટ્રીય ક્ષેત્રે નામ બનાવ્યું છે. આભનું ઓઢણું અને ધરતીનું બિસ્તર બનાવીને આળોટનારા ઢેબરિયા રબારી સમુદાયનાં રીતરિવાજ, પહેરઢબ અને ખુમારી પોતાનામાં સાચવીને પોતાની આગવી ઓળખ ઊભી કરનારા પાબીબેન.કોમની આ બ્રાન્ડ આજે ૧૭૦ અલગ અલગ પ્રકારની વસ્તુઓનું વેચાણ કરે છે, જેનું વાર્ષિક ટર્નઓવર ૨૦ લાખથી વધુનું છે. તેમની બનાવેલી પ્રોડક્ટ્સ બોલીવુડ - હોલીવુડ મૂવીઝમાં પણ દર્શાવાઇ છે.


અમાંગલિક દેહવેપાર અત્ર, તત્ર, સર્વત્ર છે. ઈતિહાસ કથિત કિસ્સાઓ તથા વર્તમાન પરિસ્થિતિ આપણે જાણીએ છીએ. પણ રેડલાઇટ એરિયાની શોષિત દીકરીઓને રેસ્ક્યુ કરતાં મૂળ કચ્છના ત્રિવેણીબેન આચાર્યએ રાષ્ટ્રીય સ્તરે સેવાની ધૂણી ધખાવી છે. તેણે ગુલાબી સપનાં બતાવી દેહવ્યાપાર માટે પોતાના ચુંગાલમાં ફસાવતાં દલાલોના સાર્વજનિક નેટવર્કમાંથી, છેલ્લા અઢી દાયકામાં ૧૫૦૦૦થી વધુ દીકરીઓને રેસ્ક્યુ કરી છે, જે ભારતમાં મુંબઈ, દિલ્હી, પુને, પાલઘર — એમ ચાર જગ્યાએ પુનર્વસન હોમ શેલ્ટર 'રેસ્ક્યુ ફાઉન્ડેશન' નામે ચલાવે છે. આપણે તો વહુને આખી જિંદગી નીકળી જાય તોય દીકરી માનવાનું ચૂકી જઈએ છીએ. પણ ત્રિવેણીબેને તો હજારો પારકી દીકરીઓને પોતાની બનાવી છે. આથી જ દીકરીઓ તેમને 'મમ્મી' કહીને બોલાવે છે. અનેકવાર જાનથી મારી નાખવાની ધમકીઓ વચ્ચે બહેનને ૨૪ કલાક પોલીસ રક્ષણમાં રહેવું પડે છે. ખરાં અર્થમાં 'બેટી બચાઓ'ની કામગીરી કરનાર આ વીરાંગનાને સેવાનાં કામો કરવાં બદલ ઘણી ટીકાઓ સાંભળવી પડી છે. તેમણે ગુજરાતનાં સુરત, રાજકોટ, અમદાવાદમાં પણ ઘણી દીકરીઓને રેસ્ક્યુ કરી છે. જેમને આ ઉમદા કામગીરી બદલ અનેક પુરસ્કારોથી નવાજવામાં આવ્યા છે.

ગુજરાત એ સંતોની ભૂમિ તરીકે ઓળખાય છે અને અહિંયા ઘણા સંતો ઉપરાંત ભક્તિ ગીતો ગાનારા ઘણા ગાયકો પણ થઇ ગયા. એજ રીતે સારા લોકગાયકોથી પણ કચ્છ - સૌરાષ્ટ્ર છલકે છે. ગુજરાતના ગૌરવ સમાન કિંજલ દવે કે માલધારી સમાજનું ગૌરવ એવી ગીતા રબારી નામ યાદ આવી જાય. ગીતાબેન રબારીના પરિવારમાં, તે એકમાત્ર કમાનાર દીકરી છે કારણકે તેના બે ભાઈઓનું અકાળે અવસાન થયું હતું. પરંતુ ગુજરાતી લોકસંગીત માટે ગીતાનું કામ ઉલ્લેખનીય છે. તેણે ગુજરાતી સંગીતને યુવાઓમાં લોકપ્રિય કરવાનું કામ કર્યુ છે. ઈન્ડિયન કોસ્ટગાર્ડમાં પાઇલોટ તરીકે સ્થાન મેળવનાર પ્રથમ કચ્છી યુવા દીકરી છે પૂજા પટેલ (આહિર). ફેબ્રુઆરી ૨૦૧૬માં યોજાયેલ ઈન્ડિયન નેવીના ઈન્ટરનેશનલ ફ્લિટ રીવ્યુના ડાયમંડ ફોર્મેશન ફ્લાઇંગ કરવાનો મોકો તેને મળ્યો હતો. કચ્છી યુવા દીકરી પૂજાનું વર્ષ ૨૦૦૯માં ઝારા ડુંગર ખાતે અષાઢી બીજની ઉજવણી કાર્યક્રમમાં મુખ્યમંત્રી અને હાલના દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

આપણા સમાજમાં વાસ્તવિક સ્થિતિ પર નજર કરીએ તો નારીશક્તિના અસંખ્ય ઉદાહરણો મળી આવે છે. એક-એક પર સ્વતંત્ર લેખ લખી શકાય તેમ છે. આઝાદીની ચળવળ હોય કે સમાજ સુધારણાનો યજ્ઞ, ઔદ્યોગિક વિકાસ હોય કે કલા અને સાંસ્કૃતિક ક્ષેત્રે પ્રગતિ, ગુજરાતની મહિલાઓએ હંમેશાં તેજસ્વીતા ઓરી છે.

*ગિરીરાજ એન્ટરપ્રાઇઝ, ન્યુ સ્ટેશન રોડ, ભુજ, કચ્છ. • મો. ૯૮૨૫૭ ૯૨૦૪૮*

# કચ્છની ઓળખ "બોલી" કે "ભાષા"



મહેન્દ્ર દોશી

ભારત સરકારે પ્રથમ વસ્તી ગણતરીની શરૂઆત અને તેનું અમલીકરણ ૧૯૬૧થી કર્યું. વસ્તીપત્રકમાં નાગરિકની સામાન્ય વિગતોની સાથોસાથ નાગરિકની માતૃભાષા દર્શાવવા માટે અલગ કોલમ પણ રાખવામાં આવેલ છે, જેને આધારે જે તે પ્રદેશ - વિસ્તારમાં બોલાતી નાગરિકની માતૃભાષાની કુલ સંખ્યાની જાણકારી પ્રાપ્ત થાય.

કચ્છ પ્રદેશ વિસ્તારમાં બોલાતી કચ્છીનો વસ્તીપત્રકમાં ૨૦૧૦ થી સમાવેશ થયેલ ગણાય, કારણ કે કચ્છ પ્રદેશમાં બોલાતી કચ્છીની વસ્તીપત્રકમાં અલગ નોંધ લેવામાં આવતી ન હતી. ૨૦૦૧ સુધી કચ્છી ભાષાના ભાષકની નોંધ સિંધી ભાષકોના કોલમમાં લેવામાં આવતી હતી. પરિણામે કચ્છ પ્રદેશમાં બોલાતી સિંધી ભાષકોની સંખ્યામાં વૃદ્ધિ થઈ. જેને સિંધી ભાષાના ભાષકો + કચ્છી ભાષાના ભાષકો = કુલ સિંધી ભાષાના ભાષકોની સંખ્યા એવું સમીકરણ મૂકી શકાય. આ વ્યવસ્થાની સીધી વિપરીત અસર વસ્તીપત્રકના ધારાધોરણ મુજબ કચ્છીને ત્રણ પ્રકારે થવા પામી :

૧. વસ્તીપત્રકમાં કચ્છી ભાષકોની સંખ્યા અલગ દર્શાવવામાં આવતી ન હતી.
૨. કચ્છીને સ્વતંત્ર ભાષા તરીકે ઓળખ મોડી મળી.
૩. વસ્તીપત્રકના ધારાધોરણ અનુસાર ભાષકોની સંખ્યાના આધારે કચ્છીને બોલીમાં વર્ગીકૃત કરવામાં આવી.

૫૦ વર્ષ બાદ 'કચ્છ મિત્ર' દૈનિકે ૨૦૦૧ માં હવે પછીના વસ્તીપત્રકમાં કચ્છી ભાષાની નોંધ સિંધી ભાષાના ભાષકો સાથે ન લેવા માટે અભિયાન કરેલ. પરિણામે ૨૦૧૦ના વસ્તીપત્રકમાં કચ્છી ભાષકોની સંખ્યા ૧,૩૧,૦૦૦ નોંધાઈ. આથી કચ્છી ભાષાએ ૨૦૧૦માં ભાષકોની સંખ્યાનો લક્ષ્યાંક સિધ્ધ કર્યો પણ ભારતીય ભાષાના સર્વેક્ષણ ૧૯૦૬ માં ગ્રિયસને કરેલ આ સર્વેક્ષણમાં કચ્છીનું મૂલ્યાંકનના આધારે ૧૯૭૧માં ગુજરાત રાજયએ કચ્છીને બોલી તરીકેના આદેશ કર્યા. આને ધ્યાનમાં લઈને સેન્સસ ઈન્ડિયાના ભારતના ગૃહમંત્રાલયે 'Kutchhi As a sub language of Sindhi Language' તરીકેની ઓળખ સ્થાપિત કરી અને આને આધારે કચ્છીને બોલીમાં ગુજરાત સરકારે વર્ગીકૃત કરી. આ બંને આદેશને નલ એન્ડ વોઈડ કરવા પડે.

ભારત સરકારે પ્રથમ ભારતીય ભાષાના સર્વેક્ષણનું આયોજન કરેલ. ૧૯૦૬માં ડૉ. ગ્રિયસને આ સર્વેક્ષણના વોલ્યુમ નં.૯, ખંડ-૩ના સિંધી ભાષાના ચેપ્ટરમાં કચ્છીને સ્થાનિક ભાષા તરીકેના મહત્ત્વને ધ્યાનમાં લઈને કચ્છીને સ્વતંત્ર ભાષા તરીકે માન્ય ગણેલ. પણ સાથોસાથ કચ્છીને સિંધીની ઉપભાષા તરીકે પણ સ્થાપિત કરી. આ સર્વેક્ષણ એક શતક પહેલાના હોવા છતાં હજુ સુધી કચ્છ પ્રદેશમાંથી આ આદેશ સુધારવા માટેના પ્રયત્નો થયા નથી. પરિણામે એક શતકથી કચ્છીનો બોલીમાંથી ભાષામાં પ્રવેશ થયો નથી.

આ આદેશને પુનઃ વિચારણા કરવા માટે આધારભૂત ભારતીય ભાષાનું સર્વેક્ષણ ૨૦૧૦ના સર્વેક્ષણ દાદરાનગર હવેલી અને દીવ અને દમણમાં બોલાતી ભાષાઓના સર્વેક્ષણમાં કચ્છી ભાષાને સંપૂર્ણ ભાષા તરીકેનું આલેખન કરવામાં આવેલ છે. જે સર્વેક્ષણના આધારે ગુજરાત સરકારે 'કચ્છી'ને ભાષા તરીકે વર્ગીકૃત કરવા માટે પુનઃ વિચારણા કરવા માટે તા.૧૫-૮-૨૦૨૧ ના રોજ લેખિત રજુઆત કરવામાં આવેલી છે.

છેલ્લા ઘણા લાંબા સમયથી કચ્છીને ભારતના સંવિધાનમાં સમાવેશ કરવા માટે મૌખિક માંગણી કરવામાં આવી રહી છે. આ માંગણીની લેખિત રજૂઆત અગાઉ થયેલ હોય તો સરકારના ચોપડે તેની નોંધ લેવાઈ હોય તેવું જણાતું નથી. સિવાય તા. ૧૫-૮-૨૦૨૧ના રોજ કરવામાં આવેલ લેખિત રજૂઆત. કચ્છીને ભાષામાં પરિવર્તિત કરવાની કાર્યવાહી કર્યા વગર સીધું ભારતના સંવિધાનમાં સમાવેશ કરવા માટેનું ઝનૂન અને ઉત્સાહ એ પ્રેરક છે. જેને ભાષા માટેની આ પ્રતિક્રિયા પરિણામલક્ષી બનાવી શકાય. પણ તે માટે એકજૂથ થવું પડે.

બંધારણીય લાભ માટેની પ્રક્રિયા લાંબી અને જટીલ છે. હાલમાં જુદા જુદા રાજ્યોમાં બોલાતી ઓફિશિયલ લેંગ્વેજ સિવાયની સ્થાનિક ભાષાને બંધારણીય લાભો મેળવવા માટે કુલ

(અનુસંધાન : જુઓ પાના નં. – ૧૮ ઉપર)

કચ્છ

# રૈયતના રક્ષકનો મહાજનો પર જુલમ



નરેશ અંતાણી

*ભુજના શ્રેષ્ઠી મદનજી શેઠના કારજે આવેલા કચ્છના મહાજનોને એક સાથે ભુજના જૈન વંડામાં કેદ કરી રા' રાયધણે એક કરોડ કોરી વસૂલવાનો ત્રાગડો રચ્યો પરંતુ કાશીગરની મુત્સદ્દી અને ભુજની જનતાની સહાયે તે વિફળ બન્યો.*

કચ્છના રાજકીય ઈતિહાસમાં રાવ રાયધણજી (ઈ.સ. ૧૭૭૮-૧૮૧૩)નો સમયગાળો કાળા ઈતિહાસ તરીકે યાદ રહે એવો છે. રાયધણજીના આરંભના સમયમાં દીવાન દેવચંદ શેઠની કુશળતાને કારણે સ્થિતિ સારી કહી શકાય તેવી હતી. દીવાન દેવચંદ શેઠ તથા રાજમાતા લાડકુંવરબાના અવસાન પછી રાયધણજી નિરંકુશ બન્યા હતા. દીવાન દેવચંદની પણ રાવે કપટથી હત્યા કરાવ્યા પછી વાઘા પારેખ નામના એક ગૃહસ્થને કચ્છના દીવાન બનાવાયા હતા.

રાયધણજી હજી યુવાવસ્થામાંજ હતા એ સમયે તે કુસંગતને ધર્મ ઝનુની બની ગયા અને સ્વધર્મ પ્રત્યે તેમની આસ્થા ઉઠી ગઈ અને ધર્મ ઝનુની ટોળાઓને તે વશ થઈ ગયા અને અનેક ધર્મસ્થાનોનો તેમણે નાશ કરાવ્યો એટલે સુધી કે, રાયધણજીની સવારીનું બ્યુગલ વાગતા જ લોકો પોતાના ઘરમાં ભરાઈ જતાં.

રાયધણજીનો કેર વધતો ચાલ્યો પરંતુ તેમનું રાજકીય વજુદ ઘટવા લાગ્યું. કુસંગતને કારણે રાજ વહીવટ કરતાં બીજી બાબતોમાં તે રત રહેવા લાગ્યા. બેફામ ખર્ચ કરવા લાગ્યા. પરિણામે રાજ્યની તિજોરીના પણ તળિયાં દેખાવા લાગ્યા. આવા સમયે તાલુકેદારો એવું માનવા લાગ્યા કે, હવે ભુજમાં કોઈ સરકાર જ નથી. આથી તેઓ સ્વતંત્ર થવા લાગ્યા. જેની શરૂઆત માંડવીથી થઈ. માંડવીનો સુબો રામજી સ્વતંત્ર થયો અને તેણે માંડવીમાં સ્થિરતા આણી. જેને પગલે અંજારમાં પણ પરિવર્તનનો પવન ફૂંકાયો અને મૂળ રતડિયાના પણ અંજારમાં વસેલા મેઘજી શેઠની આગેવાની હેઠળ રાયધણજી સામે બળવો કરાયો. માંડવી તથા અંજારના પડઘા મુંદ્રા અને લખપતમાં પણ પડ્યા. ત્યાંના હાકેમો પણ રાયધણજીથી સ્વતંત્ર થયા.

આમ, રાયધણજીના સમયમાં કચ્છ છિન્નભિન્ન થયું છતાં પણ તેના કૃત્યમાં કોઈ પરિવર્તન આવ્યું નહીં, ઉલટાનો ત્રાસ વધતો ગયો. નાણાં ઉભા કરવા સાવ તળિયે બેસી ગયા અને હીન હરકતો પણ કરવા લાગ્યા. આવું જ એમનું એક કૃત્ય કચ્છના ઈતિહાસમાં બહુ ઓછું નોંધાયું છે. પરંતુ દરીયાઈ સાહસ કથાઓના લેખક ગુણવંતરાય આચાર્યે કચ્છના રાવ રાયધણજીના સમયની ઘટનાઓના ઈતિહાસ સંદર્ભે ઈ.સ. ૧૯૩૧માં લખેલી નવલકથા 'કચ્છમાં ક્રાંતિ'માં રાયધણજીના આ કૃત્યને બહુ વિસ્તારથી આલેખ્યું છે. આ એક ઐતિહાસિક નવલકથા હોઈ રાવ રાયધણના આ કૃત્યની ઐતિહાસિક સત્યતા અંગે ગુણવંતરાયભાઈ પુસ્તકની પ્રસ્તાવનામાં લખે છે કે, 'કંપની સરકારના ખાસ મોકલાયેલા ત્રણ અધિકારીઓએ કચ્છના ઈતિહાસ, ભૂગોળ, આર્થિક તથા સામાજિક બાબતો અંગે ખાસ અહેવાલ તૈયાર કરી કંપની સરકારને સોંપેલા, જેની અંદરની નક્કર હકીકતોમાં જે ઘટનાઓ છે તેના આધારે જ આ ઘટનાનું વર્ણન કરેલું છે. કચ્છના શાળાપયોગી ઈતિહાસમાંથી આવાં પ્રકરણોને ભૂંસી નાખવામાં આવ્યાં છે. રાજ્યાશ્રિત ઈતિહાસ ગ્રંથોમાં આવાં ઉજ્જવળ પ્રકરણો ઉપર લગાવવામાં આવતી કાલિમા કોઈપણ નિષ્પક્ષ વાચકની નજરની બહાર નથી રહેતી.' ગુણવંતરાયભાઈની આ નોંધ ઘણું બધું કહી જાય છે; આવાં કેટલાય પ્રકરણો કાળના ગર્ભમાં છૂપાયેલાં હશે?

ઘટના કંઈક આવી છે. ભુજના એક જૈન શ્રેષ્ઠી મદનજી શેઠનું અવસાન થતાં તેમના પરિવારજનોએ એમનું કારજ સારી રીતે સંપન્ન કરવાનું નક્કી કર્યું. મદનજી શેઠનો પુત્ર નાનો હોઈ એ સમયના ભુજના શ્રેષ્ઠીઓ પૂનમચંદ, ટોકરશી શેઠ, આશકરણ શેઠ વગેરેએ એમના કારજની તૈયારીઓની જવાબદારી ઉપાડવાનું નક્કી કર્યું. મદનજી શેઠનું નામ કચ્છ આખાયમાં મોટું હોઈ કચ્છના જૈન મહાજનોને આ પ્રસંગે કારજનું ભોજન લેવા નિમંત્રણ આપવાનું નક્કી કરવામાં આવ્યું. માંડવી, મુંદ્રા, બેરાજા, તેરા, સુથરી, રોહા વગેરેના

મહાજનોને બોલવવામાં આવ્યા. પાણીપંથા ઊંટ પર કાસદ મારફતે તમામ મહાજનોને કારજમાં આવવાનું કહેણ મોકલી આપવામાં આવ્યું.

મદનજી શેઠના અગિયારમા વાસાને દિવસે કચ્છભરમાંથી મહાજનો ભુજ આવ્યા. કેટલાક એવી આશાએ આવ્યા કે, કેટલાય વર્ષોથી આખાય કચ્છનું મહાજન મળ્યું નથી તો એ બહાને મળાશે. કેટલાક ભુજની જૈન જ્ઞાતિના દર્શન કરવાની ભાવનાથી આવ્યા, કેટલાક ભુજ ફરવાનો આનંદ લેવા આવ્યા; તો કેટલાક કચ્છના સૌથી મોટા ભુજ મહાજનનો વહીવટ સમજવા પણ આવ્યા.

એ દિવસે ભુજમાં કચ્છ રાજ્યના આખાયના મોટા મોટા શ્રીમંતો, પટેલો અને વેપારીઓની ભીડથી શહેર ઉભરાવા લાગ્યું. ભુજના વિશાળ જૈન વંડામાં ભોજન તૈયાર થઈ ગયું. શહેરમાં હરીફરી થાકેલા મહાજનના વડીલો આવીને પાટલે બેસી ગયા. થોડી જ વારમાં લાડુ, શાક ભજીયાં પીરસાવવા લાગ્યા. આખુંય દેશાવર આજે ભુજમાં એક સાથે ભોજન લેવાનું હતું આથી કેટલાય પોતાના યુવાન લગ્નોત્સુક મુરતિયાઓને પણ મહાજનની આગળ આગળ કરવા લાગ્યા હતા. આવા યુવાનો અલગ તરી આવતા હતા.

મહાજનો હજી ભોજન શરૂ કરે ત્યાં જ એકાએક શોરબકોર થવા લાગ્યો, હવામાં બંદુકના અવાજો સંભળાવા લાગ્યા અને અચાનક સૌએ જોયું તો કચ્છ રાજ્યના સૈનિકો વંડામા ધસી આવ્યા. ભોજન અધૂરું રહ્યું, સૌ કોઈ અચાનક આ હરકતથી અવાક બની ગયા અને શું થાય છે એ સમજે એ પહેલાં જ સૈનિકોએ વંડાને ફરતે પહેરો લગાવી દીધો. બારે ગામના મહાજનને વંડામાં કેદ કરી લીધું !

સૈનિકોની ટોળીનો નાયક અને રાયધણનો ખાસ માણસ મસૂદ આગળ આવ્યો અને પહાડી અવાજે બોલ્યો 'રા'બાવાની આજ્ઞા છે કે, કોઈ પણ માણસ અહીંથી બહાર જઈ શકશે નહીં.' આમ કહી તેણે દેવચંદ શેઠના નાના ભાઈ મેઘજી શેઠ એ સમયે માંડવીથી આવ્યા હતા તેને બહાર કાઢી બાવડું પકડી ખેંચ્યા. બે સૈનિકોએ તેને પકડી લીધા અને જણાવ્યું કે, રાયધણજીએ મેઘજી શેઠને કેદ કરવા અમને મોકલ્યા છે અને હવે તમારું બધાનું શું કરવું એ હવે નકકી થશે.

મેઘજી શેઠને કેદ કરવાની સાથે રાયધણનો મલીન ઈરાદો બીજો પણ હતો.

મેઘજી શેઠને રાવ રાયધણ સમક્ષ રજૂ કરવામાં આવ્યા ત્યારે રાયધણે મોટું અટ્ટહાસ્ય કરી કહ્યું, 'આવો શેઠ, તમારો જ ઈંતજાર કરતો હતો. તમારા જેવાઓને કારણે જ માંડવી, લખપત, મુંદ્રા, અંજાર અને લખપતે આ રા' સામે બંડ પોકાર્યું છે. હવે તમને એની સજા અવશ્ય કરીશ. તમને તો માંડવીના પાદરે જ લટકાવીશ. પરંતુ એ પહેલા જૈન વંડામાં કેદ મહાજનોનો ઉપાય કરવો છે.' આવું કહી રાયધણે પોતાના સૈનિકોને મેઘજી શેઠને કારાવાસમાં મૂકી આવવાની સૂચના આપી.

મેઘજી શેઠને લઈ ગયા પછી રાયધણે દીવાન વાઘા પારેખને જૈન વંડામાં કેદ કચ્છના મહાજનોનું શું કરવું તેની સૂચના આપી. રાયધણનો મલીન ઈરાદો એવો હતો કે, રાજ્યની તિજોરીના તળિયાં દેખાય છે અને માથે દુષ્કાળનું વરસ છે તો ભુજમાં એક સાથે આખાય કચ્છનું મહાજન એકઠું થયું છે અને ઘર બેઠે ગંગા આવી છે; તો કોઈ નજરાણું લીધા વગર થોડા બધાને જવા દેવાય! આવા વિચાર સાથે તેણે વાઘા પારેખને સૂચના આપી કે, જાઓ તમારા જૈન બંધુઓ પાસે અને કહી દો રોકડી એક કરોડ કોરી કચ્છના રા'ને આજને આજ ચૂકવો અને ઘરભેગા થાવ.

આવું કહી રાયધણે પોતાના ખાસ એવા મસૂદને જૈન વંડાને ફરતે સૈનિકોનો પહેરો લગાવી વંડાને તાળાં દેવાની તથા કારજના જમણ માટે તૈયાર તમામ રસોઈ ત્યાંથી ઉપડાવી લેવાની સૂચના આપી. અને સાથે વાઘા પારેખને પણ જવા જણાવ્યું. રા'ના હુકમની ભુજમાં જાણ થઈ મેઘજી શેઠને કાલે માંડવીમાં ફાંસી આપવાની છે અને કચ્છના બારગામના મહાજનને જૈન વંડામાં કેદ કરવામાં આવ્યા છે. આથી ભુજમાં હાહાકાર મચી ગયો. આખાય ભુજમાં ત્રાસ અને ભયનો માહોલ છવાઈ ગયો.

બીજી બાજુ જૈન વંડામાં મેઘજી શેઠને લઈ ગયા પછી કોઈ સમાચાર ન આવતાં મહાજન પાછા ભોજન શરૂ કરવાની વેતરણમાં હતું ત્યાંજ પાછો કોલાહલ સંભળાયો અને મસૂદ પોતાની સાથે પડછંદ સૈનિકોને લઈને આવ્યો અને આખાય જૈન વંડા ફરતે સૈનિકો ગોઠવી દીધા! ભોજન માટેની તૈયાર તમામ રસોઈ ઉપડાવી લેવાની સૂચના સૈનિકોને આપી અને મહાજનોને જણાવ્યું કે, રા' એ તમને બંદીવાન બનાવવાની સૂચના આપી છે. તમારું આગળ શું કરવાનું છે એ મને ખબર નથી, હું ચિઠ્ઠીનો ચાકર છું. જેટલી સૂચના મળી એટલું કરવા આવ્યો છું. બાકીનું દીવાન વાઘા પારેખ આવીને તમને કહેશે. આવું કહી કડક બંદોબસ્ત ગોઠવી મસૂદ ચાલ્યો ગયો. આખાય મહાજનોમાં ચર્ચા થવા લાગી આપણો કોઈ દોષ નથી અને રાયધણે શા માટે બંદીવાન બનાવ્યા? સૌ કોઈના ચહેરા પર ચિંતાના વાદળ ઘેરાઈ ગયા!

મસૂદના ગયા પછીય વાઘા પારેખના આવવાના કોઈ સગડ ન હતા. સાંજ પડી. અંધારા પથરાવા લાગ્યાં છતાં વાઘા પારેખના દર્શન ન થયા. શું કામ પકડ્યા છે તે જાણવા સૌને ઈંતજાર હતો. સાંજે મેવા મીઠાઈ આરોગનારા મહાજનોને એક

મૂઠી ચણા અને પાણીનો એક એક ગ્લાસ આપવામાં આવ્યો. રાત વીતી ગઈ પણ નિંદર કોઈની આંખોમાં ન હતી. સવારે મોં ધોવા એક વાટકી પાણી આપવામાં આવ્યું. વધારે પાણીની માગણી કરતાં સૈનિકોએ કઠોર બની જણાવી દીધું, 'રા' ની સૂચના જેટલું જ મળશે.' છેક બીજે દિવસે બપોરે વાઘા પારેખ આવી રહ્યા હોવાના સમાચાર મળ્યા. એ દરમિયાન સવારે નાસતામાં અને બપોરના ભોજનમાં પણ એક મૂઠી ચણા અને પાણીનો ગ્લાસ આપવામાં આવ્યો.

વાઘા પારેખે આવીને સીધુ જ ફરમાન કરી જણાવી દીધું કે, રા'બાવાએ તમને સૌને એક કરોડ કોરીનો દંડ કર્યો છે અને એ વસૂલી થયા પછી જ તમને છોડવામાં આવશે. તમારી મેળે જ અહીં રહીને એક કરોડ કોરીનો મેળ પાડો ને છૂટા થાવ!

ત્રાસ અને મૂઢતાની અરેરાટી વ્યાપી ગઈ. કેટલાક આગેવાનો આગળ આવ્યા અને મહાજનનો વાંક શું છે એ જણાવવા વાઘા પારેખને કહ્યું. આ સાંભળી વાઘા પારેખે કહ્યું, 'વાંક? શો ગુનો તમે નથી કર્યો એ કહો. ખેડૂતો અને ઠાકોરોને રાજ વિરૂદ્ધ ઉશ્કેરણી તમે કરી છે, આખાય દેશમાં તમે રાજદ્રોહ ચલાવ્યો છે. ભાયાતોને રા' વિરૂદ્ધ કરી સ્વતંત્ર કોણે બનાવ્યા? તમે જ. ભાયાતો રાજ વિરૂદ્ધ કાર્યવાહી કરતા હતા ત્યારે મૂંગામંતર કેમ બેસી રહ્યા? બસ એ જ તમારો ગુનો! આભાર માનો રા'બાવાનો કે તમને માત્ર દંડ કરી છૂટા કરે છે. મેઘજી શેઠ જેવા હાલ તો નથી કરતાને? આવું કહી વાઘા પારેખે દંડની રકમની જોગવાઈ થાય ત્યાં સુધી તમે અહી વંડામાં જ કેદ છો' એવું કહી ચાલી ગયો.

આખો દિવસ શું કરવું એની ચર્ચામાં સૌ કોઈ બેસી રહ્યા. આટલી મોટી રકમ અહીં બેસીને કેમ એકઠી કરવી? ચણા અને એક ગ્લાસ સાથે પથારી વગરની બીજી રાત પડી!

સવાર પડતાં મહાજનો પાછા વિચારમાં ગોઠવાયા કે શું કરવું? બધા વહેવારુ બનીને વિચારવા લાગ્યા અને સૌએ મળીને દસ લાખ કોરીનો ફાળો એકઠો કરવાનું નકકી કર્યું! વાઘા પારેખે વિચાર્યું એક દિવસના ચણામાં દસ લાખ કોરીએ આવ્યા. ભલે બીજા નવ દિવસ પડ્યા રહે. પોતે એક કરોડ કોરીમાં આવી જશે. આવું વિચારી કશો જવાબ આપ્યા વિના ચાલ્યો ગયો!

મહાજને અનેક વિચારણાને અંતે ત્રીસ લાખ કોરી આપવાનું જણાવ્યું. વાઘા પારેખ એક કરોડ કોરીથી નીચો નહોતો ઉતરતો અને મહાજનોની ત્રીસ લાખ કોરીએ મર્યાદા આવી ગઈ હતી! આમ મામલો અહીં જ થંભી ગયો. ચણા અને પાણીમાં બીજો દિવસ પણ ગયો!

વાઘા પારેખ અને મહાજનોની અટકેલી વાતે ડોસલ વેણે મધ્યસ્થી કરવાનું વિચાર્યું અને મહાજન વતી રાયધણ પાસે રજૂઆત કરવા ગયો.

ડોસલ વેણે રાયધણને કહ્યું, 'બાવા, ઠીક નથી થતું. જાડેજાના રાજમાં મહાજન કેદ થાય એ યોગ્ય નથી. મહાજન એ તો રાજલક્ષ્મી છે. તેના સન્માન હોય, કડી ન હોય! અને વળી દંડ પણ ભારે છે.'

ડોસલ વેણની વાત ઉથાપતા રાયધણે પોતે કચ્છનો રા' છે એને મનમાં આવે તે કરશે. મહાજન એ મારી રૈયત છે એણે હું કહું તેમ કરવું પડશે. પોતાનો રાજખર્ચ, પઠાણોનો પગાર, મોજશોખ, વૈભવ વગેરે માટે નાણાંની જરૂર છે અને એ આપવાની મહાજનની ફરજ છે. જાવ એ તમારા મહાજનને કહો, એક કરોડ કોરી ચૂકવે અને છૂટા થાય.

રાયધણની આવી વાત સાંભળ્યા પછી પણ ડોસલ વેણ અડગ રહ્યા અને મહાજન ત્રીસ લાખ કોરી આપવા તૈયાર છે એ સ્વીકારી છૂટા કરવા આજીજી કરી. ડોસલ વેણની વાત સાંભળી રા' એ કહ્યું જમાદાર, તમારું માન રાખ્યા વગર છૂટકો નથી. જાવ મહાજનને કહો, ત્રીસ લાખ કોરી રોકડી આજને આજ મળે, કોઈ જામીન બામીન નહીં, તો તે લઈને મહાજનને છૂટા કરું.' આ સાંભળી આનંદિત થતા ડોસલ વેણ જૈન વંડામાં જવા રવાના થયા.

આ બાજુ રા' એ નમતું જોખતાં અવાચક બનેલા મસૂદે રાયધણને પુછ્યું બાવા 'બસ ત્રીસ લાખ કોરી? આટલી મહેરબાની કેમ? રાયધણે અટહાસ્ય કરતાં કહ્યું, 'મસૂદ, તું મુરખ છો! આ ત્રીસ લાખ કોરી મહાજનોના હાથમાં અત્યારે તો છે નહીં! ભુજમાંથી એ ત્રીસ લાખ કોરી મેળવશે. એ કયાંથી મેળવે છે એની પર નજર રાખો. મહાજન જાય પછી એ ત્રીસ લાખ કોરી આપનારો છે અને આપણે છીએ! એકી સાથે ઘરમાંથી ત્રીસ લાખ કોરી કાઢનારા પાસે બીજું શું નહીં હોય! અને વળી અત્યારે ત્રીસ તો ત્રીસ હાથે તે સાથે...'

વાઘા પારેખ પણ રા' નો આ હુકમ સાંભળી દોડી આવ્યો. એને પણ રાયધણે મસૂદની જેમ સમજાવી શાંત કર્યો.

ડોસલ વેણે જૈન વંડામાં જતાં જતાં માર્ગમાં દુકાનોના વેપારીઓને પણ સમાધાનના સમાચાર આપતાં સૌ આનંદિત થયા પણ ત્રીસ લાખ કોરી આ કેદ મહાજનો કયાંથી કાઢશે? એની સૌને ચિંતા થવા લાગી. આમ છતાં વંડામાં શું થાય છે એ જોવાની કુતુહલતાથી કેટલાક વેપારીઓ તેની પાછળ આવી વંડાની બહાર ઉભા રહ્યા.

જૈન વંડામાં આવી ડોસલ વેણે મહાજનોને સમાચાર આપ્યા કે રા'બાવા ત્રીસ લાખ કોરીમાં માની ગયા છે અને હવે તમે સૌ ત્રીસ લાખ કોરીનો જોગ કરો અને જલ્દી ઘરભેગા થાવ! મુઠી ચણા અને વાટકી પાણી ઉપર ત્રણ ત્રણ દિવસો

ગુજારનારા જૈન શ્રેષ્ઠીઓની આંખો ઊંડી ઉતરી ગઈ હતી તેની આસપાસ કુંડાળા થવા લાગ્યા હતા. અને તેની વચ્ચે ઉજાગરાથી લાલ થઈ ગયેલી આંખો જોઈ ડોસલ વેણને ખૂબ જ દયા આવી. આમ છતાં તેની જૂઠી હિંમત આપી મોઢા પર પરાણે હાસ્ય લાવી તેમને સમાધાનની વિગતવાર વાત કરી અને ત્રીસ લાખ કોરીનો મેળ કરવા જણાવી તે વિદાય લઈ ગયો. હવે આ ત્રીસ લાખ કોરીનો વેત પણ કેવી રીતે કરવો? તેની સૌ ચર્ચા કરવા લાગ્યા. બહાર હોય તો અબઘડી ત્રીસ શું એક કરોડ કોરીનો પણ મેળ કરી શકે એવા શ્રેષ્ઠીઓ કેદી હાલતમાં જ ત્રીસ લાખ કોરીનો મેળ કરવાની વેતરણમાં પડયા! વળી જામીન લેવાની પણ રા'એ ના પાડી હતી. રોકડી ત્રીસ લાખ કોરી એકઠી કરવાની હતી.

ચર્ચામાં ભાગ લેતાં આશકરણ શેઠે પોતાના ઘરે મહાજન પાથરણે આવ્યું છે એટલે પોતા તરફથી વીસ લાખ કોરીની જાહેરાત કરી. પણ બીજી દસ લાખ કોરી અહીં બેઠે કેમ કરવી? એમ કરતાં ભુજના એક શેઠે પોતા તરફથી દસ લાખ કોરી આપવાની વાત કરી અને તેની હૂંડી લખી આપવાનો વિચાર કરાયો. એવામાં કાશીગર ગુંસાઈ અંદર આવ્યા અને ચર્ચાની વિગત જાણી કહ્યું, શ્રેષ્ઠીઓ, આમ ગાંડા મ થાવ. આમ એક બે જણા બધી કોરી કાઢી આપશો એનો અર્થ સમજો છો? પછી બહાર આ રા' તમને મૂકશે એમ માનો છો? હૂંડીઓ નહી સ્વીકારાય ત્યાં સુધી તમને છોડશે નહીં અને હૂંડી લખી આપનારા રા' ની નજરમાં આવી જશે એ જૂદું. માટે આવો વિચાર ન કરશો અને બીજો કોઈ સરળ ઉપાય વિચારો કે જેથી સાપ પણ ન મરે અને લાઠી પણ ભાંગે નહીં.'

કાશીગરની વાત સાંભળી સૌ કોઈ પાછા વિચારમાં પડી ગયા. વળી કાશીગરની વાત પણ ખોટી તો નહોતી જ. ફરી પાછા સૌ વિચારમાં પડ્યા. કોઈ એક બે જણા કોરીની હૂંડી લખી આપે તો રા'ની નજરમાં આવી જાય અને પછી કાયમ રા' તેને પરેશાન કરી કોરીઓ કઢાવે. આથી વચલો માર્ગ શોધવા સૌ વિચારવા લાગ્યા.

કાશીગરે અંતે એક વિચાર મૂક્યો. ભુજની વસ્તી ચાલીસ હજારની છે. એમાંથી નબળા દસેક હજાર કાઢી નાખો તો ત્રીસ હજાર લોકો થાય. એ દરેક પાસે જણ દીઠ માત્ર સો સો કોરી ઉઘરાવીએ તો ત્રીસ લાખ કોરી થઈ જાય. અને જેમની પાસે હાલ રોકડી ન નીકળે એમને આપ શેઠિયાઓ ખાનગીમાં ઉધાર આપો. પણ આમ કોરી એકઠી તો ભુજની જનતા પાસેથી જ કરો, જેથી એક બે જણ રા'ની નજરમાં ન આવે. આમ કરવાથી ભુજની જનતાને પણ ખબર પડશે કે, રાયધણ આવા દંડ પણ વસૂલે છે.

સૌને કાશીગરની વાત પસંદ આવી અને કાશીગરે જ મધ્યસ્થી બની ભુજની જનતા પાસેથી ત્રીસ લાખ કોરી એકઠી કરવાનું કામ આરંભ્યું. કેદની બહાર રહેલા મહાજન તથા નગરના આગેવાનોને સાથે રાખી ચકલે ચકલે અને શેરીએ શેરીએ ફરીને ભુજની જનતા પાસેથી કોરી એકઠી કરી.

વાઘા પારેખે કોરીઓ રોકડી હાથમાં આવતાં તે લઈ મહાજનોને કેદ મુક્ત કર્યા અને આ સમાચાર રાયધણને આપ્યા ત્યારે રાયધણે મહાજનને છોડવાની ઉતાવળ કરવા બદલ વાઘા પારેખ પર ગુસ્સો ઉતાર્યો અને કોરી કેવી રીતે આવી તેની વિગત જાણવા માગી. ત્યારે વાઘા પારેખે કોરી કેવી રીતે આવી તે જણાવી. ભુજની રૈયતે આ દંડ ભર્યો છે તે પણ સમાચાર આપ્યા. આથી રા'ની આખી યોજના પર પાણી ફરી વળતાં તે વધુ ઉશ્કેરાયો અને ભુજના મહાજનને કોણે ભેગું કર્યું? એ જણાવવા વાઘા પારેખને કહ્યું. ત્યારે વાઘાએ આ કામ જગજીવન મહેતાના ભાઈ હરજીવન મહેતાએ કર્યું હોવાનું જણાવતાં જ ત્યારથી રા' રાયધણ અને જગજીવન તથા હરજીવન મહેતા વચ્ચે વેરના બીજ વવાઈ ગયા. જે બીજે બન્ને મહેતા પરિવારનો ભોગ લીધો! તેનો જુદો ઈતિહાસ છે.

આ બાજુ મેઘજી શેઠનું શું થયું તેની વિગત ટૂંકમાં જ નોંધીએ. મેઘજી શેઠને ફાંસી આપી માંડવીની પ્રજા પર દબાવ તથા ભયનો માહોલ ઉભો કરવા તેને માંડવીના ચોકમાં જાહેરમાં ફાંસી આપવા રાયધણે હુકમ કરતાં તે હુકમની બજવણી માટે રાજ્યના સૈનિકો મેઘજી શેઠને માંડવી લઈ જઈ રહ્યા હતા ત્યાં માર્ગમાં પત્રીના ઠાકોરની સવારીનો ભેટો થયો અને તેને રા'ના આવા ફરમાનની વિગત જાણવામાં આવતાં તેણે મસૂદને મેઘજી શેઠને છોડી મૂકવા સમજાવ્યો. પણ મસૂદ રા' ના હુકમનું પાલન કરવાના નિર્ણયમાં અફર રહેતાં મસૂદના પઠાણ સૈનિકો અને પત્રીના ઠાકોરના સૈનિકો વચ્ચે નાની અથડામણ થઈ. તેમાં બન્ને પક્ષે ખુવારી થઈ. તેમાં વચ્ચે મહમદ સોતો પણ મદદે આવતાં અંતે પત્રીના ઠાકોર બારાજી મેઘજી શેઠને મુક્ત કરાવી શકયા અને તેને મહમદ સોતાની મદદથી અંજાર સુધી પહોંચાડી શકયા. આ ઘટનાથી પત્રીના ઠાકોર બારાજી અને રા' રાયધણ વચ્ચે પણ અંટશ પડી. જેના કારણે રાયધણે પત્રી પર ચડાઈ કરી હતી.

આમ, આ ઘટનાએ રા'ના ભાયાતોની સાથોસાથ કચ્છની જનતાને પણ જાગૃત કરી અને અને તેને પરિણામે રાયધણ સામે ક્રાંતિનો જુવાળ જાગ્યો હતો જે કચ્છની કદાચ પહેલી ક્રાંતિ બની રહી.

*'ભૂમા નિકેતન', ૨૨/બી, શિવમ્ પાર્ક,*
*નાના યક્ષ મંદિર પાસે, ભુજ - માધાપર રીંગ રોડ,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૨૨૦.*
*ફોન : (૦૨૮૩૨) ૨૪૩૨૪૨, મો. ૯૯૯૮૨ ૨૦૪૭૮*

વિશ્વના દેશો

# ભારત અને માલદીવ



પી. કે. લહેરી

આંતરરાષ્ટ્રીય રાજકારણમાં પારાવાર વિચિત્રતા અને વિસંવાદિતાઓ રહેલી છે. બે રાષ્ટ્રોના સંબંધોમાં પરિવર્તન થતું રહે પણ જયારે આ બે દેશો વચ્ચે અસાધારણ કટુતાનું નિર્માણ થાય ત્યારે તેનાં કારણોનું વિશ્લેષણ રસપ્રદ બને છે. ભારતની જમીનની સરહદો ચીન, મ્યાનમાર, પાકિસ્તાન, અફઘાનિસ્તાન, નેપાળ, ભુતાન સાથે જોડાયેલી છે. સમુદ્રમાં પાડોશી તરીકે શ્રીલંકા સાવ નજીક છે. શ્રીલંકા અને ભારતના અગ્નિખૂણે ૭૫૦ કિલોમીટર દૂર હિંદ મહાસાગરમાં આવેલ ૨૬ દ્વીપ સમૂહોનો પ્રદેશ તેની રાજધાની માલેના ઉપરથી 'માલદીવ' તરીકે ઓળખાય છે. વિષુવવૃત્તની નજીકનો આ દેશ આમ તો ઊંચું તાપમાન ધરાવે છે પરંતુ દરિયાથી ઘેરાયેલો ટાપુઓનો સમૂહ પ્રવાસન માટે વિશ્વમાં આગવી નામના ધરાવે છે. **૨૬ જુલાઈ, ૧૯૬૫માં ગ્રેટ બ્રિટનની ગુલામીમાંથી સ્વતંત્ર થનારા આ ટચુકડા દેશનું ક્ષેત્રફળ માત્ર ૨૯૮ ચો.કિમી.નું છે. ૨૦૨૨ની વસ્તી ગણતરી પ્રમાણે વસ્તી ૫,૧૫,૧૩૨ લોકોની છે. વિસ્તાર ખૂબ ઓછો હોવાથી વસ્તીની ગીચતા ગણીએ તો ત્યાં પ્રતિ ચો.કિ.મી.માં ૧૭૨૮ લોકો રહે છે. આ અતિ નાના ગણી શકાય તે દેશની કુલ રાષ્ટ્રીય આવક ૧૧.૯૭ અબજ યુ.એસ. ડોલરની છે. માથાદીઠ આવક યુ.એસ. ડોલર ૧૯,૫૫૮ની છે. આટલી સમૃદ્ધિ વચ્ચે અણઘડ જાહેર વહીવટને કારણે સરકાર દેવાદાર બની છે. ચીન પાસેથી વિકાસલક્ષી પ્રોજેક્ટો માટે જે લોન લીધી છે, તે માલદીવની સલામતી માટે ભવિષ્યમાં ખતરારૂપ બને તો નવાઈ નહીં.**

ઈ.સ. પૂર્વે ચોથી શતાબ્દીમાં અહીં સામ્રાજ્ય હોવાના ઉલ્લેખો મળે છે. ઈ.સ. ૯૪૭થી આરબ વેપારીઓની મુલાકાતથી માલદીવનો સંપર્ક વિશ્વ સાથે વિકસ્યો છે. આરબોના પ્રભાવ હેઠળ દેશમાં ૯૮ ટકા વસ્તી ઈસ્લામ ધર્મ પાળે છે. **પ્રાચીન સમયમાં સંસ્કૃતમાં 'દ્વીપમાળા' તરીકે વર્ણવાયેલા આ પ્રદેશનું નામ માલદીવ થયું હશે તેમ જણાય છે. કુલ ૧૧૯૨ પરવાળાના (coral) ટાપુઓ ૨૬ સમૂહોમાં આવેલા છે. વહીવટી અનુકૂળતા ખાતર ત્યાંની સરકારે આ ખૂબ છૂટાછવાયા વિસ્તારને ૨૧ જિલ્લામાં વહેંચ્યો છે.** માલદીવના લાંબામાં લાંબા રસ્તાની લંબાઈ ૧૪ કિ.મી.ની છે. વૈશ્વિક તાપમાનમાં હવે થોડો વધારો થાય તો સમુદ્રની જળસપાટીથી માત્ર ૧.૫ મીટર કે તેથી ઓછી ઊંચાઈના અનેક ટાપુઓ ક્યારે સમુદ્રમાં ગરકાવ થઈ જાય તે નક્કી નથી.

**ભારત અને માલદીવની સરખામણી કરવી એટલે હાથી અને મચ્છર વચ્ચેના તફાવતો સમજાવવા જેટલું કઠિન કાર્ય છે.** ક્યાં માલદીવનો ૨૯૮ ચો.કિ.મી. નો પ્રદેશ અને ક્યાં ભારતનો ૩૨,૮૭,૨૬૩ ચો.કિ.મી.નો વિસ્તાર! ક્યાં માલદીવની પાંચ લાખ જેટલી વસ્તી અને ક્યાં વિશ્વમાં સૌથી વધારે ૧૪૩ કરોડ વસ્તી ધરાવતું ભારત! જોકે ભારતની વસ્તીની ગીચતા પ્રતિ કિ.મી. ૪૨૫ લોકોની છે તે સામે માલદીવમાં પ્રતિ ચો.કિ.મી.માં ૧૭૨૮ લોકો રહે છે. ભારતની માથાદીઠ આવકની સરખામણીમાં માલદીવની માથાદીઠ આવક ઘણી વધારે છે. આવી અસમાન સ્થિતિ વચ્ચે ભારત - માલદીવના સંબંધો ૧૯૬૫થી ૨૦૨૦ સુધી – ૫૫ વર્ષ સુધી સમધારણ રહ્યા હતા. ભારતના નૌકાદળ અને ભૂમિદળોની પ્રતીકાત્મક હાજરીથી અકળાયેલા, કટ્ટરવાદી ધર્માંધ અને ચીનના ચડાવેલા રાજનેતા મોહમ્મદ મુઈઝુ અને તેના પક્ષે ભારત વિરોધી ઝુંબેશ ચલાવીને પ્રમુખપદે આરૂઢ થયા ત્યારથી માલદીવના ત્રણ મંત્રીઓએ ભારત સામે ઘણો અપપ્રચાર કર્યો અને આપણા લોકલાડીલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને 'જોકર', 'ત્રાસવાદી', 'ઈઝરાયલની કઠપૂતળી' જેવા વાંધાજનક શબ્દો કહ્યા. ભારત સરકારે આવાં બિનજવાબદાર વિધાનો સામે લાલ આંખ કરતાં ત્રણે મંત્રીઓને રાજીનામાં આપવાં પડ્યાં. જોકે પ્રમુખ મોહમ્મદ મુઈઝુએ ચીનની મુલાકાત લઈ ચીનનો ટેકો મેળવ્યો. ભારતના સૈનિકોને ૧૦ મે, ૨૦૨૪ પહેલાં ભારત બોલાવી લેવાનું કહ્યું. ભારતે માલદીવની સાર્વભૌમતાનું સન્માન સાચવી પોતાના સૈનિકોને પરત બોલાવી લીધા છે. તાજેતરમાં બંને દેશોના વિદેશમંત્રીઓ વચ્ચે બેઠક યોજાઈ છે. સંભવ છે કે માલદીવના પ્રમુખ મોહમ્મદ મુઈઝુ ભારતમાં નવી સરકારની રચના બાદ દિલ્હીની મુલાકાતે આવે.

ભારતની લાંબાગાળાની સલામતી માટે હિંદ મહાસાગરમાં માલદીવના ભૌગોલિક સ્થાનને કારણે એ આગવું મહત્ત્વ ધરાવે છે. ભારતે રચેલા પાડોશી દેશોના સંગઠન 'સાર્ક'નું માલદીવ સભ્ય છે, માલદીવના અર્થતંત્રમાં પ્રવાસનનો સિંહફાળો છે. બંને દેશોના સંબંધોમાં કડવાશ આવી ત્યારે ભારત માટે વિશાળકાય હાથીના કાન પાસે ગણગણતા મચ્છર અને તે કાનમાં ન પેસે તેની કાળજી કરવાની સમસ્યા પેદા થઈ. ભારતના વડાપ્રધાને એક દિવસ લક્ષદ્વીપ - જે ભારતના ટાપુઓ છે તેની મુલાકાત લઈ તેની પ્રવાસન ક્ષમતા ઉજાગર કરી, ત્યારે અનેક ભારતીયોએ માલદીવમાં કરેલાં બુકિંગ કેન્સલ કર્યાં. માલદીવમાં પ્રવાસન પર આધારિત સૌ કોઈ હચમચી ગયા. માલદીવ સરકારે દંભ સાથે ભારત સાથે અમારે કોઈ દુશ્મનાવટ નથી એમ કહ્યું. ભારતીય પ્રવાસીઓ માટે માલદીવ સૌથી આકર્ષક અને અનુકૂળ સ્થળ છે. ભારતની ઘણી જાણીતી હસ્તીઓ વારંવાર માલદીવમાં વૅકેશન માણે છે. ભારતીયોનું માલદીવમાં સ્વાગત છે તેવો રાગ આલાપવાની શરૂઆત કરી. જોકે પ્રમુખ મોહમ્મદ મુઈઝુએ ભારતીયો ન આવે તો ચીની લોકો આવશે તેવું વિધાન કરી બળતામાં ઘી હોમ્યું. મન, મોતી ને કાચ ભાંગ્યે સંધાય નહીં જેવો ઘાટ ભારત-માલદીવના સંબંધોમાં થયો છે. ચીનની નીતિ એ છે કે ભારતને તેમના પાડોશીઓથી વિમુખ કરી ભારતને દુશ્મની ધરાવતા દેશોથી ઘેરાયેલું રાખવું. ભારત જેવા વિશાળ દેશ માટે ચીન સિવાય સમાનતાના ધોરણે સરખામણી કરી શકાય તેવો દેશ નથી. અલબત્ત નાનો કે મોટો પાડોશી ખૂબ મહત્ત્વનો છે. **આપણે મિત્રો પસંદ કરી શકીએ છીએ પણ 'પાડોશીઓ' તો ઈશ્વરે આપેલી ભેટ કે સમસ્યા છે.** મોદી સરકારની નીતિ 'પાડોશી સાથે મિત્રતાને અગ્રતા' આપવાની રહી છે. ભારતની ઉદાર સહાય હોય કે તેમના નાગરિકોને અપાતી સવલતો, પાડોશી દેશોમાંથી ભાગ્યે જ કોઈએ વફાદારી અને આદર સાથે મિત્રતા નિભાવી છે.

વિશ્વની ૮ અબજની અને ભારતની ૧.૪૫ અબજની વસ્તીમાં માત્ર પાંચ લાખથી થોડા વધારે લોકોની સંખ્યાવાળા ૩૦૦ ચો.કિ.મી.ના દેશની સાથેના સંબંધમાં ભારતે કશો રઘવાટ અનુભવવાની જરૂર નથી. વ્યૂહાત્મક રીતે ચીનને કેમ ત્યાંથી દૂર રાખવું અને માલદીવ પર અંકુશ ન કરવા દેવો તે માટે આર્થિક, રાજકીય અને ખાસ કરીને પ્રવાસન ક્ષેત્રે ભારતની ગરજ માલદીવને રહે તેવી નીતિ અપનાવવી જરૂરી બની છે. ચીનની જાસૂસી, અઢળક નાણું, સરમુખત્યારશાહી અને લુચ્ચાઈને ધ્યાનમાં રાખીને આપણી જાસૂસી અને સલામતી સંસ્થાઓએ માલદીવમાં ભારત તરફી વાતાવરણના નિર્માણ માટે ચોક્કસ આયોજન અને અસરકારક વ્યૂહરચના તૈયાર કરવી જોઈએ. કદાચ આવી કોઈ વ્યૂહરચના અમલી હશે.

***સૌથી પ્રથમ માલદીવ અંગે નીચેની ચાર બાબતો ધ્યાનમાં રાખી ભવિષ્ય માટે અભિગમ નક્કી કરવો જોઈએ :***

૧. માલદીવના વિરોધમાં પાયાની બાબત એ છે કે માલદીવનું બંધારણ ધર્માંધતાને આધારે બનેલું છે. સાઉદી અરેબિયાની નકલ કરી અનેક ભ્રામક માન્યતાઓ હાલના પ્રમુખ મોહમ્મદ મુઈઝુ અને તેના સમર્થકોમાં છે. આવા રૂઢીચુસ્ત અને ઉગ્ર ઈસ્લામના અનુયાયીઓ ચીનના પડખામાં ભરાય છે, ત્યારે તેને અહેસાસ કરાવવાનો છે કે ચીન મુસ્લિમોને તેનો ધર્મ પોતાના દેશમાં પાળવા દેતું નથી. યુનાઇટેડ આરબ એમિરેટના શેખોની મદદ લઈને માલદીવમાં કટ્ટરવાદ ઘટે તે માટે વિશેષ પ્રયત્નો કરવા જોઈશે. ઈસ્લામમાં મદ્યપાન હરામ છે, પણ પ્રવાસન દ્વારા કમાણી કરવા માટે તમામ હોટેલ-રીસોર્ટને દારૂબંધીમાંથી મુક્તિ આપવામાં આવી છે. અગાઉ ભારતમાં રહીને વિદેશી નાણાંના જોરે કટ્ટર ઈસ્લામ – 'કાફિરોને જુઓ ત્યાં તેની કતલ કરો' જેવા કુરાનના અર્થઘટન સાથે કોમી ઝેર ફેલાવતો ઝાકીર નાઈક હાલ સજાથી બચવા મલેશિયામાં આશ્રય લઈ રહ્યો છે. માલદીવના રાજકીય આગેવાનોને ઉગ્રવાદ તરફ ધકેલવામાં ઝાકીર નાઈક કે તેના જેવા કોઈ ધર્મપ્રચારકનું કારસ્તાન હોવાની પૂરેપૂરી સંભાવના છે. ઈસ્લામિક દેશોમાંથી કટ્ટરવાદ ઓછો કરવો તે અત્યંત કઠિન કાર્ય છે, પરંતુ હવે થોડા ઈસ્લામિક દેશોએ સહિષ્ણુતા અપનાવી છે.

૨. બીજો મુદ્દો સૌથી મહત્ત્વનો છે. આજથી ૨૦-૨૫ વર્ષમાં સમુદ્રની સપાટીમાં વૈશ્વિક તાપમાન વધતાં રાજધાની માલે સહિત માલદીવનો મોટા ભાગનો વિસ્તાર પાણીમાં ગરકાવ થઈ જશે. માલદીવ સરકાર હિંદ મહાસાગરમાં થોડી વિશેષ ઊંચાઈ ધરાવતા ટાપુઓ પુનર્વસવાટ માટે ખરીદ કરવા ઈચ્છે છે. આ માટે માલદીવે પોતાની આર્થિક સધ્ધરતા વધારવી અનિવાર્ય છે. ભારતના સહયોગ વિના માલદીવ માટે આર્થિક સમસ્યાઓ પેદા થશે તે નિશ્ચિત છે. ત્યાંના લોકોને તેનાં સુખ-સમૃદ્ધિ, સ્વતંત્રતા અને વિકાસ માટે ભારતનો સહકાર જરૂરી છે. શિક્ષણ દ્વારા અને ત્યાંથી પ્રવાસીઓ આકર્ષીને ભારતની સિદ્ધિઓથી તેમને વાકેફ કરવાથી સ્થિતિમાં ફરક પડશે.

૩. માલદીવ ભારતના સંબંધોમાં ત્રીજી મુશ્કેલી ચીનનો

ચંચુપાત છે. ચીનની ભારતદ્વેષી નીતિઓ નજીકના ભવિષ્યમાં ઓછી થાય તેવાં કોઈ ચિહ્નો નથી. હાલમાં તો ચીન અને અમેરિકા બંને ભારત વિરોધી કાર્યવાહી કરતાં રહે છે. કેનેડા, ઈંગ્લેન્ડ, જર્મની અને અન્ય યુરોપિયન દેશો પણ ભારત પ્રત્યે ઈર્ષ્યાથી જુએ છે. આ સંદર્ભમાં આપણે એ સમજવું રહ્યું કે વિશ્વની અન્ય શક્તિશાળી સત્તાઓ ભારત અને ચીનના નીતનવા પ્રશ્નો પેદા કરતી રહેશે. આવા પેચીદા પ્રશ્નોનો મક્કમ પ્રતિકાર આપણા ભવિષ્યને સુરક્ષિત રાખવા જરૂરી છે. ભારત-માલદીવના સંબંધોમાં જે જે કારણોસર અવિશ્વાસ પેદા થયો છે તેનું નિરાકરણ કરી સંબંધોમાં ભલે ક્રમશઃ પણ ટકાઉ સુધારો થાય તેવાં પગલાંઓ લેવાં આવશ્યક છે. ભારત પર અનેક બાબતોમાં આધારિત માલદીવને અળગો કરવાથી સંબંધો સુધારવાની શક્યતા સાકાર થઈ શકશે નહીં.

૪. અંતિમ મુદ્દામાં માલદીવનો પ્રશ્ન થોડા વ્યવસ્થિત પ્રયત્નોથી ઉકેલી શકાશે. ઈસ્લામના કટ્ટરવાદ અને ચીનની ખંધી ચાલ સામે ભારતે મક્કમ રહીને પણ સાથે સાથે શુભભાવના રાખી માલદીવના પાંચ લાખ લોકોનો વિશ્વાસ સંપાદન કરવાનો છે. ૧૪૩ કરોડની ભારતીય પ્રજા માટે આ કાર્ય સરળ છે.

***("વિશ્વવિહાર" માંથી સાભાર)***

## ધરતી પર સૂર્યનું અવતરણ

**(અનુસંધાન : પાના નં. – ૨૮ ઉપરથી ચાલુ)**

**આપશે. જે મૂળ બજેટના ૧૦%થી પણ ઓછું છે અને તેના બદલામાં ભારતને મળશે ITER સંબંધિત બૌદ્ધિક સંપદામાં ૧૦૦% પ્રવેશ.** આ અવતરણ શક્ય ઉર્જામાંગને સંતોષી શકશે. ITER રીએક્ટરના નિર્માણમાં ભારત બે પ્રકારનાં સંસાધનોનું યોગદાન અને રીએક્ટરના નિર્માણમાં ઉપયોગી કેટલીક સામગ્રી ભારત પૂરી પાડશે. વાયદા મુજબ કેટલીક સામગ્રી પહોંચાડી પણ દીધી છે. આમ વિશ્વના સૌથી મોટા પ્રકલ્પમાં Made in India પણ દૃષ્ટિગોચર થાય છે. ITERના સૌથી મોટા ઘટકો - ક્રાયોસ્ટેટ ભારતે પૂરા પાડયા છે. ક્રાયોસ્ટેટ ૩૦ મીટર ઊંચું અને ૩૦ મીટર વ્યાસનું ITER મશીનનું શૂન્યાવકાશવાળું બાહ્ય આવરણ છે. મશીન અને તેના ઘટકોને તેનાથી રક્ષણ મળે છે. ૫૪ જુદા જુદા ભાગોથી બનેલા ક્રાયોસ્ટેટનું ઈન્સ્ટિટ્યૂટ ઑફ પ્લાઝમા રિસર્ચની ITER-ભારતની ટીમની દેખરેખમાં એલ ઍન્ડ ટીએ હજીરા-ગુજરાતમાં નિર્માણ કર્યું છે. બધા ભાગોનું કેટલુંક સંકલન ભારતની કાર્યશાળામાં તો બાકીનું ITERના સ્થળ પર કરવામાં આવ્યું હતું. ૩૮૦૦ ટનથી પણ વધારે વજનનું ક્રાયોસ્ટેટ પણ આપણે મોકલી આપ્યું છે. હા, આ પણ 'Made in India.' આ પ્રકલ્પમાં લગભગ ૧૦૦૦ કરોડ રૂપિયાની આર્થિક સહાય આપવાનું પણ ભારતે વચન આપ્યું છે. આ ભગીરથ કાર્ય માટે માનવ સંસાધનની પણ જરૂર પડે. આ માટે દરેક સહભાગી દેશ ૧૦% સુધીનો સ્ટાફ પૂરો પાડે તેવી સમજૂતી થઈ છે. આ મુજબ લગભગ ૧૦૦ ભારતીય ઇજનેરો અને વિજ્ઞાનીઓ ત્યાં મોકલવા જોઈએ. મળતી માહિતી મુજબ અત્યારે ત્યાં ૨૫ ભારતીયો કામ કરે છે. ત્યાં કામ કરતા ઈજનેરો અને વિજ્ઞાનીઓ પ્રકલ્પની ઝીણી ઝીણી માહિતીથી અવગત થાય છે. અનુભવથી જે જ્ઞાન મળે છે - કૌશલ્યનો વિકાસ થાય છે તે અન્ય કોઈ રીતે થતો નથી. આ ક્ષેત્રના નિષ્ણાતોનું કહેવું છે કે આપણે ૧૦૦ ઇજનેરો/વિજ્ઞાનીઓ મોકલવા જોઈએ. જો આપણે નહીં મોકલીએ તો તેની ખોટ ચીન કે કોરિયા જેવા અન્ય દેશોના ઈજનેરોથી ભરપાઈ થશે અને આપણા ઈજનેરો અમૂલ્ય અનુભવથી વંચિત રહી જશે.

એપ્રિલ, ૨૦૨૪ના સમાચાર મુજબ દક્ષિણ કોરિયાએ 'કૃત્રિમ સૂર્ય' પ્રકલ્પ અન્વયે એક સીમાચિહ્ન સ્થાપ્યું છે. CNN સંચાર ચેનલના જણાવ્યા મુજબ ડિસે. ૨૩ થી ફેબ્રુ. ૨૦૨૪ના ગાળામાં દક્ષિણ કોરિયાની ટીમે પ્લાઝમાનું તાપમાન ૧૦૦૦ લાખ ડિ.સે.નું ૪૮ સેકંડ સુધી મેળવ્યું. આ તાપમાન સૂર્યના અંદરના ભાગના (Core) તાપમાન કરતાં સાત ગણું વધારે છે. બે પરમાણુઓના સંયોગથી (fusion) પ્રચંડ ઊર્જા ઉત્પન્ન થાય છે. સૂર્ય અને બીજા તારાઓ આ પ્રક્રિયાથી ઊર્જા ઉત્પન્ન કરીને ચમકે છે. ફ્યુઝન ઊર્જા મેળવવાની સૌથી સામાન્ય રીતમાં મેંદુવડા આકારના વિશાળ રિએક્ટરનો ઉપયોગ કરવામાં આવે છે. આ રીએક્ટર 'ટોકામેક' (Tokamak) તરીકે ઓળખાય છે. ચીને પણ પોતાને હિસ્સે આવતા ઘટકો પહોંચતા કરી દીધા છે. આ માટે ચીને પણ ૧૬૦૦ ટનનું 'ટોકામેક' વિકસાવ્યું છે.

આ પ્રકલ્પને કાર્યાન્વિત કરવા માટે જેટલી ઊર્જા વપરાશે તેનાથી દસ ગણી ઊર્જા તે ઉત્પન્ન કરશે. કૃત્રિમ સૂર્ય આપણા પાવરહાઉસ, સોલાર પેનલ, અશ્મીય ઇંધણ... જેવા ઊર્જાના સ્રોતોનો પૂરક બની શકે, પણ આદિ સૂર્યનારાયણનો પર્યાય ક્યારેય ન બની શકે.

***("વિશ્વવિહાર" માંથી સાભાર)***

વિજ્ઞાન

# ધરતી પર સૂર્યનું અવતરણ

ચિંતન ભટ્ટ

મે, ૨૦૨૪માં આ લેખ જ્યારે લખાઈ રહ્યો છે ત્યારે આગામી પાંચ દિવસો સુધી અમદાવાદમાં 'રેડ એલર્ટ' જાહેર કરવામાં આવ્યું છે. સૂર્ય તરફથી મળતી આ ગરમીની ભેટ પૃથ્વી પરની સમગ્ર ઊર્જાનો મૂળ સ્રોત છે. આ સમયગાળામાં સૂર્યમાં અસામાન્ય પ્રક્રિયાઓ જોવા મળી, જેને કારણે ધ્રુવીય પ્રદેશની નજીકના દેશોના આકાશમાં રંગબેરંગી ધ્રુવીય પ્રકાશ પણ જોવા મળ્યો. અલબત્ત 'નામ તેનો નાશ' એ ઉક્તિ મુજબ એક દિવસ સૂરજનો પણ નાશ થશે - ઠંડો પડી જશે તેવી ખગોળવિદોની આગાહી છે. આ દિવસો જોવા માટે પૃથ્વી પર કોઈ જીવસૃષ્ટિ હશે નહીં. આપણે જે સૂરજને જાણીએ છીએ તેને થોડો વધુ જાણવાનો પ્રયત્ન કરીએ. **સૂર્યની સપાટી પરનું તાપમાન લગભગ ૫૬૦૦° સે. છે. ક્યાં આપણું ૪૪° સે. અને ક્યાં ૫૬૦૦° સે. તાપમાન! સૂર્યની સપાટી પરથી તેના કેન્દ્ર તરફ જતાં તાપમાન વધતું જાય છે અને કેન્દ્રમાં તે ૧,૫૦,૦૦,૦૦૦° સે. સુધી પહોંચી જાય છે.** સપાટીથી બહારની તરફ જતાં પણ તાપમાન વધે છે. સૌર પર્યાવરણના બાહ્ય આવરણને 'કોરોના' કહેવામાં આવે છે, જેને આપણે પૂર્ણ સૂર્યગ્રહણ વખતે જોઈ શકીએ છીએ. સૂર્યની દૃશ્યમાન સપાટી કરતાં કોરોનાનું તાપમાન ૧૫૦થી ૪૫૦ ગણું વધારે હોય છે એટલે કે તે ૧૦ લાખ કેલ્વિનથી ૩૦ લાખ કેલ્વિન સુધી પહોંચી જાય છે. (૧ કેલ્વિન = -૨૭૨.૧૫° સે. ). આ પ્રચંડ તાપમાન રૂપી પ્રકાશ ૧૫૧ લાખ કિલોમીટરનું અંતર પ્રતિ સેકન્ડ ૩ લાખ કિલોમીટરની ગતિએ કાપીને ૮ સેકંડમાં આપણા સુધી પહોંચે છે. આ દરમિયાનમાં લાખો ડિગ્રી સેલ્સિયસ તાપમાન થોડાક ડિગ્રી સેલ્સિયસ સુધીનું થઈ જાય છે.

આપણી ઊર્જાભૂખ દિવસે ન વધે તેટલી રાતે વધે છે. સૂર્યની પ્રસાદી સ્વરૂપ પૃથ્વીના ઊર્જા સ્રોતો ખલાસ થવા લાગ્યા છે. આપણે જાણીએ છીએ કે આ સ્રોતોથી ઊર્જા ઉત્પન્ન કરવાની પ્રક્રિયાથી પર્યાવરણને હાનિ થાય છે. જીવન ટકાવી રાખવા માટે ઊર્જા જરૂરી છે અને સ્વચ્છ પર્યાવરણ પણ. મનુષ્યને અમર્યાદિત સ્વચ્છ ઊર્જા પ્રદાન કરવા માટે સૂર્ય જેવું કંઈ નથી. સૂર્યમાં જે રીતે ઊર્જા ઉત્પન્ન થાય છે તે રીતે પૃથ્વી પર ઊર્જા ઉત્પન્ન કરવાનો પ્રયત્ન શરૂ થયો. પરમાણુઓના નાભિકીય સંયોગીકરણથી (Nuclear Fusion) સૂર્ય પર ઊર્જા ઉત્પન્ન થાય છે. આ પરમાણુ ભઠ્ઠીમાં નાભિકીય વિઘટનથી (Nuclear Fission) ઊર્જા મેળવવામાં આવે છે. સૂર્યની જેમ અને સૂર્ય જેટલી ઊર્જા ઉત્પન્ન કરવાના પ્રયોગમાં અનેક દેશોએ - સંસ્થાઓએ વર્ષ ૧૯૮૫માં હાથ મેળવ્યા. તેને પ્રતાપે શરૂ થયો આંતરરાષ્ટ્રીય અણુભઠ્ઠીનો પ્રકલ્પ જે ITER (International Thermonuclear Experimental Reactor)ને નામે ઓળખાય છે. આ મહાપ્રકલ્પનું ધ્યેય સૂર્યની નાભિકીય સંયોગીકરણ પ્રક્રિયાની જેમ પૃથ્વી પર ઊર્જા ઉત્પન્ન કરવાનું છે. જાણે કે ધરતી પર સૂર્યનું અવતરણ! વિશ્વના ૩૫ દેશો આ ભગીરથ કાર્યમાં સહકાર આપે છે. ચીન, યુરોપ, ભારત, જાપાન, રશિયા, દક્ષિણ કોરિયા અને યુ.એસ.એ. – આ સાત દેશો મહાપ્રકલ્પના સભ્યો છે અને તેઓએ આ કામ પાર પાડવાનું બીડું ઝડપ્યું છે. આપણા સૌના ભલા માટેનો આ સહિયારો પ્રયાસ છે જે વર્ષો જૂની ભારતીય માન્યતા 'વસુધૈવ કુટુમ્બકમ્'નું આદર્શ પ્રતીક છે. દક્ષિણ ફ્રાન્સના કેડરાચ (Cadarache) ખાતે વિશાળ અણુ ભઠ્ઠીનું (Reactor) નિર્માણ થઈ રહ્યું છે, જેનો ૪૫% ખર્ચ યુરોપિયન યુનિયન ઉઠાવી રહ્યું છે. તેમાં દસ લાખથી પણ વધારે વિવિધ ઘટકોનો ઉપયોગ થશે જે ૪૫ જેટલા દેશો મોકલશે. ITERના નિર્માણનું કાર્ય ફ્રાન્સમાં ૨૦૧૩માં શરૂ થયું હતું. તેનું કુલ બજેટ ૯૫૦૦ કરોડ (65 billion) ડોલર અંદાજવામાં આવ્યું છે. આશા છે કે ૨૦૨૫ સુધીમાં ITER તેના પ્રથમ પ્રયોગ માટે તૈયાર થઈ જશે. અત્યાર સુધીનો આ સૌથી ખર્ચાળ વિજ્ઞાનપ્રયોગ છે. વિજ્ઞાનીઓ અને ઇજનેરો તેમજ સમગ્ર માનવજાત માટે આ એક સૌથી મહત્ત્વાકાંક્ષી પ્રકલ્પ છે. **અમદાવાદની ઇન્સ્ટિટ્યૂટ ઓફ પ્લાઝમા રિસર્ચ (IPR) સંસ્થા તેમાં સહભાગી છે.**

**આ મહત્ત્વાકાંક્ષી પ્રકલ્પમાં ભારત ૨૦,૦૦૦ કરોડ રૂપિયાના (૨.૨ બિલિયન ડોલર) સંસાધનોનું યોગદાન**

(અનુસંધાન : જુઓ પાના નં.– ૨૭ ઉપર)

વિશિષ્ટ દિવસ

# આવકવેરા દિવસ



ડૉ. મિહિર એમ. વોરા

**આવક વેરા દિવસ દર વર્ષે ૨૪ જુલાઈના રોજ ઉજવાય છે.** એક રસપ્રદ વાત એ છે કે મુઘલો તેમના ૩૦૦ વર્ષથી વધુના શાસન દરમિયાન ભારતને જે લૂંટી શક્યા નહોતા, તેના કરતાં ઇતિહાસમાં 'સૌથી મોટી લૂંટ' બ્રિટિશ સામ્રાજ્ય દ્વારા કરવામાં આવી હતી, તે પણ તેમના ૨૦૦ વર્ષના શાસન દરમિયાન. એક અભ્યાસ મુજબ અંગ્રેજો લગભગ ત્રણ હજાર લાખ કરોડ રૂપિયા લૂંટીને લઈ ગયા હતા. **હાલમાં, આવકવેરા દિવસ, કેન્દ્ર સરકારની આવકનો ત્રીજો મુખ્ય સ્રોત, પણ ૧૮૬૦ માં અંગ્રેજો દ્વારા શરૂ કરવામાં આવ્યો હતો.**

ભારતના અત્યાર સુધીના ઈતિહાસમાં મુઘલોએ ૩૩૨ વર્ષ શાસન કર્યું, જે ૧૫૨૬ માં બાબરથી શરૂ થયું અને ૧૮૫૮ સુધી ચાલ્યું. આ સમયનો સૌથી મહત્ત્વનો કર 'જઝીયા' હતો. જઝીયા એક પ્રકારનો ધાર્મિક કર હતો. તે મુસ્લિમ રાજ્યમાં રહેતા બિન-મુસ્લિમ લોકો પાસેથી એકત્રિત કરવામાં આવતો હતો. **ઇસ્લામિક રાજ્યમાં ફક્ત મુસ્લિમોને જ રહેવાની છૂટ હતી અને જો કોઈ બિન-મુસ્લિમ તે રાજ્યમાં રહેવા માંગતો હતો, તો તેણે જઝીયા ચૂકવવો પડતો હતો.**

આ આપ્યા પછી જ ઈસ્લામિક રાજ્યમાં બિન-મુસ્લિમ લોકો તેમના ધર્મનું પાલન કરી શકશે. આ કરમાંથી મળેલી રકમને ચેરીટી, પગાર, પેન્શનમાં વહેંચવા ઉપરાંત ઘણા સૈન્ય ખર્ચ પછી બચેલી રકમ શાસકના અંગત ભંડોળમાં જમા કરવામાં આવતી હતી. **ઘણા મુસ્લિમ બાદશાહોએ આ ટેક્સ નાબૂદ કરવાની પહેલ કરી હતી, જેમાં મહત્ત્વપૂર્ણ નામ બાદશાહ અકબરનું છે.**

બ્રિટીશ યુગ દરમિયાન આ રીતે કર વસૂલવામાં આવતો હતો. જાણીતા અર્થશાસ્ત્રી ઉત્સવ પટનાયકના ઈકોનોમી સ્ટડી રીસર્ચ રીપોર્ટ અનુસાર, ૧૭૬૫ અને ૧૯૩૮ ની વચ્ચે અંગ્રેજોએ ભારતમાંથી $૪૫ ટ્રીલિયનની સંપત્તિ લૂંટી હતી. બ્રિટીશ શાસન દરમિયાન, ભારતમાં વિનિમય દર પાઉન્ડ દીઠ US$ ૪.૮ હતો. બ્રિટને ભારતમાંથી જે પૈસા ચોર્યા તેનો ઉપયોગ હિંસા માટે કરવામાં આવ્યો. વર્ષ ૧૮૪૭ સુધીમાં, ભારતમાં બ્રિટીશ રાજ સંપૂર્ણ રીતે લાગુ થયા પછી ટેક્સ અને બાય સિસ્ટમ લાગુ કરવામાં આવી હતી. ઈસ્ટ ઈન્ડિયા કંપનીનું કામ ઓછું થઈ ગયું અને ભારતીય વેપારીઓ પોતે નિકાસ કરવા સંમત થયા. જે કોઈ પણ વ્યક્તિ ભારતમાંથી વિદેશી વેપાર કરવા માંગતી હતી તેણે ખાસ કાઉન્સિલ બીલનો ઉપયોગ કરવો પડતો હતો. તે એક અલગ કાગળનું ચલણ હતું, જે ફક્ત બ્રિટીશ ક્રાઉન જ લઈ શકે છે અને તેને લેવાનો એકમાત્ર રસ્તો લંડનમાં સોના અથવા ચાંદીના બીલ સ્વીકારવાનો હતો. જ્યારે આ બીલો ભારતીય વેપારીઓ પાસે ગયા ત્યારે તેમને બ્રિટીશ સરકાર પાસેથી રોકડ મેળવવાની હતી.

આ બીલો રોકડ કરાવવા પર તેને રૂપિયામાં પેમેન્ટ મળતું હતું. આ તે ચૂકવણી હતી જે તેમના દ્વારા ચૂકવવામાં આવેલા ટેક્સ દ્વારા લેવામાં આવતી હતી. એટલે કે, વેપારીઓના પૈસા તેમને પાછા આપવામાં આવતા હતા. મતલબ કે સોનું અને ચાંદી બ્રિટીશ સરકાર પાસે કોઈપણ ખર્ચ વિના આવતા હતા અને વેપારીઓ એમ જ માનતા હતા કે આ પૈસા તેમની કમાણી છે. આવી સ્થિતિમાં, લંડનમાં જે સોનું અને ચાંદી એકત્ર થયા તે સીધા ભારતીય વેપારીઓ પાસે આવવા જોઈએ.

અંગ્રેજો દ્વારા લાદવામાં આવેલા કર વિશે જાણોઃ નવાઈની વાત એ છે કે, આઝાદી પહેલા અંગ્રેજોના જમાનામાં મોટોરાના (જમીન માલિક માટે કાર-મોટર ખરીદવા સંબંધિત કર) અને હાથિયાણા (જમીન માલિકના હાથી માટે ખોરાકની જોગવાઈ સાથે સંબંધિત કર) જેવા કર પણ ભારતીયો પાસેથી વસૂલવામાં આવતા હતા, જેને જનતા સાથે કોઈ લેવાદેવા ન હતી. અંગ્રેજોએ ભારતીય લોકો પર પોતાનું નિયંત્રણ સ્થાપિત કરવા માટે રજવાડાઓના રાજાઓનો ઉપયોગ કર્યો હતો.

તે સમયે મકાન માલીકો ભાડું વસૂલતા હતા અને તેઓ સ્થાનિક ભાષા, રીતરિવાજો અને અન્ય માહિતીને કારણે અંગ્રેજો માટે સારા કર વસૂલનારા સાબિત થયા હતા. પરંતુ આ જમીનદારો પોતાના જ દેશના ગરીબ લોકોને ત્રાસ આપતા હતા અને નવા પ્રકારના કર લાદતા હતા. ગરીબ લોકો પોતાના બાળકોનું પેટ કાપીને પોતે ભૂખ્યા સૂવે છે અને હાથી

ટેક્સ ભરે છે. જમીનદારો અને અંગ્રેજો તે ટેક્સ લઈને મોટરોમાં ફરતા અને તેમના હાથીઓને સારું અનાજ ખવડાવતા. ઘણા જમીનદારો તેમના ઘોડાઓને ખવડાવવા માટે ઘોડી કર વસૂલતા હતા.

ભારતમાં કર પ્રણાલી પ્રાચીનકાળથી ચાલી આવી છે. વિવિધ શાસકો દ્વારા અલગ અલગ પદ્ધતિથી કરવેરો વસૂલવામાં આવતો હતો. પ્રાચીનકાળથી ચાલી આવેલા કરવેરાના સિદ્ધાંતોને ધ્યાનમાં રાખીને ૧૯૨૨માં આવકવેરા કાયદાની રચના કરવામાં આવી હતી.

કરવેરાનો ઈતિહાસ ખૂબ જૂનો છે. ૩૦૦૦ વર્ષ પહેલા પણ ઈજિપ્ત અને ગ્રીસના રહીશો આવકવેરો, વપરાશ વેરો અને કસ્ટમ ડ્યુટી ચૂકવતા હતા. **આવી ચૂકવણી વિવિધ રીતે કરવામાં આવતી હતી જેમકે માલના રૂપમાં, પગાર સિવાય મજૂરી કામના રૂપમાં વગેરે.** ભારતમાં પણ પ્રાચીન કાળથી કરવેરા ઉઘરાવવામાં આવતા હતા. મનુસ્મૃતિ અને અર્થશાસ્ત્ર નામના પ્રાચીન ગ્રંથમાં પણ તેનો ઉલ્લેખ જોવા મળે છે.

મનુસ્મૃતિ ગ્રંથ પ્રમાણે રાજાઓએ કરોના દરની વ્યવસ્થા એ રીતે કરવાની હતી કે જેનાથી કરદાતા તેને સરળ રીતે ભરી શકે. દિલ્હીના સુલતાનોએ જાગીરદાર પ્રણાલી રજૂ કરી જેના હેઠળ જાગીરદારો અથવા એજન્ટો શાસન કરતા હતા. એસ્ટેટ અને ભાડુઆતો પાસેથી વેરો વસૂલવાની સિસ્ટમ મુઘલોના સમયથી ચાલી આવી હતી. જેને બાદમાં રાજપૂત, સૈની અને શીખ શાસકો દ્વારા જાળવી રાખવામાં આવી હતી અને ત્યારબાદ અંગ્રેજોએ પણ એ પ્રણાલીને ચાલુ રાખી. દિલ્હી સુલતાનોએ કરની આવક વધારવા માટે વિવિધ નવી રીતોનું અનુસરણ કર્યુ હતુ.

જેમાં મુખ્યત્વે ખિરાજ એટલે કે જમીનની આવક. ખિરાજએ આવકનો મુખ્ય સ્ત્રોત હતો. તેના હેઠળ કરદાતાની કુલ આવકની અડધી આવક સુલતાનો દ્વારા ઉઘરાવવામાં આવતી હતી. આ કર ફક્ત બિન મુસ્લિમ લોકો પર લાદવામાં આવતો હતો. જો કે બાળકો, સ્ત્રીઓ અને સાધુઓને આ કરમાંથી મુક્તિ આપવામાં આવી હતી. મુસ્લિમ લોકો પર ખૂબ નજીવો કર લાદવામાં આવ્યો હતો.

૧૫૮૦માં અક્બરે દહસલા અથવા બંદોબસ્ત અર્ઝી અથવા જબતી સિસ્ટમની સ્થાપના કરી. આ પ્રણાલી હેઠળ જુદા જુદા પાકની સરેરાશ પેદાશો તેમજ છેલ્લા દસ વર્ષમાં પ્રવર્તિત સરેરાશ ભાવની ગણતરી કરવામાં આવતી હતી અને સરેરાશ ઉત્પાદનના ત્રીજા ભાગનો હિસ્સો એ રાજ્યનો હિસ્સો ગણાતો હતો. અકબરને પોતાની ખાસ વ્યવસ્થા માટે ઓળખવામાં આવતા હતા.

તેમણે પોતાના શાસનકાળ દરમિયાન ભૂમિ સુધાર, ભૂમિ માપન, દહશાલા અને કરોડી કર પ્રણાલી શરૂ કરી. તે સમયે અક્બરના દરબારમાં રાજા ટોડરમલ વિત્તમંત્રી હતા. તેમણે રાજસ્વ વ્યવસ્થામાં સંશોધન કરીને જમીનને તેની ફળદ્રુપતાના આધારે ચાર ભાગમાં વહેંચી. આ વ્યવસ્થાને દહસાલા નામથી ઓળખવામાં આવતુ હતું. આ સિવાય અક્બરે કરૌડી નામના અધિકારીની ૧૫૭૩માં નિયુક્તિ કરી. જેમનું કામ પોતાના ક્ષેત્રમાંથી ૧ કરોડ રૂપિયા ઉઘરાવવાનું હતુ.

છત્રપતિ શિવાજી મહારાજે આવકના સ્ત્રોતને વધારવા માટે પોતાનું ધ્યાન મહેસૂલ વહીવટ તરફ કેન્દ્રિત કર્યું. તેમણે સૌ પ્રથમ જાગીર પ્રથાને નાબૂદ કરી કારણ કે તે બળવાખોર વૃત્તિઓને ઉત્તેજીત કરતી હતી. સાથે જ તેમણે જમીનદારી પદ્ધતિ નાબૂદ કરી અને સાથે ખેડૂતો સાથે સીધી કડીઓ સ્થાપિત કરી. તેમણે મહેસૂલ વસૂલનારા જૂના અને ભ્રષ્ટ અધિકારીઓને દૂર કર્યા.

તેમની જગ્યાએ નવા અને પ્રામાણિક અધિકારીઓની નિમણૂક કરી. તેમણે જમીનની માપણી કરી અને તેને વિવિધ કેટેગરીમાં વહેંચી દીધી. શિવાજી મહારાજે દુષ્કાળ કે કુદરતી આફતોની સ્થિતિમાં રાજ્ય દ્વારા ખેડૂતોને સબસિડી આપવાનું શરૂ કર્યું. તેમજ ખેડૂતો પોતાના દેવાને સરળ હપ્તામાં રકમ ચૂકવી શકતા હતા.

રાજપુતકાળમાં જમીન દ્વારા થતી આવક મુખ્ય આવકનો સ્રોત હતી અને કરની રકમ જમીનની ફળદ્રુપતા, સિંચાઈ સુવિધાઓ વગેરેના આધારે નક્કી કરવામાં આવતી હતી. જમીનની આવક મુખ્યત્વે ખેત પેદાશમાં અને રોકડમાં ચૂકવવામાં આવતી હતી. ભેટો, દંડ, ખનીજ, જંગલો અને લીઝ-આઉટ થયેલી જમીન આવકના વધારાના સ્ત્રોત હતા.

બ્રિટીશરો દ્વારા ૧૮૬૦માં આધુનિક આવકવેરા પદ્ધતિની રજૂઆત કરવામાં આવી હતી અને રસપ્રદ વાત એ છે કે આ પાછળ ભારતના લોકોનો બળવો જવાબદાર હતો. ૧૮૫૭ના સિપાહી વિદ્રોહથી બ્રિટીશ સરકાર આર્થિક સંકટમાં પડી ગઈ અને તેમણે કર-વસૂલી માટે મિકેનિઝમ લાગુ કરવાનું નક્કી કર્યુ. જેના માટે જેમ્સ વિલ્સનને દેશના પ્રથમ તાત્કાલીન નાણાં પ્રધાન બનાવવામાં આવ્યા.

**૧૮૬૦ના ફેબ્રુઆરી માસમાં બનેલી કરવેરા પ્રણાલીનું મોડલ આજે પણ ભારતમાં ઉપયોગમાં લેવામાં આવે છે.**

*સંદર્ભ : વિકીપીડિયા, વિવિધ અખબારી અહેવાલો.*

***"પરમેશ્વરી", પ્લોટ નંબર ૧૬૫, હોસ્પિટલ રોડ, વિજયનગર એરિયા, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. • મો. ૯૪૨૮૦ ૭૭૨૯૫***

વિવિધતા

# જીવન વૈભવ સમજાવતા પ્રશ્નો

લેખાંક-૪



દૃષ્ટિ મહેતા



યેશા મહેતા

***નોંધ : 'મંગલ મંદિર'ના દરેક વાચકને આ લેખ વાંચી જવા આગ્રહભરી વિનંતી છે કેમકે તેને ૨૫ વર્ષની અને ૧૫ વર્ષની દીકરીઓએ લખેલ છે.***

***– તંત્રી મંડળ***

***<u>પ્રશ્ન</u> : રમકડાંથી બાળકો શું શીખી શકે છે?***

***<u>જવાબ</u> :***

*રમકડાંએ આજે કરી છે રાવ*
*આવ્યો મોબાઈલને અમારા ઘટી ગયા છે ભાવ,*
*રમકડાંએ આજે કરી છે રાવ.*

*ભાંગી તૂટી રમવાનું હોય, તોય આનંદ આવતો,*
*આળોટતા એ ધૂળનોય, સ્વાદ અમને ભાવતો*
*જખમ એ ડિલનો ભરાય, ન ભરાય દિલના ઘાવ*
*રમકડાંએ આજે કરી છે રાવ.*

*ટેકનોલોજી સાથે-સાથે અમનેય સમય આપો,*
*સાચી ખુશી શામાં છે? ક્યારેક તો એ માપો*
*મારી દિલમાં ડૂબકી સાચા તથ્ય સુધી તો જાવ,*
*રમકડાંએ આજે કરી છે રાવ.*

*અમે અમારી અંદર ઘણી લાગણીઓને ઠાંસી છે,*
*બાકી દુનિયા મોબાઈલની સર્વસ્વ આભારી છે,*
*ફેંકી દઉં હું આજે એને અહીં એ ડબલું લાવ,*
*રમકડાંએ આજે કરી છે રાવ!*

*– અજ્ઞાત (સંકલિત રચના)*

આવાં રમકડાંએ કરેલી રાવથી હું સંપૂર્ણપણે સહમત છું. કારણકે હું પણ તો છું એક નાનકડું બાળ! અને રમકડાંની વાત આવે એટલે મને તો ખૂબ જ ગમે. પણ એક વાત કહેવાનું મન થાય છે મને –

***નથી રમાતી આઈસ-પાઈસ, કે નથી રમાતો હવે થપ્પો***
***એક બિલાડી જાડી હવે નથી પહેરતી સાડી.***

અમારા બાળકોનું તો બાળપણ જ આખું જાણે મોબાઈલ રમે છે.

અમારી ઉંમરના કે નાનાં બાળકો બધા જ મોબાઈલથી રમે છે, પરંતુ અમને તો રમકડાં અત્યંત પસંદ છે.

બાળકો સાથે અતૂટ રીતે જોડાયેલા છે રમકડાં... કોઈપણ બાળક આ વિશ્વમાં એવું નહીં હોય જે રમકડાંથી રમ્યું ન હોય! બાળકોના બૌધ્ધિક વિકાસ માટે રમકડાં મહત્ત્વનો ભાગ ભજવે છે. રમકડાં સાથે તે તાદાત્મ્ય સાધે છે. બાળકની કોઈ ચોક્કસ પ્રકારના રમકડાંમાં રહેલી રસ રૂચિને કારણે બાળકમાં રહેલી આંતરિક શક્તિનો પરિચય થાય છે. બાળકોનાં રમકડાં સાથેના વર્તાવને એક મનોવૈજ્ઞાનિક દૃષ્ટિથી મૂલવી શકાય છે,. તેના મનોજગતને સમજવા આ રમકડું ઘણું ઉપયોગી છે. ગુરૂદેવ શ્રી રવિન્દ્રનાથ ટાગોરે એક કવિતામાં કહ્યું છે, 'એક રમકડું બાળકોને ખુશીઓની અનંત દુનિયામાં લઈ જાય છે. રમકડાંનો એક-એક રંગ બાળકોનાં જીવનમાં કેટલો પાથરે છે.'

રમકડાંનું આખુંય બજાર છે. કેટકેટલાં રમકડાં આ વિશ્વમાં ઉપલબ્ધ છે. દરેક બાળકની પસંદગી અલગ અલગ હોઈ શકે છે. તદુપરાંત, જુદા જુદા વયજૂથ અને ગ્રામ્ય કે શહેરી પહેરવેશનાં આધારે આ રમકડાં બનાવવામાં આવે છે. મોટાભાગે ભારતનાં રમકડાં એ પ્રાકૃતિક અને ઈકોફ્રેન્ડલી વસ્તુઓમાંથી બને છે. તેમાં ઉપયોગી રંગો પણ સુરક્ષિત અને પ્રાકૃતિક હોય છે. તેને જોઈને બાળકો અવનવા રંગોને પારખતા શીખે છે અને પ્રકૃતિના રંગોથી વાકેફ થાય છે. બાળકોની તાર્કિક અને રચનાત્મક વિચારોની શક્તિ માત્ર રમકડાં જ ખીલવી શકે છે.

બાળક જન્મે કે તુરંત જ તેનાં કલરફૂલ ઘોડિયામાં ઘુઘરા કે ચકલા-પોપટની ફરકણી કે ઘુઘરાનો પ્રથમ પગરવ થાય છે. નાનકડી આંખોએ કલરફૂલ, નયનરમ્ય રમકડાં, અવાજો, સંગીત, આકારો જોઈને બાળક મંદ મંદ હસવા લાગે છે. રમવું અને ઊંઘવું એ બે જ કામ બાળકને હોય છે. ત્યારે પ્રથમ સમજના પાઠો આ રમકડાંથી જ મળે છે. બાળકની ક્ષિતિજને વિસ્તૃત આ રમકડાં જ કરે છે. બાળકો ભેગા થાય ત્યારે બધા રમકડાંનો ઢગલો કરીને ક્રમબધ્ધ ગોઠવે ત્યારે પૃથક્કરણ જેવી

રીતો શીખે છે. મનોવિજ્ઞાન પણ રમકડાંને સવિશેષ મહત્ત્વ આપે છે કારણકે તે બાળપણનાં પાંચ વર્ષમાં રમકડાં દ્વારા ૯૦% જેટલું સામાન્ય જ્ઞાન મેળવે છે.

પ્લે હાઉસથી જ વિવિધ પ્રવૃત્તિમાં આવા રમકડાંના ઉપયોગથી વાંચન, ગણન અને લેખન કૌશલ્ય ઝડપથી વિકસે છે. બાળકોને વાર્તા અને રમકડાં બહુ જ ગમતાં હોવાથી તે બંનેને સાંકળીને શિક્ષણમાં ઉમેરવાથી બાળક ઝડપથી શીખવા લાગે છે. બાળકનાં મગજને વિકસાવવા રમકડાં સૌથી શ્રેષ્ઠ છે. બાળકોને વિવિધ પશુ-પંખીને પ્રાણીઓના રમકડાં ગમતાં હોવાથી તેની સાથે રમતાં-રમતાં એ વિવિધ પ્રાણીઓ વિશેની સમજ મેળવવા લાગે છે. રમકડાંથી બાળકની કલ્પનાશક્તિ અને સર્જનાત્મક્તાનો વિકાસ થાય છે.

જેમ બાળકો મોટાં થાય છે તેમ તેમ ઘરની અંદર અને બહાર વિવિધ રમતો રમે છે. પત્તાં, બોર્ડગેમ વગેરે તેમનામાં વિચારવાની શક્તિ, વ્યૂહરચના, નિયમોનું પાલન, જીત અને હારને સમાન રીતે અપનાવવી જેવા કૌશલ્યોનો વિકાસ કરે છે. બાળક પાઠ્યપુસ્તકથી નહીં, રમકડાંથી વધુ શીખે છે. માતા-પિતાએ સ્વીકારવું જોઈએ કે 'રમવું એ સમયનો વેડફાટ નથી, પણ બાળકના જીવનમાં એક બહુ મોટું રોકાણ છે. કારણકે બાળકને બાળપણમાં નહીં રમવા દેવામાં આવે તો તે મોટા થઈને પોતાની દબાવેલી ઈચ્છાને નકારાત્મક રીતે સટ્ટો કે Wrong side driving કરીને પૂર્ણ કરશે.

બાળક સાથે બાળક બની વિવિધ રમકડાંઓથી રમવાથી તમે તેનો તણાવ દૂર કરી શકશો તથા એકબીજાને વધુ સારી રીતે સમજી બાળક માટે સ્મૃતિનો ભંડાર તૈયાર કરી શકશો.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ઓગસ્ટ ૨૦૨૦માં તેમનાં રેડિયો કાર્યક્રમ 'મનકી બાત'માં જણાવ્યું હતું કે, રમકડાંથી માનસિક વિકાસને પ્રોત્સાહન આપતી પ્રવૃત્તિઓ સાથે તેમનાં સ્વપ્નાઓને પાંખો પણ મળે છે.

આમ, આપણા બાળકોને રમકડાં રમ્યા વિના જ એક યંત્રવત રમકડું ન બની જાય તે માટે રમકડાંને આપણા રમકડાંના (બાળકોના) જીવનનો અભિન્ન અંગ બનાવી બાળકનો સર્વાંગી વિકાસ સાધીએ.

- **નખશીખ :**

***આપણું જીવન એટલે રમકડાંની બજાર. આપણે બધા જ બોલતા-ચાલતા, ડોલતાં માટીનાં રમકડાં છીએ. રોજ રોજની રમત માત્ર જુદી છે.***

***૨૦૪, કળશ (સી.એન.) કો.ઓ. હાઉ. સોસાયટી,***
***સી. એન. વિદ્યાલય ગેટ નં.-૧ની સામે,***
***આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૦૬. સંપર્ક : ૯૯૭૪૩ ૭૯૮૫૮***

## દુનિયાના ડિગ્રી વગરના અમીરો

**(અનુસંધાન : પાના નં. – ૩૩ ઉપરથી ચાલુ)**

**સ્ટીવ જોબ્સ**નું નામ કોણ નથી જાણતું. દુનિયાના લાખો યુવાઓની પ્રેરણા અને આઈડિયલ પર્સનાલિટી એવા સ્ટીવ જોબ્સ અમીરોમાં ટોપ ઉપર છે, તો ચેરીટી કરનારાઓમાં પણ ટોપ ઉપર છે. સ્ટીવે તેમની કોલેજનો અભ્યાસ અધવચ્ચેજ છોડી દીધો હતો અને એપલ કંપનીની સ્થાપના ૧૯૭૫માં કરી હતી.

રીડ કોલેજમાં તેમણે માત્ર એક સેમેસ્ટર પછી જ અભ્યાસ છોડ્યો હતો. તેમનામાં લગન અને આગળ વધવાનું એક ઝનુન હતું. જેના દમ પર તેમના એપલના લેપટોપ અને ફોન આજે દુનિયામાં નંબર વન પર છે. તેમની એપલ કંપની કરોડો ડોલરનો વેપાર દુનિયા આખીમાં કરે છે અને ટોપ ઉપર છે.

સોફ્ટવેરની દુનિયાનું ટોપનું નામ સોશિયલ મીડિયા ફેસબુક અને વોટસ ઍપનું આવે છે. તેના માલિક અને શોધક **માર્ક ઝુકરબર્ગ**ના નામથી ભાગ્યેજ કોઈ યુવાન આજે અજાણ હશે.

ઝુકરબર્ગ આજે ઘણાના પ્રેરણા સ્ત્રોત છે Ideal છે. તેમણે પણ તેમની હાવર્ડ યુનિ.નો અભ્યાસ ૨૦૦૪માં અધવચ્ચે જ છોડી દીધો અને સૌની પ્રિય એવી ફેસબુક સોશિયલ મીડિયા સાઈટનું સર્જન કર્યું અને દુનિયામાં પ્રસિદ્ધ થઇ ગયા. આજે અબજો લોકો તેમની સાઈટનો લાભ લે છે. દુનિયામાં અરબો લોકોની આ પ્રિય સાઈટ છે. જેણે ઝુકરબર્ગને દુનિયાના ટોચના અમીર બનાવ્યા અને ભરપૂર નામના પણ આપી છે.

દુનિયામાં જ્યાં ભણતર અને ડિગ્રીનું મહત્ત્વ વધી રહ્યું છે ત્યાં દુનીયાના આ ટોચના અમીરો અને પ્રસિદ્ધ લોકોની શોધો અને જીવનની કહાની કંઈક અલગ જ સાબિત કરી જાય છે. ડિગ્રી કરતા પણ મહેનત અને ઝનુન તેમજ કંઈક કરવાની ઈચ્છા ડિગ્રીના ભણતર કરતા વિશેષ છે.

આ વિશ્વના આજના સફળ લોકોની સ્ટોરી છે.

| | સફળ વ્યક્તિ | પ્રોડક્ટ / કંપની |
|---|---|---|
| ૧. | બીલ ગેટ્સ | માઈક્રોસોફ્ટ |
| ૨. | માઈકલ ડેલ | ડેલ કમ્પ્યુટર |
| ૩. | મટ મુલેનવેગ | વર્લ્ડ પ્રેસ |
| ૪. | લેરી એલિસન | ઓરેકલ |
| ૫. | સ્ટીવ જોબ્સ | એપલ |
| ૬. | માર્ક ઝુકરબર્ગ | ફેસબુક / વોટ્સએપ |

*__નોંધ__ : ઉપરોક્ત યાદીમાં ભારતીયોના નામ નોંધાય તેવી આપણે અપેક્ષા રાખીએ.*

સફળતાનું ઝનૂન

# દુનિયાના ડિગ્રી વગરના અમીરો



ચૌલા કુરૂવા

મનુષ્ય એક જ એવું પ્રાણી છે જે સ્વપ્ન જોવાની ક્ષમતા ધરાવે છે. અને જે લોકો સ્વપ્ન જોવાની હિંમત રાખે છે તે લોકો પોતાના સપના સાકાર પણ કરે છે. અલબત્ત, તેમાં મહેનત અને લગન જરૂરી છે.

હવેની દુનિયામાં ડિગ્રી બહુજ જરૂરી છે અને ભણતર જરૂરી બન્યું છે. આજકાલ તો ગરીબ માણસ હોય, પટાવાળો કે સાધારણ વ્યક્તિ પણ તેમના છોકરાઓને સારી સ્કૂલમાં મોકલે છે. ઘણા તો વળી પોતાના બાળકોને અંગ્રેજી સ્કુલમાં ભણાવે છે. સાવ સાધારણ લાગતા માતા-પિતા એમ ઈચ્છે છે કે તેમના સંતાનો તેમના કરતા વધુ ભણે અને આગળ જાય.

પરંતુ આજે પણ એવા લોકો છે જેમણે એક કે બીજા કારણસર ડિગ્રી નથી લીધી અને ભણતર વચ્ચેથી જ છોડ્યું છે પણ પોતાના ક્ષેત્રમાં મોટી સિદ્ધી મેળવી છે. એટલું જ નહીં, કરોડો રૂપિયા કમાઈને દુનિયાના સોથી વધુ અમીર લોકોની યાદીમાં સમાવેશ પામ્યા છે.

સફળતાને વરેલા આવા લોકોની સફળતા ડિગ્રી પર નથી કે અક્ષરજ્ઞાન પર નથી. પરંતુ સફળતા તેમની મહેનત, લગન અને ઝનુનને કારણે છે. આગળ વધવાની અને કંઈક કરવાની લગનના કારણે તેઓને સફળતા વરેલી છે.

દુનિયાની આવી પ્રસિદ્ધ, સફળ અને અમીર વ્યક્તિઓની વાતો જોઈએ.

**બીલ ગેટ્સ** અને તેમની માઈક્રોસોફ્ટ કંપનીનું નામ કોણે સાંભળ્યું નથી? બીલ ગેટ્સ દુનિયાના સૌથી શક્તિશાળી અમીર વ્યક્તિ છે ..

વિશ્વની સૌથી મોટી સોફ્ટવેર કંપની માઈક્રોસોફ્ટની સ્થાપના આ વ્યક્તિએ કરી છે. દુનિયામાં સૌથી વધુ દાન કરનાર અને ચેરીટી કરનાર પણ આ સફળ ઉદ્યોગપતિ છે.

માઈક્રોસોફ્ટ કંપની માટે બીલે તેમની હાવર્ડ યુનિવર્સિટીનો અભ્યાસ અધવચ્ચે જ છોડી દીધો હતો. બીલ ગેટ્સને નાનપણથી જ કમ્પ્યુટર પ્રોગ્રામનો રસ હતો. માત્ર ૧૩ વરસની ઉંમરમાં તેમણે મોટામોટા સોફ્ટવેર બનાવવા શરૂ કરી દીધા હતા. એટલુંજ નહીં હાવર્ડમાં તેમણે એડમિશન લીધું તેના પાંચ વરસ પહેલાથી જ તેઓ પ્રોગ્રામિંગ એક્સપર્ટ હતા. ૧૯૭૫માં બીલ ગેટ્સે તેમનો હાવર્ડનો અભ્યાસ અધવચ્ચેથી જ છોડી દીધો અને મિત્ર પોલ એલન સાથે માઈક્રોસોફ્ટને આગળ વધારવામાં લાગી ગયા.

બીલ ગેટ્સ આજે દુનિયાના સૌથી વધુ અમીર ગણાય છે.

**માઈકલ ડેલ** એવાજ બીજા પ્રસિધ્ધ અને અમીર છે. તેમણે પણ ૧૯ વરસની ઉંમરે કોલેજ વચ્ચેથી જ છોડી દીધી અને ડેલ કમ્પ્યુટર કંપનીની સ્થાપના કરી.

૧૯૯૨માં માઈકલને દુનિયાના સૌથી યુવાન CEO તરીકે જાહેર કરાયા. માઈકલે માત્ર ૧૦૦૦ ડોલર સાથે તેમના બિઝનેસની શરૂઆત કરી હતી. આજે અમેરિકાની આ ડેલ કોમ્પ્યુટર કંપની દુનિયાની ટોપની કોમ્પ્યુટર કંપનીઓમાંની એક છે.

**મટ મુલેનવેગ :** મુલેનવેગે ૨૦૦૪માં હ્યુસ્ટન યુનિવર્સિટીનો તેનો અભ્યાસ અધવચ્ચે જ છોડી દીધો હતો. વિશ્વાસમાં નહીં આવે પણ આ સાચી હકીકત છે કે મુલેનવેગે ૨૦ વરસની નાની ઉંમરમાં જ વર્લ્ડપ્રેસ જેવું મોટું સોફ્ટવેર બનાવી લીધું હતું.

તેઓ પ્રોગ્રામિંગ ફિલ્ડમાં જ નોકરી શોધતા હતા પણ તેમને સારી નોકરી ન મળી. એટલે આખરે તેમણે પોતાનું વર્લ્ડ પ્રેસ જ આગળ વધારવાનું નક્કી કર્યું અને પોતાની કંપની બનાવી. આજે દુનિયાની લગભગ ૨૫% વેબસાઈટ વર્લ્ડ પ્રેસમાં જ બની છે. અને તેઓ દુનિયાના અમીરોમાંના એક છે.

**લેરી એલિસન** : એલિસન માટે રસપ્રદ વાત એવી છે કે તેઓ તેમનો કોલેજનો અભ્યાસ બે વાર છોડી ચુક્યા છે. પહેલા Uni. of Illinoisમાં બે વરસના અભ્યાસ પછી કોલેજ વચ્ચે જ છોડી દીધી. પછી શિકાગો યુનિ.માં એડમિશન લઈને એક સેમેસ્ટર પછી છોડી દીધી.

ત્યારપછી તેમણે જાણીતા ડેટાબેઝ સોફ્ટવેર ઑરેકલની શોધ કરી. જેનો સૌથી વધુ ઉપયોગ આજે વિશ્વમાં થાય છે. ઓરેકલ (Oracle) આજે દુનિયાની ટોપની પ્રતિષ્ઠિત સોફ્ટવેર કંપનીઓમાં જાણીતી છે.

**(અનુસંધાન : જુઓ પાના નં. – ૩૨ ઉપર)**

વ્યક્તિ વિશેષ

# આજોડના દિવ્યાંગ રંજનબેન પટેલ એટલે અજોડ વ્યક્તિત્વ



મનીષ જોષી 'મૌન'

## જીવન જીવવાની કળા શીખવી હોય તો તેમની પાસેથી જ...

વડોદરા નજીકના આજોડ ગામની ઓળખ એટલે પૂજ્ય પાંડુરંગ શાસ્ત્રીનું વૃક્ષ મંદિર. જ્યાં દર રવિવારે બપોરે ૩ થી ૬ દરમિયાન દર્શનાર્થીઓ આવે, વૃક્ષો સાથે તાદાત્મ્યતા અનુભવે અને પ્રસાદરૂપે વૃક્ષ મંદિરમાં પાકેલા ફળ કે શાકભાજી લઈને જાય.

આ ગામ આજોડમાં અન્ય એક વિરલ વ્યક્તિત્વ પણ વસે છે. તેને લોકો **રંજનબેન ત્રિભુવનદાસ પટેલ**ના નામથી ઓળખે છે.


વર્ષ ૧૯૬૫ના એપ્રિલ માસમાં રંજનબેનનો જન્મ થયો. એટલે માતા શોભાબેન અને પિતા ત્રિભુવનભાઈ હરખાયા. દીકરી ભાખોડિયા ભરતી થઈ એટલે હરખ બેવડાયો. ૧૧ માસની રંજનને લકવો મારી જતા હરખ ચિંતામાં પરીવર્તિત થયો. કેડેથી નીચેનો ભાગ ખોટો થઈ જતા બીજા બાળકો રમતા હોય ત્યારે દીકરી રંજન કોણીની મદદથી ઢસડાતા ઢસડાતા રમવા જતી. કોણી છોલાઈ જતી. એમ કરતા મોટી થતી ગઈ. પણ નિશાળમાં તેને ભણવા માટે પરવાનગી ન મળે. નિશાળમાં એડમિશન મળ્યું હોત તો પણ દરરોજ ઊંચકીને લેવા મુકવા જવી પડે! એટલે નવ વર્ષ સુધી અક્ષર જ્ઞાનથી રંજનબેન દૂર રહ્યા. એ પછી કોઈપણ હિસાબે ભણવું એવો દ્રઢ નિશ્ચય કરી ગામની શાળામાં સાત ધોરણ પાસ કર્યા. ગામ નાનું હોવાથી સાત ધોરણ પછી ભણવું હોય તો દશરથ ગામે અથવા અન્ય કોઈ ગામે જવું પડે. એટલે ફરી અભ્યાસ પર પૂર્ણવિરામ મૂકાઈ ગયું. રંજનબેન બેઠા બેઠા મમ્મી-પપ્પાને ઘરમાં જે મદદ થાય તે કરતા રહેતા.

વર્ષ ૨૦૦૧માં રંજનબેન અને તેમના મિત્ર વિભાબેનને જાણ થઈ કે નજીકના દશરથ ગામમાં ગામના ભામાશા નીલેશ પટેલ અને તેમના પત્ની રીટાબેન પટેલ દ્વારા દિવ્યાંગો માટે દર માસના પ્રથમ રવિવારથી ત્રણ દિવસ માટે નિઃશુલ્ક કેમ્પ આયોજિત કરે છે. જેમાં જમવાની સગવડ સાથે દિવ્યાંગોને જરૂરી કેલીપર્સ સહિતના સાધનો બનાવી આપવામાં આવે છે. એટલે સુરેખાબેનની સાથે રંજનબેન દશરથ ગામે પહોંચી ગયા. ત્યાં નીલેશભાઈ અને ભાદરણવાળા રસીક પટેલ દાદા મળ્યા. તેમની સાથે ભાદરણવાળા વિનોદભાઈ પટેલ પણ હતા.

ઉદાર દિલના બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ જેવા ત્રણેય વ્યક્તિએ રંજનબેનની કઠિન યાત્રા જાણી. એ પછી રસ લઈને રંજનબેનને સમજાવી સર્જરી કરાવાઈ. પગ થોડા સીધા થઈ ગયા. કેલિપર્સ ઓઠિંગણ બન્યું. હિંમત બેવડાઈ. ત્યાં સુધીમાં રંજનબેન ગામના ફોઈ તરીકે જાણીતા થઈ ગયા હતા.

રસીકદાદા એટલેથી ના અટક્યા. તેઓ રંજનબેનને બધી રીતે પગભર જોવા માગતા હતા. એટલે જ ગામમાં ઘરના આંગણે સિધ્ધનાથ મહાદેવ મંદિરની સીધી દૃષ્ટિ પડે એ રીતે એક દુકાન શરૂ કરવા પ્રેરણા આપી અને બેંકમાંથી લોન પણ અપાવી. રંજનબેન પોરસાયા. રસીકદાદાની મદદ માથે ચડાવી એ કાંઈ ભૂલાય? એટલે રસીકદાદાના પત્ની જશુબેનના નામે 'જશુબા જનરલ સ્ટોર' રંજનબેને શરૂ કર્યો. હવે બંને રીતે રંજનબેન પગભર થયા હતા.

વાત આવી, હાથ પીળા કરવાની. આણંદ જિલ્લાના કુંજરાવ ગામના દિલીપભાઈ જોવા માટે આવ્યા. ત્યારે રંજનબેનની પ્રિય સખી વિભા પણ હાજર હતી. દિલીપભાઈએ જોયું તો રંજનની અને પોતાની વિકલાંગતા લગભગ સરખી જ હતી. તેથી સહજીવનમાં મુશ્કેલી આવી શકે. દિલીપભાઈએ

॥ શુભેચ્છા સહ... ॥

શ્રી જીતેન્દ્ર ઉમરશીભાઈ કુરૂવા



સહજ રીતે અને ખુલ્લા દિલે આ વાત સમજુ રંજનબેન સમક્ષ મૂકી. કોઈ રંજોગમ વગર રંજનબેને એ વાત સ્વીકારી. અને દિલીપ સમક્ષ હાજર બેનપણી વિભાના હાથની વાત મૂકી. તેના થોડા જ સમયમાં વિભા અને દિલીપના શરણાઈના સૂર ગામે સાંભળ્યા હતા... છેને રોચક વાત..?

ગામમાં સ્ટોર સારી રીતે ચાલતો હતો. હપ્તા બેંકમાં નિયમિત રીતે ભરાતા હતા. બેંકના કર્મચારી અને અધિકારી પણ રંજનબેનથી ખુશ હતા. હસતા રહેવાનો સ્વભાવ હોવાથી રંજનબેન ક્યાંય પાછા પડતા ન હતા. રીક્ષામાં છેક વડોદરા જઈને દુકાનનો સામાન ખરીદતા. ત્યાંના વેપારીઓના હાલચાલ પૂછતાં. વેપારીઓ રંજનબેનની હિંમતને બિરદાવતા. અને અમે મટીરીયલ પહોંચાડી દઈશું, તમે ના આવશો કહી ક્રેડિટ પણ વધારે આપતા. પરંતુ દર અઠવાડિયે જાતે જઈ ખરીદી કરવી, એ રંજનબેનનો સ્વભાવ હતો. એટલે જ કોરોના કાળમાં પણ લોકોને રંજનબેનની દુકાનથી માલ સામાન મળી રહેતો. રંજનબેને બેંકમાંથી ત્રણ વાર લોન લઈને પોતાના પરિવારના સભ્યોની મદદ અને લગ્ન કર્યા.

બાપીકા ખેતરને ભાગે આપી શાક વાવી વેચાણ કરનાર રંજનબેનની દુનિયા આજોડ, વડોદરા અને દશરથ પૂરતી હતી. રંજનબેનની આ રંગોભરી દુનિયામાં વધુ રંગ ભરવા ફરી એકવાર રસીકદાદા મદદે આવ્યા. **રંજનબેન અને તેમના જેવી જ દિવ્યાંગ મધુ અને અમિતાને તેઓ પોતાના ખર્ચે લંડન ફરવા માટે લઈ ગયા.** આમ ત્રણ ફૂટ ઊંચેથી દુનિયા નહીં જોઈ શકનાર (પગે ઢસડાતા ચાલતા હોવાથી) રંજનબેને લંડનની દુનિયા પણ મનભરીને માણી.

લગ્ન સિવાય બધી રીતે સુખમય જિંદગી પસાર થતી હતી. તે પણ કદાચ કુદરતને મંજૂર નહોતું. એટલે સ્તન કેન્સરની વ્યાધિ લાગી. પણ હસતા હસતા જીવન જીવવાનો મંત્ર હસ્તગત કરનાર રંજનબેન આજે કેન્સરને મહાત આપવા બાથ ભીડી રહ્યા છે. ત્યારે નાના દુઃખથી હતાશ થઈ જનારા સૌએ આજોડના આ અજોડ વ્યક્તિત્વ રંજન પટેલથી પ્રેરણા લેવી જ રહીને?

● **સંવેદના :**

***સંબંધ હોય કે બરફ, બંનેને બનાવવા માટે અને ટકાવવા માટે ઠંડક બનાવી રાખવી ખૂબ જ જરૂરી છે.***

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું ગૌરવ

### હંસ કલ્પેશ ગઢેચા



કચ્છના વાગડ વિસ્તારના ફતેહગઢના રહેવાસી સ્વ. ઉગરચંદ પોપટલાલ ગઢેચાના નાના પુત્ર શ્રી કલ્પેશ ઉગરચંદ ગઢેચા કે જેઓ અમદાવાદના સી.જી. રોડ ઉપર "અંજલી જ્વેલર્સ"ના નામથી પોતાનો પારિવારીક વ્યવસાય સંભાળી રહેલ છે.

શ્રી કલ્પેશ ગઢેચાના પુત્ર ચિ. હંસ ગઢેચાએ ચાલુ વર્ષે નવકાર સ્કૂલમાંથી ૧૨મા ધોરણ (કોમર્સ)ની પરીક્ષા આપી સફળતાપૂર્વક ૯૪ ટકા માર્કસ મેળવેલ છે. પર્સેન્ટાઈલની ભાષામાં ૯૯.૮૦ ટકા પર્સેન્ટાઈલ મેળવેલ છે.

ચિ. હંસને જ્વલંત સિદ્ધિ મેળવવા બદલ ખૂબ ખૂબ અભિનંદન. તેઓશ્રી ભવિષ્યમાં C.A. ની તથા MBA ની પદવી મેળવવાનું સ્વપ્ન સેવી રહ્યા છે. આપણે તેમની જ્વલંત સફળતા ઇચ્છીએ.

તેઓશ્રી પોતાની સફળતા બદલ સ્કૂલ મેનેજમેન્ટ, સ્કૂલના દરેક વિષયના શિક્ષકો, માતા-પિતા અને દાદા-દાદીના આશિર્વાદને અગ્રીમતા આપે છે.

કોઈ સમયે જૈન શિબિરમાં ભાગ લેવાથી તેમને પ્રેરણા મળી. તેઓએ સ્માર્ટફોન છોડીને કી-પેડ ફોન સ્વીકાર્યો. ફોનની વળગણ થોડી ઓછી કરી અને દરરોજના ૪-૫ કલાક શાળાના અભ્યાસ પર વધુ ધ્યાન આપ્યું. પોતાની સફળતાનો યશ તેઓ આ હકીકતને પણ આપે છે.

આપણે ઇચ્છીએ કે ચિ. હંસ જ્વલંત કારકિર્દીને પામી, પોતાના પરિવારને, સમાજને અને રાષ્ટ્રને તેનો લાભ આપે.

॥ શુભેચ્છા સહ... ॥
ગણેશ ચિક્કી પરિવાર - અમદાવાદ
હ. જયંતીભાઈ નીસર

તંદુરસ્તી

# "શરીરમાં તકલીફ થાય છે પરંતુ રીપોર્ટ બધા નોર્મલ છે" – શું માનસિક બીમારી છે? : ભાગ-૨




ડૉ. મણિલાલ ગડા (સિનિયર મનોચિકિત્સક)
ડૉ. દીપ્તિ શાહ (ગડા) (મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક)

ગયા લેખમાં આપણે જાણ્યું કે પ્રતિષ્ઠિત અંગ્રેજી માસિકમાં એક સર્વેક્ષણનો રીપોર્ટ હતો કે ફેમિલી ડૉક્ટરો પાસે આવનાર દર્દીઓ, જેમને શારીરિક લક્ષણો તો હોય છે પરંતુ ત્રીજા ભાગના દર્દીઓમાં (૩૭%) રીપોર્ટ બધા જ નોર્મલ હોય છે.

એ જ લેખમાં કેસ સ્ટડીમાં (હિતેશ – નામ બદલ્યું છે) સફળ વેપારીને છેલ્લા બે એક વર્ષથી પેટ ભારી ભારી લાગતું હતું, પેટ ભરેલું લાગતું હતું, જમવામાં રૂચિ ઓછી થઈ ગઈ હતી, વારંવાર ઉબકા આવતા હતા, ગેસ થતો હતો, અપચો પણ ઘણી વખત થઈ આવતો હતો, નબળાઈ ખૂબ જ લાગતી હતી. ત્રણેક કિલો વજન ઓછું થયું હતું. શરીરમાં કળતર થતી હતી.

ફેમિલી ડૉક્ટર પાસે વૈદ્યકિય શારીરિક તપાસ કરાવી, જે નોર્મલ હતી. સ્પેશિયાલિસ્ટ ડૉક્ટરોનો પણ અભિપ્રાય લીધો હતો.

અલગ અલગ તપાસ જેવી કે લોહીની, સોનોગ્રાફી, સ્કોપી વગેરે કરાવી હતી. બધી જ તપાસ નોર્મલ હતી.

એક હિતેચ્છુની સલાહથી હિતેશે લેખક (મનોચિકિત્સક)ની સલાહ લીધી. લેખકે ઊંડાણમાં મનોવૈજ્ઞાનિક તપાસ કરી. નીચે પ્રમાણેની ઉપયોગી માહિતી મળી.

- **ઊર્મિતંત્રના લક્ષણો (માનસિક લક્ષણો) :**

પેટ ભારી લાગવાની સાથે હિતેશને ધંધા પર જવાનું મન થતું ન હતું. પરાણે ધંધા પર જતો હતો. ઘણી વખત સવારના જવાને બદલે સાંજના જ ધંધા પર જતો હતો. માણસો બાકીના સમયે ધંધો સંભાળી લેતા હતા. કામ કરવાની ઝડપ ઓછી થઈ ગઈ હતી. યાદશક્તિ ઓછી થઈ હતી. ધંધાની વસ્તુઓના ભાવ હિતેશને પહેલા યાદ રહેતા હતા, તે હમણાં હમણાં ઘણી વખત માણસોને પૂછવું પડતું હતું.

નજીવી બાબતોમાં ચીડાઈ જતો હતો. અવાજ - ઘોંઘાટ સહન થતો ન હતો.

હિતેશને ખૂબ જ વિચારો આવતા હતા. મોટા ભાગના વિચારો નકારાત્મક હતા. "આ ગંભીર બીમારી છે", "હું આમાંથી સાજો નહીં થાઉં" વગેરે.

રાત્રે ઊંઘ ખૂબ જ ઓછી થઈ ગઈ હતી. પરોઢિયે સવારના ચારેક વાગે ઊંઘ ઉડી જતી હતી. પછી ઊંઘ આવતી ન હતી.

સવારમાં સ્ફુર્તિ રહેતી ન હતી. સવારમાં ઊંઘ પણ આવતી ન હતી તથા ઉઠવાનું મન ન થતું. પડ્યા રહેવાનું મન થતું. રજાના દિવસે પણ ક્યાંય ફરવા જવાનું મન ન થતું. આ બીમારી થઈ એના પહેલા રજાના દિવસે હિતેશ ઘરે ન મળતો.

આ લેખમાં નિદાનની પ્રક્રિયા (Diagnostic evaluation) ખાસ કરીને માનસિક રોગના નિદાન વિશેની પ્રક્રિયા વિશે જાણકારી મેળવીએ.

બીમારીના નિદાનની પ્રક્રિયા (Diagnostic evaluation) :

મેડિકલ સાયન્સમાં કોઈપણ બીમારીના (શારીરિક તથા માનસિક બીમારીઓ) નિદાન માટે નીચેના ત્રણેય મુદ્દાઓ મહત્ત્વના છે :

૧. લક્ષણો - દર્દીની ફરિયાદો.
૨. વૈદ્યકિય તપાસ (નાડીના ધબકારા, બ્લડ પ્રેસર, સ્ટેથોસ્કોપ વડે તપાસ વગેરે)
૩. લેબોરેટરી તપાસ (લોહીની તપાસ, એક્સ-રે, સોનોગ્રાફી, સી.ટી.એમ., એમ.આર.આઈ. સ્કેન વગેરે)

દર્દીની ફરિયાદો ઊંડાણમાં જાણવી ડૉક્ટર માટે અત્યંત આવશ્યક છે. કઈ ફરિયાદ પહેલા શરૂ થઈ, બીજી ફરિયાદો ક્રમવાર ક્યારે શરૂ થઈ, એ જાણવાથી બીમારી કઈ રીતે આગળ વધે છે એનો અંદાજ આવે છે. સમય પણ મહત્ત્વનો છે.

ત્યારબાદ ડૉક્ટર સામેથી એ ફરિયાદોને લગતા બીજા સવાલો પૂછે છે. જેથી બીમારીનું નિદાન કરવામાં સરળતા થાય.

ત્યારબાદ (૨) વૈદ્યકિય તપાસ, (૩) જરૂરી લેબોરેટરી તપાસ પરથી નિદાન કરાય છે.

બીમારીનું નિદાન આંતરરાષ્ટ્રીય વૈદ્યકિય વર્ગીકરણ (International Classification of Diseases –

ICD) પુસ્તકમાં વર્ણવેલા મુદ્દાઓ પરથી થાય છે. આ મુદ્દાઓ ભારતમાં કે અમેરિકામાં કે જર્મનીમાં પણ એ જ હોય છે.

## માનસિક રોગોના નિદાનની પ્રક્રિયા

માનસિક રોગોના નિદાનની પ્રક્રિયા પણ આ જ છે : (૧) લક્ષણો, (૨) વૈદ્યકિય તપાસ, (૩) લેબોરેટરી તપાસ.

### ૧. લક્ષણો : દર્દીની ફરિયાદો

આગળ જણાવ્યા પ્રમાણે દર્દીની ફરિયાદોની નોંધ કર્યા બાદ ડૉક્ટર સામેથી ફરિયાદોને લગતી જાણકારી મેળવે છે. આ મુદ્દો ખૂબ જ અગત્યનો છે. સામાન્ય રીતે દર્દી મનના કાર્યો જેવા કે વિચારો, લાગણી, કાર્યો, એકાગ્રતા, ગ્રહણ શક્તિ, સ્મરણ શક્તિ વિશેના લક્ષણોની ફરિયાદ કરતા નથી.

દરેક ડૉક્ટરે દરેક દર્દીને ઉપર જણાવેલ લક્ષણો વિશે જાણકારી મેળવવી ખૂબ જરૂરી છે. આનાથી નિદાનની પ્રક્રિયા સરળ બને છે. ઉપરોક્ત કિસ્સામાં (હિતેશના) માનસિક લક્ષણો વિશે લેખકે જાણકારી મેળવી (જે અન્ય ડૉક્ટરોએ નહોતી મેળવી). જેથી નિદાનની પ્રક્રિયા એકદમ જ સરળ બની ગઈ.

### ૨. વૈદ્યકિય તપાસ

માનસિક રોગોના નિદાન માટે મેન્ટલ સ્ટેટ એક્ઝામિનેશન (Mental State Examination – M.S.E.) કરવામાં આવે છે. જેમાં મનના કાર્યોની (વિચારો, મુડ, યાદશક્તિ, જવાબો આપવાની રીત, એકાગ્રતા વગેરે) તપાસ કરવામાં આવે છે. આ પણ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે સ્વીકાર્ય વૈજ્ઞાનિક પદ્ધતિ છે.

### ૩. લેબોરેટરી તપાસ

ઉપરોક્ત જણાવેલ લેબોરેટરી, એક્સ-રે, સોનોગ્રાફી તપાસ સાથે સાઈકોલોજીકલ તપાસ જેવી કે રોરશાક ટેસ્ટ, આઈ.ક્યુ. ટેસ્ટ, બેન્ડર જેસ્ટાલ્ટ ટેસ્ટ જેવી ટેસ્ટ જરૂરી કિસ્સાઓમાં કરાય છે.

ઉપરોક્ત મુદ્દાઓને ધ્યાનમાં લઈ માનસિક રોગોનું નિદાન કરાય છે. આ નિદાનના મુદ્દાઓ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે સ્વીકાર્ય છે. ભારતમાં થયેલ નિદાન, એ દર્દી જો અમેરિકા કે ઓસ્ટ્રેલિયા જાય તો પણ એ જ નિદાન થાય છે.

ઉપરોક્ત હિતેશના કિસ્સામાં આ મુદ્દાઓ ધ્યાનમાં લઈ ડિપ્રેશનની બીમારીનું નિદાન કરાયું. જેમાં શારીરિક લક્ષણો મુખ્ય હતા. પરંતુ માનસિક લક્ષણો પણ એટલા જ હતા. જરૂરત હતી એ વિશે ઉંડાણમાં જવાની.

*(ક્રમશઃ)*

## હાર્દિક અપીલ

આપે પ્રલોભન ખૂબ મોટાં તોય લલચાશો નહીં,
જેવા હતા એવા રહેજો ક્યાંય વટલાશો નહીં,
કોઈ કરે જો ધાક ધમકી તોય ગભરાશો નહીં,
તકસાધુઓ ભરમાવશે, મતદાર ભરમાશો નહીં.

જે દરગુજર કરતા નથી એનું કશું કે'વાય ના,
જે દેશહિત જાણે નહીં એનો ભરોસો થાય ના.
જે સત્ય છે એને છુપાવી ગીતડાં ગાશો નહીં,
તકસાધુઓ ભરમાવશે, મતદાર ભરમાશો નહીં.

આજે તમે સાચી હકીકત લોકને સમજાવજો,
જો દેશ છે તો છે બધું એ સૂત્રને અપનાવજો,
વાડા બનાવી ન્યાતના ને ક્યાંય અથડાશો નહીં,
તકસાધુઓ ભરમાવશે, મતદાર ભરમાશો નહીં.

સમભાવનાને પામવા સઘળું કરે છે એ બધા,
ટોળાં રચી ચારે તરફ આજે ફરે છે એ બધા,
જોજો, તણાઈ ભાવમાં ખોટી દયા ખાશો નહીં,
તકસાધુઓ ભરમાવશે, મતદાર ભરમાશો નહીં.

ટોળાં રચી ફરનારના હુંકારને હંફાવજો,
મતદાન દ્વારા સાન ઠેકાણે બધાની લાવજો,
છે ધ્યેય મક્કમ એટલે તલભાર મૂંઝાશો નહી.
તકસાધુઓ ભરમાવશે, મતદાર ભરમાશો નહીં.

જાગી જવાનો છે સમો, આજે જરા જાગો હવે,
સ્વદેશ ખાતર ભેદભાવોનું વલણ ત્યાગો હવે.
ખોટાં નિવેદન સાંભળી લવલેશ અંજાશો નહીં,
તકસાધુઓ ભરમાવશે, મતદાર ભરમાશો નહીં.

માથાં ધર્યા છે એમને વંદન હજારો વાર છે,
પણ, એમના નામે ચરે છે એમને ધિક્કાર છે,
સાચું કરો જો 'પુષ્પ' તો ક્યારેય ભૂલાશો નહીં,
તકસાધુઓ ભરમાવશે, મતદાર ભરમાશો નહીં.

*– પબુ ગઢવી 'પુષ્પ'*

## હાઈકુ

કવિતા એ જ
હૃદય ઉર્મિઓ છે
કવિ જીવને.

કવિતા બને
હૃદય દુઃખ હળવા
કવિના થાય.

*દિલીપ આચાર્ય 'દિલકશ' - ભુજ, કચ્છ*
*મો. ૯૯૨૫૪ ૨૬૯૮૮*

તંદુરસ્તી

# હાઈ બ્લડપ્રેશર – એક ચેલેન્જ



ડૉ. કમલેશ એન. શાહ
M.D., FICA USA

- **બ્લડ પ્રેશર એટલે શું?**

માનવ શરીરની લોહીની દિવાલ સામેના ફોર્સને બ્લડ પ્રેશર કહેવાય. **નોર્મલ બ્લડ પ્રેશર ૧૨૦/૮૦ હોય. એટલે કે ઉપરનું ૧૨૦ (Systolic) અને નીચેનું ૮૦ (Diastolis) હોવું જોઈએ.** તેનાથી વધારે હોય તો તેને હાઈ બ્લડપ્રેશર કહેવાય. હવે સામાન્ય બ્લડ પ્રેશર - ૧૪૦ કરતાં ૧૦ વધારે (ઉપરનું) ને ૯૦ કરતાં ૫ વધારે (નીચેનું) હોય તો તેને હાઈ બ્લડપ્રેશર કહેવાય. આના કરતાં વધારે બ્લડપ્રેશર હોય તો તમને ૪૦% લકવાની અને ૩૦% હૃદયરોગની શક્યતાઓ રહેલી છે.

- **લોહીના દબાણનું વર્ગીકરણ**

*સામાન્ય : ૧૨૦/૮૦*

*બોર્ડર લાઈન : ૧૪૦/૯૦*

*હાઈ બ્લડપ્રેશર : (૧) સ્ટેજ-૧ : ૧૬૦/૧૦૦*

*(૨) સ્ટેજ-૨ : ૧૮૦/૧૧૦*

*(૩) સ્ટેજ-૩ : ૧૮૦થી ઉપર / ૧૧૦થી ઉપર*

જેઓને બોર્ડર લાઈનથી ઉપર બ્લડ પ્રેશર છે તેઓને બ્લડપ્રેશર વધવાની શક્યતાઓ છે. જેથી કરીને નિયમિત પ્રેસર મપાવવું. આ વ્યક્તિઓને ડાયાબિટીસ થાય, લોહીમાં ચરબીનું પ્રમાણ વધે, બેઠાડું જીવન હોય, સતત માનસિક તાણના શિકાર હોય તો તેઓએ જીવન જીવવાની રીતો બદલવી પડે અને જરૂર પડે લોહીના ઊંચા દબાણની સારવાર આપવી પડે.

- **વ્હાઈટ કોટ બ્લડપ્રેશર એટલે શું?**

કોઈપણ વ્યક્તિનું ડૉક્ટરની ઓફિસમાં લીધેલું બ્લડ પ્રેશર ૧૪૦/૯૦ હોય અને તે સિવાય માપેલું બ્લડપ્રેશર ૧૩૦/૮૦ હોય તેને વ્હાઈટ કોટ હાયપર ટેન્શન કહેવાય.

- **હાઈ બ્લડ પ્રેશરની સંખ્યા વધવાના કારણોઃ**

૧. કેટલાક જીન્સ આપણાં શરીરમાં એવા ભેગા થાય છે જે જીવનમાં અમુક તબક્કામાં દેખાડો કરે છે. બ્લડપ્રેશર વધે છે જેને કાબુમાં રાખવું પડે.

૨. ઉંમર વધતી જાય, સરેરાશ આયુષ્ય વધવા સાથે, ઉંમરને કારણે બ્લડપ્રેશર વધારે હોવું જોઈએ તેવી માન્યતા ખોટી છે. નીચે બતાવેલાં કારણોને લઈને બી.પી. વધે છે.

૩. મેદ-જાડાપણું - બોડી માસ ઈન્ડેક્ષ ૭૨૫ થી વધારે હોય.

૪. મેડિકલેઈમ / ઈન્સ્યુરન્સ / મેડિકલ ફિટનેસ સમય દરમિયાન હેલ્થ ચેક અપ થાય છે, ત્યારે

૫. મીઠાનું ઊંચુ પ્રમાણ

૬. સતત સંઘર્ષ - માનસિક તણાવ

આ સિવાય કિડનીના રોગો જેમાં કિડની તરફ લઈ જતી નળીઓ સાંકડી હોવી - Renal artery stenosis, કિડનીમાં ચેપ, સતત ડાયાબિટીસના કારણે નસોમાં થતો ઘસારો, કિડની ઉપર થતી ક્યારેક ગાંઠ Pheo chromocytoma

- **ઘેર ક્યારે બ્લડપ્રેશર માપવું જોઈએ?**

૧. શરૂઆતના દિવસોમાં હાઈ બ્લડપ્રેશર રહેતું હોય.

૨. વ્હાઈટ કોટ બ્લડપ્રેશર કાયમ માટે રહેતું હોય.

૩. બ્લડપ્રેશરની વધઘટ થતી હોય ત્યારે ડૉક્ટરની સલાહ પ્રમાણે ચાર્ટ બનાવવો - જેથી દવાઓની અસર ખબર પડે.

૪. પ્રસુતિ સમયે હાઈપર ટેન્શનની સારવાર કરવા માટે.

- **હાઇ બ્લડ પ્રેશરવાળાની ફરિયાદો તથા ચિન્હો**

૧. હાઈ બ્લડ પ્રેશરના મોટાભાગના દર્દીઓને ખબર હોતી નથી. સામાન્ય રીતે મેડિકલ ચેકઅપ, મેડિક્લેઈમ, ઈન્સ્યુરન્સ પહેલાં, ઓપરેશન પહેલાં બ્લેડપ્રેશર ચેક કરાવ્યું હોય ત્યારે ખબર પડે છે.

૨. માથાનો દુઃખાવો કે ચક્કર મોટે ભાગે હાઈ બ્લડ પ્રેશરના કારણે હોતા નથી, સિવાય ખુબ જ ઊંચુ - ૧૮૦/૧૦૦ બ્લડ પ્રેશર હોય ત્યારે.

૩. થાક લાગવો, ધબકારા વધી જાય, છાતીમાં ગભરામણ,

ધ્રુજારી, શ્વાસોશ્વાસ વધી જવા થઈ શકે છે.

- **હાઈ બ્લડપ્રેશર થવાના મૂળ કારણો :**

લોહીની અંદરની દીવાલ જાડી થાય, ક્ષારો, ચરબી, જામી જાય, અંદરની દીવાલના કોષો ખરાબ રીતે કાર્ય કરે.

- **હાઈ બ્લડ પ્રેશરવાળી વ્યક્તિઓ દવાઓ ન લે તો થતી આડ અસરો :**

૧. જીવનનું આયુષ્ય ૧૦ થી ૨૦ વર્ષ ઘટી જાય છે.

૨. શરીરના જુદા જુદા અવયવો મગજ, આંખો, હૃદય કિડની, પગની નસો વગેરેમાં ૩૦ થી ૫૦ ટકા નુકસાન થવાની શક્યતાઓ રહે છે.

૩. શરીરની ધમનીઓમાં જાડાપણું, ક્ષાર બાજવાની પ્રક્રિયા ઝડપથી થાય છે જેને Athero Sclerosis કહેવાય છે.

૪. હૃદયરોગ, હૃદય પહોળું થવું, પમ્પિંગ નબળું પડવું વગેરે ઝડપથી થાય છે.

૫. આંખોની રોશની ઓછી થવી, પડદામાં નુકસાન ઝડપથી થાય છે.

૬. કિડનીમાં ઘસારો થવો ને કિડની ફેઈલ થવી - CRF થાય છે.

૭. બ્રેઈન સ્ટ્રોક - જેમાં લોહી જામી જવું ને હેમરેજની શક્યતાઓ રહે છે.

- **હાઈ બ્લડપ્રેશરની સારવાર**

૧. જીવન જીવવાની પધ્ધતિમાં ફેરફાર - મીઠાનું નહિંવત્ પ્રમાણ, વધારાની ચરબીવાળો ખોરાક બંધ કરવો જોઈએ.

૨. ડાઈનિંગ ટેબલ ઉપર મીઠાની બોટલ ન રાખવી - સલાડ, કઠોળ ઉપર મીઠું ન લેવું.

૩. આદર્શ વજન - બોડી ઈન્ડેક્ષ અથવા આશરે જેટલા ઈંચ ઊંચાઈ તેટલા કિ.ગ્રામ વજન, સ્ત્રીઓમાં ૫ કિલો ઓછું.

૪. ખોરાકમાં મીઠાનું પ્રમાણ ૫-૬ ગ્રામ એટલે કે ૨૪ કલાકમાં ૨-૪ ગ્રામ સોડિયમ જવું જોઈએ.

૫. રોજિંદી કસરતો, યોગ પ્રાણાયામ, ૩૦-૪૦ મિનિટ ચાલવાથી, આયુષ્યમાં ૨૫% જેટલો ફેરફાર થાય છે અને અપંગ અવસ્થા નહિવત બને છે.

૬. પાપડ, ચીપ્સ, ચટણી, કેચ-અપ, અથાણાં વગેરેમાં MSG વપરાય છે. Mono Sodiam Glytanate પ્રિઝર્વેટીવ તરીકે વપરાય છે.

૭. બજારૂ ખોરાકમાં મીઠાનું પ્રમાણ વધારે છે. ઓછા મીઠાવાળા ખોરાકની બનાવટોની કિંમતો મોંઘી છે.

૮. મેડિકલ સારવાર, ફેમિલી ફિઝીશિયન દ્વારા લખી આપવામાં આવેલી દવા નિયમિત લેવી અને એકવાર હાઈ બ્લડ પ્રેશરનું નિદાન થયું પછી દવા જીવનભર લેવાની અને વર્ષમાં એક વખત હેલ્થ ચેક અપ કરાવવું જોઈએ.

## ઘૂટેલી મહેંદી

હાથમાંની મહેંદીની સુગંધ મને લઈ ગઈ, બા... તારા પાલવની સુગંધમાં.. અને એક પછી એક યાદો, ઘટનાઓ આંખો સમક્ષ આવતા ગયા સ્મરણોની ચક્કીમાં..

યાદ છે, મહેંદીના પાન લઈ, વાટી, પલાળીને કેટલી મહા મહેનતે મહેંદી તૈયાર કરતા, ને પછી લપેડો કે નાની મોટી ડિઝાઈન હાથ પર લગાડતા..

ને પછી હાથમાંની મહેંદીના રંગ માટે કેટકેટલો બચાવ કરતા, કોઈ કામ નહિ કરવાનું, બસ ખાલી તને ઓર્ડર આપવાનું...

કેવો અને કેટલો રંગ ચડ્યો છે બસ એ જ ચેક કરતા રહેવાનું. ત્યારે એ નાની નાની વાતોમાંની ખુશીનો કોઈ મોલ નહોતો સમજાયો..

આજે જરૂરત છે તારી બહુ, પણ નથી મારી પાસે તારો સાયો, આજે મહેંદી લગાડીને જ્યારે કામ ઉપર ચડવાનો સમય થયો ને બા... ત્યારે અચાનક તું યાદ આવી ગઈ...

મહેંદીની સાથે ઘૂટેલી તારી એક એક લાગણી, મારા તરફની તારી ચિંતા, તારી મમતા, તારો પ્રેમ, તારા ઘૂંટેલા સંસ્કારો..... બધા યાદ આવી ગયા જે હજી સુધી મારા જીવનમાં રંગો ભરે છે...

જેનો રંગ ક્યારેય ઝાંખો નથી થયો, તે ઘૂટેલા 'નેહ'ની સુગંધ હજીએ મારા અસ્તિત્વમાં પ્રસરે છે અને દિવસે ને દિવસે એ સુગંધ વધારે મહેકતી જાય છે....

*નેહા શાહ 'નેહ' (નવા વાસ – સાયન, મુંબઈ)*

KISHOR ROADWAYS
FLEET OWNER'S & TRANSPORT CONTRACTOR & COMMISSION AGENT
Pratik K. Lalka
M. : 98250 65844, 98986 58444, 88498 27053
BS-7, Radhe Business Empire, S.P. Ring Road, Opp. Fire Station, Aslali, Ahmedabad.

તંદુરસ્તી


# એપેન્ડિક્ષ વિશે આપણે શું જાણીએ છીએ?



ડૉ. તપન શાહ
MS, FMAS, FICS (USA)

એપેન્ડિક્ષ એ બહુ જ જાણીતું નામ છે, શું છે એપેન્ડિક્ષ, કેમ તકલીફ કરે છે?

એપેન્ડિક્ષ એ નાના અને મોટા આંતરડાની વચ્ચે આવેલું એક ટ્યુબ અથવા પાઈપ જેવું અળસિયા જેવું લાગતું અવયવ છે. સામાન્ય રીતે એપેન્ડિક્ષ એટલે books (ચોપડીઓ) ની છેલ્લે આવતો ભાગ જેને કોઈ જોતું નથી. તેવી જ રીતે અત્યારે શરીરમાં એપેન્ડિક્ષનો કોઈ જ ઉપયોગ નથી, પરંતુ પહેલાં કદાચ cellulose પચાવવામાં તેનો ઉપયોગ થતો હતો.




એક બાજુથી બંધ અને બીજી બાજુ આંતરડામાં ખૂલતું અંગ હોવાથી તેના બ્લોક (બંધ) થવાની શક્યતા વધુ રહે છે – મળના ગઠ્ઠાથી અથવા ખોરાકના ના પચેલા ભાગથી અથવા કરમિયાથી (worms). આનાથી તેનો સ્ત્રાવ

અષાઢી બીજ – કચ્છી નવું વર્ષ.
બધા જ કચ્છી પરિવારોને નૂતન વર્ષાભિનંદન....

**Dr. Tapan Atulkumar Shah**
MS (Gen Surg) FMAS FICS(USA) FALS MBA

**Consultant General & Laparoscopic Surgeon**
**Gastro & Laser Surgeon**
**Fellow HepaticoBilliary & pancreatic Surgery (Germany)**

**www.drtapanshah.in ■ (M) 9925010599**

**(EXPERIENCE OF 17 YEARS & MORE THAN 13000 SURGERIES)**

■ **KJSS Medical Center** ● Paldi : 3.30 pm to 5.00 pm
● Jashodanagar : 12.00 noon to 1.30 pm
■ **SGVP Holistic Hospital**, Vaishnodevi Circle, Ahmedabad

બહારમાં જવાથી તેમાં ચેપ લાગવાની શક્યતા રહે છે અથવા આંતરડામાં અન્યત્ર ચેપ એપેન્ડિક્ષમાં ચેપ કરી શકે છે. ચેપ લાગવાથી તે ફૂલે છે અને મોટું થાય છે.

એપેન્ડિક્ષમાં ચેપ (ઇન્ફેક્શન) ને Appendicitis કહે છે. તેના લક્ષણોમાં સૌથી પહેલા ગેસ થવો તેના પછી પેટમાં જમણી બાજુ નીચે દુઃખાવો થવો, ઉલટી થવી, તાવ આવવો, ભૂખ ઓછી લાગવી અને ક્યારેક ઝાડા (diarrhoea) થવા જેવા લક્ષણો પણ જોવા મળે છે.

જ્યારે તેમાં પરું થઈ જાય છે અથવા તે ફાટે છે ત્યારે તે પરું પેટમાં ફેલાય છે અને તેનાથી તે લોહીમાં પણ ચેપ ફેલાવે છે. જેના કારણે sepsis આખા શરીરમાં ફેલાય છે.

જેવા લક્ષણો દેખાય કે તરત જ સર્જન ડૉક્ટરનો સંપર્ક કરતાં તે અમુક લોહીના રિપોર્ટ તથા સોનોગ્રાફી કરાવે છે. પેટનો દુઃખાવો, સફેદ કણોનું વધવું અને સોનોગ્રાફી એ નિદાન (diagnosis) ને confirm કરે છે.

જો સારવારમાં મોડું કરવામાં આવે તો એપેન્ડિક્ષની આજુબાજુ આંતરડું અને પેટની ચરબી ચોંટીને ગઠ્ઠો બનાવી દે છે જેથી ચેપ પૂરા પેટમાં ફેલાય નહિ.

એપેન્ડિક્ષમાં ચેપ લાગે તો તેનો ઉપાય ફક્ત ઓપરેશન કરીને તેને કાઢવાનો છે. ઓપરેશન ટાંકાવાળુ અથવા દૂરબીન (laparoscopic) થી થઈ શકે છે. Laparoscopic પદ્ધતિ એ ગોલ્ડ standard છે. એકવાર કાઢ્યા પછી તે ફરી ઉગતું નથી.

જો ઑપરેશન સમયસર કરવામાં ના આવે તો ક્યારેક ચેપ મોટાં આંતરડા સુધી પહોંચીને તેને ખરાબ કરે છે અને તેથી ઑપરેશન મોટું અને જટીલ થઈ જાય છે.

***TAKE HOME MESSEGE:***

૧. પૌષ્ટિક ખોરાક ખાવો.
૨. જંક ફૂડનું પ્રમાણ ખૂબ ઓછું રાખવું.
૩. પ્રવાહી વધુ લેવું.
૪. કબજિયાત (constipation) નો ઉપચાર કરાવવો
૫. એપેન્ડિક્ષમાં ચેપ આવે તો મટી જશે, દવાથી જતું રહેશે તેવા ખોટા વિચારોમાં ના રહેવું. ■

## ચંડાળ ચોકડીથી સાવધ રહો

અહંકાર એ બાપ છે.

ક્રોધ તેનો દીકરો છે.

ઈર્ષ્યા અને નિંદા તેની બે દીકરીઓ છે.

આ ચાર સદા સાથે જ રહેતા હોય છે. ક્યાંક કોકનું જોર વધુ હોય, બાકીનાનું બળ ઓછું હોય.

'મને ક્રોધ છે પણ અહંકાર નથી' એવી ભ્રમણામાં કોઈ પડતા નહીં.

આમાં અહંકાર સૌથી ભયાનક છે. તે ઘવાય એટલે ક્રોધ આવે.

અભિમાનીથી બીજાનો ઉત્કર્ષ ન ખમાય એટલે તે ઈર્ષ્યા કરે. તક મળે ત્યારે કોઈની પાસે નિંદા કરે.

સારો માણસ તે છે; જેને બીજાના ગુણો કે ઉત્કર્ષ જોઈને આનંદ આનંદ થઈ જાય છે.

હા... એ નિંદા કરે છે ખરો પણ પોતાની જાતની જ નિંદા કરે છે.

મીઠાઈના રસોનો ત્યાગી જીવ પણ પરનિંદાનો અને સ્વપ્રશંસાનો રસ પ્રાયઃ છોડી શકતો નથી.

***પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ***

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના બેંક ખાતામાં રકમ જમા કરાવવા અંગે

| | | |
|---|---|---|
| ■ *ખાતાનું નામ* | : | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ<br>**[Shree Kutchhi Jain Sewa Samaj - Ahmedabad]** |
| ■ *બેંક* | : | કેનેરા બેંક, પાલડી બ્રાંચ - અમદાવાદ<br>**[Canara Bank, Paldi Branch - Ahmedabad]** |
| ■ *એકાઉન્ટ નંબર* | : | ૭૦૦૭૨૦૧૦૦૧૬૦૩૨ **[70072010016032]** |
| ■ *IFSC કોડ* | : | **CNRB0017007** |

# તીર્થ દર્શન

## તીર્થ દર્શન-૫૬

### શ્રી અચલગઢ તીર્થ
### (શ્રી આદિશ્વર ભગવાન)




રમણીય આબુ પર્વતના ઊંચામાં ઊંચા શિખર પર રાણા કુંભાએ બંધાવેલા કિલ્લામાં શ્રી અચલગઢ તીર્થ આવેલું છે. ચોપાસની રમણીય પ્રકૃતિ અને નીરવ શાંતિને કારણે યાત્રાળુઓને અહીં એક જુદો જ આધ્યાત્મિક અનુભવ થાય છે. મૂળનાયક શ્રી આદિશ્વર ભગવાનની સુવર્ણ વર્ણની લગભગ ૧.૫ મીટર ઊંચી એવી પદમાસનસ્થ ધાતુ-પ્રતિમા બિરાજમાન છે. વિ.સં. ૧૫૦૯માં રાણા કુંભાએ આ કિલ્લો બનાવ્યો. ચૌમુખજીનું મંદિર અચલગઢ નિવાસી સંઘવી સાલિંગના પુત્ર સહસાએ બનાવ્યું અને ઋષભદેવ ભગવાનની ધાતુની ભવ્ય મૂર્તિ બનાવીને વિ.સં. ૧૫૬૬ના ફાગણ સુદ ૧૦ ના દિવસે આ. શ્રી જનકલ્યાણસૂરિજીના સુહસ્તે મંદિરમાં બિરાજમાન કરી. પૂર્વ દિશામાં બિરાજેલી શ્રી આદિશ્વર ભગવાન અને દક્ષિણ દિશામાં બિરાજેલી શ્રી શાંતિનાથ ભગવાનની પ્રતિમાઓની વિ.સં. ૧૫૧૮ના વૈશાખ વદ ચોથના દિવસે શ્રી લક્ષ્મીસાગરસૂરિજીના સુહસ્તે પ્રતિષ્ઠા થયાનો ઉલ્લેખ મળે છે. પૂર્વ દિશામાં બિરાજીત પ્રતિમા અલૌકિક મુદ્રામાં અત્યંત સુંદર અને પ્રભાવશાળી લાગે છે. પૂર્વ દિશાના દ્વારની મૂર્તિ કુંભલમેરૂ ગામના સંઘે બનાવી, જયારે દક્ષિણ દ્વારના મૂળનાયક શ્રીશાંતિનાથ ભગવાનની મૂર્તિ કર્માદેએ નિર્માણ કરી અને વિ.સં. ૧૫૧૮માં એની પ્રતિષ્ઠા થઈ. પશ્ચિમ દ્વારના મૂળનાયક શ્રી આદિશ્વર ભગવાનની અતિ રમણીય મૂર્તિ વિ.સં. ૧૫૨૯માં શ્રી લક્ષ્મીસાગરસૂરિજીના સુહસ્તે પ્રતિષ્ઠા થયાનો ઉલ્લેખ છે. સમાન આકૃતિ ધરાવતી આ પ્રતિમાઓ અત્યંત ભવ્ય અને આકર્ષક લાગે છે. વળી અહીં પુંડરિકસ્વામીની મૂર્તિ પણ મળે છે. આ સિવાય હાલ બીજા ત્રણ મંદિરો અહીં જોવા મળે છે.

*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ*
*મો. ૯૪૨૭૩ ૯૦૦૦૭*

## તીર્થ દર્શન-૫૭

### શ્રી કુંભારીયાજી તીર્થ
### (શ્રી નેમિનાથ ભગવાન)



આબુ રોડ રેલવે સ્ટેશનથી ૨૪ કિ.મી. દૂર અને અંબાજી ગામથી ૧ કિ.મી. દૂર દાંતા માર્ગ પર પહાડો વચ્ચે અદ્‌ભુત પ્રાકૃતિક સૌંદર્ય ધરાવતા જંગલમાં આ તીર્થ આવેલું છે. અહીં મૂળનાયક શ્રી નેમિનાથ ભગવાનની શ્વેત વર્ણની ૨.૧૩ મીટર ઊંચાઈની પદમાસનસ્થ પ્રતિમા છે. શિલાલેખો પરથી એમ જાણવા મળે છે કે વિક્રમની ૧૭મી સદી સુધી આ ગામ આરાસણા ગામ તરીકે પ્રસિદ્ધ હતું અને કોઈક સમયે અહીં સેંકડો જિનમંદિર ધરાવતી વિરાટ નગરી હતી. આજે તો માત્ર પાંચ જ જિનમંદિરો મળે છે. વળી પ્રાચીન નામ આરાસણાનું કઈ રીતે કુંભારિયાજી થયું તેની કોઈ શ્રદ્ધેય માહિતી મળતી નથી. આ જિનમંદિરની શિલ્પકલા અત્યંત ઉચ્ચ કક્ષાની છે અને એ જોતાં જ આબુ, દેલવાડા, રાણકપુર અને જેસલમેરનાં જિનમંદિરોનું સ્મરણ જાગે છે. મૂળનાયક શ્રી નેમિનાથ ભગવાનના મંદિરમાં ભિન્ન ભિન્ન પ્રકારની પ્રાચીન કલા જોવા મળે છે. તપાગચ્છ પટ્ટાવલી પ્રમાણે શ્રી વાદી દેવસૂરિજીએ વિ.સં. ૧૧૭૪ થી ૧૨૨૬ દરમિયાન આરાસણામાં શ્રી નેમિનાથ ભગવાનની પ્રતિમા પ્રતિષ્ઠિત કરાવી હતી. 'ઉપદેશ સપ્તતિ'માં પણ ઉલ્લેખ મળે છે કે ગોગા મંત્રીના પુત્ર શ્રી પાસિલે શ્રી નેમિનાથ ભગવાનનું મંદિર બનાવીને શ્રી વાદી દેવસૂરિજીના સુહસ્તે પ્રતિષ્ઠા કરાવી હતી. બીજા મંદિરનાં પરિકરો, ગાદીઓ અને દેરીઓમાં વિ.સં. ૧૧૧૮ થી ૧૧૩૮ સુધીના લેખો મળે છે. વર્તમાન મંદિર વિક્રમની બારમી સદીનું છે. આ મંદિરની પાસે જ બીજા ચાર વિશાળ અને કલાત્મક જિનમંદિરો છે, જેમાં શ્રી મહાવીર ભગવાનના મંદિરની છત પરની સૂક્ષ્મ શિલ્પકલા જોવાલાયક છે. આમાં ત્રિશલા માતાનાં ૧૪ સ્વપ્ન, કમઠ યોગીને અહિંસાની વાત સમજાવતા શ્રી પાર્શ્વનાથ, શ્રી શાંતિનાથ ભગવાનનું સમવસરણ શ્રી નેમિનાથ ભગવાનના પાંચ કલ્યાણક આદિ અનેક ભાવપૂર્ણ પ્રસંગો આલેખેલા છે. શ્રી શાંતિનાથ ભગવાન અને શ્રી સંભવનાથ ભગવાનનાં મંદિરોની પ્રાચીન શિલ્પકલા દર્શનીય છે.

# અન્ય સંસ્થાઓના સમાચાર

## સારસ્વતમ સંચાલિત હરીયા હાઈસ્કૂલ - બાડા

*શ્રી સારસ્વતમ સંચાલિત હરીયા હાઈસ્કૂલ - બાડાને આકાશ એક્સ્પ્લોરેશન - અમદાવાદના સૌજન્યથી તથા નવીનચંદ્ર વેરશી હરીયા પરિવારની નિરંતર વહેતી દાનગંગાથી રૂા. ૨,૨૦,૦૦૦/-ની માતબર રકમ દર વર્ષની જેમ આ વર્ષે પણ શાળાને આપવામાં આવી. ઉપરોક્ત રકમથી શાળાને સોલાર સિસ્ટમ, લ્યુમિનસ બેટરી ઈન્વર્ટર, વોટર ટેંક (૧૦૦૦ લીટર), સ્કેનર વગેરે શાળાને ભેટ સ્વરૂપે મળેલ છે. ઉપરોક્ત મળેલ દાન સરવાણી માટે શાળા પરિવાર એવમ સારસ્વતમ સંસ્થા શ્રી નવીનચંદ્ર વેરશી હરીયા પરિવારનો તેમજ આકાશ એક્સ્પ્લોરેશન અમદાવાદનો હૃદયપૂર્વક આભાર માને છે.*

## મિંદીયાળા ગૌશાળા ખાતે ગૌ સંસ્કૃતિનું જતન, ગૌ ચાલીસાનું પઠન કાર્યક્રમ યોજાયો

તા. ૧૬-૦૬-૨૦૨૪ રવિવારના દિવસે અંજાર કચ્છનાં કવયિત્રી પૂજાબેન ગઢવી 'મંથના' દ્વારા ગૌ ચાલીસાનું ગૌ શાળામાં પઠન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મિંદીયાળા ગૌશાળા પ્રમુખશ્રી ડૉ. રાયમલ રબારી, હીરાભાઈ બધાભાઈ રબારી, સરપંચશ્રી બાબુભાઈ ભીખાભાઈ રબારી તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત ગણેશ સ્તુતિ અને સરસ્વતી વંદના દ્વારા કરવામાં આવી. ત્યારબાદ ગૌમાતાનું પૂજન અને ગૌ ચાલીસાનું પઠન વડનાં વૃક્ષ નીચે કરવામાં આવ્યું. મિંદીયાળા ગૌશાળા દ્વારા ભવ્ય આયોજન કરવા માટે જણાવતાં કવયિત્રી દ્વારા તે ખર્ચ ગૌ શાળામાં અર્પણ કરવાનું જણાવતાં તેમજ વડનાં વૃક્ષની પસંદગી કરતાં સમસ્ત ગ્રામજનો તેમની આ સેવા સર્વોપરી ભાવથી ભાવવિભોર થઈ ગયા. કાર્યક્રમની આભારવિધિ ગૌ ચાલીસાનાં વિતરણ બાદ દિપકપુરી ગોસ્વામી 'દર્દે દિલ' દ્વારા કરવામાં આવી.

## પારિજાત સાહિત્ય ગ્રુપ

પારિજાત સાહિત્ય ગ્રુપ દ્વારા 'ચીંથરે વીંટ્યું રતન' પુસ્તકના વિમોચન પ્રસંગે ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ હર્ષદભાઈ ત્રિવેદી, એડમિન માણેકભાઈ પટેલ, રમેશ તન્ના, પી.સી. પટેલ અતિથિ વિશેખ તરીકે ઉપસ્થિત રહેલ હતા. વિમોચન પ્રસંગે ભુજના લેખક દિલીપ આચાર્યએ લે. અનસુયાબેન પટેલને પુસ્તક અર્પણ કર્યું. જેમાં સાહિત્ય રસિકો ભારતી ભંડેરી, બીના પીઠડિયા, ભગવતીબેન આચાર્ય વગેરે ઉપસ્થિત રહેલ હતા. આ કાર્યક્રમનું સંચાલન કાજલ ઠક્કરે કરેલ હતું.

## કવિ કલા વૃંદ સાહિત્ય સંસ્થા

કવિ કલા વૃંદ સાહિત્ય સંસ્થા તરફથી વિવિધ વિષય કાવ્યના પઠન સાથેની ગ્રુપ સભ્યોની વિશ્વ યોગ દિન અને કબીર જયંતી, વટ સાવિત્રી પૂર્ણિમા વગેરે પર્વની ઉજવણી માટે બેઠક દિલીપ આચાર્યના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવેલ. જેમાં યોગ સંદેશ, આપણી સંસ્કૃતિ પુરાણોમાં ખૂબ જ મહિમા ગણવામાં આવેલ છે તેમજ ધાર્મિક પર્વમાં વટ સાવિત્રી પૂર્ણિમા પર્વની પ્રાચીન પરંપરાની સમજ આપવામાં આવી હતી. આ અંગે ગ્રુપ સભ્યો દ્વારા ઉષા દાવડાએ વટ સાવિત્રી પૂર્ણિમાનો મહિમા વર્ણવતી રચના રજૂ કરેલ હતી.

આ પ્રસંગે કબીર જયંતી પ્રસંગે તુલસીદાસ બોરા, ચંદ્રકાંત ધલ; વૃક્ષ વિશે દિવ્યકાંત છાયા; લગ્નની સીઝન હોઈ તેની સમજ આપતી હાસ્ય રચના અશ્વિન જાની; કનૈયાલાલ અબોટીએ વિશ્વ યોગ દિનની રચના યોગેશ વ્યાસનીનું પઠન કરેલ. નરેન્દ્ર જોશી, ચંદુલાલ ગોર, અમૃત સોનલ ભાટીયા, કૃતિ શાહ એ વિવિધતાસભર રજૂ કરેલ તે સહિતના સભ્યો હાજર રહેલ હતા.

જ્યારે ભારતી ભંડેરી, મીરા વ્યાસ, મનન ઠક્કર, રમેશ પટેલે ગુજરાતી અને કચ્છીમાં કેતના છેડા, હરેશ ગડા, છાયા શાહ, હરેશ દરજી વગેરે સહિતના ગ્રુપ સભ્યોનો સહકાર મળેલ હતો. તેમનો આભાર વ્યક્ત કરવામાં આવેલ હતો.

### હેત

*'વાયુદેવ'ને કચ્છ પર*
*અમથું અમથું હેત.*
*એ 'પંખો' ત્યારે ચાલુ કરે,*
*જ્યારે વરસાદ હાથવેંત!*

*– જગદીશચંદ્ર છાયા*

# પ્રતિભાવ

## શ્રી કચ્છી વિશ્રામ ગૃહ

માનનીય મંત્રીઓ તથા સંસ્થાના સર્વે સભ્યો અને સ્ટાફ માટે ખૂબ જ અનુમોદના.

ખૂબ જ સરસ અને વ્યવસ્થિત સેવા આપી રહ્યા છો. જવાબ આપવામાં તથા સ્ટાફના સેવકો પણ ખૂબ જ નમ્ર છે.

સંસ્થા વિશે જણાવું તો સરસ મેઇન્ટેઇન કર્યું છે. મેડિકલ સગવડ સાથે રાખીને સમાજ તથા અન્ય લોકો માટે અનુમોદનીય, પ્રશંસનીય કામ છે. સેવાભાવની ભાવના એ બિરદાવવા લાયક છે. ***Hats off to all of you.***

ગર્વ છે કે આપણા કચ્છી સમાજમાં આવું પણ જોવા મળે છે અને બધું પર્સનલી ધ્યાન આપવામાં આવે છે.

Thank you to all of you. અનુમોદના...

***છાયા અમિત દામજી કુરિયા***
***મો. ૯૯૨૦૫ ૭૦૦૮૧, ૯૮૨૦૧ ૬૨૩૪૪***

★

## શ્રી કચ્છી વિશ્રામ ગૃહ

હું, જય જેન્તીલાલ બુધ્ધભટ્ટી શ્રી કચ્છી વિશ્રામ ગૃહમાં છેલ્લા ૨૪ દિવસ રોકાયો હતો. તે દરમિયાન અહીંનું જમવાનું, રહેવાનું અને બાકી બધી સગવડો એકદમ સરસ હતી. આ ઉપરાંત, **સ્ટાફનું વર્તન પણ ખૂબ સારું છે.** મને મારી મુશ્કેલીના સમયે હોસ્પિટલના કામમાં આવેલ હતો. **તે માટે મને આર્થિક મદદ પણ કરી હતી.** હું ખૂબ જ આભારી છું – આ મદદ માટે.

ખૂબ સરસ સર્વિસ બદલ ખૂબ આભાર.

***જય જે. બુધ્ધભટ્ટી - ભુજ, કચ્છ***

★

છેલ્લા ઘણા વર્ષોથી હું કચ્છથી ગણો દૂર વસુ છું. પરંતુ મારા કચ્છ / ગુજરાતના લોકો તેમજ બૌધ્ધિકો સાથેનો સંપર્ક ઘનિષ્ઠ રહ્યો છે, એનો આધાર અમદાવાદથી પ્રકાશિત, શ્રી કચ્છી જૈન સેવા સમાજના સામયિક 'મંગલ મંદિર', કચ્છની સર્વાંગી વિગતો આપતું 'કચ્છશ્રુતિ' અને ભારતના કંસારા સોની સમાજની વિગતો આપતા 'સેતુ' જેવા સામાયિકો છે. આ સામાયિકો એમના સમાજની વર્તમાન ઉપરાંત પ્રેરણાદાયક વિગતો આપતા સર્વ સ્પર્શી બૌધ્ધિકોના લેખો, વાર્તાલાપો, ચરિત્ર ચિત્રણો અને સમાજને સ્પર્શતી વિગતો આપે છે.

ઉદાહરણરૂપે આપણે જૈન સમાજના સામાયિક, મંગલ મંદિરની વાત કરીએ તો એમાં સમાજના વર્તમાનની વિગતો ઉપરાંત સમાજ પ્રેરીત પ્રેરણાદાયક પ્રવૃત્તિઓ અને પ્રસંગોનું પણ વિગતે વર્ણન હોય છે. જૂન-૨૦૨૪ માસના અંકમાં તો આઝાદીના ૭૫ વર્ષના લેખાજોખા ચર્ચતો તંત્રીલેખ, સ્વાધીનતા સંગ્રામના શૂરવીરોની શ્રેણી, ઉદ્યોગપતિ અંબાલાલ સારાભાઈના બહેન અનસુયાબહેનની રચનાત્મક પ્રવૃત્તિઓ, કચ્છના વિકાસ સંદર્ભે કંડલાની વર્તમાન આવશ્યક્તા અને કચ્છના જૈન સમાજની રચનાત્મક પ્રવૃત્તિઓ ઉપરાંત અમદાવાદ જૈન સમાજની પ્રેરણાદાયક વિગતો આ અંકમાં પ્રકાશિત છે. આ સામાયિકની વતનની વાતો અને સામાજિક સંસ્થાઓની રચનાત્મક પ્રવૃત્તિઓના વર્તમાનના કાયમી સ્તંભો માહિતીસભર હોય છે. આ માસના અંકની એક ખાસ વિશેષતા, ડૉ. વીસરિયા સ્મૃતિ વ્યાખ્યાનમાળા અંતર્ગત શ્રી લીલાધર ગડાના પ્રવચનનું પ્રકાશિત વર્ઝન ખાસ વિશેષ છે. આ લેખની વિગતે ચર્ચા અત્રે પ્રસ્તુત છે.

***હંસરાજ કંસારા - નવી દિલ્હી***

★

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર 'મંગલ મંદિર'ના જૂન મહિનાના અંક પર નજર ફેરવતાં જ તેની વૈવિધ્યસભર માહિતીનો ખ્યાલ આવી જાય છે. તંત્રીલેખ, સમાચાર, કાવ્ય અને અન્ય નિયમિત વિભાગો તો રાબેતા મુજબ પ્રસિધ્ધ થયા જ છે પરંતુ બે લેખ ખાસ ધ્યાન ખેંચે છે. (૧) લીલાધર માણેક ગડા લિખિત લેખ વધુ મહત્ત્વનો છે. આમ તો આ લેખ લીલાધરભાઈએ અમદાવાદમાં ગુજરાત વિશ્વકોષ ટ્રસ્ટના ઉપક્રમે આપેલા કચ્છ વિષયક વ્યાખ્યાનનો અક્ષરસઃ ઉતારો છે. પણ એમાં કચ્છ, ખાસ કરીને ધરતીકંપ પછી ટેક્ષ હોલીડે સહિતના પ્રોત્સાહનો થકી ઔદ્યોગિક ક્ષેત્રે હરણફાળ ભરી છે તેમ પ્રવાસન ક્ષેત્રએ પ્રગતિ કરી છે. તેમ છતાં તેનો લાભ નાનામાં નાના માણસ સુધી પહોંચ્યો છે ખરો? નાના મોટા ઉદ્યોગોમાં કામ કરતા હજારો કામદારોને નિયમાનુસાર વેતન મળે છે ખરું? આ બધા સવાલ ઉઠાવીને લીલાધરભાઈએ કચ્છના કામદારોનું સરેઆમ શોષણ થતું હોવાની ચોંકાવનારી માહિતી પણ આપી છે. તો નિરૂપમ છાયા લિખિત બીજા લેખમાં ૧૯૬૫ના યુધ્ધ વિશેના કીર્તિભાઈ ખત્રીના પુસ્તકની વાત છે. એ સમયે કેન્દ્ર સરકારે કચ્છના સલામતી સહિતના પ્રશ્ને બેદરકારી સેવી. તેથી કચ્છે છાડબેટ સહિતનો વિસ્તાર ગુમાવવો પડ્યો તેની વિગતવાર માહિતી આ પુસ્તકમાં છે. સમગ્ર રીતે જોવા જઈએ તો 'મંગલ મંદિર'ના મુખ્યતંત્રી અશોકભાઈ મહેતા આ બે લેખની પેશગી બદલ ધન્યવાદને પાત્ર છે.

***કીર્તિ ખત્રી - ભુજ, કચ્છ***
***સિનિયર પત્રકાર***

## મનગમતું મેગેઝિન : મંગલ મંદિર

'મંગલ મંદિર' માસિકપત્ર છે તો શ્રી કચ્છી જૈન સેવા સમાજ, અમદાવાદનું મુખપત્ર પણ સમસ્ત કચ્છીઓને આવરી લઇ વાંચન સામગ્રી પ્રસ્તુત થતી રહે છે. એક શિષ્ટ સામયિક નિયમિત ચલાવવું, નિત્ય-નવીન વાચનથાળ પીરસવો, એ કપરું કામ છે. મેગિઝનનો કાગળ, પ્રિન્ટીંગ, ટપાલ ખર્ચ અને વહીવટી ખર્ચ વગેરે બાબતો જોતાં મેગેઝિન પ્રકાશન મુશ્કેલ બનતું જાય છે. એ સંજોગોમાં 'મંગલ મંદિર'નું નિયમિત પ્રકાશન અભિનંદનીય છે. સૌ સૂત્રધારોને વંદન! 'મંગલ મંદિર'ના નિયમિત વિભાગો અને અન્ય વાંચન-સામગ્રી દરેક કચ્છી માડુને સ્પર્શે તેવી હોય છે.

તાજેતરનો જૂન મહિનાનો અંક પણ 'મંગલ મંદિર'ની પ્રણાલીને અનુસરતો પ્રસિદ્ધ થયો છે. દર મહિને મુખપૃષ્ઠ પર પ્રાસંગિક થીમ મુજબ ચિત્રાંકન થાય છે તે મુજબ જૂન મહિનાના ટાઈટલ પર **'બેક ટુ સ્કૂલ'**નું ચિત્ર મૂકી શાળાના સત્રારંભને આવકાર અપાયો છે. કુલ ૬૬ પેજમાં ઘણું બધું આવરી લઈ એક સુસજ્જ મેગેઝિનનો પરિચય કરાવાયો છે. હંમેશ મુજબ તંત્રીલેખ વિચારશીલ મુદ્દાની ઊંડાણપૂર્વક છણાવટ કરે છે. આઝાદી પછીના ૭૫ વર્ષની નીપજ બાબતે આકલન કરાયું છે. પ્રેરણાત્મક પ્રસંગો, સ્વાધીનતા સંગ્રામના ૭૫ શૂરવીર, એરિસ્ટોક્રેટસ, વિવિધતા પ્રેરક તેમજ પ્રૌઢ વાંચનની ગરજ સારે છે. જૂનના અંકની કલગી હોય તો તે લીલાધર ગડા 'અધા'નો અભ્યાસપ્રદ પ્રવચન લેખ **'વીતેલા વર્ષોમાં કચ્છ : વિકાસ કે પ્રગતિ ?'** દૃષ્ટાંતો, અનુભવો, અહેવાલો વગેરેના નિચોડ સમો એ લેખ કચ્છ અને કચ્છીઓને વિચારતા કરી મૂકે એવો છે. સમય અનુરૂપ કંડલા મહાપાલિકા ચિંતન, ગુજરાત રાજ્ય વિશે માહિતી, તંદુરસ્તી, તીર્થ દર્શન, પુસ્તક સમીક્ષા, અન્ય સંસ્થાઓના સમાચાર, અતીતના ઓવારેથી, દેશ-વિદેશ, જ્ઞાન-વિજ્ઞાન સમસામયિક વાંચન પૂરું પાડે છે. સવાલ અમારો — જવાબ તમારો, શબ્દ રમત, સુડોકુ મનોરંજક બની રહે છે. **શ્રી કચ્છી જૈન સમાજની દૈનિક ડાયરી દસ્તાવેજી મૂલ્ય ધરાવે છે.** સમાજ દર્પણ, સાભાર સ્વીકાર, વિવિધ સમિતિઓના કાર્યક્રમો સમાજ હિતકાર છે.

સમગ્ર ટીમને ધન્યવાદ!

***સંજય પી. ઠાકર - ભુજ, કચ્છ***
***ફ્રી લાન્સ પત્રકાર અને લેખક***
***મો. ૯૪૨૮૮ ૧૯૪૫૩***

★

આઝાદીના ૭૫ વર્ષ પછી અરીસામાં નિહાળવાની વાત કરીને અશોકભાઈએ અમૃતકાળનાં દાવાનું પોસ્ટમોર્ટન કર્યું છે. રાજકીય નેતાઓની ભાષા અને ભાવના બંને કેટલા નીચલા સ્તરે પહોંચ્યા છે અને જાણનાર-જોનારને સ્વાભાવિક પ્રશ્ન જાગે કે, 'શું આના માટે લીલુડાં માથા વધેરીને આઝાદી લીધી હતી?'

દેશ અને સમાજ માણસોથી બને છે અને માણસો એટલે નાગરિકોના માનસનું ઘડતર અખબારોના માધ્યમથી થાય છે. આ સમાજ ઘડતર કરનારાઓ નૈતિકતાથી દૂર હટી રહ્યા હોવાનું જણાવીને આ લેખમાં ચોથી જાગીરને અરીસો બતાવાયો છે, મહાનુભાવોને નૈતિક મૂલ્યોનું ખંડન એ અધોગતિના છેલ્લા પગથિયાની નિશાની, એ એકદમ સચોટ દિશા સૂચન છે.

અમદાવાદમાં કચ્છીઓની નાની-મોટી ૪૦ સંસ્થાઓ નિષ્કલંક કાર્યરત છે અને સેવાને વરેલી છે તે કોલર ઉંચા કરાવતી નોંધ છે. આ વર્ષથી કચ્છી દીકરીયું માટેની સુવિધા તેમાં ઉમેરાઈ છે, તે સોનામાં સુગંધ સમાન છે.

તંત્રીશ્રીને જણાવવાનું કે ભુજ બેઠે 'મંગલ મંદિર' વાંચવાની નિયમિત તક મળે છે અને સમય અનુસાર વંચાય પણ છે. જૂનના અંકમાં 'અધા' લીલાધર માણેક ગડાનું 'વિતેલા વર્ષોમાં કચ્છ : વિકાસ કે પ્રગતિ?' વાંચ્યું. પ્રગતિની સમાંતર પર્યાવરણને જફા, સંપત્તિનું એકત્રીકરણ, જમીનોનું વેચાણ તથા ૯૨ ટકા નિયમિત ભરાતા હપ્તાની પ્રામાણિક નોંધ પણ અંધારી રાત્રે ટમટમતા દીપ સમાન છે. અમદાવાદમાં 'અધા'એ આપેલું પ્રવચન અહીં સમાવાયું હોવાથી જે વાચકો એ નથી સાંભળી શક્યા, તેમને વાંચવા - સમજવાની તક 'મંગલ મંદિર'એ કરી આપી છે.

'જય જય ગરવી ગુજરાત : ભાગ-૨'નું લખાણ થોડું ટૂંકાવીને અન્ય કોઈનો સમાવેશ કરાયો હોત તો ચાલત તેવું વિચારતા વિચારતા એ લેખ ક્યારે વાંચી જવાયો તેનો ખ્યાલ જ ન રહ્યો. રજનીકાંતભાઈ પારેખે ઝીણી ઝીણી એવી વિગતો સમાવી છે, જે શોધવા જનાર ભટકી જતો હોય છે. એકંદરે 'અમૃતકાળ'નું 'મંગલ મંદિર' ખરેખર જ 'મંગળ' 'મંગળ' ભાસે છે.

***નવીન જોશી, તંત્રી – દિવ્ય ભાસ્કર (ભુજ)***
***મો. ૯૯૭૮૩ ૮૨૬૬૯***

★

કચ્છી નવા વર્ષની શુભકામનાઓ સહ અભિનંદન.

આપના તરફથી 'મંગલ મંદિર'નો જૂન-૨૦૨૪નો અંક મળ્યો. અંકની અંદર સમાવાયેલા લેખ પણ કચ્છીયતને ઉજાગર કરતા છે.

અમદાવાદ કચ્છી જૈન સેવા સમાજની પ્રવૃત્તિઓથી અંક માહિતગાર કરી ગયો. આપના નેતૃત્વ હેઠળ 'મંગલ મંદિર' સુંદર પ્રગતિ કરી રહ્યું છે. તંત્રી લેખમાં આપે આઝાદીના ૭૫ વર્ષના લેખાજોખા દર્શાવી આમ સમાજને સાચો આઈનો બતાવ્યો છે.

'વિતેલા વર્ષોમાં કચ્છ : વિકાસ કે પ્રગતિ?' — એ લેખમાં લીલાધરભાઈ ગડાએ વિકાસ અને પ્રગતિ વચ્ચેની પાત્ર ભેદરેખા સ્પષ્ટ કરી છે અને આમ આદમીની પ્રગતિથી જ સાચો વિકાસ કરી શકાશે એવું જણાવી વર્તમાન વિકાસની પોલ ખોલી છે.

નિરૂપમભાઈ છાયાએ મુ. કીર્તિભાઈના પુસ્તકનો સુંદર પરિચય કરાવ્યો છે. આ સિવાય પણ તમામ નિયમિત વિભાગો પણ રસપ્રદ અને માણવાલાયક રહ્યા. આપને પુનઃ અભિનંદન.

*નરેશ અંતાણી - ભુજ, કચ્છ*
*સિનિયર પત્રકાર*

★

'મંગલ મંદિર' જૂન ૨૦૨૪ના અંકમાં રચનાત્મક, માહિતીપ્રદ તથા વિકાસ, પ્રગતિના લેખોની હારમાળા સર્જાઇ હોય તેમ સમૃદ્ધ અને સાચવી રાખવા જેવી સામગ્રી અપાઇ છે. ખાસ કરીને તંત્રી લેખમાં અશોકભાઇ મહેતાએ મે માસ દરમિયાનમાં દેશ અને રાજયસ્તરે બનેલી રાજકીય સહિતની વિવિધ ઘટનાઓને અલગ તારવીને કરેલા નિરીક્ષણ ઉપરાંતની નુક્તેચિની વાચક માટે ભારતનું માનસ ક્યાં જઇ રહ્યું છે અને તેની સામે સ્થાનિક સ્તરે લોકસંસ્થાઓ કેમ દીવાલ બનીને ઉભી છે તે સટીક રીતે લખાયું છે. કચ્છની વાતો માટે ક્યાંય કચાશ જણાતી નથી. સામયિકના પ્રકાશન ખાતર પ્રકાશન કરવાના બદલે વાચકના હાથમાં સમૃદ્ધ વાંચન સામગ્રી મળે એ પ્રયાસ 'મંગલ મંદિર'માં ઉડીને આંખે વળગે છે. આવો સ્તુત્ય પ્રયાસ વર્તમાન અને નવી પેઢીને જોડનારો રહેશે. શુભકામનાઓ...

*ભાવિન વોરા – પત્રકાર, ભુજ - કચ્છ*

★

**તમામ લેખકોને અભિનંદન**

જૂન મંગલ મંદિરનું મુખપૃષ્ઠ યોગ્ય લાગ્યું કારણકે શાળા મહાશાળા જૂનમાં ઉનાળુ વેકેશન પછી ખૂલે છે. આ ઉપરાંત તંત્રી લેખ, વિવિધ કાવ્યો, પુસ્તક સમીક્ષા, કચ્છના અનુરૂપ લેખ, સંસ્થા સમાચાર, વિવિધતા, તંદુરસ્તી, તીર્થ દર્શનના તમામ લેખકોને મારા અભિનંદન.

*ડૉ. મિહિર એમ. વોરા - ભુજ, કચ્છ*
*ફ્રી લાન્સ પત્રકાર અને લેખક*

★

*માનનીય તંત્રીશ્રી, 'મંગલ મંદિર' અમદાવાદ.*

માહિતીને જ્ઞાનમાં રૂપાંતરીત કરવા માટે વાંચકોની જીજ્ઞાસાને નિરંતર ઉત્તેજિત કરતું સામયિક એટલે 'મંગલ મંદિર'. છેલ્લાં ૪૨ વર્ષથી પ્રસિદ્ધ કરવામાં આવતા એના દરેક અંકમાં તંત્રીમંડળની દૂરંદેશી દષ્ટિગોચર થાય છે. આઝાદીના શૂરવીરો, અંબાલાલ સારાભાઈ જેવા સમાજસેવી ઉદ્યોગપતિઓ, એરિસ્ટોક્રેટ, કચ્છ અને ગુજરાતના પ્રવાહો, આરોગ્ય, પુસ્તક પરિચય, અતીતના ઓવારે, પદ્ય રચનાઓ ઈત્યાદિ તેમાં પ્રકાશિત કરવામાં આવે છે.

મારે અહીં અભિનંદન આપવા છે દષ્ટિસંપન્ન અભ્યાસુ મુખ્ય તંત્રી આત્મીય શ્રી અશોકભાઈ મહેતાને તેમના માહે જુન ૨૦૨૪ના સૂક્ષ્મ અવલોકનના પરિપાકરૂપ તંત્રી લેખ માટે. જેનું શીર્ષક છે : '૭૫ વર્ષ પછી અરીસા તરફ નિહાળીશું'. અરીસો એટલે સ્પષ્ટ દર્શન-વાસ્તવિકતા, ઑડિટ અહેવાલ. આ લેખમાં સમગ્ર રાષ્ટ્રની વૃદ્ધિ કે વિકાસનું વિશ્લેષણ નથી પણ દરેક ભારતીય નાગરિકની ચિંતા, નિસ્બતનો અવાજ અહીં પડઘાય છે. અશોકભાઈએ પોતાની કિશોરાવસ્થામાં રામરાજયના સપના જોયાં હતા તે હવે પરિપકવ, જવાબદાર તંત્રી તરીકે માત્ર એક જ દિવસ તારીખ ૨૩ મેના વર્તમાનપત્રના મથાળાની તારવણી ત્રણ વિભાગમાં દર્શાવે છે.

૧. સત્તાધારી અને વિપક્ષના વિધાનો દ્વારા આજના નેતાઓની નકારાત્મક માનસિકતા.
૨. ભ્રષ્ટાચાર, ઉચાપત, જેના ભાગીદાર છે ઉચ્ચ શિક્ષણ મેળવેલા, ગાંધીના શબ્દોમાં નિષ્ઠુર હૃદયના અધિકારીઓ.
૩. સમાજને જેની દોરવણી આપવાનો ધર્મ છે તે પત્રકારત્વ કે ધાર્મિક સંસ્થાઓ પણ પોતાના નિઃશ્ચિત માર્ગથી ફંટાઈ જાય છે ત્યારે દરેકને તેની ગ્લાનિ થાય છે.

દેશની G.D.P. ૪ ટ્રીલિયન ડોલરના આંકને આંબી જાય તે ખુશીની વાત છે પણ જે દેશના ઋષિઓએ વેદ, ઉપનિષદ અને ગીતાજી જેવા ગ્રંથોની વિશ્વને ભેટ આપી હોય ત્યાં નૈતિકતા, ધાર્મિકતા અને આધ્યાત્મિક્તાનો સમન્વય અનિવાર્ય છે.

આપણા તંત્રીશ્રી શ્રદ્ધાવાન છે તેથી લેખના અંતે તેમણે એક જ શહેર અમદાવાદમાં સ્થિત કચ્છની ૪૦થી વધુ સંસ્થાઓ શ્રી કચ્છી જૈન સેવા સમાજ, લેઉવા - કડવા પાટીદાર, લોહાણા, વાગડ લોહાણા સમાજ વગેરેના શૈક્ષણિક, સામાજિક, તબીબી ક્ષેત્રના અવર્ણનીય યોગદાનનો ઉલ્લેખ કર્યો છે. તેમની નિષ્ઠા અને પારદર્શકતા માટે સંતોષની લાગણી અભિવ્યક્ત કરી છે સાથે સદ્‌વિચાર પરિવાર કે વિશ્વકોશનો પણ નિર્દેશ કર્યો છે.

નદીના ધસમસતા બિનજરૂરી પ્રવાહને ત્યારે જ અટકાવી શકાય જયારે તેના ઉપર બંધ બાંધવામાં આવે. તે રીતે સમાજમાં મૂલ્યોના ધોવાણને નાથવા માટે અનિવાર્ય છે અવૈધિક, મૂલ્યલક્ષી, આધ્યાત્મિક શિક્ષણ, પરિવાર અને શાળા દ્વારા. વડોદરાની સંસ્થા "સંપૂર્ણ જીવન" છેલ્લાં ૧૦ વર્ષથી ઉપનિષદ, બ્રહ્મસૂત્ર, ગીતા અને ચાર ધર્મો આધારિત એક વર્ષના નિશ્ચિત અભ્યાસક્રમ અનુસાર આધ્યાત્મિક શિક્ષણના ઓનલાઈન-ઓફલાઈન વર્ગો ચલાવે છે. ભૌતિક શિક્ષણ સાથે આધ્યાત્મિક શિક્ષણનો સમન્વય થશે એટલે આપોઆપ દરેકના મન બુદ્ધિમાં વિધાયકતા, દિવ્યતા અને પવિત્રતાનો સંચાર થઈ જશે. માનનીય તંત્રીશ્રીને માર્ગદર્શક લેખ માટે ફરીથી સલામ.

*પ્રવીણચંદ્ર ઠક્કર - વડોદરા*
*પૂર્વ નિયામક - લોકભારતી*
*મો. ૯૪૨૬૪ ૬૧૦૯૦*

નમસ્કાર! લગભગ છેલ્લા બારેક વર્ષથી 'મંગલ મંદિર' અગાઉ અમદાવાદમાં અને હવે મુંબઈમાં નિયમિત રીતે મળ્યા કરે છે. આ માટે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો આભારી છું. 'દેશ'થી સ્વજન આવે અને વતનના ખટમીઠાં સમાચાર લઈ આવે, તેમ અક્ષરદેહધારી સ્વજન સમું 'મંગલ મંદિર' મળવાથી આનંદ થાય છે. કારણકે તે કચ્છની વિશિષ્ટતાઓ તથા પીડાઓ – પ્રશ્નો અને સાથે તેના ઉકેલો પણ લઈ આવે છે. તે પણ જે-તે વિષયના આધિકારિક લેખકોની કલમે. 'મંગલ મંદિર'માં પ્રસિદ્ધ થયેલા કચ્છ- સંબંધિત લેખો અને ખાસ તો કચ્છને કેન્દ્રમાં રાખીને સમયે સમયે પ્રકાશિત થયેલા વિશિષ્ટ અંકો, કચ્છ વિષે સંશોધન કરવા ઈચ્છતા કોઈને પણ ઉપયોગી થાય એવા છે.

વળી વિવિધ રૂચિ ધરાવતા વાચકોને ધ્યાનમાં રાખી અધ્યાત્મ, ધર્મ, આરોગ્ય, સાહિત્ય, પ્રવાસ, શિક્ષણ, રમતગમત, મનોરંજન, કચ્છ ઉપરાંત દેશ-દુનિયાની મહત્ત્વની ઘટનાઓ અને છેલ્લે આવશ્યક એવી અમદાવાદ સ્થાનિક જૈન સમાજની ગતિવિધિઓની નોંધ 'મંગલ મંદિર'ને સર્વગ્રાહી, સર્વપ્રિય અને પારિવારિક સામાયિક બનાવે છે, એમાં બેમત નથી. સુઘડ પ્રિન્ટીંગની સાથે આકર્ષક મુખપૃષ્ઠ એનું હંમેશાંનું જમા પાસું રહ્યું છે.

જૂન-૨૦૨૪ના અંકની સંક્ષેપમાં વાત કરું તો, તંત્રીલેખ કહેવાતા મોટા માણસોની અનૈતિકતા રાષ્ટ્ર અને માનવસમાજ માટે કેટલી ઘાતક છે, તે તરફ લાલબત્તી ધરે છે. ('મોટા માણસો જે રીતે આચરણ કરતા હોય છે. સામાન્ય જનસમુદાય એમનું અનુકરણ કરતો હોય છે.' એ ગીતાવાક્યનું અહીં સહેજે સ્મરણ થાય છે.) તો બીજી તરફ કર્તવ્યનિષ્ઠ સંસ્થાઓ ઉજ્જવળ ભવિષ્યની આશા જન્માવે છે. 'જય જય ગરવી ગુજરાત' તથા 'જ્ઞાન વિજ્ઞાન' છાત્રોને વિશેષ ઉપયોગી છે. અંબાલાલ સારાભાઈ વિશેનો લેખ પ્રેરણાદાયી છે. 'જીવન વૈભવ સમજાવતા પ્રશ્નો'માં હાલરડાં વિશેની માહિતી ટૂંકી પણ રસપ્રદ જણાઈ. આપણી મોટાભાગની બીમારીઓનું મૂળ મન છે - એ '...રીપોર્ટ બધા નોર્મલ છે' લેખમાંથી સુપેરે જાણવા મળે છે. 'પાંડુરોગ – એનીમિયા' અને 'સ્તન કેન્સર' માહિતીપ્રદ સુંદર લેખો. કચ્છ અંગેની વિગતોના તલસ્પર્શી વિશ્લેષક કીર્તિભાઈ ખત્રી પુસ્તક '૧૯૬૫નું યુદ્ધ : કચ્છનો અંગભંગ કોના વાંકે?'ની નિરૂપમ છાયા દ્વારા આલેખિત સમીક્ષા મૂળ પુસ્તક વાંચવા મજબૂર કરે એવી છે.

પરંતુ સૌથી વિશેષ સ્પર્શી ગયો 'વીતેલા વર્ષોમાં કચ્છ : વિકાસ કે પ્રગતિ' વ્યાખ્યાન - લેખ, દિમાગને જ નહિ, દિલને પણ સ્પર્શી જાય છે. માનવમાત્રના સાચા અર્થમાં 'અધા' એવા લીલાધર ગડાએ કચ્છપ્રદેશના સામાન્ય માનવીની પીડાને આત્મસાત્ કરી, ઉદાહરણો સાથે જે રજૂ કરી છે, એ નરી વાસ્તવિકતા છે. કાશ! કચ્છની એ પીડા સંભળાય, સમજાય, નિવારાય.

સમાજસેવાની ભાવના સાથે કાર્યરત તંત્રીમંડળને અભિનંદન! અડધી સદીના ઉંબરે પહોંચી આવેલું 'મંગલ મંદિર' સર્વાંગી વિકાસ સાધતું રહે એવી મંગલ કામના!

***રવિ પેથાણી 'તિમિર' - કાંદિવલી, મુંબઈ***
***મો. ૯૭૨૬૮ ૧૦૨૮૭***

★

## વૈવિધ્યનો વિસ્તાર થયો છે

મંગલ મંદિર - જૂન ૨૦૨૪નો અંક ખૂબ જ ગમ્યો. તંત્રી લેખમાં દેશના રાજકારણ, જાહેર ઉદ્યોગ ક્ષેત્ર અને સમાજ જીવન વિશે તલસ્પર્શી અભ્યાસુ ચર્ચા કરવામાં આવી. સંનિષ્ઠ સમાજ જીવન વિશે પણ મીમાંસા ગમી. અમદાવાદ સ્થિત બંને મુખ્ય સમાજો સહિતના સંગઠનોની નિષ્ઠાભરી સમર્પિત કામગીરીની ઉચિત રીતે પીઠ થાબડી.

'અધા' તરીકે લોકપ્રિય શ્રી લીલાધરભાઈ ગડાનું ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અમદાવાદ ખાતે ડૉ. પ્રવીણ વીસરિયા સ્મારક વ્યાખ્યાનમાળાનું 'વીતેલા વર્ષોમાં કચ્છઃ વિકાસ કે પ્રગતિ?' સંબંધિત વિશ્લેષણાત્મક વ્યાખ્યાન સંપૂર્ણપણે પ્રકાશિત કરાયું એથી ઘણી માહિતી ઉપલબ્ધ થઈ. એમણે અગરિયાઓને ન્યાય અપાવવા પ્રશંસનીય પ્રયાસ કર્યો છે પણ એ કેટલો પડઘાશે અને ઉકેલાશે એ લાખ રૂપિયાનો સવાલ છે. સાંપ્રત રાજકારણમાં આ દીવાસ્વપ્ન ગણવું પડે કેમકે **કચ્છનું પ્રતિનિધિત્વ અને પ્રતિનિધિ - સત્ત્વતત્ત્વ સાવ તળિયે બેઠેલું જ હાલ તો ભાસે છે.**

કંડલા વિશેની વાત સાચી ખરી પણ વાસ્તવમાં ઘણી અતાર્કિક. છતાં એની ચર્ચા કરવામાં આવી એ આવકાર્ય. રાષ્ટ્રીય અને ગુજરાત સ્તરની વિશિષ્ટ વ્યક્તિઓની શૃંખલા ઘણી જ ગમે એવી છે. શ્રી રજનીભાઈ પારેખ અને બહેન શ્રી ચૌલાબહેનની વિભાગીય તારવણી અનુભવ નિચોડ જ છે. શ્રી ચૌલાબહેનને તો કચ્છ અને ગુજરાત દર્શનનો વ્યાપક સંદર્ભ ખજાનો સ્વબળે અને વારસાગત મળેલો છે.

**'મંગલ મંદિર' પાનાંમાં સંકોચાયુ છે પણ વિષય વાંચન વૈવિધ્યનો વિસ્તાર થયો છે એટલે અગાઉ જેટલું ગમતું હતું એટલો જ રસ જળવાઈ રહ્યો છે.**

***જગદીશ ર. શાહ - વડોદરા***

★

## 'ચાગલી ધી'

જૂન-૨૦૨૪ના 'મંગલ મંદિર'નો અંક મારા હાથમાં છે. મુખપૃષ્ઠ આકર્ષક છે. જૂન મહિનો એટલે ફરીથી શાળાઓ ખૂલે.

જ્ઞાનની આરાધનાનો આરંભ. 'અતીતના ઓવારે'થી માં શ્રી કચ્છી જૈન સેવા સમાજના ભૂતપૂર્વ અધિકારીઓ - કાર્યકરોને યાદ કરીને પ્રશંસનીય કાર્ય કર્યું છે. જેમણે સેવા કરી તેમને ભૂલવા જેવા નથી. **આ અંકમાં અમદાવાદ અને કચ્છ ધબકે છે. માહિતી છે, જ્ઞાન છે.** લીલાધર ગડા 'અધા'નો સાંભળવા જેવા પ્રવચનનો લેખ છે. દૈનિક ડાયરીથી ખબર પડે છે કે સંસ્થા રોજેરોજ કેવા રૂડા કામ કરે છે. **સંસ્થામાં ૩૩ હજાર લોકોએ જુદા જુદા વિભાગમાં સેવાઓ મેળવી. આ ધન્યવાદને પાત્ર કામ છે.** સંસ્થા, એ સમાજની 'ચાગલી ધી' — દીકરી છે. આરોગ્યની વાત છે. બધું જ સરખું ગોઠવેલું છે. થોડું થોડું રોજ વાંચી શકાય એવું છે. **અશોકભાઈ, તમારો તંત્રીલેખ વિચારતા કરી દે એવો છે. લોકશાહીની વિટંબણા દર્શાવી છે.**

સૌ લેકકો અને તંત્રી મંડળને અભિનંદન.

***ગુલાબ દેઢિયા, સામાજિક કાર્યકર - મુંબઈ***

★

***BOOK OF REFERENCE***

***Dear Ashokbhai ..***

Very frankly and sincerely let me confess that I am not a reader of Mangal Mandir. I just go thru pages and like its printing, concept etc .

My wife is a regular reader. She was upset on not receiving it. And drawn my attn and I took it up with you all.

On receiving your msg for Pratibhav, asked my wife to give me the June edition.

Was serious to go thru it as you asked for the Pratibhav.

First of all Your editorial drew my attn seriously on 75 years analysis in three parts — A B and C.

**Really it is an Eye opener.** But to whom to say, to whom to complain. Jevi Praja – Eva Raja.....

Emotionally the country not going in the way the elders had thought of. And to expect from the current generations for the country is of no use.

Next : **Gujarat Sthapana din. Is of wonderful research about the Firsts in Gujarat.**

Never knew about our Gujarat staying away from Gujarat in East at Kolkata. **Highly Informative.**

I have kept this edition as a book of reference.

I thank you very much for sending me the message for Pratibhav. It has created an interest to be a regular reader in coming days.

Will be looking for the next issue .

Sorry for the long write up... Thanks again...

My Pranam to you for giving dedicated services to Shri Kutchi Jain Seva Samaj. Proud of you...

I rarely come that side. But in next would be visit will make a point to see you. Thanks....

***Harakh Bhawanji Shah - Kolkata***

★

**અભિન્ન અંગ**

**મંગલ મંદિર, કચ્છી જૈન સેવા સમાજનું એક અભિન્ન અંગ છે.** મેડિકલ સેન્ટર ખાતે જ્યારે પણ હું વાંચતો ત્યારે કંઈક ને કંઈક નવું તેમાં મળતું.. આ પરથી પ્રેરિત થઈને શ્રી અશોક મહેતા તથા પીન્ટુભાઈના સહયોગ થી મેં મારા અનુભવી તથા સર્જીકલ રોગો, પેટના રોગો તથા સારણગાંઠ વિશે માહિતી 'મંગલ મંદિર'માં પ્રકાશિત કરવા મારા લેખ આપ્યા જેનાથી લોકોને જાણકારી મળે અને 'Prevention is better than cure'ના સૂત્રને સાકાર કરી શકીએ.

***ડૉ. તપન એ શાહ***

***મો. ૯૯૨૫૦ ૧૦૫૯૯***

★

જૂન-૨૦૨૪નો 'મંગલ મંદિર'નો અંક વૈવિધ્યસભર રહ્યો. સ્વાધીનતા સંગ્રામના ૭૫ શૂરવીરોની શ્રેણી રસપ્રદ છે. આપણી આઝાદીમાં તેમના બલિદાનોથી નવી પેઢી અવગત થાય છે. ભારતના ઇતિહાસના પૃષ્ઠો પર અંકિત થયેલી આ યશોગાથાઓ અજોડ છે. શ્રી દેવેન્દ્ર પટેલની અંબાલાલ સારાભાઈ અંગેની લેખમાળા તેમના ઉદાર વ્યક્તિત્વને ઉજાગર કરે છે. 'વીતેલા વર્ષોમાં કચ્છ : વિકાસ કે પ્રગતિ?' લેખ વધારે લાંબો રહ્યો. શ્રી રજનીકાંત પારેખ દ્વારા 'જય જય ગરવી ગુજરાત' લેખમાળા સામાન્ય જ્ઞાન માટે ઉપયોગી છે. સ્પર્ધાત્મક પરીક્ષા આપનારા યુવાનોએ આ લેખમાળા વાંચવી જોઈએ. શ્રી નિરૂપમ છાયા દ્વારા શ્રી કીર્તિભાઈ ખત્રીના પુસ્તક '૧૯૬૫નું યુદ્ધ કચ્છનો અંગભંગ કોના વાંકે?'ની સમીક્ષા સુંદર રીતે વર્ણવી છે. છાડબેટનો કેટલોક વિસ્તાર તેમજ બિયારબેટ આપણે ગુમાવ્યા તેનું દુઃખ અને વ્યથા છે. આ ઉપરાંત અંકના નિયમિત વિભાગો અંકને રસપ્રદ અને આકર્ષક બનાવે છે.

***અશોક વી. શાહ - ગાંધીનગર***

***મો. ૯૩૨૮૯ ૨૬૮૫૯***

★

**ખૂબ જ સરસ લાગ્યો**

'મંગલ મંદિર'નો જૂન-૨૦૨૪નો અંક અમને ખૂબ જ સરસ લાગ્યો. બહુ જ અગત્યના સમાચારો અને સંદર્ભ ગ્રંથના લેખોનો તેમાં સમાવેશ કરવામાં આવેલ હતો. આ અંકમાં હંસ ગઢેચાની જે વિગતો ચોક્સાઈપૂર્વક મૂકવામાં આવેલ હતી તે ખૂબ જ

અસરકારક બની રહેલ હતી. આ વિગતોનો સમાવેશ કરવા માટે તંત્રી મંડળનો ખૂબ ખૂબ આભાર.

*કલ્પેશ ગઢેચા - અમદાવાદ*

★

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર 'મંગલ મંદિર'ની દર મહિને શરૂઆતમાં આતુરતાપૂર્વક રાહ જોઈએ છીએ.

તેમાં પણ જૂન મહિનાનો અંક ખૂબ જ રસપ્રદ રહ્યો.

તંત્રી લેખ : 'આઝાદીના ૭૫ વર્ષ પછી આપણે ક્યાં?'

કચ્છ : વિતેલા વર્ષોમાં કચ્છનો વિકાસ.

ગુજરાત સ્થાપના દિન વિશે ગુજરાતની અવનવી માહિતી.

જીવન વૈભવ સમજાવતા પ્રશ્નોમાં મોટો લેખ, તે પણ નાની બાળાઓ દ્વારા લખાયેલો લેખ.

દેશ વિદેશની માહિતી...

'મંગલ મંદિર'ના દરેક લેખ ખૂબ જ માહિતીસભર રહ્યા અને શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા કચ્છી દીકરીઓ માટે ગર્લ્સ હોસ્ટેલની જાહેરાત...

કચ્છની દીકરીઓ માટે અત્યંત જરૂરી હોસ્ટેલ...

આપણા સમાજનું પ્રશંસનીય કાર્ય...

એકંદરે જૂન મહિનાનો અંક માહિતીસભર - રસપ્રદ લાગ્યો.

મંગલ મંદિર એટલે આપણા સમાજની પ્રગતિનું દર્પણ છે.

ખૂબ જ પ્રશંસનીય... સમાજના દરેક કાર્યકરને અભિનંદન.

*મનીષ વીરા - અમદાવાદ*

★

જૂન-૨૦૨૪ના તંત્રીલેખમાં આપે જે સમસ્યાઓ અને આવનારી પેઢીને આપણે શું આપી જઈશું તથા તેઓને કઇ દિશામાં દોરી જશું એ ખરેખર ખૂબ જ આઘાતજનક બાબત છે. ક્ષેત્ર કોઈપણ હોય, ભલે તે રાજકીય હોય યા ધાર્મિક કે અન્ય કોઈપણ હોય, પરંતુ છીછરી માનસિકતાવાળા સંસ્થાના વડેરાઓ સંસ્થાને અધઃપતન તરફ દોરી જાય છે. ઘનઘોર અંધારામાં આશામાં એક દીવડા જેવી કચ્છી સંસ્થાઓ પ્રત્યેનો આપનો અનુભવ તેમાં દીવાદાંડી સમાન છે. આપણે આશા રાખીએ કે આ સંસ્થાના માધ્યમથી આગળ આવેલા લોકો આવતીકાલની દેશની રાજકીય, સામાજિક કે ધાર્મિક ધૂરા સંભાળે. 'મંગલ મંદિર'માં આવતા આપના લેખો ખૂબ જ અભ્યાસી, મહેનત તથા વિશ્લેષણથી લખવામાં આવ્યા હોય છે, જે સમાજમાં ચાલતી વર્તમાન પરિસ્થિતિથી જાગૃત કરવાનું કામ કરે છે. આપ આ જ રીતે કાર્ય કરતા રહો અને નવોદિતોને કાર્યપથ દેખાડતા રહો એ જ અભ્યર્થના સાથે.

*જયંતીભાઈ નીસર*

★

## જાણકારી મળી શકેલ છે

જો કે અન્ય રોકાણોના કારણે મંગલ મંદિર જૂન-૨૦૨૪નો અંક પૂરતો વાંચી શકેલ નથી. પરંતુ જેટલું વાંચ્યું છે તેનાથી કહી શકાય કે આ અંકની વિગતો ખૂબ જ ઉચ્ચ પ્રકારની છે કે જેનાથી વધુ જાણકારી મળી શકેલ છે અને આ જાણકારી પણ ઉચ્ચ કક્ષાની રહેવા પામેલ છે.

*મહેન્દ્ર ગોળવાળા*

★

'મંગલ મંદિર' નિયમિત મળતું, માહિતી પ્રદાન કરતું માસિક. સવાલ અમારા - જવાબ તમારા, દેશ-વિદેશમાં સરસ વાતો જાણવા મળે છે. અમદાવાદના કચ્છી સમાજની વિવિધ પ્રવૃત્તિઓનો ખ્યાલ 'મંગલ મંદિર' થકી જાણવા મળે. ઉપરાંત સમાજના બધા વર્ગને આવરી લઈને જે જે ધાર્મિક અને સામાજિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે, સમાજને સુદૃઢ બનાવે છે. છાપકામ અને રંગીન તસવીર પણ ઉત્તમ. કાવ્યો પણ ઉચ્ચ કોટીના પ્રસિદ્ધ કરો છો એ બદલ મેનેજમેન્ટ અને તંત્રી તથા સહાયકોને અભિનંદન. પ્રાઇડ ઑફ કચ્છની વિગતથી આનંદ. 'મંગલ મંદિર' સદા વાચકોની વાંચન રૂચિને પોષતું રહે છે. જય કચ્છ, જય મંગલ મંદિર.

*રમીલાબેન મહેતા - ભુજ*

★

કોઈ પણ સમાજના મુખપત્રની વાત કરું તો કોઈ પણ જાતની અતિશયોક્તિ વગર કહી શકાય કે તેમાં 'મંગલ મંદિર' અવ્વલ દરજ્જાનું માસિક મુખપત્ર છે.

જૂન ૨૦૨૪ના અંકની વાત કરું તો હંમેશની જેમ અશોકભાઈ મહેતાનો તંત્રી લેખ ઉત્તમ જ નહીં સર્વોત્તમ કહી શકાય. સ્વાધીનતા સંગ્રામના વિભાગમાં બીરસા મુંડા વિશે જાણકારી પ્રાપ્ત કરી તેના પ્રત્યે અહોભાવ થયો. તંદુરસ્ત વિભાગમાં મળેલ જાણકારી પણ ખૂબ સરસ અને પુસ્તક સમીક્ષામાં શ્રી કીર્તિભાઈ ખત્રીના પુસ્તક વિશે નિરૂપમ છાયાની સમીક્ષા વાંચી પુસ્તક ખરીદવાનું મન થયું. સંસ્થા સમાચાર વિભાગમાં પણ અનેક જાણકારી પ્રાપ્ત થાય છે. પ્રેરણાત્મક પ્રસંગોમાંથી જીવન મૂલ્યોનો પાઠ ભણવા મળે છે. કુલ મળીને કહી શકાય કે મંગલ મંદિર એક સામાજિક માસિક મુખપત્ર તો છે જ પણ સાથે સાથે એક સાહિત્યિક માહિતીસભર અને જીવનલક્ષી માધ્યમ પણ છે.

ખૂબ આદર સાથે...

*હસમુખ ખીમજી મહેતા*

# સવાલ અમારો...
# જવાબ તમારો.....

મણકો ૧૫

**સંકલન - સંયોજક : પ્રભુલાલ કે. સંઘવી (ગાંધીધામ - અમદાવાદ)**
(સમાજના ભૂતપૂર્વ મંત્રી તથા 'મંગલ મંદિર'ના પ્રથમ ભૂતપૂર્વ તંત્રી)

*અહીં ૧૦ પ્રશ્નો આપવામાં આવેલા છે. તે તમામના સાચા જવાબ આપવાના છે. સાચા જવાબો આપનાર વાચકોમાંથી લક્કી ડ્રો કરી પાંચ વાચકોને યોગ્ય ઈનામ આપવામાં આવશે. વધુમાં વધુ સંખ્યામાં ભાગ લેવા વિનંતી.*

*તો આવો, આ એક નવીનતમ શ્રેણીના જવાબ આપવા થઈ જાઓ તૈયાર... ઉઠાવો કલમ...*

★ **આપે આટલું કરવાનું છે :**

- *આપના જવાબો, અંક મળ્યેથી ૧૦ દિવસમાં સમાજના પાલડી ભવન કાર્યાલયે મોકલી આપવાના છે.*
- *કવર ઉપર "સવાલ અમારો – જવાબ તમારો" સ્પર્ધા લખવાનું છે.*
- *જવાબના પત્ર ઉપર આપનું નામ, સરનામું, મોબાઈલ નંબર લખવો.*
- *આ એક ઉત્તમ પ્રયાસ છે. થોડી મહેનત કરશો. શોધખોળ કરશો... પ્રયત્ન કરશો... આપના જાણીતા અને અનુભવેલા પ્રશ્નો છે. આપને જરૂર આવડશે... આપનું નામ પ્રસિધ્ધ થશે... આપને આનંદ આવશે. સમાજ પ્રત્યે દિલચસ્પી વધશે.*

*તો આવો, તૈયારી કરીએ... જવાબ લખવાની...*

## • આ અંકના સવાલો •

૧. એક લાખ કરોડથી વધારે વેલ્યુ ધરાવતી પ્રથમ નંબરે આવતી ગુજરાતી કંપની ________. (અદાણી, રીલાયન્સ, તાતા)

૨. એપ્રિલ-૨૦૨૪માં પાલડી મેડિકલ ચેક-અપ સેન્ટર દ્વારા ________ પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતને લાભ આપવામાં આવ્યો. (૬૨, ૬૮, ૭૫)

૩. કંડલા મહાબંદરને વિકસાવીને ________ માં મહાબંદર તરીકે જાહેર કરવામાં આવ્યું. (૧૯૩૧, ૧૯૫૫, ૧૯૩૫)

૪. કચ્છના સરહદી વિસ્તારમાં સ્થાનિક પ્રજાનો મુખ્ય વ્યવસાય ________ નો છે. (ખેતી, પશુપાલન, કાપડ)

૫. શ્રી કચ્છી જૈન સેવા સમાજના સભ્ય પરિવારના બાળકોએ પોતાની છેલ્લી વાર્ષિક પરીક્ષાના પરિણામના ફોર્મ તા. ________ સુધીમાં ભરીને મોકલી આપવાના છે. (૨૦-૭, ૨૦-૮, ૨૪-૭)

૬. પ્રથમ ગુજરાતી અખબાર : ________ (ગુજરાત સમાચાર, મુંબઈ સમાચાર, સંદેશ)

૭. ગિરીરાજ શત્રુંજયની ઊંચાઈ આશરે ________ મીટર જેટલી છે. (૫૭૫, ૫૨૯, ૫૪૦)

૮. જૈન સાહિત્યકાર ડૉ. કુમારપાળ દેસાઈના જીવન કાર્યના વિવિધ પાસાંઓ વર્ણવતા "શબ્દ અને શ્રુત"ના ગ્રંથનું વિમોચન ________ દ્વારા કરવામાં આવેલ. (ગૂર્જર પ્રકાશન, નવભારત સાહિત્ય મંદિર, કલાવૃંદ)

૯. હિમાચલ પ્રદેશનો યુવાન સુરેશકુમાર ________ વર્ષે ઘરે પહોંચ્યો. (૧૫, ૩, ૭)

૧૦. ફૂલોમાં બીજો છોડ ઉત્પન્ન કરવા માટે ________ હોય છે. (ક્લોરોફિલ, પરાગરજ, પતંગિયા)

## • મણકા—૧૪ ના સવાલોના સાચા જવાબો •

૧. ચાંગોદર - પરમકૃપા મેડિકલ સેન્ટરે **૬** કંપનીઓ સાથે ટાઈ-અપ કરાવ્યું.

૨. **તા. ૧૫-૪-૨૦૨૪** થી પાલડી - શાહીબાગ ભવનના રૂમોના ભાડાનો ફેરફાર અમલમાં આવ્યો.

૩. વિશ્વના સૌથી મોટા પતંગિયાનું નામ **એલેકઝાન્ડ્રા** છે.

૪. પાલડી મેડિકલ ચેક-અપ સેન્ટરમાં સુપર સ્પેશિયાલિસ્ટ ડૉક્ટરના પ્રથમ કન્સલ્ટેશનની ફી **રૂા. ૨૦૦/-** લેવામાં આવે છે.

૫. તા. ૨૩-૩-૨૦૨૪ના રોજ વયસ્ક સમિતિ દ્વારા યોજવામાં આવેલ કાર્યક્રમમાં **૧૨૮** જેટલા વડીલોએ ભાગ લીધો હતો.

૬. સંયુક્ત રાષ્ટ્ર સંઘે **૨જી એપ્રિલ** વિશ્વ ઓટીસ્ટીક જાગૃતિ દિવસ તરીકે જાહેર કરેલ છે.

૭. અંબે ધામ — કચ્છ ગોધરાના સ્વપ્નદૃષ્ટાનું નામ **શાંતિભાઈ** હતું.

૮. ગુજરાતની પ્રથમ હાઈકોર્ટ **નવરંગપુરા**માં હતી.

૯. નવનીત મેડિકલ સેન્ટર - બોપલ ખાતે માર્ચ મહિનામાં કુલ **૭૫૨૫** દર્દીઓએ લાભ લીધો હતો.

૧૦. ભારતીય વિદેશ મંત્રીનું નામ **જયશંકર** છે.

***મણકા-૧૪ (મંગલ મંદિર જૂન-૨૦૨૪ અંકમાં પૂછાયેલા પ્રશ્નો)ના સાચા જવાબ આપનાર ભાગ્યશાળીઓના નામ નીચે મુજબ છે.***

૧. અજય અશ્વિનભાઈ રાણા
૨. રોનકબેન આઈ. શેખ
૩. ગિરીશ પોલડિયા
૪. નિશિત ગિહીર
૫. કુસુમ ગોહેલ
૬. અશોક વી. શાહ
૭. હસમુખ દામજી દેઢિયા
૮. જ્યોતિ એલ. શાહ
૯. દિશા પટેલ
૧૦. મિત વિપુલ ગોસર
૧૧. કવિષા વિપુલ ગોસર
૧૨. નવનીત ત્રિકમલાલ પારેખ
૧૩. હેમાબેન જગતકુમાર શાહ
૧૪. મુકેશ અમૃતલાલ શાહ
૧૫. અંજુ મહેતા
૧૬. કાજલ વાઘેલા
૧૭. મિત્તલ પટેલ
૧૮. કિંજલ દિવ્યેશ શેઠ
૧૯. નીના નવીનચંદ્ર મહેતા
૨૦. શેઠ કામિની સ્નેહલભાઈ

*ઉપરોક્ત ૨૦ નામોમાંથી ડ્રો કરવામાં આવતા નીચે મુજબના ૫ ભાગ્યશાળીઓ ઈનામને પાત્ર થયેલ છે.*

| | | | |
|---|---|---|---|
| ૧. | અજય અશ્વિનભાઈ રાણા | – પાલડી, અમદાવાદ | મો. ૮૧૪૧૭ ૦૭૨૬૫ |
| ૨. | ગિરીશ પોલડિયા | – ચાંગોદર, અમદાવાદ | મો. ૯૪૨૭૦ ૨૮૩૮૦ |
| ૩. | કુસુમ ગોહેલ | | મો. ૭૯૯૦૮ ૭૮૧૭૮ |
| ૪. | દિશા પટેલ | – પાલડી, અમદાવાદ | મો. ૯૭૧૨૭ ૭૩૨૦૩ |
| ૫. | મુકેશ અમૃતલાલ શાહ | – બહેરામપુરા, અમદાવાદ | મો. ૯૫૩૭૬ ૩૬૦૭૮ |

*આ ભાગ્યશાળીઓએ પોતાના ઈનામ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી, અમદાવાદ ખાતેથી મેળવી લેવા વિનંતી કરવામાં આવે છે.*

★ **નોંધ :** (૧) આ પ્રશ્નો સમાજ, સમાજની પ્રવર્તમાન પ્રવૃત્તિ અને સમાજને લગતા પૂછવામાં આવ્યા છે. સમાજના મુખપત્ર તથા સમાજના સાહિત્યનો અભ્યાસ કરવાથી જવાબો મળી જશે. (૨) સૌને સમાજની કાર્ય પ્રવૃત્તિમાં જોડવા અને ઓતપ્રોત કરવા સમાજને સ્પર્શતા પ્રશ્નો પૂછવામાં આવ્યા છે. (૩) આ કોલમ / મણકા સંબંધી આપનાં કોઈ સૂચન હોય તો આવકાર્ય છે.

**મારો સમાજ... મારું મુખપત્ર... મારો મનગમતો વિભાગ...**


*પરિવાર નામનો ભલે કોઈ વાર નથી, પરંતુ તેના વિના શક્ય એકેય તહેવાર નથી.*

## ઉડતી નજરે.... *માસ મે-૨૦૨૪ દરમિયાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ*

| ક્રમ | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|
| ૧. | **શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા**<br>**શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ.**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ..........<br>*જેમાંથી –* ● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ .......... ૬૮૬<br>● સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો .......... ૮૭<br>● બોડી ચેક-અપ .......... ૩૮૩<br>● સોનોગ્રાફી .......... ૧,૨૭૦<br>● ટી.એમ.ટી. .......... ૬૩<br>● ઑપરેશન / ઈકો .......... ૫ / ૨૯૬<br>● અન્ય .......... ૭,૨૫૨ | ૧૦,૦૪૨ |
| ૨. | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) અતિથિ ભવન, પાલડી, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ..........<br>*જેમાંથી –* ● પુરુષો .......... ૩૮૬<br>● સ્ત્રીઓ .......... ૨૩૪<br>● બાળકો .......... ૪૭<br>● કેન્ટીન .......... ૪,૫૨૫ | ૫,૧૯૨ |
| ૩. | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, ગીતા મંદિર, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ..........<br>*જેમાંથી –* ● પુરુષો .......... ૮૪<br>● સ્ત્રીઓ .......... ૨૯<br>● બાળકો .......... ૭ | ૧૨૦ |
| ૪. | **ડૉ. ચંદ્રકાંત દેઢિયા ડાયાલિસિસ સેન્ટર, ગીતા મંદિર, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ .......... | ૧૭૩ |
| ૫. | **જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ..........<br>*જેમાંથી –* ● શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - પેસેન્જર .......... ૨,૨૧૦<br>● મ્યુઝીયમ .......... ૧,૪૨૨<br>● કેન્ટીન .......... ૪,૬૫૦<br>● જલારામ અન્નક્ષેત્ર .......... ૪૫૫<br>● ડિસ્પેન્સરી .......... ૯૫ | ૮,૮૩૨ |
| ૬. | **શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટર, શાહીબાગ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ .......... | ૫૬૩ |
| ૭. | **નવનીત મેડિકલ સેન્ટર અને કંચનબેન નવીનચંદ્ર નાનજી શાહ ઓ.પી.ડી. સેન્ટર *તથા***<br>**દીપ ફાઉન્ડેશન મેડિકલ ચેક-અપ સેન્ટર, બોપલ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ..........<br>*જેમાંથી –* ● બોડી ચેક- અપ .......... ૧૯૯<br>● સોનોગ્રાફી .......... ૨૯૦<br>● ઑપરેશન .......... ૧૭<br>● અન્ય .......... ૬,૧૩૧ | ૬,૬૩૭ |
| ૮. | **નવનીત ડાયાલિસિસ સેન્ટર, બોપલ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ .......... | ૨૫૮ |
| ૯. | **પરમકૃપા મેડિકલ સેન્ટર, ચાંગોદર, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ..........<br>*જેમાંથી –* ● એક્સ-રે .......... ૧૯૪<br>● સોનોગ્રાફી .......... ૪૩<br>● બોડી ચેક-અપ .......... ૧૮૪<br>● ઈકો .......... ૧૧<br>● અન્ય .......... ૫૧૩ | ૯૪૫ |
| | *માસ મે – ૨૦૨૪ દરમિયાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ ..........* | **૩૨,૭૬૨** |

## NanoNine® શબ્દ રમત-૨૦૮

*સંકલન : રજનીકાંત પારેખ*



શબ્દ રમત ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મો. ____________________

*આપશ્રીના જવાબો તા. ૩૧-૦૭-૨૦૨૪ સુધીમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલાવવા વિનંતી.*

### આડી ચાવીઓ

૧. પગે લાગવું તે (૫)
૫. ધીરધારનો ધંધો કરનાર, નાણાંવટી (૩)
૮. અંતરનું એક પરિમાણ (દોઢેક માઈલ, અઢી કિ.મી.) (૨)
૧૦. ગમડગૂમડ પર ચોપડવાનું ઔષધ (૩)
૧૧. રાજા વિનાનું, અંધાધૂંધીવાળું (૪)
૧૩. ઉત્કટ ઇચ્છા, તલપ, તાલાવેલી (૩)
૧૪. રોગનો ફેલાવો, રોગનો ઉપદ્રવ (૪)
૧૬. પાણી ગરમ થતાં તેનું વાયુ સ્વરૂપ (૩)
૧૮. શ્રી લક્ષ્મીજી, એક સુંદર સ્ત્રી (૨)
૨૦. નાનાં બાળકોની ભાષામાં ખાવાનું (૨)
૨૧. એક તેજાનો (૨)
૨૨. રામ ભક્ત એક ભીલ વૃધ્ધા (૩)
૨૩. અવાજ, નાદ, ધ્વનિ (૨)
૨૫. વિદ્યા શાખાનો અધ્યક્ષ (ઈ) (૨)
૨૭. નાજુકાઈ, નાજુકપણું (૪)
૩૦. નાજુક કસબી પગરખું (૩)
૩૧. બે નદીઓનું મિલન સ્થાન (૩)
૩૨. રૂપાનું, ધોળાશ પડતું (૩)
૩૪. લપ્પડ, તમાચો, થપાટ (૪)
૩૬. પરોપકારી, પરોપકાર કરનાર (૪)
૩૯. વીસ ઘા (કાગળ) (૨)
૪૦. મોક્ષ, મુક્તિ (૫)
૪૫. દરજ્જો, પગ, હોદ્દો (૨)
૪૬. પાણી, વારિ (૨)
૪૭. રૂપું (૩)
૫૦. રસવાળું, રસીલું, ભાવુક (૩)
૫૨. હોડી, બોટ (૨)
૫૩. સીધું, નિખાલસ (૩)
૫૪. નારાયણ નારાયણ રટનાર મુનિ (૩)
૫૫. હાથનું ઘરેણું, મોટી કડી (૨)

### ઊભી ચાવીઓ

૨. મૃત્યુના દેવ (૨)
૩. ખૂબ જ લાલ, લાલમ લાલ (૪)
૪. શોક, દુઃખ (૨)
૫. દારૂ, મદિરા (૩)
૬. રાજ્ય કે રાજાને લગતું (૨)
૭. કંડિકા, પેરેગ્રાફ (૩)
૯. ગરમીની ઋતુ (૩)
૧૧. ખાનાવાળું ભીંતમાંનું કબાટ (૪)
૧૨. નોતરું, આમંત્રણ, ઈજન (૩)
૧૩. પ્રવાહીથી તરબોળ (૫)
૧૫. ચર્મ, ત્વચા, ખાલ (૩)
૧૭. રાજધાની, મુખ્ય શહેર (૫)
૧૯. સૂર્ય, ભાસ્કર, રવિ (૩)
૨૨. વહેમ, શંકા, સંશય (૨)
૨૩. અણુ, ધૂળનો કણ (૨)
૨૪. ઘરનું પૂજ્ય કે મુરબ્બી (૩)
૨૬. સ્વર્ગનું વિરોધી (૩)
૨૭. શહેર, પૂર (૩)
૨૮. તોપના દારૂને સળગાવવાની કાકડી (૪)
૨૯. દૂધ કે દહીંની મલાઈની પોપડી (૨)
૩૦. મરણ, અવસાન (૨)
૩૧. ધન, દોલત, ઐશ્વર્ય (૩)
૩૩. જન્મકેદ (૪)
૩૫. સુગંધ, સુવાસ, સૌરભ (૪)
૩૬. કંથ, સ્વામિ, વર (૨)
૩૭. એકંદર આંકડો, સરવાળો (૩)
૩૮. કાળો ચીકણો ઠરેલો કાદવ (૨)
૪૧. ધૂળનો કણ (૪)
૪૨. કુસ્તીબાજ, પહેલવાન (૨)
૪૩. દહીંમાં પલાળેલું વડું (૪)
૪૪. સમક્ષ, મોજૂદ (૩)
૪૭. જીભથી માલુમ પડતો સ્વાદ (૨)
૪૮. એક તેલીબિયું (૨)
૪૯. નાશ પામેલું, પાયમાલ (૨)
૫૦. નકામું, બાતલ કરેલું (૨)
૫૧. દાણો (૨)
૫૨. નાસિકા, આબરૂ (૨)

### નાનકડી કથા

*ઓફિસથી થાકેલા પિતાએ આવીને દાદાના પગ દબાવ્યા. તે જોઈને રાત્રે દીકરીએ પિતાજીની પીઠ પર માલીશ કર્યું. આ જોઈને દાદી બોલ્યા, થાળીમાંથી વાટકીમાં અને વાટકીમાંથી થાળીમાં!!*

## NanoNine® શબ્દ રમત-૨૦૬નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ઉ | ગ | મ | ણું | | ડ | ફ | ણું | | ક | દ | ર |
| મા | રૂ | તિ | | અં | ગ | ના | | શ | રા | ર | ત |
| | ડ | | પા | | લું | | વે | ર | | વા | લ |
| કા | | સ | દ | રો | | ગુ | | મિ | લ | ન | |
| પ | રિ | વા | ર | | અ | લા | ય | દું | | | આ |
| ડિ | | ર | | અ | | મ | મ | | અ | નિ | લ |
| યો | ગી | | રે | ક | ર્ડ | | | વા | ણિ | જ | ય |
| | ર | હે | વા | સી | | સા | દા | ઇ | | | |
| આ | દ | મ | | ર | ણ | મે | દા | ન | | ક | લા |
| વ | | ગિ | | | | લ | | | અ | ર | જ |
| ર | | રી | વા | જ | | | શ | ર | મ | | વા |
| દા | દ | | ટ | સ | | ના | | ત | ર | કી | બ |

*મે-૨૦૨૪ના અંકમાં છપાયેલ નેનો શબ્દ-રમત ૨૦૬ના બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

| | | |
|---|---|---|
| ૧. | ચારૂલ વોરા | – અમદાવાદ |
| ૨. | સરલા શાહ | – અમદાવાદ |
| ૩. | ઝરણા પારેખ | – અમદાવાદ |
| ૪. | ચંદ્રા શાહ | – અમદાવાદ |
| ૫. | સ્મિતા શાહ | – અમદાવાદ |
| ૬. | મુકેશ શાહ | – અમદાવાદ |
| ૭. | મહેન્દ્ર પુજ | – અમદાવાદ |
| ૮. | દમયંતી દંડ | – અમદાવાદ |
| ૯. | જય ગોગરી | – અમદાવાદ |
| ૧૦. | જ્યોત્સના ગોગરી | – અમદાવાદ |
| ૧૧. | કામિની શેઠ | – અમદાવાદ |
| ૧૨. | મીના ખરીદીયા | – અમદાવાદ |
| ૧૩. | ઈંદુબેન પટેલ | – અમદાવાદ |
| ૧૪. | તૃપ્તિ સાવલા | – અમદાવાદ |
| ૧૫. | જ્યોતિ ગડા | – અમદાવાદ |
| ૧૬. | અરવિંદ ભટ્ટ | – બોપલ, અમદાવાદ |
| ૧૭. | હસમુખ દેઢિયા | – અડાલજ, અમદાવાદ |
| ૧૮. | ફાલ્ગુની ડુંગાણી | – આદિપુર, કચ્છ |
| ૧૯. | નવલ નીસર | – સુરત |
| ૨૦. | સરોજ ચંદુરા | – સુરત |
| ૨૧. | પ્રભા શેઠિયા | – વલસાડ |

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારમાંથી લક્કી ડ્રૉ કરતાં એક વિજેતાનું નામ નીચે પ્રમાણે છે. તેમણે પોતાના ઈનામ સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય : સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

***વિજેતા*** **:** જ્યોત્સના ગોગરી – અમદાવાદ

## નમો લક્ષ્મી યોજના

***આ મેસેજ આપણા સમાજની દરેક દીકરી સુધી પહોંચાડી પુણ્યનું કામ કરીએ..***

નમો લક્ષ્મી યોજના નવા શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ એટલે નવા સત્રમાં ધોરણ ૯ થી ૧૨ માં અભ્યાસ કરતી તમામ વિદ્યાર્થિનીઓ (કન્યાઓ) ને આ શિષ્યવૃત્તિનો લાભ મળવાનો છે.

***ફોર્મ ભરવા લીંક : https:/bit.ly/3Khnayv***

૧. દરેક વિદ્યાર્થિનીઓના માતા (મમ્મી) ના બેંક એકાઉન્ટ ખોલવાના છે. જેમના મમ્મીના બેંક એકાઉન્ટ ખોલેલા હોય એમણે બેંક પાસબુકની નકલ શાળાના કાર્યાલયમાં જયારે મંગાવવામાં આવે ત્યારે જમા કરાવવી.

૨. તમામ વિદ્યાર્થિનીઓને લાભ મળવાનો હોવાથી ફરજિયાત મમ્મીના ખાતા સત્વરે વેકેશન દરમિયાન ખોલાવી દેવા.

૩. ધોરણ ૯ માં દર મહિને રૂા. ૫૦૦/- એટલે ૧૦ મહિનાના રૂા. ૫૦૦૦/- એવી રીતે ધોરણ ૧૦માં દર મહિને રૂા. ૫૦૦/- એટલે ૧૦ મહિનાના રૂા. ૫૦૦૦/-. ધોરણ ૯ અને ૧૦ ના કુલ રૂા. ૧૦,૦૦૦/- મળશે. ધોરણ ૧૦ની બોર્ડની પરીક્ષા પાસ કરે એટલે બીજા રૂા. ૧૦,૦૦૦/- એમ કુલ માધ્યમિક શિક્ષણ પૂરું કરવાથી રૂા. ૨૦,૦૦૦/- સહાય મળવાપાત્ર થશે.

૪. એવી રીતે ધોરણ ૧૧ માં દર મહિને રૂા. ૭૫૦/- એટલે ૧૦ મહિનાના રૂા. ૭૫૦૦/- એવી રીતે ધોરણ ૧૨માં દર મહિને રૂા. ૭૫૦/- એટલે ૧૦ મહિનાના રૂા. ૭૫૦૦/- ધોરણ ૧૧ અને ૧૨ ના કુલ રૂા. ૧૫,૦૦૦/- મળશે. ધોરણ ૧૨ની બોર્ડની પરીક્ષા પાસ કરે એટલે બીજા રૂા. ૧૫,૦૦૦/- એમ કુલ ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ પૂરું કરવાથી રૂા. ૩૦,૦૦૦/- હજાર સહાય મળવાપાત્ર થશે.

૫. નમો લક્ષ્મી યોજના દ્વારા વિદ્યાર્થિનીઓને ધોરણ ૯ થી ૧૨ સુધી કુલ રૂા. ૫૦,૦૦૦/-ની સહાય મળવાપાત્ર છે.

૬. આ યોજના દ્વારા દર માસે માતાના ખાતામાં DBTથી સીધા જમા કરવામાં આવશે, જે દીકરીના માતા હયાત ન હોય તેને તેના પોતાના ખાતાની વિગત આપવાની થશે.

૭. માતાના બેંક ખાતા આધાર કાર્ડ સાથે લિંક અને સીડિંગ થયેલા હોવા જોઈએ. જેની ખાત્રી બેંકમાં કરી લેવી.

૮. સમયસર યોજનાનો લાભ મળી રહે એ હેતુથી વેકેશન દરમિયાન આ કામ કરવાનું થતું હોઇ આ સાથે પરિપત્ર સામેલ છે જેનો અભ્યાસ કરી મદદરૂપ થશો.

**https://bit.ly/3Khnayv**

## NanoNine® Sudoku

**મે-૨૦૨૪ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૧૬૪ના બધા સાચા ઉકેલ મોકલનારનાં નામ**

૧. નયના કારાણી – અમદાવાદ
૨. ચંદ્રા શાહ – અમદાવાદ
૩. ઝરણા પારેખ – અમદાવાદ
૪. અવ્વાબરાજ શેખ – અમદાવાદ
૫. રોનકબેન શેખ – અમદાવાદ
૬. સ્મિતા શાહ – અમદાવાદ
૭. મહેન્દ્ર પૂજ – અમદાવાદ
૮. નિમેષ ગોગરી – અમદાવાદ
૯. નયના ગોગરી – અમદાવાદ
૧૦. ભાવના ધરોડ – અમદાવાદ
૧૧. દિનેશ વોરા – અમદાવાદ
૧૨. કામિની શેઠ – અમદાવાદ
૧૩. મીના ખરીદીયા – અમદાવાદ
૧૪. ઈંદુબેન પટેલ – અમદાવાદ
૧૫. પંકજ જૈન (ગાંધી) – અમદાવાદ
૧૬. જ્યોતિ ગડા – અમદાવાદ
૧૭. નિહાર મહેતા – અમદાવાદ
૧૮. જીયા સંઘવી – સરખેજ, અમદાવાદ
૧૯. અરવિંદ ભટ્ટ – બોપલ, અમદાવાદ
૨૦. હેમલતા દેઢિયા – અડાલજ, અમદાવાદ
૨૧. અશોક શાહ – ગાંધીનગર
૨૨. સરોજ ચંદુરા – સુરત
૨૩. પ્રભા શેઠિયા – વલસાડ

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારાઓમાંથી લક્કી ડ્રૉ અનુસાર એક વિજેતાનું નામ નીચે જણાવેલ છે. તેમણે પોતાનું ઈનામ પાલડી ભવન ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ : ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) ફોન પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

***વિજેતા*** : અવ્વાબરાજ શેખ – અમદાવાદ

## NanoNine® Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

*સુડોકુ ક્રમાંક-૧૧૬૬ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૩૧-૦૭-૨૦૨૪ સુધીમાં મોકલી આપવા વિનંતી.*

સુડોકુ ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મોબાઈલ : ____________________

### ક્રમાંક - ૧૧૬૬

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 4 | | | 3 | 7 | | | 1 |
| 9 | | | | 2 | | | | |
| | 8 | 2 | 9 | | | 7 | | 5 |
| 2 | | | | | 8 | 4 | 7 | 9 |
| | | | 7 | 5 | 2 | | | |
| 8 | 7 | 6 | 3 | | | | | 2 |
| 5 | | 8 | | | 3 | 9 | 1 | |
| | | | | 8 | | | | 3 |
| 3 | | | 2 | 1 | | 8 | 6 | |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 6 | 5 | | 7 | | 9 | 2 |
| 1 | | 2 | 4 | 3 | | | | |
| | | 9 | | | | | 5 | 3 |
| 9 | | 7 | | | 4 | | 8 | |
| | | | 9 | 8 | 5 | | | |
| | 1 | | 2 | | | 6 | | 9 |
| 2 | 8 | | | | | 9 | | |
| | | | | 4 | 8 | 2 | | 7 |
| 4 | 7 | | 6 | | 2 | 5 | | |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | 9 | | | 7 | | | | |
| 1 | | 5 | 4 | | | 6 | | 7 |
| | | | 9 | | | | 2 | |
| | 7 | 3 | | | 9 | 4 | 6 | |
| 4 | | | 7 | | 5 | | | 3 |
| | 8 | 1 | 2 | | | 9 | 7 | |
| | 5 | | | | 2 | | | |
| 9 | | 2 | | | 3 | 7 | | 4 |
| | | | | 4 | | | 1 | 9 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | | | 9 | | | | | |
| 9 | 6 | | | | 2 | 4 | 3 | |
| | | 8 | | | 3 | 5 | | 6 |
| | 1 | 9 | | | 8 | 6 | | |
| | 4 | | 6 | | 5 | | 8 | |
| | | 2 | 7 | | | 1 | 5 | |
| 8 | | 6 | 4 | | | 3 | | |
| | 9 | 3 | 5 | | | | 7 | 4 |
| | | | | | 7 | | | 9 |

### ઉકેલ : ક્રમાંક - ૧૧૬૫

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | 4 | 3 | 9 | 5 | 7 | 6 | 8 | 1 |
| 7 | 1 | 9 | 6 | 3 | 8 | 4 | 2 | 5 |
| 5 | 8 | 6 | 4 | 1 | 2 | 7 | 3 | 9 |
| 6 | 2 | 7 | 1 | 8 | 4 | 5 | 9 | 3 |
| 9 | 5 | 1 | 3 | 2 | 6 | 8 | 4 | 7 |
| 4 | 3 | 8 | 5 | 7 | 9 | 1 | 6 | 2 |
| 8 | 6 | 2 | 7 | 9 | 1 | 3 | 5 | 4 |
| 1 | 9 | 5 | 8 | 4 | 3 | 2 | 7 | 6 |
| 3 | 7 | 4 | 2 | 6 | 5 | 9 | 1 | 8 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 7 | 5 | 9 | 4 | 8 | 3 | 6 |
| 3 | 6 | 9 | 8 | 2 | 7 | 1 | 4 | 5 |
| 4 | 8 | 5 | 6 | 1 | 3 | 7 | 9 | 2 |
| 5 | 7 | 6 | 4 | 3 | 1 | 9 | 2 | 8 |
| 8 | 3 | 4 | 9 | 5 | 2 | 6 | 1 | 7 |
| 9 | 1 | 2 | 7 | 8 | 6 | 3 | 5 | 4 |
| 2 | 9 | 8 | 1 | 7 | 5 | 4 | 6 | 3 |
| 7 | 4 | 3 | 2 | 6 | 9 | 5 | 8 | 1 |
| 6 | 5 | 1 | 3 | 4 | 8 | 2 | 7 | 9 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | 1 | 6 | 8 | 4 | 2 | 3 | 7 | 9 |
| 3 | 4 | 8 | 7 | 9 | 6 | 2 | 1 | 5 |
| 7 | 2 | 9 | 1 | 3 | 5 | 6 | 8 | 4 |
| 4 | 5 | 3 | 2 | 8 | 7 | 9 | 6 | 1 |
| 9 | 7 | 1 | 6 | 5 | 3 | 8 | 4 | 2 |
| 6 | 8 | 2 | 4 | 1 | 9 | 5 | 3 | 7 |
| 2 | 6 | 5 | 3 | 7 | 1 | 4 | 9 | 8 |
| 8 | 3 | 7 | 9 | 2 | 4 | 1 | 5 | 6 |
| 1 | 9 | 4 | 5 | 6 | 8 | 7 | 2 | 3 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | 6 | 3 | 5 | 4 | 1 | 8 | 9 | 7 |
| 5 | 4 | 1 | 7 | 9 | 8 | 6 | 2 | 3 |
| 8 | 9 | 7 | 6 | 2 | 3 | 4 | 5 | 1 |
| 4 | 8 | 5 | 3 | 7 | 2 | 1 | 6 | 9 |
| 3 | 7 | 6 | 8 | 1 | 9 | 2 | 4 | 5 |
| 1 | 2 | 9 | 4 | 5 | 6 | 7 | 3 | 8 |
| 9 | 5 | 8 | 2 | 6 | 7 | 3 | 1 | 4 |
| 7 | 1 | 2 | 9 | 3 | 4 | 5 | 8 | 6 |
| 6 | 3 | 4 | 1 | 8 | 5 | 9 | 7 | 2 |

Nano 9® kitchenware in new avatar

NanoNine® INNOVATIVE KITCHENWARE Bana De Life Aasaan!

Mfg By: Shree Balaji Metal Industries, Vasai.
: (+91) 88792 99950 | E: care@nanonine.in | W: www.nanonine.in

AHMEDABAD: Authorised Distributors: Devam Enterprises : M. 96385 21024, 97245 00513
MUMBAI: Authorised Distributors: Vasant Marketing: (+91) 98206 72501 / KK Associates: (+91) 93234 04736

# આચાર્યો-શિક્ષકો માટે
# કેળવણી વિષયકો પુસ્તકો

### શિક્ષણ-વિચાર

**હરભાઈ ત્રિવેદી, કિં. 450**

બાળકને ઓળખવાની, તેની જરૂરતો અને સંવેદનાઓને સમજવાની અને બાળકને સ્વયં પ્રસન્નતાથી શીખતું કરવાની મનોવૈજ્ઞાનિક વાતો ગુજરાતના શિક્ષણ-જગતમાં સૌપ્રથમ વખત રજૂ કરનાર હરભાઈ ત્રિવેદીના અનુભવથી સમૃદ્ધ ચિંતનલેખોનું આ પુસ્તક તમામ સંચાલકો, શિક્ષકો અને આચાર્યોએ વાંચવા જેવું છે.

### શિક્ષણ-પ્રયોગ

**લે. હરભાઈ ત્રિવેદી, કિં. 450**

આજીવન શિક્ષક અને કેળવણીકાર હરભાઈ ત્રિવેદીએ પ્રાથમિક શિક્ષણના ક્ષેત્રમાં કેટલાક રચનાત્મક પ્રયોગો કર્યા હતા, જે આજના વિદ્યાર્થીઓના શૈક્ષણિક ઘડતર માટે પણ ઉપયોગી થઈ શકે એમ છે.

### આપણા દેશનો ઇતિહાસ

**લે. નાનાભાઈ ભટ્ટ, કિં. 130**

દક્ષિણામૂર્તિ સંસ્થામાં ઇતિહાસના શિક્ષક તરીકે વિદ્યાર્થીઓની ઉંમરના પ્રમાણમાં તેમને ઇતિહાસ કઈ રીતે ભણાવવો એનું નાનાભાઈ ભટ્ટે કરેલું ચિંતન આ પુસ્તકમાં છે. દ્રષ્ટાંતકથાની શૈલીમાં, 25 પ્રકરણોરૂપે ઇતિહાસની સાથે-સાથે આપણી ભવ્ય સંસ્કૃતિનું જ્ઞાન આપતું આ પુસ્તક દરેક વિદ્યાર્થીને વાંચવા આપવું જોઈએ.

### શિક્ષકની નિષ્ઠા અને દ્રષ્ટિ

**લે. મૂળશંકર મો. ભટ્ટ, કિં. 300**

ગૃહપતિ અને શિક્ષક તરીકે અવિસ્મરણીય સેવાઓ આપનાર મૂળશંકર મો. ભટ્ટ દ્વારા શિક્ષકનું મહત્ત્વ સમજાવતા 28 લેખો આ પુસ્તકમાં છે. સૈદ્ધાંતિક દષ્ટિએ, વ્યાવહારિક દષ્ટિએ તથા છાત્રાલય વિષયક શિક્ષકની ભૂમિકામાં એની નિષ્ઠા કેવી હોવી જોઈએ તથા એની દ્રષ્ટિ કેવી દીર્ઘ હોવી જોઈએ એનું ચિંતન.

**લે. નાનાભાઈ ભટ્ટ, કિં. 200**


શિક્ષણ દરમિયાન વિદ્યાર્થીને આપણા ઇતિહાસ અને આધ્યાત્મિક સંસ્કૃતિનો સ્પર્શ પણ થતો રહેવો જોઈએ. એમ કરવાથી વિદ્યાર્થીનું બહુમુખી ઘડતર થતું હોય છે. આ દ્રષ્ટિએ આ પુસ્તકમાં હિન્દુ ધર્મની કેટલીક અવિસ્મરણીય ઐતિહાસિક અને આધ્યાત્મિક વિભૂતિઓની રસપ્રદ કથાઓ આલેખી છે.

# લેખક જયવદન પટેલનાં વિવિધ વિષયનાં
# ઓછી કિંમતનાં અને વસાવવા જેવાં પુસ્તકો










### સેવકરામની જય હો * કિં. 108

આમ તો આ નવલકથા રાજનેતા અને ચૂંટણીને કેન્દ્રમાં રાખીને લખાયેલી છે, પરંતુ એના લેખક જયવદન પટેલ લાગણીના માણસ હોવાથી, એમણે આ રાજકીય કથા વસ્તુમાં પણ સંવેદનાની સરવાણીઓ વહાવી છે. તદ્દન નોખી અભિવ્યક્તિ અને હૃદયસ્પર્શી શૈલીને કારણે ભાવક વાર્તારસમાં સતત તણાયા કરે છે.

### મંગલાચરણ * કિં. 75

મંગલ આચરણથી જ જીવન મંગલ બને છે, સુંદર બને છે, અને સરસ બને છે. મંગલ આચરણથી જ જીવન સુખી બને છે, સમૃદ્ધ બને છે અને રળિયામણું બને છે. આ પુસ્તકમાં જીવનને મંગલ બનાવવાની પ્રેરણા આપતા 42 લેખો છે. દરેક વ્યક્તિને આ લેખો વાંચીને પોતાના જીવનને મંગલમય બનાવવાની દિશા જડશે.

### પ્રેમનું સરનામું * કિં. 150

હૃદયના તાર ઝણઝણાવતી 42 લવસ્ટોરીઝનો આ સંગ્રહ છે. ગુજરાત સમાચારમાં જયવદન પટેલની 'ઝાકળઝંઝા' કોલમ વર્ષો સુધી લોકપ્રિયતાના શિખરે રહી હતી. એ કોલમ યુવાન હૃદયની સંવેદનાઓ વ્યક્ત કરતી વાર્તાઓની હતી. એ વાર્તાનું એક પણ પાત્ર આપણને અજાણ્યું લાગતું નથી. ક્યારેક તો આપણે પોતે જ એ પાત્ર હોઈએ એવો અહેસાસ થાય છે ! યુવાન વાચકો આ વાર્તાઓ વાંચીને પ્રેમની સાચી પરિભાષા જાણી શકશે.

### પ્રેમતીર્થ * કિં. 110

ગુજરાત સમાચાર અખબારમાં જયવદન પટેલની લવસ્ટોરીઝની 'ઝાકળઝંઝા' કોલમ વર્ષો સુધી લોકપ્રિયતાના શિખરે રહી હતી. એમાંથી આ પુસ્તકમાં કુલ 30 વાર્તાઓ પસંદ કરીને લીધી છે. એમની વાર્તાઓનાં પાત્રોને આપણે ઓળખતા હોઈએ એવો અનુભવ થાય છે. લેખક લાગણીશીલ અને સંવેદનશીલ હોવાને કારણે એમની દરેક વાર્તા હૃદયસ્પર્શી હોય છે. યુવાન હૈયાંને આ વાર્તાઓ ખૂબ આકર્ષે છે.

### સરલ સરલ સુંદર નામો * કિં. 30

પરિવારમાં બાળકનો જન્મ થાય એટલે સૌથી વધારે રોમાંચ એ બાબતનો હોય છે કે એનું નામ શું રાખવું !આ પુસ્તકમાં દરેક રાશિ પ્રમાણે બાળક અને બાળકી માટેનાં નામોની યાદી આપવામાં આવી છે. અમેરિકામાં જન્મેલાં બાળકો માટે કેવાં નામ હોવાં જોઈએ એની યાદી પણ આપવામાં આવી છે.

### સુખનાં સૂરજમુખી * કિં. 75

દરેક વ્યક્તિ પોતાના જીવનને સુખી બનાવવા ઝંખે છે. માત્ર માણસ જ નહીં પશુ-પક્ષી પણ દુઃખી થવા ક્યાં ઝંખે છે ? સુખની શોધમાં માણસ સતત દુઃખી થતો રહ્યો છે. આ પુસ્તકના કુલ 40 લેખો સુખનું સાચું સરનામું આપે છે અને સુખના પ્રવેશ દ્વારમાં પ્રવેશ કરાવે છે. સૌએ વાંચવા જેવું અને સમજવા જેવું પુસ્તક.

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

આ પુસ્તકોનાં પ્રાપ્તિ-સ્થાનો

**ગૂર્જર સાહિત્ય ભવન**

રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ 380001

ફોન : 07922144663, 09227055777 e-mail: goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**

102, લેન્ડમાર્ક બિલ્ડિંગ, સીમા હૉલ સામે, પ્રહ્લાદનગર, અમદાવાદ-380015

ફોન : 26934340, 98252 68759 Email. : gurjarprakashan@gmail.com,

website : gspbooksmall.com

# આપણા ડૉક્ટર્સને પહેચાનો

(મણકો : ૧૨)

## ડૉ. કૃપેશ શાહ

**પીડિયાટ્રીશિયન અને નિયોનેટોલોજિસ્ટ**



અશોક મહેતા

'મંગલ મંદિર'ની આપણા ડૉકટર્સને પહેચાનોની કોલમના મણકા-૧૨માં આજે આપણે ડૉ. કૃપેશ શાહ કે જેઓ એક પારંગત પીડિયાટ્રીશિયન અને નીયોનેટોલોજિસ્ટ છે અને તેઓશ્રી છેક ૨૦૧૩થી અત્યાર સુધી નિરંતરપણે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પાલડી ખાતેના મેડિકલ સેન્ટરમાં પોતાની સેવા આપી રહ્યા છે.



**ડૉ. કૃપેશ શાહ**
**પીડિયાટ્રીશિયન અને નીયોનેટોલોજિસ્ટ**

૪૨ વર્ષની ઉંમરના ડૉ.કૃપેશ શાહ મૂળ અમદાવાદના વાસણા વિસ્તારના રહીશ છે અને તેમનો જન્મ તા. ૧૫-૧૧-૧૯૮૧ના રોજ ખાડિયા ખાતે થયેલ હતો.

તેઓશ્રીએ ધોરણ-૧ થી ધોરણ ૪ સુધીનો અભ્યાસ. આર.સી.પટેલ સ્કૂલ - વાસણાથી કરેલ હતો.

ધોરણ-૫ થી ધોરણ-૧૨ સુધીનો અભ્યાસ તેઓશ્રીએ શેઠ સી.એન.વિદ્યાલય - આંબાવાડીથી કરેલ હતો. વર્ષ ૧૯૯૯માં ૯૦ ટકા માર્કસ તેઓશ્રીએ ધોરણ-૧૨મામાં મેળવેલ હતા.

ત્યારબાદ M.B.B.Sનો અભ્યાસ પ્રમુખ સ્વામિ મેડિકલ કોલેજ - કરમસદમાં રહી કરેલ હતો.

D.C.H. (ડિપ્લોમા ચાઈલ્ડ હેલ્થ) નો અભ્યાસ તેઓશ્રીએ પંજાબરાવ દેશમુખ મેડિકલ કૉલેજ, અમરાવતી-મહારાષ્ટ્રમાં રહી ૨૦૦૯માં તેની ડિગ્રી પ્રાપ્ત કરેલ હતી.

ત્યાર બાદ નવજાત શિશુની સારવાર માટે અમદાવાદની ૨૪ બેડની વિખ્યાત હોસ્ટિપલ "અર્પણ ન્યુબોર્ન કેર સેન્ટર"ના ડૉ. આશિષ મહેતા સાથે રહી, અધૂરા મહિને જન્મ પામેલ બાળકોની કાચની પેટીમાં રાખી કરવામાં આવતી સારવારનો વર્ષ ૨૦૧૨ સુધી બહોળો અનુભવ મેળવેલ હતો.

ત્યારબાદ વર્ષ ૨૦૧૨માં એચ.સી.જી. હોસ્પિટલ, મીઠાખળીમાં કન્સલ્ટન્ટ નીઓનેટોલોજિસ્ટ તરીકે છ મહિના સુધી ફરજ બજાવી વર્ષ ૨૦૧૩થી "શૈશવ ચિલ્ડ્રન હોસ્પિટલ"ના નામથી અંજલી ચાર રસ્તા પાસે પોતાની પ્રાઈવેટ પ્રેક્ટીસ શરૂ કરી હતી. ત્યારબાદ પોતાની આ જ હોસ્ટિપલ થોડી વધારે જગ્યા સાથે ન્યુ વાસણા વિસ્તારમાં શીફ્ટ કરેલ હતી.

આ દરમિયાન પોતાને એકેડેમિક કેરિયરમાં વધુ રસ હોવાથી નીચે મુજબના વિવધ કોર્સનો અભ્યાસ કરી, ઉત્તીર્ણ થયેલ હતા.

૧. P.G.P.N (પોસ્ટ ગ્રેજ્યુએટ પીડિયાટ્રીક ન્યુટ્રીશન) કોલંબિયાનો ઓનલાઈન અભ્યાસ પૂર્ણ કરી એ કોર્સમાં વર્ષ ૨૦૧૭માં સફળતા મેળવેલ હતી.

૨. વર્ષ ૨૦૧૮માં P.G.P.N. Johns Hopkinsના કોર્સમાં સફળતા મેળવેલ હતી.

૩. ઈન્ટરનેશનલ પ્રોગામ ઈન એડવાન્સ્ડ ન્યુટ્રીશન બોસ્ટન યુનિવર્સિટી સ્કૂલ ઓફ મેડિસીનનો પૂર્ણ કરેલ હતો.

૪. ઓનલાઈન કોર્સીસ ઓફ P.R.E.P – ઈન્ફેક્શન ડિસીઝ, P.R.E.P – એન્ડોક્રાઈનોલોજી, અને P.R.E.P – નીઓનેટોલોજી પાસ કરી ડિગ્રી પ્રાપ્ત કરેલ હતી.

વર્ષ-૨૦૧૩થી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પાલડી ખાતેના મેડિકલ સેન્ટરમાં કન્સલ્ટીંગ ડૉક્ટર તરીકે સેવા આપવાનું શરૂ કર્યું, કે જે આજ દિન સુધી અવિરતપણે ચાલુ રાખી શકેલ છે.

ડૉ. કૃપેશ શાહે તેમના બહોળા અનુભવ થકી, નવા જન્મ પામેલ બાળકનું સામાન્ય રીતે વજન જે ૨.૫ કિ.ગ્રા.જેટલું હોય છે, તેની સામે ૭૦૦ ગ્રામના વજનવાળા બાળકોની જિંદગી સારવાર કરીને બચાવેલ છે.

તેઓશ્રી ડૉ. જીવરાજ મહેતા હોસ્ટિપલમાં પેનલ કન્સલ્ટન્ટ તરીકે છેલ્લા ૧૦ વર્ષથી કાર્યરત છે.

ડૉ. કૃપેશને જ્યારે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પાલડી ખાતેના મેડિકલ સેન્ટર માટે પૂછવામાં આવ્યું ત્યારે તેમણે જણાવ્યું કે અહીં બધું જ સરસ રીતે ચાલે

છે પરંતુ આ સેન્ટરે હવે પ્રથમ તો ''ડે-કેર'' સેન્ટર વિશે વિચારવું જોઈએ અને ત્યાર બાદ ૧૫-૨૦ બેડની કેપેસિટીની હોસ્પીટલ વિશે જરૂરથી વિચારવું જોઈએ. તેઓશ્રીએ એ પણ જણાવેલ કે મિડલ ક્લાસ તથા હાયર મિડલ ક્લાસના પેશન્ટ આ સેન્ટરનો વધુને વધુ રીતે લાભ લે તેવું પણ વિચારવું જોઈએ.

ડૉ. કૃપેશને તેમના પિતાજીની માફક ગાવાનો અને સંગીતનો ખૂબજ શોખ છે અને તેથી તેઓ સંજીવની ચેરીટેબલ ટ્રસ્ટ સાથે ૨-૩ વર્ષથી જોડાયેલા છે. તેઓના સંગીત પ્રોગામમાં કૃપેશભાઈ અવારનવાર જાય છે અને સ્ટેજ પરથી સારા એવા ગીતો પણ ગાય છે.

વર્ષ ૨૦૧૦માં બરોડા નિવાસી અને અભ્યાસમાં સહઅધ્યાયી ડૉ. જયશ્રી મોદી સાથે લગ્નગ્રંથિથી જોડાયા. ડૉ. જયશ્રી મોદીએ બી.જે. મેડિકલ કોલેજમાંથી 'ડિપ્લોમા ઈન પબ્લિક હેલ્થ'ની પોસ્ટ ગ્રેજ્યુટની ડિગ્રી પ્રાપ્ત કરેલ છે. તેઓ હાલે અ.મ્યુ.કો.માં મેડિકલ ઓફિસર તરીકેની ફરજ બજાવી રહ્યા છે.

દિકરી માહી અભ્યાસ ઉપરાંત અન્ય કળામાં પણ પારંગત છે. માર્શલ આર્ટસ શીખવા જાય છે અને માર્શલ આર્ટમાં તેણે ડિસ્ટ્રીકટ લેવલે ૧ ગોલ્ડ મેડલ અને ૧ બ્રોન્ઝ મેડલ મેળવેલ છે. સ્ટેટ લેવલે તેણે ૨ ગોલ્ડ મેડલ અને ૧ સીલ્વર મેડલ અને ૧ બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરેલ છે. નેશનલ લેવલે ૨ ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરેલ છે. ઈન્ડોનેપાલ ઈન્ટરનેશનલ ટુર્નામેન્ટ (૨૦૨૩)માં ગોલ્ડમેડલ પ્રાપ્ત કરેલ છે. એશિયન ઈન્ટરનેશનલ કરાટે ટુર્નામેન્ટ - ૨૦૨૪માં બ્રોન્ઝ મેડલ મેળવી, ભારત દેશનું નામ રોશન કરેલ છે.

ડૉ. કૃપેશભાઈના પિતાશ્રીનું નામ શૈલેષભાઈ શાહ છે. તેઓ એ સમયમાં B.Com. ગ્રેજ્યુએટ થયેલ હતા. તેઓશ્રી P.W.D.ના સ્ટોર સુપ્રિન્ટેન્ડન્ટની જવાબદારી અદા કર્યા પછી રીટાયર્ડ થયેલ હતા અને હાલ નિવૃત્ત જિંદગી જીવી રહ્યા છે.

ડૉ. કૃપેશભાઈના માતુશ્રીનું નામ દક્ષાબેન છે અને તેઓ B.A., B.Ed.ની પદવી પ્રાપ્ત કર્યા પછી ૨ વર્ષ ખેડાની સ્કુલમાં શિક્ષિકા તરીકે ફરજ બજાવતા હતા. તેમના વિષયો ગુજરાતી, સોશિયલ સ્ટડી અને સંસ્કૃત હતા. હાલે તેઓ હાઉસ વાઈફ તરીકે પોતાની ફરજ બજાવે છે.

ડૉ. કૃપેશને એક બહેન તેજલ નામે છે કે જે લગ્ન કર્યા પછી ન્યુઝીલેન્ડમાં ઠરીઠામ થયેલ છે. તેણે M.Com. તથા ગ્રાફિક ડિઝાઈનનો કોર્સ કરેલ છે અને ન્યુઝીલેન્ડમાં પ્રવૃત્તિમય જીવન ગાળે છે. ડૉ. કૃપેશ શાહ અને તેમના પરિવારની આપણે ખૂબ ખૂબ શુભેચ્છા ઈચ્છીએ અને ડૉ. કૃપેશ શાહ, ડૉ. જયશ્રીબેન અને દિકરી માહી અને બહેન તેજલ તેમના જીવનમાં પ્રગતિ સાધતા રહે તેવી મહેચ્છા વ્યકત કરીએ.

***નોંધ : આ સાથે તેમણે કેટલાક ઉદ્‌ભવતા પ્રશ્નો વિચારી તેના નિરાકરણના ઉપાયો બતાવ્યા છે, કે જે આ સાથે સામેલ કરેલ છે.***

## ડૉ. કૃપેશ શાહે રજૂ કરેલ પ્રશ્નો અને તે અંગેના ઉપચારો

***પ્રશ્ન : મારી ૫ વર્ષની બેબી હજી જાતે જમતા નથી શીખી. મારો બાબો દોઢ વર્ષનો થયો છે. તે અત્યારથી જ બધું જાતે જમે તે માટે મારે શું કરવું?***

***જવાબ :*** દરેક ઘરમાં બાળકના જમવા વિશે સમજ અને નિયમનુ બાળકની નાની ઉંમરથી જ પાલન કરવું જરૂરી છે. યાદ રાખો :

- તંદુરસ્ત બાળક ભૂખ્યું થશે જ.
- ભૂખ પણ ઊંઘ, તરસ, શ્વાસ જેવી કુદરતી પ્રક્રિયા છે. ભૂખ લાગશે તો બાળક ખાશે જ.
- કેવું ખાવું તે તમે નક્કી કરો, કેટલું ને ક્યારે ખાવું તે બાળકને નક્કી કરવા દો.
- બાળકને જાતે જમવા દો. ભલે શરૂઆતમાં વાર લાગશે અને ઢોળશે. તે આત્મનિર્ભર થશે. જમવાની પ્રક્રિયાને આનંદપૂર્વક માણશે તો કાયમ માટે જાતે જમશે.
- બાળકને ટીવી કે મોબાઈલ આપીને જમવાની ટેવ ના પાડો. ઘરના લોકો પણ ટીવી જોતાં ના જમો. ના જમે તો શાંતિથી રાહ જુઓ. લાલચ આપીને કે જીદને તાબે ન થાવ.
- બાળકને ઘડિયાળના કાંટે નહીં પણ કુદરતી ભૂખના સમયે જમાડો.
- બાળકને અલગથી નહીં પણ ઘરના બધા લોકો સાથે જમવા બેસાડો. આમ તે બીજાને જોઈને જમતા શીખશે.
- બાળકની થોડી ઘણી પસંદ – નાપસંદને માન આપો. જેમ કે પાલકનું શાક ના ખાય, પણ પાલકનો સુપ, પાલક પરાઠા તરીકે ખાય તો ચાલશે.
- બાળક વધુ ખાય તે જરૂરી નથી, બધું ખાય તે જરૂરી છે. પોષણયુક્ત આહાર તંદુરસ્ત બનાવે છે.
- બાળકને થાળીમાં એક સાથે વધુ ના પીરસો. એકજ વાનગી જુદા આકારમાં અને જુદી રીતે પીરસવામાં આવશે તો બાળકને ગમશે.

- બાળકનો સ્વાદ શરૂઆતના ૨ વર્ષમાં વિકાસ પામશે. આ સમયમાં તેને બધા સ્વાદ, અનાજ, શાક, ફળ, વાનગીઓ ચખાડી અને ખવડાવી હશે તો તે કાયમ માટે તે વાનગીઓ અપનાવતા શીખશે.

શરૂઆતમાં બાળકના સ્વાદ, રૂચિ ઝડપી બદલાતા રહેશે. કોઈ એક વસ્તુ ના ખાય તો પંદર દિવસ આપવાનું બંધ કરીને ફરી રજૂ કરો.

એક બે વારની ના ને 'નથી ખાતો' એવી માન્યતામાં તબદીલ ના કરી દો. જો શરૂઆતમાં જ બાળકના મિજાજ, પસંદ સાથે તાલમેલ સાધીને તેને બળથી નહીં પણ કળથી જમાડવાની કળા હસ્તગત કરી હશે તો બાળકની જમવાની સમસ્યામાંથી જીવનભર મુક્તિ મળી જશે.

તમારા બાબા માટે ઉપરના નિયમ અનુસરો. બેબીને આજથી જ જમાડવાનું બંધ કરી દો. થોડા દિવસ ઓછું જમે કે જેમ તેમ જમે તો ચલાવી લો. તમારા વાણી કે વર્તનમાં તેના જમવા બાબતેની ચિંતા પ્રતિબિંબિત ન થવા દો. ઘરના કે બીજા લોકો સામે તે બધું જાતે જમી લે છે તેવી વાતો કરી તેને પ્રોત્સાહિત કરતા રહો. ચોક્કસ હકારાત્મક બદલાવ અનુભવશો.

***પ્રશ્ન*** ***: મારો પુત્ર ૧૧ વર્ષનો છે. તે બટેટાના શાક સિવાય એક પણ લીલોતરી શાક ખાતો નથી. મારે તેને શાક ખાતો કેવી રીતે કરવો?***

***જવાબ*** ***:*** બાળકો શરૂઆતની ઉંમરમાં ખાવા બાબતે તરંગી (આજ ખાવું, આવી રીતે જ ખાવું તેવી સંકુચિત પસંદવાળો) મિજાજ અપનાવે ત્યારે જ તેનો યોગ્ય ઉકેલ કરવો સહેલો છે.

તમારે અત્યારે બે જાતના પડકારનો સામનો કરવાનો છે : (૧) બીમારી દસકા જૂની છે અને (૨) બદલાવની શરૂઆત એવી ઉંમરે કરવાની છે કે જ્યારે બાળકનો અહમ ચરમ સીમા પર હોય અને જાતે નિર્ણય લેવાની જીદ ટોચ પર હોય.

છતાંય જાગ્યા ત્યારથી સવાર એ ન્યાયે પ્રયત્ન ચાલુ કરી દોઃ

- બાળક સહિત ઘરના બધા લોકો સાથે વાત કરીને બટેટાનું શાક રોજ બનાવવાનું બંધ કરી દો. ઋતુ પ્રમાણે એક શાક રોજ બનાવો, જે બધાએ ખાવાનું છે.
- આ નિર્ણયનો 'તો હું જમીશ નહીં' એવો ભાવનાત્મક વિરોધ થાય તો પણ શાંતિથી તેને વળગી રહેવા તમે તૈયાર રહો.
- બાળકને થોડા ઘણાં ભાવતા ૫ શાકનું પુનરાવર્તન વધારે કરો.
- એક ચમચીથી શરૂઆત કરવા દો. તેને પસંદ હોય તેવા સ્વરૂપમાં બનાવો.
- શાકની બદલે કાચુ સલાડ, ભાજી, ગ્રેવિ, સૂપ, ચાટ વગેરે પણ બનાવી શકાય.
- કુદરતી સતરંગી ખોરાકની અગત્યતા સમજાવો. તમે પણ આદર્શ ઉદાહરણ પૂરું પાડો.
- તેને શાક ધોવું, કાપવું, બનાવવું, સજાવવું, પીરસવું એવી પ્રક્રિયામાં સામેલ કરી, તેની રચનાત્મકતાને માન આપો.
- એક બે શાકની નાપસંદને ટોક્યા વગર ધીરે ધીરે દૈનિક ભોજનમાં વધુ ને વધુ પ્રકારના શાક સામેલ કરતાં જાવ
- તે શાક ખાતો નથી તેવી વાતોને બદલે હવે મોટો અને સમજદાર થતાં બધા શાક ભાવતા થયા છે તેવી વાતો કરતાં રહો.

અન્ય લોકોના ઘરે, બહાર કેમ્પ કે ટ્રીપમાં મોકલવાની તકનો લાભ લો જેથી તેને જે ઉપલબ્ધ હોય તે જમવાની ટેવ પડે.

આમ કરવાથી રાતોરાત જાદુ નહીં થઈ જાય. જેટલો પણ બદલાવ આવે, જ્યારે પણ આવે, તેને પ્રોત્સાહિત કરતાં રહી મંઝીલ સુધી પહોંચવા મંડ્યા રહો.

***ખૂબ સરસ :*** આજે મા બાપ પોતાના બાળકને પોતાના કમાન્ડથી ઉછેરવાની કોશિશ કરે છે અને પોતાનું સંતાન એમનું જ કહ્યું કરે એવો આગ્રહ સેવતા હોય છે. મા કામમાં હોય એટલે બાળકને મોબાઈલ પકડાવી દે. અને ત્યાં જ એની સર્જનાત્મકતાના દરવાજા બંધ થઈ જાય છે....

હાર્દિક શુભકામનાઓ સાથે...

**માતુશ્રી શાંતાબેન ખીમજી પ્રેમજી મહેતા પરિવાર (બેલા વારા) – અમદાવાદ**

**રસિકભાઈ – રજનીકાંત – હસમુખ ખીમજીભાઈ મહેતા**

# દેશ-વિદેશ....



ચૌલા કુરૂવા

## દેશના સમાચાર

### મહુડી મંદિરનો વિવાદ હાઈકોર્ટ પહોંચ્યો

***કરોડો રૂપિયા અને ૧૩૦ કિલો સોનાની ઉચાપતનો આક્ષેપ. આદર્શ ક્રેડિટ સોસાયટીના કૌભાંડી મુકેશ મોદીના નાણાંથી ૬૫ કિલો સોનું ખરીદાયું***

ગુજરાત હાઈકોર્ટમાં પોતાને સામાજિક કાર્યકર્તા ગણાવતા અમદાવાદના જૈન જયેશ મહેતાએ ઍડવોકેટ ધર્મેશ ગૂર્જર મારફતે ગાંધીનગરના મહુડી મંદિરના નાણાંકીય ગેરરીતિઓને લઈને જાહેર હિતની અરજી દાખલ કરી છે. તેમણે મહુડીની નાણાંકીય ગેરરીતિઓ બાબતે તપાસની માગ કરી છે.

*(તા. ૨૦-૫-૨૦૨૪)*

### એપ્રિલ-મે માં પર્વતો પર ગત વર્ષ કરતાં દોઢ ગણા વધુ સહેલાણીઓ...

આ વખતે હિમાચલ, ઉત્તરાખંડ, જમ્મુ-કાશ્મીર, સિક્કિમ, અરુણાચલ જેવાં પર્વતીય રાજ્યોમાં ગયા વર્ષની સરખામણીમાં દોઢ ગણા વધુ પ્રવાસીઓ આવ્યા છે. જ્યારે કેરળ, કર્ણાટક, તમિલનાડુ, એમ.પી., ગુજરાતનાં પ્રવાસન સ્થળોએ પારો ૪૦ ડિગ્રીથી ઉપર છે. અહીં પ્રવાસીઓની સંખ્યામાં ઘટાડો થયો છે. પહાડોમાં પ્રવાસીઓ વધવાનાં બે મોટાં કારણો છે. (૧) જાન્યુઆરીથી એપ્રિલની વચ્ચે હિમવર્ષા થઈ. જેના લીધે પર્વતોમાં મેદાનની સરખામણીએ તાપમાન ૨૦ ડિગ્રી સુધી ઓછું રહ્યું. (૨) માર્ચ અને એપ્રિલમાં ૪થી ૮ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ થયાં. છેલ્લા બે મહિનામાં ૨.૫ લાખથી વધુ પ્રવાસીઓ કાશ્મીર પહોંચ્યા. ચારધામ યાત્રા સિવાય ઉત્તરાખંડનાં અન્ય પ્રવાસન સ્થળો પણ ભરચક રહ્યાં. *(તા. ૨૪-૫-૨૦૨૪)*

### આદિ કૈલાસ પર રેકોર્ડ તૂટશે... ૨૦૨૩ના વર્ષમાં આવ્યા તેના ત્રીજા ભાગના પ્રવાસીઓ માત્ર ૨૦ દિવસમાં આવ્યા

ઉત્તરાખંડની ચારધામ યાત્રાની જેમ આ વખતે પિથોરાગઢ જિલ્લાની આદિ કૈલાસ યાત્રામાં પણ રેકોર્ડ તોડ પ્રવાસીઓ રહ્યા છે. ૨૦ દિવસમાં ૪ હજાર લોકોએ ૧૪ હજાર ફૂટ ઉપર આવેલા આદિ કૈલાસ પર્વતની મુલાકાત લીધી છે. ગત વર્ષે ૧૨ હજાર લોકો આવ્યા હતા. નાભિડાંગ સ્થિત ઓમ પર્વતની મુલાકાત લેનારા લોકોની સંખ્યા પણ એટલી જ રહી છે. એસડીએમ ધારચુલા મનજિત સિંહના જણાવ્યા અનુસાર આ વખતે સપ્ટેમ્બર-ઓક્ટોબર સુધીમાં ૨૦ હજાર લોકો મુલાકાત લઈ શકે છે. આદિ કૈલાસ યાત્રા ખૂબ જ દુર્ગમ અને મુશ્કેલ છે કારણકે હવામાં ઓક્સિજનની માત્રા ઓછી હોવાને કારણે શ્વાસ લેવામાં તકલીફ પડે છે.

### છત્તીસગઢમાં નક્સલીઓ પર સર્જિકલ સ્ટ્રાઈક:

સેનાએ ૮ નક્સલીઓને ઠાર કર્યા, ૧ જવાન શહીદ, ૨ ઘાયલ. એન્કાઉન્ટર ચાલુ. ૧૬૧ દિવસમાં ૧૪૧ને ઢાળી દીધા.

*(તા. ૧૪-૬-૨૦૨૪)*

### આખરે મોદીના ત્રીજી વાર વડાપ્રધાન પદે શપથ

દસ વરસ પછી ફરી દેશમાં ગઠબંધનની સરકાર કરવી પડશે. વિપક્ષ ૨૩૪ સીટ લઈ ગયો છે તો ભાજપનો રથ ૨૪૨ બેઠકોએ અટકી ગયો છે. એન.ડી.એ.ને ૩૦૦ પૂરા કરતા ભારે પડયા છે. આમ છતા ભાજપ ૨૪૨ સાથે સૌથી મોટા પક્ષ તરીકે સતારૂઢ થયો છે અને દેશના સારા નસીબે મોદીએ ફરી વડાપધાન તરીકે શપથ ૯મી જૂનના રોજ લીધા છે. એન.ડી.એ. અને ભાજપ સાથે ૭૧ સભ્યોની જમ્બો કેબિનેટના પણ શપથ થયા છે.

*(તા. ૯-૬-૨૦૨૪)*

### સેટેલાઈટ ઈન્ટરનેટ આપનારી પહેલી કંપની બની શકે છે JIO

ભારતમાં સર્વિસ માટે JIO-SES જોઈન્ટ વેન્ચરને સ્પેસ ઓથોરિટીની લીલી ઝંડી મળી. *(તા. ૧૨-૬-૨૦૨૪)*

### પાવાગઢમાં ૫૦૦ વર્ષ જૂની મૂર્તિઓ તૂટતાં જૈન સમાજ લાલઘૂમ

***દ્વેષબુદ્ધિથી કોઈએ મૂર્તિ તોડી હોવાનો જૈન મુનિનો આરોપ, મોડીરાત્રે પાવાગઢ અને સુરતમાં ઉગ્ર વિરોધ પ્રદર્શન***

પાવાગઢ મહાકાળી મંદિરનાં જૂનાં પગથિયાંની બાજુમાં સ્થાપિત કરાયેલી ૫૦૦ વર્ષ જૂની જૈનોના તીર્થંકર નેમિનાથની પ્રતિમાઓને પાવાગઢ મહાકાળી મંદિર ટ્રસ્ટ દ્વારા કાઢી લેવામાં આવતા સમગ્ર જૈન સમાજમાં તેના ઘેરા પ્રત્યાઘાતો પડયા છે. ગૃહ મંત્રીએ વચન આપ્યું કે ફરી મૂર્તિઓ લગાવીને સરખું કરાશે. ત્યારબાદ રોષ શાંત થયો હતો. *(તા. ૧૩-૬-૨૦૨૪)*

## હ્યુન્ડાઈ-ઇન્ડિયા દેશનો સૌથી મોટો IPO લાવવાની તૈયારીમાં

ડ્રાફ્ટ-પેપર્સ SEBIને સુપરત કર્યા છે. IPO દ્વારા ૨૫,૦૦૦ કરોડ એકત્ર કરવા માંગે છે કંપની.

હ્યુન્ડાઈ મોટર ઈન્ડિયા, દક્ષિણ કોરિયન કંપની હ્યુન્ડાઈનું ભારતીય એકમ, ભારતીય બજારમાં અત્યાર સુધીની સૌથી મોટી પ્રારંભિક જાહેર ઓફર એટલે કે IPO લોન્ચ કરવાની તૈયારી કરી રહી છે. *(તા. ૧૫-૬-૨૦૨૪)*

## દેશમાં ૪૦% હાનિકારક કચરો ગુજરાતમાં પેદા થાય છે

*હાનિકારક કચરો પેદા કરતા ૯૩૪૩ એકમોએ GPCBમાં રિપોર્ટ જ જમા નથી કર્યો*

૫ મોટાં રાજ્યો જેટલો હાનિકારક કચરો એકલું ગુજરાત પેદા કરે છે. રાજ્યમાં ૫ વર્ષમાં પેદા થતો હાનિકારક કચરો અઢી ગણો થયો. *(તા. ૧૫-૬-૨૦૨૪)*

## કેસર કેરી બાદ જૂનાગઢની બીજી ઓળખ

*અનેક ગુણોથી ભરપૂર 'વંથલીનાં રાવણાં'ની દેશભરમાં ડિમાન્ડ. સિઝનમાં થાય છે ૧૦-૧૨ કરોડનું ટર્નઓવર*

જૂનાગઢના વંથલી વિસ્તારમાં દેશી ભાષામાં કહેવાતા 'રાવણા' બીજા પ્રદેશમાં 'કાળા જાંબુ' તરીકે ઓળખાય છે. ઉનાળાના અમૃત તરીકે ઓળખાતા વંથલી તાલુકાના રાવણાની દેશની રાજધાની દિલ્હી સહિત દેશભરમાં ખૂબ જ માંગ રહે છે. કારણકે આ રાવણા ફળની સાથે ઔષધિનું પણ કામ કરે છે. *(તા. ૧૫-૬-૨૦૨૪)*

## રથયાત્રા માટે ડાયમંડ - મોતીવર્ક સાથેના ભગવાનના વાઘા તૈયાર

*મથુરા-બનારસ, બેંગલુરુથી કાપડ મંગાવી વાઘા બનાવ્યા. વસ્ત્રોમાં ભળ્યો એક મહિનાની મહેનતનો રંગ.*

ભગવાન જગન્નાથની ૧૪૭મી રથયાત્રા આડે હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે. ત્યારે ભગવાન જગન્નાથ, ભાઈ બલરામ અને બહેન સુભદ્રાજીના વાઘા તૈયાર કરી દેવામાં આવ્યા છે. રથયાત્રાના દિવસે ભગવાનને પહેરાવવામાં આવતા આ વાઘા છેલ્લા ૨૦ વરસથી અહીં રહેતા સુનિલભાઈ દ્વારા બનાવવામાં આવે છે. *(તા. ૧૬-૬-૨૦૨૪)*

## ધોરણ-૧૨ના પુસ્તકમાંથી બાબરી ધ્વંસનું ચેપ્ટર હટાવાયું

*અડવાણીની રામ રથયાત્રા અને ધ્વંસ પછીની હિંસાનો ઉલ્લેખ નહીં ભણાવાય, NCERTના ડિરેક્ટરે જણાવ્યું.*

NCERTના પુસ્તકમાંથી બાબરી મસ્જિદ, ભગવાન રામ, શ્રી રામ, રથયાત્રા, કાર સેવા અને ધ્વંસ પછીની હિંસા વિશેની માહિતી હટાવી દેવામાં આવી છે. દેશની ટોચની શિક્ષણ સંસ્થાએ ધોરણ ૧૨ના પોલીટીકલ સાયન્સના પુસ્તકમાંથી આ શબ્દો હટાવી દીધા છે. *(તા. ૧૬-૬-૨૦૨૪)*

## અદાણી ગ્રૂપ ભુટાનમાં ૫૭૦ મેગાવોટનો ગ્રીન હાઇડ્રો પ્લાન્ટ સ્થાપશે

કંપનીના ચેરમેન ગૌતમ અદાણીએ ભુટાનના નરેશ અને વડાપ્રધાન સાથે આ અંગે મુલાકાત કરી. *(તા. ૧૭-૬-૨૦૨૪)*

## સુપ્રીમ કોર્ટે NTAની ઝાટકણી કાઢી

*NEET વિવાદ પર કહ્યું : 0.001% પણ ભૂલ હોય તોય પગલાં લો. છેતરપિંડીથી ડૉક્ટર બનેલી વ્યક્તિ ખતરનાક હોય છે*

મંગળવારે સુપ્રીમ કોર્ટમાં NEET-UG વિવાદ પર ગ્રેસ માર્ક્સ સંબંધિત અરજી પર સુનાવણી થઈ. કોર્ટે કહ્યું, 'જો કોઈની તરફથી ૦.૦૦૧% પણ બેદરકારી હોય તો તેની સાથે સંપૂર્ણ રીતે કાર્યવાહી થવી જોઈએ. બાળકોએ પરીક્ષાની તૈયારી કરી છે, અમે તેમની મહેનતને ભૂલી શકતા નથી.' *(તા. ૧૮-૬-૨૦૨૪)*

## નાલંદા યુનિવર્સિટીનું ઉદ્‌ઘાટન

*PMએ કહ્યું : નાલંદા માત્ર એક નામ નથી, તે ઓળખ અને સન્માન છે.*

PM નરેન્દ્ર મોદીએ આજે એટલે કે ૧૯ જૂન, ૨૦૨૪ને બુધવારે વિખ્યાત નાલંદા યુનિવર્સિટીના નવા કેમ્પસનું ઉદ્‌ઘાટન કર્યું. જેમાં ૧૭૪૯ કરોડનો ખર્ચ કરાયો છે. *(તા. ૨૦-૬-૨૦૨૪)*

## કાશ્મીરમાં યોગ દિવસ

૨૧મી જૂનના રોજ મોદીએ દાલ લેક પાસે શ્રીનગરમાં યોગ કરીને યોગ દિવસ મનાવ્યો. *(તા. ૨૨-૬-૨૦૨૪)*

# વિદેશના સમાચાર

## સૌથી વિશાળ શિવ મંદિર યુરોપમાં

ભગવાન સામ્બ-સદાશિવનાં શિવમંદિરનું ઈસ્ટોનિયાનાં લિલ્લેઓરૂમાં તા. ૧૦મી જૂનના દિવસે ઉદઘાટન થયું છે. આ લિલ્લેઓરૂ ઈસ્ટોનિયાનાં પાટનગર ટાલીનીનથી ૩૦ કિ.મી. દૂર આવેલું છે. આ માહિતી આપતાં ટાલિનીન સ્થિત ભારતનાં દૂતાવાસે જણાવ્યું છે કે આ મંદિરનું સ્થાપત્ય સંપૂર્ણતઃ ભારતીય શિલ્પશાસ્ત્ર પ્રમાણે રચવામાં આવ્યું છે. તેના સ્થાપક છે, 'ક્રિયા યોગ કેન્દ્ર'ના આચાર્ય ઈશ્વરાનંદ.

યુરોપમાં અનેક સ્થળોએ શિવ મંદિરો, રામ મંદિરો અને રાધાકૃષ્ણ મંદિરો રચાયા છે. તે પૈકી ૫,૫૦૦ ચોરસ મીટરમાં પથરાયેલું આ શિવમંદિર યુરોપનું સૌથી વિશાળ શિવ મંદિર બની રહેશે તેમ પણ જાણવા મળ્યું છે. *(તા. ૯-૬-૨૦૨૪)*

## કુવૈતમાં અગ્નિકાંડ – ૪૦ ભારતીયોનાં મોત

*રસોડામાં લાગેલી આગ બિલ્ડિંગમાં ફેલાઈ.*
*૧૯૦ લોકો ગેરકાયદેસર રહેતા હતા.*

બિલ્ડિંગના માલિક કેરળના બિઝનેસમેન. મોટા ભાગના યુપી ને કેરળના છે. ઉપરાંત રાજસ્થાનના પણ ઘણા છે . *(તા. ૧૨-૬-૨૦૨૪)*

## અમેરિકાએ તિબેટ પર ચીનના કબજા વિરૂદ્ધ બીલ પસાર કર્યું

નેન્સી પેલોસી દલાઈ લામાને મળવા ભારત આવશે, તેમની તાઈવાનની મુલાકાતથી ચીન નારાજ થયું હતું. *(તા. ૧૩-૬-૨૦૨૪)*

## અમેરિકાની કોર્ટે TCSને રૂા. ૧૬૨૨ કરોડનો દંડ ફટકાર્યો

ટ્રેડ સિક્રેટના દુરુપયોગનો આરોપ, કંપની અપીલ કરવાનું પ્લાનિંગ કરી રહી છે. *(તા. ૧૪-૬-૨૦૨૪)*

## શેરધારકોએ મસ્કના રૂા. ૩.૭ લાખ કરોડના પેકેજને મંજૂરી આપી

*એલોને કહ્યું : 'હું તમને લોકોને પ્રેમ કરું છું.*
*આ પેકેજ જાન્યુઆરીમાં જજે ફગાવી દીધું હતું.'*

ટેસ્લાના શેરધારકોએ સીઈઓ એલોન મસ્ક તરફથી $45 બિલિયન (આશરે રૂ. ૩.૭ લાખ કરોડ)ના પેકેજને મંજૂરી આપી છે. ગુરૂવારે મતદાનના પરિણામો જાહેર કરવામાં આવ્યા હતા. તાજેતરમાં, મસ્કના આ પેકેજને કેટલાક શેરધારકો દ્વારા ડેલવેર કોર્ટમાં પડકારવામાં આવ્યો હતો.

## સાઉથ આફ્રિકામાં રામાફોસા બીજી વખત રાષ્ટ્રપતિ બન્યા

દેશમાં ૩૦ વર્ષ બાદ ગઠબંધન સરકાર, મંડેલાની પાર્ટીને વિપક્ષની પાર્ટીનું સમર્થન. *(તા. ૧૫-૬-૨૦૨૪)*

## મક્કામાં ગરમીના કારણે અત્યાર સુધી ૯૨૨ હજ યાત્રીઓનાં મોત

સૌથી વધુ ૬૦૦ ઇજિપ્તના હતા. સાઉદીના મક્કામાં તાપમાન ૫૨ ડિગ્રીએ પહોંચ્યું હતું. ભારતના ૬૮ હજ યાત્રી અવસાન પામ્યા. *(તા. ૧૯-૬-૨૦૨૪)*

# શિક્ષણ વ્યવસ્થા

યુગ હતો પ્રાચીન શિક્ષણ વ્યવસ્થાનો,
ગુરૂ આશ્રમમાં રહેતા શિષ્યો,
શિરોધાર્ય કરતા આજ્ઞા ગુરૂની તેઓ,
જીવન કેળવણીના પાઠ શીખતા,
ગુરૂ હૃદયમાં રહેતા તેઓ,
સમયનું બંધન નહોતું,
વર્ષો ગુરૂ સાનિધ્યમાં રહેતા તેઓ,
ઉન્નત રહેતું ગુરૂનું સ્થાન હૃદયે,
ગુરૂ આજ્ઞા એ જ ગુરૂદક્ષિણા,
નહીં કોઈ ફરિયાદ કરતા તેઓ,
સમય બદલાયો યુગ બદલાયો,
સ્વરૂપ ગુરૂનું બદલાયું,
શિક્ષણ નીતિ, મતિ પણ બદલાઈ,
સ્થાન શિક્ષણના, નામ બદલાયા,
સ્કૂલ, કોલેજ તરીકે ઓળખાયા,
સાથે ઘણી ડિગ્રીઓ પણ આવી,
શરૂ થઈ દોડભાગ,
નવું મેળવવા, જાણવાની,
ઘણા કાર્યો થયા ઓનલાઈન આધુનિક યુગમાં,
આપણે સૌ અટવાયા નવી જંજાળમાં,
સફળ થશું કેટલા એ તો સમયના હાથમાં,
શું બદલાઈ ગયા આપણા મૂળ સંસ્કાર?
કે પછી થયા વધુ ઉજાગર,
કરીએ જરા વિચાર અગર.

***રોશની ગૌતમ શાહ - માધાપર, કચ્છ***

# જ્ઞાન – વિજ્ઞાન

● સંકલન : રસીક ખીમજી મહેતા ●

## ખોરાકમાં ગળપણ માટે વપરાતી ખાંડ

ખોરાકમાં ગળપણ માટે વિશ્વભરમાં ગોળ અને ખાંડનો ઉપયોગ થાય છે. આ બંને પદાર્થોની શોધ ભારતમાં થઈ હતી. અગાઉ લોકો મધ અને ફળોમાંથી ગળપણ મેળવતા.

અંગ્રેજીમાં ખાંડને 'સુગર' કહે છે. તે સંસ્કૃત 'શર્કરા' પરથી ઉતરી આવ્યો છે. ખાંડ એ પાણીમાં ઓગળતું કાર્બોહાઇડ્રેટ છે. આપણા રોજિંદા વપરાશમાં લેવાતી ખાંડ વિજ્ઞાનની દૃષ્ટિએ સુક્રોઝ છે. તે ગ્લુકોઝ અને ફ્રુકટોઝનું ડિસેકેરાઇડ સ્વરૂપ છે. ખાંડ શેરડી અને સુગરબીટ – એમ બંનેમાંથી બને છે. ગોળ શેરડી ઉપરાંત તાડીમાંથી બને છે.

દરેક વનસ્પતિમાં થોડા ઘણા અંશે સુગર હોય છે. શેરડી અને સુગરબીટમાં તેનું પ્રમાણ ખાંડ બનાવી શકાય તેટલું હોય છે. ભારતમાં ખાંડ કે સાકર પ્રાચીનકાળથી બને છે. પાંચમી સદીમાં ભારતમાં સાકર બનતી, તે ગાંગડા સ્વરૂપે હતી. તેને શર્કરા કે ખાંડ કહેતા. જે રીતે શર્કરા ઉપરથી સુગર શબ્દ આવ્યો તે જ રીતે ખાંડ ઉપરથી અંગ્રેજીમાં કેન્ડિ શબ્દ બન્યો છે. આરબ દેશોમાં પણ ખાંડ બનતી, પણ ભારતની સાકર વિશ્વભરમાં સારી ગણાતી. યુરોપમાં ખાંડનો ઉપયોગ માત્ર દવા તરીકે થતો. ભારત સિવાયના દેશોમાં સાકર વૈભવી ખાદ્ય ગણાતું. છઠ્ઠી સદીમાં ભારતમાં સફેદ ગાંગડા સ્વરૂપે રીફાઇન્ડ સાકર બનાવવાનો ઉદ્યોગ વિકસેલો. બારમી સદીમાં તે યુરોપ સહિત વિદેશોમાં પહોંચી હતી. કેમિસ્ટ્રીની દૃષ્ટિએ સુક્રોઝ, ગ્લુકોઝ, ફ્રુક્ટોઝ જેવા મોનોસેકેરાઇઝ્ડ કાર્બોહાઇડ્રેટ્સ છે. જેને 'સિમ્પલ સુગર' કહે છે. તે લોહીમાં સીધી ભળે છે. અન્ય વનસ્પતિજ આહારમાંથી પણ સુગર મળે છે. તેને કોમ્પ્લેક્સ સુગર કહે છે. આજે સૌથી વધુ ખાંડનું ઉત્પાદન કરતા દેશોમાં બ્રાઝીલ, ભારત અને ઓસ્ટ્રેલિયા છે.

## જમીનમાં ખનીજ અને તેલની શોધ કેવી રીતે થાય છે?

પૃથ્વીનું પેટાળ પાણી, કુદરતી ગેસ અને ખનીજોનો ભંડાર છે. પણ જમીનમાં ક્યાં શું છે તે શોધવા ખાસ્સી મહેનત કરવી પડે છે. જમીનમાં ઘણે ઊંડે કેવા કેવા ખનીજો છે તે જાણવા માટે વિજ્ઞાનીઓએ વર્ષો સુધી અનેક નવા નવા સાધનો વિકસાવ્યા છે.

અગાઉના સમયમાં ચુંબકીય મોજા જમીનમાં ઊંડે સુધી મોકલાતા. આ મોજા કોઈ ધાતુ સાથે અથડાય તો વિદ્યુતપ્રવાહ જન્મે અને વિદ્યુત પ્રવાહના કારણે સાધનમાં ઘંટડી વાગે.

બીજું એક સાધન ધ્રુજારીના આઘાતના મોજાં પ્રસારીત કરતું. ધ્રુજારીના મોજાં પડવાની જેમ ધાતુ સાથે અથડાઈને પાછા ફરે તેના પ્રમાણથી જમીનમાં ધાતુ છે કે તેલની હાજરીની ખબર પડે. ઇન્ફ્રારેડ ફોટોગ્રાફીની શોધ થયા પછી વિમાનમાં બેસીને પણ ઇન્ફ્રારેડ કિરણો જમીન પર ફેંકીને ખનીજોની શોધ થતી.

આજે અવકાશમાં ઘુમતા સેટેલાઈટમાંથી ઇન્ફ્રારેડ કિરણો દ્વારા ભૂગર્ભની તમામ માહિતી મેળવી શકાય છે. ભારતના આઈ.આર.એસ. સંસ્થા સેટેલાઇટના કામ માટે પ્રતિબધ્ધ છે.

## બે હજાર વર્ષ જેટલું પુરાતન શહેર : મહાબલીપુરમ

તમિલનાડુમાં આવેલું મહાબલીપુરમ બે હજાર વર્ષ કરતાં પણ જૂનું પ્રાચીન નગર છે. ૭મી સદીમાં તે એશિયાનું સમૃદ્ધ બંદર હતું. અહીંના પ્રાચીન શિલ્પો સહેલાણી, પુરાતત્ત્વવિદો અને અભ્યાસુઓ માટે આકર્ષણનું કેન્દ્ર છે. વૈદિકકાળથી જાણીતા આ શિલ્પ સાહિત્યનો સમૂહ વિશ્વ વારસામાં સ્થાન પામ્યો છે.

મહાબલીપુરમના શિલ્પો અને મંદિરો પહાડના ખડકોમાં કોતરાયેલા છે. ભવ્ય કોતરણીવાળા, સ્થંભોવાળા ગુફા મંદિરો ભવ્ય છે. તેમાં પલ્લવ રાજાએ બંધાવેલું વિષ્ણુ મંદિર, પાંડવોના પાંચ રથ, દરિયા કિનારાનું ભવ્ય મંદિર, ગંગા અવતરણનો ખડક વગેરે જાણીતા છે. કુદરતી અજાયબી ગણાય તેવો બેલેન્સિંગ રોક જાણીતો છે. ૨૦ ફૂટ ઊંચો, પાંચ મીટર પહોળો અને ૨૫૦ ટન વજનનો જંગી ખડક એક ખડક ઉપર સમતોલ રીતે પડેલો છે. હમણાં જ ગબડી પડશે તેવી સ્થિતિમાં વર્ષો સુધી પડેલાં આ સમતોલ પથ્થર એક ઇંચ પણ ખસ્યો નથી. સ્થાનિક લોકો તેને કૃષ્ણના માખણનો ગોળો કહે છે.

દ્રવિડિયન શૈલીના આ હજારો શિલ્પો જોવા માટે સહેલાણીઓને સમય પણ ઓછો પડે. આધુનિક મહાબલીપુરમ શહેર અંગ્રેજોએ ૧૮૨૭માં વસાવેલું છે. તેની આસપાસ પણ ભવ્ય જોવાલાયક સ્થળો આવેલા છે.

## વીજળીમાં એ.સી. અને ડી.સી. કરંટ શું છે?

ધાતુના તારમાં વીજપ્રવાહ ઈલેક્ટ્રોનની ગતિવિધિથી વહે છે. તેની બે રીત છે. એક તો ઈલેક્ટ્રોન આગળ વધીને તારના એક છેડેથી બીજા છેડે જાય અને બીજું ઈલેક્ટ્રોન એક સ્થળે રહી એક સેકંડમાં ૬૦ વખત આઘાપાછા થાય. સળંગ ગતિ કરતા પ્રવાહને ડાયરેક્ટ કરંટ કે 'ડી.સી.' અને ઈલેક્ટ્રોનના આઘાપાછા થવાથી વહેતા પ્રવાહને ઓલ્ટરનેટ કરંટ એટલે કે 'એ.સી.' કહે છે.

જૂના વખતમાં એ.સી. અને ડી.સી. બંને રીતે વીજ પુરવઠો મોકલાતો. એ.સી. કરંટથી દૂર સુધી વીજળી મોકલી શકાય છે અને તેમાં ટ્રાન્સફોર્મરના ઉપયોગથી માત્રામાં વધઘટ કરવી સરળ હોવાથી વીજ પુરવઠો એ.સી. કરંટથી જ મોકલાય છે. કેટલાક સાધનોમાં એ.સી. કે ડી.સી. કરંટથી કોઈ ફેર પડતો નથી. ઈલેક્ટ્રીક મોટર એ.સી. અને ડી.સી. બંને પ્રવાહથી ચાલે. જો કે બંનેની રચના જુદી જુદી હોય છે.

હળવો વીજપ્રવાહ વાપરતા સાધનોમાં ડી.સી. પાવર વપરાય છે. પાવરના સેલ અને બેટરી ડી.સી. પાવર આપે છે. આપણા ઘરમાં વીજપ્રવાહ એ.સી. કરંટથી આવે છે. તેને નાના સાધનમાં વાપરવા ડી.સી. કરંટમાં ફેરવવા એડેપ્ટરનો ઉપયોગ થાય છે.

## ટેમ્પરેચરના આંકનું અવનવું

કોઈપણ સ્થળનું તાપમાન જાણવા માટે સેલ્સિયસ ડિગ્રી કે ફેરનહીટ ડિગ્રીના આંકડા દર્શાવાય છે. સેન્ટીગ્રેડ પ્રમાણને વિજ્ઞાની સેલ્સિયસનું નામ આપવામાં આવેલું છે. ગરમીના આંકનો પણ રસપ્રદ ઈતિહાસ છે.

ડેનિયલ ફેરનહીટ નામના વિજ્ઞાનીએ ઇ.સ. ૧૭૧૪માં થર્મોમીટરની શોધ કરેલી. ઘણા બધા પ્રવાહી ઉપર ગરમીની અસર તપાસી, અંતે તેણે થર્મોમીટરમાં પારો વાપરવાનું નક્કી કર્યું. પારો, એ પ્રવાહી ધાતુ છે. પાણી થીજીને બરફ બને તેટલી ગરમીને ૩૨ ડિગ્રી અને જેટલી ગરમીથી પાણી ઉકળે તેને ૨૧૨ ડિગ્રી પ્રમાણ નક્કી કરી તેણે થર્મોમીટર પર ૩૨થી ૨૧૨ આંક પાડ્યા. તેને ફેરનહીટ ડિગ્રી કહે છે.

ઇ.સ. ૧૭૮૯માં તાપમાનના આંકમાં સૌને અનુકૂળ એવી મેટ્રીક સિસ્ટમવાળું થર્મોમીટર સ્વિડિશ વિજ્ઞાની સેલ્સિયસે બનાવ્યું. તેણે થર્મોમીટર પર શૂન્યથી શરૂ કરી ૧૦૦ સુધીના આંક પાડ્યા. શૂન્ય ડિગ્રીએ પાણી ઠરીને બરફ બને, ૧૦૦ ડિગ્રીએ પાણી ઉકળે. સેલ્સિયસે તેને સેન્ટીગ્રેડ નામ આપ્યું. હાલમાં તે વિજ્ઞાનીના નામ ઉપરથી સેલ્સિયસ ડિગ્રી કહેવાય છે.

સેલ્સિયસ અને ફેરનહીટ સૂક્ષ્મ ચોક્સાઇ દર્શાવતા નથી. રોજિંદા જીવનમાં ચોક્સાઈની જરૂર નથી. વિજ્ઞાનીઓ પ્રયોગશાળામાં અત્યંત ચોક્સાઇ માટે કેલ્વિનનું પ્રમાણ ઉપયોગ કરે છે. ઇ.સ. ૧૮૪૮માં લોર્ડ કેલ્વિન નામના વિજ્ઞાનીએ વધુ સંશોધન કરીને માઇનસ ૨૭૩.૧૫ સેલ્સિયસ ડિગ્રીએ પદાર્થની મોલેક્યુલર પ્રવૃત્તિ અટકી જાય છે તેવી શોધ કરી સૂક્ષ્મ પ્રમાણ દર્શાવતું થર્મોમીટર બનાવ્યું. તેને કેલ્વિન ડિગ્રી કહે છે.

## ભારત દેશ મહાન

- ★ *ભારત, એ વિશ્વની સૌથી જૂની, મોટી અને શરૂથી રહેલી સંસ્કૃતિનો દેશ છે. તેણે છેલ્લા ૧૦,૦૦૦ વર્ષથી કોઈ અન્ય દેશ પર હુમલો કર્યો નથી. ૧૭મી સદી સુધી ભારત વિશ્વનો સૌથી સમૃદ્ધ દેશ હતો.*
- ★ *ભારતનું વારાણસી એકમાત્ર એવું શહેર છે કે જે વિશ્વમાં સૌથી પ્રાચીન છે અને આજે પણ વસ્તી ધરાવે છે.*
- ★ *વિશ્વની પ્રથમ યુનિવર્સિટી ભારતમાં સ્થપાયેલી. ઇ.સ. ૭૦૦માં સ્થપાયેલી તક્ષશિલામાં દસ હજાર વિદ્યાર્થીઓ ૬૦ જેટલા વિષયો શીખતા.*
- ★ *ભારતમાં ૨૬૦૦ વર્ષ પહેલાં આચાર્ય સુશ્રુતે શસ્ત્રક્રિયા (ઓપરેશન)ની શોધ કરેલી. તે જમાનામાં પથરી, મોતિયા, ફ્રેક્ચર અને કૃત્રિમ અંગો બેસાડવાના ઑપરેશન થતા.*
- ★ *અંક ગણિત, શૂન્યની શોધ, બીજ ગણિત અને ત્રિકોણમિતિના અભ્યાસની શરૂઆત ભારતમાં થઈ હતી.*
- ★ *આજે ભારત વિશ્વમાં સૌથી વધુ ચાનું ઉત્પાદન કરતો દેશ છે.*
- ★ *ભારતનું રેલવે તંત્ર વિશ્વનું સૌથી મોટું તંત્ર છે.*
- ★ *વિશ્વમાં વેચાતા ૧૦ હીરામાંથી ૯ હીરા ભારતમાં તૈયાર થયા હોય છે. ભારતમાં સૌથી વધુ હીરા પોલીશ થાય છે.*
- ★ *વિશ્વમાં સેટેલાઇટ લોન્ચ કરવામાં ભારતનું સ્થાન છઠ્ઠા ક્રમે છે.*
- ★ *ભારતમાં ૧,૫૫,૦૧૫ પોસ્ટ ઓફિસો ધરાવતું મોટું તંત્ર છે. કાશ્મીરના દાલ સરોવરમાં તરતી પોસ્ટ ઓફિસ પણ છે.*
- ★ *ભારતમાં વિશ્વનો સૌથી મોટો મેળો કુંભ છે. કુંભ મેળાની મેદની અવકાશમાંથી પણ દેખાય છે.*
- ★ *ભારતના મુંબઈમાં આવેલા બાંદ્રા સી લિન્ક પૂલમાં વપરાયેલા સ્ટીલના દોરડાની કુલ લંબાઈ પૃથ્વીના પરીઘ જેટલી – લગભગ ૪૦,૦૦૦ કિ.મી.ની થાય છે.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : દૈનિક ડાયરી

## સંસ્થા વિભાગ

**બુધવાર, તા. ૨૨-૫-૨૦૨૪**

- આજ રોજ શ્રી કચ્છી જૈન ભવન પર એક મીટિંગ યોજવામાં આવેલ હતી. આ મીટિંગમાં શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી હિરેન શાહ, તથા શ્રી અશોક મહેતા ઉપસ્થિત રહેલ હતા.

  ગુરૂવાર, તા. ૨૪-૫-૨૦૨૪ના રોજ મુંબઈથી શ્રી પૂનમ ડેવલપર્સના શ્રી પારસભાઈ બાબરીયા વગેરે મુંબઈ અતિથિ ભવનના ગૂંચવાયેલા પ્રશ્નની ચર્ચા કરવા અને શક્ય હોય તો તેનો સાથે રહી ઉકેલ શોધવા પ્રયાસ કરવા આવનાર હોવાથી આજની આ મીટિંગમાં મુંબઈ અતિથિ ભવનની અત્યાર સુધીની વિગતો અંગે ચર્ચા કરવામાં આવેલ હતી.

**ગુરૂવાર, તા. ૨૪-૫-૨૦૨૪**

- આજ રોજ સાંજના ૪ વાગે શ્રી કચ્છી જૈન ભવન પર મુંબઈ અતિથિ ભવનના અનુસંધાને એક મીટિંગ ગોઠવવામાં આવેલ હતી. આ મીટિંગમાં શ્રી ક.જૈ.સે.સ. તરફથી શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી શાંતિલાલભાઈ સાવલા, શ્રી હિરેન કે. શાહ, શ્રી રજનીકાંત પારેખ, શ્રી હસમુખ ગઢેચા તથા શ્રી અશોક મહેતા ઉપસ્થિત રહેલ હતા. તદુપરાંત પૂનમ ડેવલપર્સ - મુંબઈના શ્રી વિજય બાબરીયા તથા શ્રી પારસ બાબરીયા ઉપસ્થિત રહેલ હતા. આ મીટિંગમાં શ્રી કીર્તિભાઈ કે. સંઘવી પણ ઉપસ્થિત રહેલ હતા.

  આ ચર્ચામાં મુખ્ય ભાગ શ્રી હસમુખભાઈ ગઢેચાએ ભજવેલ હતો. આ પ્રશ્નનો ઉકેલ લાવવા શ્રી હસમુખભાઈએ ત્રણેક જેટલા વિકલ્પો સૂચવેલ હતા. શ્રી પારસભાઈએ ધ્યાન દોરેલ હતું કે જે રીતે ફાઉન્ડેશન્સમાંથી આ સ્ટ્રક્ચર ઊભું થયેલ છે એ રીતે અત્યારના પ્લાનિંગ પ્રમાણે જ ઉપરનું કન્સ્ટ્રક્શન થઈ શકશે. તેથી આ રૂમોનો અતિથિ ભવન અથવા હોસ્ટેલ તરીકે ઉપયોગ થઈ શકે તેવું વિચારવામાં આવેલ હતું.

  શ્રી હસમુખભાઈના સૂચનો પર પારસભાઈ તથા વિજયભાઈ મુંબઈ જઈ તેમના મોટા ભાઈ પંકજભાઈ સાથે ચર્ચા કરી આપણને જવાબ આપશે તેવું જણાવેલ હતું.

  આ મીટિંગ પરસ્પર વિશ્વાસના વાતાવરણમાં પૂર્ણ થયેલ હતી.

**તા. ૨-૬-૨૦૨૪**

- આજ રોજ સામાજિક સુરક્ષા સમિતિની મીટિંગ મળી હતી. તેમાં બે સભ્યોની ફાઈલનો અભ્યાસ કરી તેમને મંજૂર કરવામાં આવી હતી.

**તા. ૫-૬-૨૦૨૪**

- આજ રોજ વયસ્ક સમિતિની મળેલ મીટિંગમાં તા. ૧૯-૬-૨૦૨૪ના કાર્યક્રમની રૂપરેખા અને મેનુ નક્કી કરવામાં આવેલ હતા.

**તા. ૬-૬-૨૦૨૪**

- આજ રોજ કેન્ટીન સમિતિની મળેલ મીટિંગમાં શાહીબાગ ખાતેના કેન્ટીન કોન્ટ્રાક્ટરનો કોન્ટ્રાક્ટ તા. ૩૧-૩-૨૦૨૫ સુધી રીન્યુ કરવામાં આવ્યો.
- આજ રોજ ભવન સમિતિની મીટિંગ શાહીબાગ ખાતે મળી હતી. તેમાં શાહીબાગ અને પાલડી ભવન ખાતેના વિવિધ કાર્યો કરવા માટેના નિર્ણયો લેવામાં આવેલ હતા.
- આજ રોજ મુંબઈથી નવનીત ફાઉન્ડેશનમાંથી મયુરીબેન આવેલ હતા. શ્રી હિરેન શાહ, શ્રી વિશાલ શાહ તેમને ચાંગોદર, જશોદાનગર, પાલડી ભવન ખાતે મુલાકાત લઈ મેડિકલ સેન્ટર અને સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર અંગે ચર્ચા વિચારણા કરી હતી.

**સોમવાર, તા. ૧૭-૬-૨૦૨૪**

- આજ રોજ શ્રી કચ્છી જૈન ભવન પર મુંબઈ અતિથિ ભવનના અનુસંધાને એક મીટિંગ મળેલ હતી. આ મીટિંગ મુંબઈથી શ્રી પારસ બાબરીયાનો જવાબ આવી ગયેલ હોવાથી તેના અનુસંધાને ગોઠવવામાં આવેલ હતી. આ મીટિંગમાં શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી શાંતિલાલભાઈ સાવલા, શ્રી હિરેન કે. શાહ, શ્રી હસમુખભાઈ ગઢેચા તથા શ્રી અશોક મહેતા ઉપસ્થિત રહેલ હતા. શ્રી હસમુખભાઈએ જણાવેલ કે મુંબઈથી પૂનમ ડેવલપર્સનો જે રીતે જવાબ આવેલ છે તે જવાબ અનુકૂળ છે અને પરસ્પર સાથે રહીને આગળ વધી શકાશે. આ મકાનનું કન્સ્ટ્રક્શન પૂરું થાય ત્યાં સુધીમાં સમાજે પૂનમ ડેવલપર્સને આપવાની રકમ, તેના હપ્તા, એગ્રીમેન્ટ કરવાની વિગત વગેરે પ્રશ્ને વિગતવાર ચર્ચા કરવામાં આવેલ હતી અને તેના અનુસંધાને જરૂરી નિર્ણયો પણ લેવામાં આવેલ હતા.

**બુધવાર, તા. ૧૯-૬-૨૦૨૪**

- મુંબઈ અતિથિ ભવનના અનુસંધાને જરૂરી ચર્ચા કરવા આજ રોજ શ્રી હિરેન કે. શાહ તથા શ્રીમતી ફાલ્ગુની હિરેન શાહ સાયન ખાતે શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી, શ્રી દીપકભાઈ ભેદા વગેરેને મળ્યા હતા અને તેમની સાથે જરૂરી ચર્ચા કરેલ હતી.
- આજ રોજ વયસ્ક સમિતિનો કાર્યક્રમ યોજાઈ ગયો હતો. આ કાર્યક્રમમાં આશરે ૧૮૦ વડીલોએ ભાગ લીધો હતો.

**ગુરૂવાર, તા. ૨૦-૬-૨૦૨૪**

- 'મંગલ મંદિર'ની એક કોલમ 'આપણા ડૉક્ટર્સને પહેચાનો'ના અનુસંધાને આજ રોજ પીડિયાટ્રીક સર્જન ડૉ. કૃપેશ શાહનો ઈન્ટરવ્યુ લેવામાં આવેલ હતો.
- આજ રોજ રજનીકાંત પારેખ, વિશાલ શાહ, દેવેન છેડા, પ્રદીપ મહેતા, અશોક મહેતા વગેરે ઝાંસીના પૂતળા ચાર રસ્તા પાસે આવેલ 'નવનીત ઠાકરશી હોસ્પિટલ' કેટલોક વિભાગ ખાલી કરી આપણને આપે અને પરસ્પર સમજૂતીથી આપણે ત્યાં ડે-કેર અને થોડા બેડની હોસ્પિટલ ચાલુ કરી શકીએ તેવી ચર્ચા કરવામાં આવેલ હતી. અગર આ વિષયે આગળ વધી શકાય તો કોઈ પણ જાતના કેપીટલ ખર્ચ વગર આપણે ત્યાં તરતમાં હોસ્પિટલ ચાલુ કરી શકીએ. આ અંગે વધુ વિગતો મેળવવાની શ્રી રજનીકાંત પારેખે જવાબદારી લીધેલ હતી.

## મેડિકલ સેન્ટર – પાલડી

**તા. ૧-૬-૨૦૨૪**

- મેડિકલના સ્ટાફને લેબ ટેકનિશિયન, એક્સ-રે ટેકનિશિયન, કાઉન્ટર ક્લાર્ક, એટેન્ડન્ટ અને સ્વીપરને અલગ અલગ કેટેગરી પ્રમાણે ઍપ્રન આપવામાં આવ્યા.

**તા. ૭-૬-૨૦૨૪**

- સર્જિકલ ઓ.ટી.નું એ.સી. બગડી ગયું હતું ને રીપેર થાય તેમ ન હોવાથી હિટાચી કંપનીનું દોઢ ટનનું નવું એ.સી. ફીટ કરવામાં આવ્યું.

**તા. ૧૩-૬-૨૦૨૪**

- નવા ખૂલી રહેલા નવનીત મેડિકલ સેન્ટર - જશોદાનગર માટે નિમણુંક થયેલા લેબ ટેકનિશિયન અને એટેન્ડન્ટ સ્ટાફને ટ્રેનિંગ આપવામાં આવી.

**તા. ૧૭-૬-૨૦૨૪**

- જશોદાનગર માટે નિમણુંક પામેલા કાઉન્ટર ક્લાર્કને ટ્રેનિંગ આપવામાં આવી.

**તા. ૧૯-૬-૨૦૨૪**

- મેડિકલ સેન્ટરના શ્રી પીન્ટુભાઈ પટેલે જશોદાનગર મેડિકલ સેન્ટરમાં જઈને કન્સલ્ટેશન રૂમો વગેરેની ગોઠવણીની જાત તપાસ કરી હતી અને ખૂટતી વસ્તુઓની જરૂરિયાત માટે સૂચન કર્યું હતું.

**તા. ૨૧-૬-૨૦૨૪**

- તબીબી સેવા સમિતિના સભ્યોની મીટિંગ સાંજે ૭ વાગે ગ્રાઉન્ડ ફ્લોર પર મેડિકલ કન્વીનર શ્રી અશ્વિન સાવલાના પ્રમુખસ્થાને મળેલ હતી અને અન્ય નિર્ણયો સાથે કન્વીનરશ્રીએ તથા ડૉ. હિતેન્દ્ર શાહે મેડિકલ સેન્ટર માટે ભવનમાં બેઝમેન્ટ સિવાય વધારે જગ્યા ફાળવવા માટે અને રીનોવેશન કરવા માટે ટ્રસ્ટ મંડળમાં પ્રપોઝલ મૂકવાનો નિર્ણય લેવામાં આવ્યો.

## બોપલ મેડિકલ સેન્ટર

**તા. ૧-૬-૨૦૨૪**

- આજ રોજ શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી શાંતિલાલ સાવલા અને ડૉ. હિતેન્દ્રભાઈ શાહ એ બોપલ મેડિકલ અને ડાયાલિસીસ સેન્ટરની મુલાકાત લીધેલ હતી. જેમાં સેન્ટરની કામગીરી અંગે ચર્ચા થયેલ હતી.
- આજ રોજ મે-૨૦૨૪નો મંથલી ડેટા પણ આપેલ હતો. જેમાં ૬૬૩૭ દર્દીઓએ મેડિકલ સેન્ટરમાં સારવાર લીધેલ હતી. ૧૯૯ હેલ્થ ચેક-અપ, ૨૫૮ ડાયાલિસીસ, ૨૯૦ સોનોગ્રાફી અને ૧૭ જેટલા ઑપરેશન થયેલ હતા.

**તા. ૪-૬-૨૦૨૪**

- આજ રોજ ડાયાલિસીસના BO થી લેબોરેટરીમાં પાણીની લાઈન નાંખવા અંગે ચર્ચા થયેલ હતી.

**તા. ૮-૬-૨૦૨૪**

- આજ રોજ ડૉ. હિતેન્દ્રભાઈ શાહે PRO શ્રી પ્રતીકભાઈ વ્યાસને બોપલ મેડિકલ સેન્ટર ખાતે બોલાવી ચાંગોદર સેન્ટર વિશે ચર્ચા કરેલ હતી.
- આજ રોજ ફાયર સેફ્ટી અંગેનું કામ શરૂ કરેલ હતું.
- આજ રોજ ડૉ. હિતેન્દ્રભાઈ શાહે ડૉ. રીધ્ધિબેનને જશોદાનગર માટેના ડૉક્ટરનું લીસ્ટ આપીને ડૉક્ટર સાથે વાત કરવા અંગે સૂચન આપેલ હતું. જેમાં સ્પેશિયાલિસ્ટ અને સુપર સ્પેશિયાલિસ્ટનું લીસ્ટ હતું.

# પરમકૃપા મેડિકલ સેન્ટર - ચાંગોદર

## (A) PRO શ્રી પ્રતીક વ્યાસ દ્વારા વિવિધ કંપનીઓની મુલાકાત

| | |
|---|---|
| તા. ૨૧-૫-૨૦૨૪થી<br>તા. ૨૩-૫-૨૦૨૪ | ત્રણ દિવસ દરમિયાન કુલ ૧૧ કંપનીઓની મુલાકાત લઈ જે તે જવાબદાર વ્યક્તિને મળીને મેડિકલ સેન્ટરમાં થતી સારવારની માહિતી આપી. |
| તા. ૨૭-૫-૨૦૨૪ | આજ રોજ ૧ કંપનીની મુલાકાત લઈ જે તે જવાબદાર વ્યક્તિને મળીને મેડિકલ સેન્ટરમાં થતી સારવારની માહિતી આપી. |
| તા. ૨૮-૫-૨૦૨૪ | આજ રોજ ૩ કંપનીઓની મુલાકાત લેવામાં આવી. |
| તા. ૨૯-૫-૨૦૨૪ | આજ રોજ ૨ કંપનીઓની મુલાકાત લેવામાં આવી. |
| તા. ૩૦-૫-૨૦૨૪ | આજ રોજ ૪ કંપનીઓની મુલાકાત લેવામાં આવી. |
| તા. ૩૧-૫-૨૦૨૪ | આજ રોજ ૪ કંપનીઓની મુલાકાત લેવામાં આવી. |
| તા. ૫-૬-૨૦૨૪ | આજ રોજ ૩ કંપનીઓની મુલાકાત લેવામાં આવી. |
| તા. ૭-૬-૨૦૨૪ | આજ રોજ ૪ કંપનીઓની મુલાકાત લેવામાં આવી. |
| તા. ૧૦-૬-૨૦૨૪થી<br>તા. ૧૫-૬-૨૦૨૪ | આ ૬ દિવસો દરમિયાન ૧૮ કંપનીઓની ફોલો-અપ મુલાકાત લેવામાં આવી. |

## (B) વિવિધ હોસ્પિટલ તથા ડૉક્ટરોની મુલાકાત

| | |
|---|---|
| તા. ૨૪-૫-૨૦૨૪ | આજ રોજ શ્રી રામ હોસ્પિટલની મુલાકાત લીધી અને ડૉ. શૈલેષ રાઠોડને મળીને પેશન્ટ મોકલવા બાબતે ચર્ચા કરી. શ્યામ હોસ્પિટલમાં મુલાકાત લીધી અને ડૉ. જીગર પરમારને મળીને સોનોગ્રાફી, ઈકો તેમજ પી.એફ.ટી. પેશન્ટમાં મદદ કરવા વિનંતી કરી. |
| તા. ૪-૬-૨૦૨૪ | આજ રોજ મોરૈયા ગામના ૬ ડૉક્ટરોની મુલાકાત લેવામાં આવેલ હતી. |
| તા. ૮-૬-૨૦૨૪ | આજ રોજ ચાંગોદર ગામના ૩ ડૉક્ટરો, આશ્રય મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલ અને કેર એન્ડ ક્યોર હોસ્પિટલની મુલાકાત લેવામાં આવી. |

## (C) જનરલ કાર્યો

| | |
|---|---|
| તા. ૨૫-૫-૨૦૨૪ | આજ રોજ સેનોલેટ લાઇફકેર પ્રા.લિ. કંપની - ચાચરવાડી, વાસણા કંપનીમાં સ્ટાફ સાથે જઈ ૨૬ને કર્મચારીઓના બ્લડ રીપોર્ટ કરાવ્યા.<br>આજ રોજ ઝાયડસ બાયોટેક લિમિટેડ - ચાંગોદરની મુલાકાત લીધી અને શ્રી ચંદ્રેશભાઈ સોલંકી - સુપરવાઈઝર તેમજ શૈલેષભાઈ લકુમને સેન્ટરમાં શ્રી ગિરીશભાઈ પોલડિયા સાથે મીટિંગ કરાવીને તેમની કંપનીના ૯૭ કર્મચારીઓના મેડિકલ ફિટનેસ સેન્ટરમાં કરાવવાનું નક્કી કર્યું. કર્મચારીઓ સેન્ટર ઉપર આવીને મેડિકલ ફિટનેસ કરાવા લાગ્યા. |
| તા. ૨૭-૫-૨૦૨૪ | સેનોલેટ લાઇફકેર કંપનીમાં જઇને ૨૬ કર્મચારીઓના રીપોર્ટ તેમજ બીલ આપવામાં આવ્યા. |

| | |
|---|---|
| તા. ૧-૬-૨૦૨૪ અને ૩-૬-૨૪ | આ બંને દિવસ કુલ ૧૩ કંપનીઓમાં મે-૨૦૨૪ના મેડિકલ સેન્ટર અને ઉમિયા મેડિકલ સ્ટોર્સના બીલો આપવામાં આવ્યા. |
| તા. ૬-૬-૨૦૨૪ | આજ રોજ શ્રી હિરેનભાઈ શાહ, શ્રી વિશાલભાઈ શાહ, નવનીત ફાઉન્ડેશન - મુંબઈના HR શ્રીમતી મયુરીબેન મિસ્ત્રીએ પરમકૃપા મેડિકલ સેન્ટરની મુલાકાત લીધી હતી. શ્રી હિરેનભાઈ શાહ અને શ્રી વિશાલ શાહે શ્રી ગિરીશભાઈ પોલડિયા અને પ્રતીક વ્યાસ સાથે મીટિંગ કરી અને કામ બાબતે જરૂરી માર્ગદર્શન આપ્યું. |
| તા. ૧૦-૬-૨૦૨૪ | આજ રોજ ડૉ. મિત પાંચાણી, એમ.ડી. ફિઝીશિયનને સેન્ટરમાં એપોઈન્ટ કર્યા. |
| તા. ૧૩-૬-૨૦૨૪ | હેમટેક ઈન્ડસ્ટ્રીઝ અને હેમસ્ટાર ફિલામેન્ટ્સ કંપનીના વર્કરની મેડિકલ ફિટનેસની ફાઈલ આપી. |
| તા. ૧૫-૬-૨૦૨૪ | ઝાયડસ બાયોટેક કંપનીમાં બાકી રહેલ ૧૪ વર્કરની મેડિકલ ફિટનેસ ફાઈલ અને બીલ કંપનીમાં આપ્યા. |

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

### *અમદાવાદ પધારતા અતિથિઓની સગવડતા વધારાઈ*

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ત્રણે અતિથિ ભવન – પાલડી, શાહીબાગ અને ગીતા મંદિરનું બુકિંગ હવે ઓનલાઈન થઈ શકશે.*

**www.kjss.org** પર બુકિંગ થઈ શકશે.

**રજનીકાંત પારેખ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**પ્રતાપ દંડ**
**પ્રમુખશ્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

### ૭૮મો સ્વાતંત્ર્ય દિન – ધ્વજ વંદન કાર્યક્રમ

**જાહેર આમંત્રણ**

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ ૭૮મા સ્વતંત્રતા દિવસની ઉજવણી કરવા જઈ રહ્યો છે. તે નિમિત્તે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતેના પટાંગણમાં તા. ૧૫-૦૮-૨૦૨૪ને ગુરૂવારના રોજ સવારે ૯.૦૦ કલાકે ધ્વજવંદન કરવામાં આવનાર છે.

*આથી સમાજના દરેક સભ્ય પરિવારને ઉપરોક્ત કાર્યક્રમમાં પધારવા ભાવભર્યું આમંત્રણ છે.*

**રજનીકાંત પારેખ**
**માનદ્ મંત્રી**

**પ્રતાપ નારાણજી દંડ**
**મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ**

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## વયસ્ક સમિતિ

આરોગ્ય વિશેના ભ્રમના ભંવરમાંથી બહાર કાઢી સાચી સમજણની સરવાણી આપનાર ડૉ. યોગેશ ગુપ્તાના પ્રવચનનો એક કાર્યક્રમ બુધવાર, તા. ૧૯-૬-૨૦૨૪ના રોજ સાંજે ૪ વાગે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે યોજાઈ ગયો.

કાર્યક્રમની શરૂઆતમાં શ્રી રજનીકાંત પારેખે સૌ વડીલોને આવકારીને જણાવ્યું હતું કે ત્રણ મહિનાના લાંબા ઈંતજાર પછી આજે સુખ-દુઃખની લહાણી કરવાનો અનેરો અવસર આવ્યો છે.

આવકાર બાદ શ્રી તુષાર શુક્લ દ્વારા અપાયેલી સ્પીચ "જીવન કેવું જીવવું જોઈએ જેથી વૃદ્ધાવસ્થા શ્રાપરૂપ ના બને" અને ડૉ. શરદ ઠાકર દ્વારા વ્યાખ્યાયીત "જીવન જીવવું સહેલું નથી મારે મોત પહેલાં મરવું નથી"ની વીડિયો ક્લિપથી વડીલોના આંતરમનને ખોજ કરતાં કરી દીધેલ હતા.

આ કાર્યક્રમ બાદ ડૉ. યોગેશ ગુપ્તાના વક્તવ્યનો પ્રારંભ થાય તે પહેલાં શ્રી રજનીકાંત પારેખે જણાવ્યું હતું કે ડૉ. યોગેશ ગુપ્તા એમ.ડી. મેડિસીન થયેલ છે. તેઓ એલર્જી સ્પેશિયાલિસ્ટ છે અને વડીલોને ખૂબ જ જરૂરી એવી જીરીયાટ્રીક બ્રાંચ કે જે અમદાવાદમાં માત્ર સ્ટર્લિંગ હોસ્પિટલે શરૂ કરેલ છે, તેના હેડ ઓફ ડિપાર્ટમેન્ટ છે. આ ઉપરાંત તેઓ વડીલોને અપાતી વેક્સિન ડિપાર્ટમેન્ટના પણ હેડ છે.

તેમણે તેમના વક્તવ્યમાં જણાવ્યું હતું કે દરેક વડીલોને તેમને શાંતિથી સાંભળે તેવા પર્સનલ ફિઝીશિયન જોઈએ કારણકે દરેકે દરેક વ્યક્તિના જીન્સ, રહેણીકરણી, ઉછેર અને અન્ય બાબતો તેમની ટ્રીટમેન્ટ ઉપર આધાર રાખે છે. બાજુ-બાજુમાં રહેલ બે વ્યક્તિ અથવા બે ભાઈઓ વચ્ચે એક જ રોગના બે પરિમાણ હોય છે. દા.ત. એકને માત્ર ગોળીથી ડાયાબિટીસ કન્ટ્રોલમાં આવે તો બીજાને ઈન્સ્યુલીનની જરૂર પડે. કોઈપણ દવા તે વ્યક્તિના શરીરની પ્રકૃતિ જાણી, તેની આડઅસર થાય છે તે જાણ્યા બાદ જ યોગ્ય ટ્રીટમેન્ટ કરી શકાય. આ બધી વિગતો માટે પૂરતો સમય આપી શકે તેવા ફિઝીશિયન પાસે વડીલોએ જવું જોઈએ.

ડૉ. ગુપ્તાના પ્રવચન બાદ વિવિધ વડીલો તરફથી પોતાની સમસ્યાઓ અંગે પ્રશ્નોત્તરીનો મારો ચાલ્યો હતો. દરેક વડીલને સંતોષ થાય તે રીતે વિગતવાર તેમણે માર્ગદર્શન આપેલું. આ પ્રશ્નોત્તરીમાં સમય રેતીની જેમ સરી ગયો. ધાર્યા કરતાં ઘણો વધારે સમય વ્યતીત થઈ ગયેલ હોવાથી ફરીથી આ ડૉક્ટર સાહેબને સમસ્યાના સમાધાન માટે આવવા કરેલી વિનંતીનો સ્વીકાર કરી વડીલોની સેવામાં હાજર થવાની તેમણે તત્પરતા દાખવી હતી.

મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ શ્રી પ્રતાપભાઈ દંડે તેમને મોમેન્ટો આપીને બહુમાન કર્યું હતું. આ કાર્યક્રમ ગોઠવવા માટે સ્ટર્લિંગ હોસ્પિટલના મેનેજમેન્ટ ટીમના શ્રી પૂર્વમ બારોટે જે જહેમત ઉઠાવી હતી તેમનું બહુમાન શ્રી દિલીપભાઈ દંડ દ્વારા કરવામાં આવેલ હતું.

આજના કાર્યક્રમ દરમિયાન વિવિધ વડીલો તરફથી તેમની વર્ષગાંઠ નિમિત્તે સ્પોન્સરશિપ મળેલ હતી જે નીચે પ્રમાણે છે.

| | | |
|---|---|---|
| રૂા. | ૧૫,૦૦૦/- | શ્રીમતી વિમળાબેન શાંતિલાલ શાહ તેમની વર્ષગાંઠ નિમિત્તે તેમજ ડૉ. ધીરેન શાહે પચાસ હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ કર્યા તેની ઉપલબ્ધિ નિમિત્તે |
| રૂા. | ૫૧૦૦/- | શ્રીમતી ભદ્રાબા વાઘેલાની વર્ષગાંઠ નિમિત્તે તેમજ તેમના પૌત્ર શ્રી દેવરાજે બોર્ડમાં ૯૦% ઉપર માર્કસ મેળવીને ઉત્તીર્ણ થયા તેની ખુશાલી નિમિત્તે. |
| રૂા. | ૫૦૦૦/- | શ્રી કમલેશભાઈ મનુભાઈ શેઠ – વર્ષગાંઠ નિમિત્તે. |
| રૂા. | ૫૦૦૦/- | શ્રી કે.ડી. શાહ – વર્ષગાંઠ નિમિત્તે. |
| રૂા. | ૨૫૦૦/- | શ્રી દામજીભાઈ પ્રેમજી નીસર – વર્ષગાંઠ નિમિત્તે. |
| રૂા. | ૫૦૦૦/- | શ્રી હરખચંદ નાનજી પોલડિયાના નવા બંગલાના વાસ્તુ પૂજન નિમિત્તે. |
| રૂા. | ૧૦૦૦/- | શ્રીમતી રશ્મિ અનિલ મગનલાલ સંઘવી – વર્ષગાંઠ નિમિત્તે. |

શ્રી હરખચંદ નાનજી પોલડિયાનું સન્માન શ્રી કે.ડી. શાહે કર્યું હતું.

ત્યારબાદ સૌને પ્રિય એવી હાઉસી રમત રમાડવામાં આવેલ હતી.

અંતમાં રાષ્ટ્રગીત ગાઈને કાર્યક્રમની પુર્ણાહૂતિ કર્યા બાદ સૌ ભાવતા ભોજન લઈ કાર્યક્રમને મમળાવતા છૂટા પડ્યા હતા.



ડૉ. યોગેશ ગુપ્તાનું બહુમાન કરતા
સંસ્થાના પ્રમુખ શ્રી પ્રતાપભાઈ દંડ



શ્રી પૂર્વમ બારોટનું બહુમાન કરતા
શ્રી દિલીપભાઈ દંડ



જન્મ દિવસની કેક કાપતા શ્રીમતી વિમળાબેન શાંતિલાલ શાહ



જન્મ દિવસની કેક કાપતા શ્રીમતી ભદ્રાબા વાઘેલા



જન્મ દિવસની કેક કાપતા શ્રી કમલેશભાઈ શેઠ



જન્મ દિવસની કેક કાપતા દામજીભાઈ નીસર



શ્રી હરખચંદ પોલડિયાનું બહુમાન કરતા શ્રી કે.ડી. શાહ



દેવરાજ દેવેન્દ્રસિંહ વાઘેલાનું બહુમાન કરતા શ્રી રમણીકભાઈ ગોસર

## વયસ્ક સમિતિ : આગામી કાર્યક્રમ

સાત સૂરના સથવારે સંગીતની સરવાણીમાં સ્નાન કરાવતો સંગીતનો ભવ્ય કાર્યક્રમ સમિતિ તરફથી યોજવામાં આવનાર છે. જેની વિગત નીચે પ્રમાણે છે.

*તારીખ : રવિવાર, તા. ૨૧ જુલાઈ, ૨૦૨૪*

*સમય : બપોરે ૩.૩૦ વાગ્યાથી*

*સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન - પાલડી*

કાર્યક્રમના અંતે મધમધતા ભાવતા ભોજનનો આસ્વાદ માણીશું.

આપના પાસ પાલડી ભવન પરથી રૂા. ૫૦/- (પચાસ) આપીને શ્રી અમરીશ સંઘવી (મો. ૯૪૦૯૫ ૧૨૬૬૨) પાસેથી મેળવી લેવા.

*દિલીપ દંડ, કન્વીનર - વયસ્ક સમિતિ*

---

*યાદ કરવું અને યાદ આવવું એ બે અલગ અલગ વાત છે.*
*આપણે યાદ એમને કરીએ છીએ કે જે આપણા પોતાના છે*
*અને આપણે એ લોકોને યાદ આવીએ છીએ, કે જેઓ આપણને પોતાના સમજે છે.*

---

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

### મેડિકલ સેન્ટરની અનુમોદનીય કાર્યવાહી

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્યોને જે રીતે ૩૦થી ૪૦, ૪૦થી ૫૦ અને ૫૦ વર્ષથી ઉપરની ઉંમરના સભ્યોને અલગ અલગ સ્કીમ હેઠળ બોડી ચેક-અપ નિઃશુલ્ક (ફ્રી) કરી આપવામાં આવે છે. તેવી જ રીતે ૧૩થી ૩૦ વર્ષના સભ્યો માટે નીચેના પરીક્ષણો વર્ષમાં એકવાર નિઃશુલ્ક (ફ્રી) કરી આપવામાં આવશે.*

**૧૩ થી ૩૦ વર્ષની ઉંમરના સભ્યો માટે નિઃશુલ્ક (ફ્રી) પરીક્ષણ**

- **Blood Group**
- **CBC**
- **RBS**
- **S. Chelesterol**
- **UL**
- **Dental OPD**
- **Eye OPD**
- **Physician OPD**

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

### તા. ૧૬-૦૫-૨૦૨૪થી તા. ૧૬-૦૬-૨૦૨૪ સુધી 'મંગલ મંદિર'નું લવાજમ ભરનારાઓના નામની યાદી

| | | | |
|---|---|---|---|
| **૧ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી** | | | |
| ૧. | વિજય અમરશીભાઈ વોરા | જામનગર | ૦૬-૦૬-૨૪ |
| ૨. | હીરાલાલ વેલજી ગાલા (ઉનડોઠવાલા) | માંડવી | ૧૮-૦૬-૨૪ |
| **૩ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી** | | | |
| ૧. | ધવલ ભાઈલાલ શાહ (શેઠ) | અમદાવાદ | ૨૨-૦૫-૨૪ |
| ૨. | ભૂમિ સંજય પ્રવીણ શાહ | અમદાવાદ | ૨૩-૦૫-૨૪ |
| **૫ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી** | | | |
| ૧. | અનિલ હંસરાજ શાહ (ગોગરી) | અમદાવાદ | ૧૦-૦૬-૨૪ |
| ૨. | અરિહંત મહેશ વીરા | અમદાવાદ | ૧૦-૦૬-૨૪ |
| ૩. | જિતેન્દ્ર જીવરાજભાઈ મોમાયા | અમદાવાદ | ૧૭-૦૬-૨૪ |
| **૧૫ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી** | | | |
| ૧. | બાબુભાઈ મેઘજી શાહ | મુંબઈ | ૨૨-૦૫-૨૪ |
| ૨. | જ્યોતેન્દ્ર પૂનમચંદ શાહ | નવી મુંબઈ | ૨૪-૦૫-૨૪ |
| ૩. | પારસ ગુણવંતલાલ શાહ | મુંબઈ | ૨૪-૦૫-૨૪ |

# સમાજ દર્પણ

## સરનામા ફેરફાર

- **ઝવેરચંદ લાલજી શામજી ખોના**
  ક્યુ-૧૧, કોમલ એન્કલેવ, ત્રીજો માળ,
  નવનીત વિવિધલક્ષી ભવન સામે,
  શાંતિવન બસ સ્ટેન્ડ પાસે, પી.ટી. કોલેજ રોડ,
  પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
  મો. ૯૪૨૭૭ ૦૩૮૪૧, ૮૯૦૫૯ ૧૮૯૫૩
- **ભરત નાનાલાલ મણિલાલ શાહ**
  સી-૫૦૩, સાયોના તિલક-૩,
  આગમન પાર્ટી પ્લોટની સામે,
  ન્યુ એસ.જી. રોડ, ગોતા,
  અમદાવાદ-૩૮૨ ૪૮૧.
  મો. ૯૮૨૫૭ ૧૫૯૫૩, ૯૭૨૩૨ ૨૩૧૬૭
- **ધવલ ભાઈલાલ હેમચંદ શેઠ (શાહ)**
  ૨૦૫, પદમા પોળ, વાડીગામ,
  દરિયાપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
  મો. ૮૯૮૦૫ ૮૦૪૮૮, ૯૬૩૮૬ ૨૧૦૮૬
- **ગૌરવ વિનોદ નાનજીભાઈ ગંગર**
  બી-૧૨૦૪, સેતુ અલતેઝા,
  એપોલો ઈન્ટરનેશનલ સ્કૂલની આગળ,
  આનંદ વિહાર ફ્લેટ સામે, ત્રાગડ,
  અમદાવાદ-૩૮૨ ૪૭૦.
  મો. ૭૬૦૦૧ ૨૩૮૮૫, ૭૦૧૨૧ ૨૫૨૬૦
- **ચંદ્રકાંત બાબુભાઈ વીરમ શાહ (લોડાયા)**
  પી-૨૦૩, બીજો માળ, શિવાલીક શારદાપાર્ક વ્યુ-૨
  મહેર હોમ્સ-૪ ની સામે, વી.આઈ.પી. રોડ,
  શેલા, અમદાવાદ-૩૮૦ ૦૫૮.
  મો. ૯૮૨૪૩ ૫૦૦૬૮, ૯૧૦૬૬ ૬૧૬૫૭
- **રવિન્દ્ર પ્રકાશ મીઠુભાઈ શાહ (સૈયા)**
  વાય-૬૦૨, વીર સાવરકર હાઈટ્સ-૨,
  વસંતનગર ટાઉનશિપ પાસે, ઓગણજ,
  અમદાવાદ-૩૮૦ ૦૮૧.
  મો. ૯૯૧૩૭ ૦૧૬૭૮, ૯૧૭૩૩ ૨૨૦૫૨

# સાભાર સ્વીકાર

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાકીય યોજનાઓ માટે નીચે મુજબના દાતાશ્રીઓ તરફથી દાન / ભેટ પ્રાપ્ત થયેલ છે.*

## નવનીત મેડિકલ સેન્ટર - બોપલ : આંખ વિભાગ

રૂા. ૨૫,૦૦૦/- શ્રી ભરત તારાચંદ શાહ - અમદાવાદ

## સાધર્મિક સહાય યોજના

રૂા. ૪,૦૦૦/- શ્રી કૌશલ ગુલાબચંદ શાહ તરફથી સ્વ. શ્રી ગુલાબચંદ ધારશી રાંભિયા (શાહ)ની પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે (નાના ભાડિયા, અમદાવાદ)

## જલારામ અન્નક્ષેત્ર યોજના

રૂા. ૪,૦૦૦/- શ્રી કૌશલ ગુલાબચંદ શાહ તરફથી સ્વ. શ્રી ગુલાબચંદ ધારશી રાંભિયા (શાહ)ની પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે (નાના ભાડિયા, અમદાવાદ)

## જનરલ ડોનેશન

રૂા. ૩,૦૦૦/- શ્રી કૌશલ ગુલાબચંદ શાહ તરફથી સ્વ. શ્રી ગુલાબચંદ ધારશી રાંભિયા (શાહ)ની પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે (નાના ભાડિયા, અમદાવાદ)

## વયસ્ક સમિતિ

રૂા. ૫,૧૦૦/- શ્રીમતી ભદ્રાબા વાઘેલા - અમદાવાદ તરફથી તેઓની વર્ષગાંઠ નિમિત્તે તેમજ તેમના પૌત્ર શ્રી દેવરાજ બોર્ડમાં ૯૦ ટકા ઉપર માર્કસ મેળવીને ઉત્તીર્ણ થયા તેની ખુશાલી નિમિત્તે.

રૂા. ૫,૦૦૦/- શ્રી ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ તરફથી તેઓની વર્ષગાંઠ નિમિત્તે.

રૂા. ૫,૦૦૦/- શ્રી હરખચંદ નાનજી શાહ - અમદાવાદ તરફથી તેમના નવા બંગલાના વાસ્તુ પૂજન નિમિત્તે.

રૂા. ૫,૦૦૦/- શ્રી કમલેશ મનુભાઈ શાહ - અમદાવાદ તરફથી તેઓની વર્ષગાંઠ નિમિત્તે

રૂા. ૨,૫૦૦/- શ્રી દામજી પ્રેમજી નીસર - અમદાવાદ તરફથી તેઓની વર્ષગાંઠ નિમિત્તે

*સંસ્થા ઉપરોક્ત તમામ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.*

*જીવનમાં બે વાત શીખી લો : એક માફ કરવાનું અને બીજું શાંત રહેવાનું.*
*તમે એવી તાકાત બની જશો કે પહાડ પણ તમને રસ્તો આપી દેશે.*

## ચક્ષુદાતા – દેહદાતા



**શ્રીમતી રેખાબેન ભરતભાઈ પટેલ**

શ્રીમતી રેખાબેન ભરતભાઈ પટેલે (ઉં.વ. ૭૦) (રહે : ૯, સમ્રાટનગર, ઈસનપુર, અમદાવાદ-૩૮૨ ૪૪૩) તા. ૧૪-૪-૨૦૨૪ના રોજ દેવલોક ગમન કરેલ.

સ્વર્ગસ્થશ્રી તથા તેમના પરિવારજનોના આદર્શ વિચારો થકી અને તેઓની સમિતિથી અંગદાન સમિતિના કન્વીનર શ્રી કમલેશભાઈ બાબુભાઈ શાહના સહયોગથી સ્વ.શ્રીનું ચક્ષુદાન તથા દેહદાન કરી અન્યો માટે પ્રેરણારૂપ કાર્ય કર્યું છે.

સદ્‌ગતના પતિ શ્રી ભરતભાઈ : "સ્વર્ગસ્થની ઈચ્છા પ્રમાણે ચક્ષુદાન - દેહદાન માટે જ્યારે અમે કુટુંબના અન્ય સભ્યો સાથે ચર્ચા કરી, ડૉક્ટર સાથે આ બાબતે વાત કરી, તો ડૉક્ટરે જણાવ્યું કે મને અઠવાડિયા પહેલા જ રેખાબેને દેહદાન કરવા બાબત પૃચ્છા કરી લીધેલી અને એમની ઈચ્છા વ્યક્ત કરી દીધેલ."

ભરતભાઈ કહે છે, અમને પણ ખબર નહોતી કે એમણે ડૉક્ટર સાથે પણ વાતચીત કરી લીધી છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે ૭૦ વર્ષની ઉંમરે હોસ્પિટલની પથારીમાં એમણે ફાઈનલ કરી જ લીધેલું કે 'મરતાં મરતાં પણ કંઈ સત્કાર્ય કરી લેવું છે!'

રેખાબેન ૧૪ એપ્રિલે સાંજે ૭.૩૦-૭.૪૫ આસપાસ સ્વર્ગલોક સિધાવ્યા પછી એમના ભાણેજી ઉપાસનાબેન પટેલનો ફોન આવી ગયો. કહેવા લાગ્યા કે, 'કમલેશભાઈ, દેહદાન થતું હોય તો તમે કહો એ પ્રોસીજર કરવા અમે તૈયાર છીએ.' ઉનાળાનો સમય છે. એટલે મૃતદેહને કોલ્ડ સ્ટોરેજમાં મૂકવો જરૂરી હતો. એટલે એ બાબતની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી. જેથી બીજા દિવસે સવારે જે મેડિકલ કોલેજમાં અનુકૂળતા હોય ત્યાં દેહદાન થઈ જાય. કે.ડી. હોસ્પિટલમાં જ્યાં દાખલ હતા ત્યાં જ હોસ્પિટલ સત્તાવાળા તરફથી વ્યવસ્થા કરી આપવામાં આવી. એટલે મૃતદેહને ત્યાં જ કોલ્ડ સ્ટોરેજમાં રાત્રિ દરમિયાન મૂકી રાખવામાં આવ્યું.

બીજા દિવસે એટલે કે તા. ૧૫ એપ્રિલના નક્કી કરેલા સમયે ભરતભાઈ તથા ઉપાસનાબેન તેમના નજીકના સગા-સંબંધી મિત્રો સાથે 'નરેન્દ્ર મોદી મેડિકલ કોલેજ' - એલ.જી. હોસ્પિટલ પહોંચી આવ્યા. કોલેજના પ્રોફેસરો સહિતનો સ્ટાફ સ્વાગત માટે તૈયાર હતો. દેહદાન માટેની ફોર્મ વિધિ સરળતાપૂર્વક પતી ગઈ.

સૌના મુખ પર આપ્તજન ગુમાવ્યાનું દુઃખ તો હતું જ પણ મર્યા પછી પણ લોકોનું કલ્યાણ થાય એવી સુંદર ભાવના સાથે કંઈક સારું કર્મ કર્યાનો ભર્યો ભર્યો સંતોષ દરેકના મુખ પર વરતાઈ રહ્યો હતો.

પોતાના શબ્દોમાં ઉપાસનાબેન : "કમલેશભાઈ, તમારો સપોર્ટ એટલો સારો હતો કે અમને ક્યાંય તકલીફ નથી પડી. આટલી સરળતાથી અને સહજતાથી ચક્ષુદાન - દેહદાન થઈ જશે એવી અમારી ધારણા નહોતી. આપનો ખૂબ ખૂબ આભાર."

*– કમલેશ બાબુભાઈ શાહ*

***નોંધ :** ચક્ષુદાન – દેહદાન અંગેની વધુ વિગતો / માહિતી માટે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની અંગદાન સમિતિના કન્વીનર શ્રી કમલેશ બાબુભાઈ શાહ (મો. ૯૮૯૮૭ ૪૨૪૨૪)નો સંપર્ક કરી શકાશે.*

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**પાલડી ભવનમાં રૂમ બુકિંગ અથવા સમાજની કોઈપણ પ્રવૃત્તિ (મેડિકલ સિવાય)ની માહિતી માટે ફક્ત નીચેના ટેલિફોન નંબર ઉપર જ સંપર્ક કરવો**

**(079) 4890 6002, (079) 4890 6003**
**(079) 4890 6004, (079) 4890 6005**

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**મેડિકલ સેન્ટર અંગેની કોઈપણ માહિતી માટે ફક્ત નીચેના ટેલિફોન નંબર ઉપર જ સંપર્ક કરવો.**

**(079) 4890 6001**
**(079) 4890 6006**

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર

મંગલ મંદિરને

સ્વ. હરખચંદ કુંવરજી સાવલા પરિવારની

હાર્દિક શુભેચ્છાઓ

જ્યારે આપણે મોટા થઈ જઈએ છીએ
ત્યારે પેન્સિલ લઈને આપણને
પેન એટલા માટે આપવામાં
આવે છે કે, આપણે સમજી જઈએ કે
આપણી ભૂલોને મિટાવવી
હવે આસાન નથી.

ક્યારેક ક્યારેક ઠોકરો પ્રત્યે પણ
પોઝીટીવલી જોવું જોઈએ.
એક તો તેના કારણે રસ્તા પરની
રૂકાવટોનો ખ્યાલ આવી શકે
અને એ સમયે સંભાળી લેવાવાળા હાથ
કયા હતા તેનો પણ ખ્યાલ આવી શકે.

સ્વ. હરખચંદ કુંવરજી સાવલા પરિવાર

(તલવાણા - ગાંધીનગર - યુ.એસ.એ.)

With Best Compliments From

Sathwara Construction

C/174, Ambica Krupa, Ranip, Ahmedabad-382 480.
M. : 98985 76892
E-mail : sathwaraconstruction@gmail.com

INDOTEX PAINTS

● DURABLE ● DECORATIVE ● PROTECTIVE

Regd. Office : "Indotex House" Nr. GNFC Info Tower, S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
Ph. : (0) 26853279 • M. : 9909444598 • Telefax : 079-26857412
E-mail : indotexpaints@yahoo.co.in • Website : www.indotexpaints.com
Ahmedabad - Kunal N. Shah : 98250 33598 • Mumbai : Punit N. Shah : 98205 14143
Gujarat, Rajashthan, Maharashtra, Karnatanka, Goa, Andhra Pradesh

૯૪૨૬૦ ૧૪૨૩૫
૯૪૨૯૫ ૦૦૬૦૦

શાંતિનાથ ડેકોરેટર્સ
(મહાવીર ગ્રુપ - ધામાવાળા)
લગ્ન તેમજ શુભ પ્રસંગે કલાત્મક ડેકોરેશનનું કામ કરનાર
બી-૭, એન.ડી. શ્રોફ માર્કેટ, વાસણા બસ સ્ટેન્ડ પાસે, વાસણા, અમદાવાદ-૭.

khadi VEDA
Essence of Nature
HAIR CARE | MEDICATED | BODY CARE
WELLNESS | BEAUTY & FACE CARE



Book Shelf
English & Gujarati books
For New Books Pl Check Our WhatsApp Status No : 9099000362
e-mail : bookshelfa@gmail.com | Visit us: www.gujaratibookshelf.com
16,City Center, Opp.Dominoz Pizza
Nr. Swastik Chaar Rasta, C.G.Road,Navrangpura, Ahmedabad.380 009
Like Us On | Book Shelf | Help Line No. 90990 00362 | Phone : 079 - 2644 1826




ચાહે કોઈ પણ યુગ હોય,
વિજય હંમેશાં સત્યનો જ થયો છે.
બસ થોડી ધીરજ અને ધૈર્યની જરૂરત છે.
બાકી આથમેલો સૂરજ સવારે ઉગવાનો જ છે.



સમય, તબિયત અને સંબંધ -
આ ત્રણેય ઉપર કિંમતનું લેબલ નથી હોતું
પણ જ્યારે એમને ગુમાવી દઈએ છીએ
ત્યારે તેની સાચી કિંમત સમજાય છે.



સમયની સાથે ચાલવું જરૂરી નથી, સત્યની સાથે ચાલો.
એક દિવસ સમય આપની સાથે ચાલવા લાગશે.

R.N.I. No. of RNP is 33266/1978 ● Published on 1st of Every Month


Chandrakant K. Gada
+91-9825069290

BLUE STAR INDUSTRIES

Stainless Steel Re-Rollers

Plot No. 130. G.I.D.C. Estate, Kalol - 382721,
Gandhinagar. Phone : (02764) 220330, 224330
E-mail : bluestar.indu1@gmail.com

BMCB BANK
ESTD 1995
Multi-State Bank

ધી ભુજ મર્કેન્ટાઈલ કો-ઓપ. બેંક લિ.
મીઠાખળી છ રસ્તા, અમદાવાદ-૬.
Tel. : 26400969 ● www.bhujbank.com

બેંકની વિવિધ સગવડો

- FDR વ્યાજ દર upto 8.75% @ with monthly Interest.
- Flexi ચાલુ ખાતા અને બચત ખાતામાં વ્યાજ Max 5.5%@★
- RTGS / NEFT / DD / IBC / Ch. Book Chages : Nil★
- ATM Card ■ Lockers ■ Free SMS Alert ■ e-Stamping
- રૂા. ૧૩ કરોડ સુધીની બિઝનેસ લોન.
- ડિવીડંડ : ● વર્ષ ૨૦૨૨ : ૧૦% ● વર્ષ ૨૦૨૩ : ૧૨%
- IMPS, UPI, BBPS, Voice Box, QR Code Facility
- બેંકના રોકડ કામકાજનો સમય : સવારે ૧૦ થી સાંજે ૫

★ Conditions apply



SKYBLUE
STATIONERY MART
EVERY THING THAT YOU THINK

South Bopal : 35, Gala Magnus,
Opp. Safal Parisar-1, Ahmedabad
Krutika Haria : 9099047163

Surdhara : GF Shop No. 26,
Maple Trade Centre, SAL Hospital
Road, Thaltej, Ahmedabad.
Piyush Salva : 9879568027



ફ્યુઝન કિડની કેર પ્રા. લી.
FUSION KIDNEY INSTITUTE
Full UroNephro Solutions



ડો.હિમાંશુ શાહ [ M.S. Mch.(યુરોલોજી) ] ગોલ્ડ મેડાલીસ્ટ
ડાયરેક્ટર, ફ્યુઝન કિડની ઈન્સ્ટીટ્યૂટ, વતન – માંડવી, કચ્છ
પથરી, પ્રોસ્ટેટ, કિડની, બ્લેડર કેન્સર, મૂત્રમાર્ગ ના રોગ,
બાળકો ના પેશાબ ના રોગ ના નિષ્ણાંત

ગુલબાઇ ટેકરા BRTS બસ સ્ટેન્ડ ની સામે, પાંજરાપોળ યુનિવર્સિટી રોડ, આંબાવાડી, અમદાવાદ - ૩૮૦૦૧૫
એપોઇન્ટમેન્ટ માટે : ૦૭૯-૬૧૩૪૬૧૩૪ ૦૭૯-૨૬૩૦૫૦૬૦ ,
સોમવાર થી શુક્વાર સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦ સાંજે ૦૪:૦૦ થી ૦૫:૦૦, શનિવાર સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦
Website : www.fusionkidney.com Email : info@fusionkidney.com

Bharat B. Gala
M. : 93270 05460

SRE
SHREE Raju ENTERPRISE
RE-ROLLING & JOB WORKS, S.S. PATTA-PATTI
323, G.V.M. M.S.A.V. Ltd., Odhav, Ahmedabad - 382 415.
E-mail : shreerajuenterprise@yahoo.co.in

● શુભેચ્છા સહ ●



પ્રભુલાલ એમ. સંઘવી
ઘાટકોપર, મુંબઈ.
મો. ૯૮૨૦૦ ૩૭૪૭૬


દૂધ, દહીં, છાશ, માખણ, ઘી વગેરે એક જ કુળના હોવા છતાં બધાની કિંમત એક સરખી નથી હોતી,
કેમ કે શ્રેષ્ઠતા જન્મથી નહીં પરંતુ કર્મથી પ્રાપ્ત થાય છે.

*If undelivered please return to :*

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલની સામે, પાલડી - એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૧ થી ૬૦૦૬

**To,**